# મે – ૨૦૧૬

## 1 MAY, 2016

- **૧લી મે વિશ્વ મજૂર દિન**

**ગુજરાતનો સ્થાપના દિન**

ગુજરાતનો ૫૬મો જન્મદિવસ ઉજવવામાં આવ્યો.

આ વખતે સ્થાપના દિનની રાજ્ય કક્ષાની ઉજવણી છોટા ઉદેપુર ખાતે કરવામાં આવી હતી.

આજના દિવસે જ ગુજરાતનો પ્રથમ કાયદો ધી ગુજરાત ઑફિસિયલ લેન્ગ્વેજ એક્ટ-૧૯૬૦ પસાર કરવામાં આવ્યો હતો.

- **ગુજરાત સ્થાપના દિન નિમિત્તે જાણીએ ગુજરાતની સ્થાપના વિશે**

ઈન્દુલાલ યાજ્ઞિક મહાગુજરાત ચળવળના મુખ્ય નેતા હતા. આ સિવાય પ્રબોધ રાવળ, હરિહર ખંભોળજા, હરિપ્રસાદ વ્યાસ અને બ્રહ્મકુમાર ભટ્ટ પણ આ ચળવળના મહત્વના નેતાઓ હતા. ગુજરાતી સાહિત્ય પરિષદ પણ આ માટે પ્રયત્ન કરી રહી હતી. ૧૭-૧૮ ડિસેમ્બર, ૧૯૪૮ના રોજ મહાગુજરાત જનતા પરિષદનું અધિવેશન મળ્યું હતું . આ વખતે ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રતિનિધિ તરીકે કનૈયાલાલ મુનશીએ વાંસવાડા, ડુંગરપુર અને ડાંગની ભાષા ગુજરાતી હોઈ તેમને ગુજરાતમાં સમાવવા માગણી કરી હતી. ૧૯૫૧માં સર પુરુષોત્તમદાસ ત્રિકમદાસના પ્રમુખપણા નીચે મહાગુજરાત સીમા સમિતિની રચના થઈ. મહાગુજરાત સીમા સમિતિએ મુંબઈ સહિત ગુજરાત રાજ્યની માંગણી કરી હતી.

સ્વાતંત્ર્ય મળતાં જ શ્રી એચ. કે. ધારના પ્રમુખપદે એક ભાષાવાર પ્રાંત કમિશન નીમવામાં આવ્યું. કોંગ્રેસે પણ આવુ જ એક કમિશન તેના જયપુર અધિવેશનમાં નીમ્યું હતું. એ કમિશનના કુલ ત્રણ સભ્યો હતા. ૧. જવાહરલાલ નહેરુ ૨. વલ્લભભાઈ પટેલ અને ૩. ડૉ. પટ્ટાભી સીતારામૈયા. આ ત્રણેયના નામ પરથી તે જે.વી.પી. કમિશનના નામે ઓળખાતું હતું. બંને કમિશનોએ ભાષાકીય ધોરણે પ્રાંતોની રચના થાય તે સિદ્ધાંતને સ્વીકાર્યો હતો.

ઈ.સ. ૧૯૫૨માં આંધ્રમાં તેલુગુભાષી રાજ્યની રચના માટે પોટ્ટી શ્રી રામુલ્લુએ આમરણ ઉપવાસ કર્યા. ૫૬ દિવસના ઉપવાસના પરિણામે તેમનું મૃત્યુ થયું. આથી સમગ્ર આંધ્રમાં ભારે તોફાનો થયા અને અંતે આંધ્રને અલગ રાજ્ય તરીકે જાહેર કરવામાં આવ્યું

આંધ્ર અલગ બનતાં બીજા રાજ્યોમાં પણ ભાષાવાર રાજ્યની રચનાની માંગણી થઈ. આથી ૧૯૫૩માં ભારત સરકારે રાજ્ય પુનઃરચના કમિશનની નિમણૂક કરી. ન્યાયમૂર્તિ શ્રી ફઝલઅલી, પંડિત હૃદયનાથ કુંજરૂ અને સરદાર પાણીકર તેના ત્રણ સભ્યો હતા. આ પંચે ૧૬ ઘટક રાજ્યો અને ૩ કેન્દ્રશાસિત પ્રદેશો રચવાની ભલામણ કરી. જો કે સમયને અનુરૂપ ઊભા થયેલા સંજોગોના આધારે પાછળથી આ કમિશનની ભલામણોમાં કેટલાક ફેરફાર કરવામાં આવ્યા અને એ મુજબ ૧૯૫૬માં ધારો પસાર કરવામાં આવ્યો. આ ધારો ''રાજ્ય પુનર્રચના'' ધારો કહેવાયો. આ ધારા મુજબ બંધારણમાં સાતમો સુધારો કરવામાં આવ્યો અને જૂનાં અ, બ, ક અને ડ પ્રકારનાં રાજ્યો રદ કરવામાં આવ્યાં અને તેના સ્થાને ઘટક રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો એવું વર્ગીકરણ કરવામાં આવ્યું. આ ઘટક રાજ્યો નીચે મુજબ હતા.

૧. આંધ્ર, ૨. અસમ, ૩. ઓરિસ્સા, ૪. ઉત્તરપ્રદેશ, ૫. કર્ણાટક, ૬. કેરળ, ૭. જમ્મુ-કાશ્મીર, ૮. પશ્ચિમ બંગાળા, ૯. પંજાબ, ૧૦. બિહાર, ૧૧, મદ્રાસ, ૧૨. મધ્યપ્રદેશ, ૧૩. મુંબઈ અને ૧૪. રાજસ્થાન.

આ રીતે દ્વિભાષી રાજ્યની રચના ૧-૧૧-૧૯૫૬થી થઈ. અમદાવાદમાં ૭ ઓગસ્ટ, ૧૯૫૭ના રોજ ગુજરાત કોંગ્રેસ હાઉસ સામે વિરોધી દેખાવો થયા અને ૮મી ઓગસ્ટે હિંસક દેખાવોમાં ચાર માણસો મૃત્યુ પામ્યા. તેમાં બનાસકાંઠાના પુનમચંદની ખોપરી ઉડી ગઈ હતી. તેને મહાગુજરાત ચળવળનો પ્રથમ શહીદ માનવામાં આવે છે. આ સિવાય સેન્ટ ઝેવિયર્સ કોલેજનો વિદ્યાર્થી કૌશિકભાઈ તથા અન્ય એક વિદ્યાર્થી અબ્દુલભાઈ પીર પણ શહીદ થયા હતા.

કોંગ્રેસના નિર્ણય વિરુદ્ધ મહાગુજરાત માટે ચળવળ કરનાર બધા રાજકીય પક્ષોએ જનતા પરિષદની સપ્ટેમ્બર, ૧૯૫૬ના રોજ સ્થાપના કરી. ઓક્ટોબર, ૧૯૫૬ના રોજ ઈન્દુલાલ યાજ્ઞિક દ્વારા નહેરુની સભાની સમાંતર અન્ય એક સભા લો કોલેજ ખાતે ભરવામાં આવી હતી.

૧૯૫૮માં ગુજરાતમાં શહીદ સ્મારકના સ્થળ અંગે વિવાદ સર્જાતાં તોફાનો થયાં. મુંબઈમાં પણ આ સમયે તોફાનો થયાં. આથી આ પ્રશ્નની ફરી વિચારણા થઈ. માર્ચ, ૧૯૬૦માં કેન્દ્ર સરકારે મુંબઈના વિભાજનનો ખરડો પ્રસિદ્ધ કર્યો. મુંબઈની વિધાનસભામાં ચર્ચાયા બાદ તે લોકસભામાંથી પસાર કરવામાં આવ્યો અને ૧ મે, ૧૯૬૦થી ગુજરાત અને મહારાષ્ટ્ર એવાં બે રાજ્યો અસ્તિત્વમાં આવ્યાં.

ડૉ. જીવરાજ મહેતા ગુજરાતના પ્રથમ મુખ્યમંત્રી બન્યા અને મહેદી નવાઝ જંગ પ્રથમ રાજ્યપાલ બન્યા. કલ્યાણજી મહેતા પ્રથમ વિધાનસભાના અધ્યક્ષ અને અંબાલાલ શાહ પ્રથમ ડેપ્યુટી સ્પીકર બન્યા હતા. નગીનદાસ ગાંધી વિરોધ પક્ષના નેતા હતા. પ્રથમ ગુજરાત વિધાનસભાનું પ્રથમ સત્ર સિવિલ હોસ્પિટલ, અમદાવાદમાં મળ્યું. પોલીટેકનીક, આંબાવાડી ખાતે ગુજરાતનું સચિવાલય શરૂ કરવામાં આવ્યું

- **ગુજરાતમાં ઓર્ગેનિક યુનિ.ની સ્થાપના**

ગુજરાતમાં નજીકના સમયમાં ઓર્ગેનિક યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવશે. આ વર્ષે યુવા વિકાસ વર્ષના સંદર્ભમાં મુખ્યમંત્રીએ આ મુજબની જાહેરાત કરી હતી.

- **પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના**

પ્રધાનમંત્રી દ્વારા માલ્દેપુર વળાંક, બાલિયા, ઉત્તરપ્રદેશથી રૂ.૮૦૦૦ કરોડની આ યોજનાનો પ્રારંભ કરવામાં આવ્યો.

''સ્વચ્છ ઈંધણ, બેહતર જીવન'' એ આ યોજનાનો મુખ્ય હેતું છે.

આ યોજનાથી પાંચ કરોડ જેટલા ગરીબી રેખાની નીચે રહેનારા પરિવારોને લાભ થશે.

સરકારે ૨૦૧૯ સુધીમાં પાંચ કરોડ બીપીએલ પરિવારોને મફત એલપીજી કનેક્શન આપવાનું લક્ષ નિર્ધારિત કર્યું છે. આ યોજના અંતર્ગત પહેલા વર્ષે ૧.૫ કરોડ કનેક્શન આપવામાં આવશે.

આ યોજનાને પ્રારંભ કરતાં વડાપ્રધાને જણાવ્યું હતું કે અત્યાર સુધીમાં માત્ર ૧૩ કરોડ લોકોને જ એલપીજી અપાયા છે.

- **પૂંછડી વગરનો પૂંછડીયો તારો**

વૈજ્ઞાનિકોને પ્રથમવાર એવો ધૂમકેતુ જોવા મળ્યો છે, જેને પૂંછડી નથી.

બ્રહ્માંડમાં જોવા મળતા કોમેટ (ધૂમકેતુઓ) તેમની પાછળ ખેંચાતી આવતી લાંબી પૂંછડીના કારણે જ પૂંછડીયા તારા તરીકે ઓળખાતા હોય છે. પરંતુ ''મેન્કસ'' નામનો આ ધૂમકેતુ એવો ધૂમકેતુ છે, જેને પૂંછડી જ નથી.

૨૦૧૪માં આ ધૂમકેતુ પ્રથમવાર જોવા મળ્યો હતો. તેનો અભ્યાસ કરતાં જણાઈ આવ્યું છે કે તેને પૂંછડી હોતી નથી.

આ ધૂમકેતુ પૃથ્વી જેટલો જ જૂનો હોવાનો અંદાજ છે.

આ ધૂમકેતુ દર ૮૬૦ વર્ષે એક ચક્કર મારે છે. એટલે કે એ ઊર્ટના વાદળમાંથી આવતો લાંબાગાળાનો ધૂમકેતુ છે. સૂર્યમાળાના છેડે ઊર્ટનું વાદળ અને કુઈપર બેલ્ટ એવા બે સરનામા છે, જ્યાંથી ધૂમકેતુઓ પ્રગટ થતા હોય છે. એટલે કે એ દર થોડા વર્ષે ફરીફરીને સૂર્ય તરફ આવતા હોય છે.

પ્લૂટો પછી સૂર્યમાળામાં કૂઈપર બેલ્ટ નામનો વિસ્તાર છે. એ વિસ્તાર પૂરો થયા પછી શરૂ થતો વિસ્તાર એ ઊર્ટના વાદળના નામે ઓળખાય છે.

પૂંછડી વગરની એક બિલાડીની પ્રજાતિ મેન્કસ તરીકે ઓળખાય છે. તેના આધારે આ ધૂમકેતૂને મેન્કસ નામ ઓળખવામાં આવે છે. મોટે ભાગે આ ધૂમકેતુઓ ધૂળ કે બરફના ગોળાઓ હોય છે.

- **રિયલ એસ્ટેટ એક્ટ ૨૦૧૬ આજથી આંશિક રીતે અમલી**

દેશમાં લેભાગુ ડેવલપરો સામે સખત હાથે કામ લેવા તથા ફ્લેટ ખરીદનારાઓ સાથે થતી છેતરપિંડી અટકાવવા માટે ઘડી કઢાયેલા રિયલ એસ્ટેટ (રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ) એક્ટ ૨૦૧૬ આજથી આંશિક રીતે અમલી બની ગયો છે.

આ એક્ટની જોગવાઈ પ્રમાણે રાજ્ય સરકારોએ એક વર્ષની અંદર રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટીની નિમણૂંક કરવાની રહેશે.

આ એક્ટનો ભંગ કરવા બદલ રિયલ એસ્ટેટ એજન્ટો અને ડેવલપર્સ માટે દંડની પણ જોગવાઈ કરવામાં આવી છે.

- **દિલ્હીમાં ડીઝલ ટેક્સી નહીં ચાલે**

કેબમાં સીએનજી કરાવવાની સમયમર્યાદા વધારવા ઈનકાર કર્યો, નવી ડીઝલ કારનું રજિસ્ટ્રેશન પણ નહીં થાય.

પાકિસ્તાની મહિલા કાર્યકર્તાને નેલ્સન મંડેલા એવોર્ડ મળ્યો :

પાકિસ્તાની મહિલા માનવ અધિકાર કાર્યકર્તા તબસ્સુમ અદનાને નેલ્સન મંડેલા ગ્રેકા મશેલ ઈનોવેશન એવોર્ડ ૨૦૧૬થી સન્માનવામાં આવ્યાં છે. અશાંત સ્વાત ખીણ સાથે સંકળાયેલાં ૩૯ વર્ષીય તબસ્સુમને ૨૫મે નારોજ કોલંબિયાના બોગોટા ખાતે આ એવોર્ડ આપવામાં આવ્યો હતો.

રેલવેએ માલભાડા પર લાગતો ૧૫ ટકા બિઝી સીઝન ચાર્જ પાછો લીધો :

રેલવેએ બેઝિક ફ્રેઈટ સર્વિસ પર લાગતો ૧૫ ટકા બિઝી સીઝન ચાર્જ પાછો ખેંચી લીધો છે. રેલવેએ આ પગલુ માલભાડાના દરને તર્કસંગત બનાવવા માટેની પહેલ હેઠળ ઉપાડ્યુ છે. હવે ૧મે થી ૩૦જૂન ૨૦૧૬ની વચ્ચે કવર્ડ વેગનમાં લોડ થનારી તમામ કોમોડિટી પર આ ચાર્જ નહીં લાગે. રેલવે પ્રધાન સુરેશ પ્રભુએ ૨૯એપ્રિલે આ જાણકારી આપી હતી. તેમણે જણાવ્યુ હતું કે રેલવેને સડક માર્ગે થતા માલ પરિવહનને કારણે નુકશાન થઈ રહ્યું છે.

## 2 MAY, 2016

- **ઉત્તરાખંડમાં આગ**

ઉત્તરાખંડમાં જંગલોમાં મોટા પ્રમાણમાં દાવાનળ ફાટી નીકળ્યો છે.

તેના લીધે ૨,૨૬૯ હેક્ટર જેટલા વિસ્તારનાં જંગલો બળીને નાશ પામ્યાં છે.

આ દાવાનળના પગલે પૌડી, ટિહરી, ઉત્તર કાશી, રુદ્રપ્રયાગ, અલમોડા, પિથોરાગઢ અને નૈનિતાલને સંવેદનશીલ જાહેર કરાયાં છે.

- **પાણી યોજના**

૮૯૩ કરોડના ખર્ચે છોટા ઉદેપુર, પંચમહાલ અને દાહોદ જિલ્લાને આવરી લેતી પાણી યોજના બનાવવામાં આવશે.

ગુજરાતના સ્થાપના દિન નિમિત્તે મુખ્યમંત્રીશ્રીએ ઉપરોક્ત જાહેરાત કરી હતી.

- **કેપિટલ ઈન્વેસ્ટમેન્ટમાં ગુજરાત મોખરે**

FDI ક્ષેત્રે કેપિટલ ઈન્વેસ્ટમેન્ટ મેળવવામાં ગુજરાત દેશભરમાં પ્રથમ ક્રમાંકે છે.

આ બાબતમાં ગુજરાત ચીનનાં રાજ્યો કરતાં પણ આગળ છે.

વર્ષ ૨૦૧૫માં FDI ક્ષેત્રે ૧૨.૪ બિલિયન ડોલર (રૂ. ૮૨ હજાર કરોડ કરતાં વધુ) કેપિટલ ઈન્વેસ્ટમેન્ટ સાથે ગુજરાત ટોચ પર છે.

આ માહિતી ફાઈનાન્સીયલ ટાઈમ્સના રીપોર્ટના આધારે જાહેર કરવામાં આવી છે.

રિયા સરકાર ભારતની પ્રથમ ટ્રાન્સ જેન્ડર ચૂંટણી અધિકારી બની છે. :

- **વારાણસીના અસ્સીઘાટ પર ઈ-બોટનું લોકાપર્ણ**

ગંગા નદીમાં હવે ઈ-બોટ્સનો ઉપયોગ જોવા મળશે.

વડાપ્રધાન દ્વારા ૧ લી મેના રોજ વારાણસીની મુલાકાત દરમ્યાન તેના અસ્સી ઘાટ પર ભારતની પ્રથમ ઈ-બોટ લોન્ચ કરવામાં આવી.

આ શરૂઆત ગંગાને પ્રદુષણ મુક્ત બનાવવાના પ્રયાસના ભાગરૂપ છે.

શરૂઆતમાં ૧૧ ઈ-બોટ તૈયાર કરવામાં આવી રહી છે. ૧ વર્ષમાં બનારસમાં ટ્રેડીશનલ બોટ્સને ૩૦૦૦ બેટરી ઓપરેટેડ બોટ્સમાં ફેરવવાનો પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે.- તે ઉપરાંત તેઓએ ડીરેકા મેદાનમાં ૧૦૦૦ પેડલ રીક્ષાચાલકોને ઈ-રીક્ષાનું લોકાર્પણ કર્યું. જે લોકોને ઈ રિક્ષા આપવામાં આવી તેઓ વૃદ્ધો અને બિમારોને સ્ટેશન સુધી પહોંચાડવાનું કામ કરશે.

- **દેશની વસતિના માત્ર ૧% લોકો જ ટેક્સ ભરે છે**

સરકાર દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલા આંકડાઓ મુજબ દેશની કુલ વસતિના માત્ર ૧% લોકો જ ટેક્સ ભરે છે. જ્યારે માત્ર ૪% લોકો જ ટેક્સ રીટર્ન ભરે છે.

પહેલીવાર એવું બન્યું છે કે ટેક્સ ચૂકવવા સંબંધી છેલ્લા ૧૫ વર્ષના આંકડા સરકાર દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવ્યા હોય.

આ માહિતી મુજબ માત્ર ૩ ભારતીયો જ ૧૦૦ કરોડ કરતાં પણ વધુ ટેક્સ ચૂકવે છે.

દેશના કૂલ ટેક્સના ૫૩% માત્ર મહારાષ્ટ્ર અને દિલ્હીથી આવે છે.

- **તમાકુ અંગે થયેલા સર્વેક્ષણનાં તારણો**

ગ્લોબલ ઓડીટ ટોબેકો સર્વે (GATS -India 2010) અનુસાર ભારતમાં આશરે ૩૫% પુખ્ત લોકો એક યા બીજા પ્રકારની તમાકુનું સેવન કરે છે.

ભારતમાં તમાકુના બંધાણીઓની સંખ્યા આશરે ૨૭.૫ કરોડ છે. જેમાં ૧૬.૩૭% લોકો ધુમ્રપાન વગરની તમાકુનું સેવન કરે છે. જયારે ૬.૯૫ ટકા લોકો ધુમ્રપાન કરે છે.

૩૮% શહેરી પુરૂષો અને ૧૨૫ શહેરી મહિલાઓ પણ તમાકુનું સેવન કરે છે.

ટોબેકો કન્ટ્રોલ ઈન ઈન્ડીયાના એક અહેવાલ અનુસાર તમાકુના કારણે દેશમાં દર વર્ષે ૮ થી ૯ લાખ લોકો અવસાન પામે છે.

૨૦૦૮માં કરવામાં આવેલા એક સર્વે અનુસાર ધુમ્રપાનના કારણે અવસાન પામનારા લોકોમાં મોટાભાગના નાની વયમાં જ મૃત્યુ પામે છે.

સર્વે અનુસાર વર્ષ ૨૦૧૦માં તમાકુના કારણે મૃત્યુ પામનાર લોકોની સંખ્યા ૨૦ કરોડ હતી.

- **ગુજરાતના એ અને એ-૧ રેલવે સ્ટેશન પર સ્વચ્છતા જાગૃતિ અંગે વિડિયો ફિલ્મ બતાવાશે**

૨ ઓક્ટોબર, ૨૦૧૯ સુધી સંપૂર્ણ સ્વચ્છ ભારત અભિયાનનું લક્ષ્ય હાંસલ કરવા રેલવેતંત્રએ રાજયના એ અને એ-૧ ગ્રેડ ધરાવતા રેલવે સ્ટેશનો પર મુસાફરોને અને રેલવે કર્મચારીઓને શનિવારે અને રવિવારે વિડિયો ફિલ્મ બતાવવાનું શરૂ કર્યું છે.

આ ફિલ્મમાં રેલવે સ્ટેશન સ્વચ્છ રાખવા અને ગંદકી ન ફેલાવવા મુસાફરોને જાગૃત કરવાનો સંદેશ હશે.

આ અભિયાન અંતર્ગત રેલવેના મહાપ્રબંધકને માસિક રીપોર્ટ મોકલવાનો રહેશે અને અભિયાનને ઝોનલ રેલવેની વેબસાઈટ પર અપલોડ કરવામાં આવશે.

- **રેલવેનું ઓનલાઈન બુકીંગ હવે ઈન્ટરનેશનલ ક્રેડિટ-ડેબિટ કાર્ડથી**

ભારતીય રેલવેનું ઓનલાઈન બુકીંગની સેવા આપતી IRCTC એ વિદેશી મુસાફરોને રાહત આપી છે.

હવે ભારત બહારના ઈશ્યુ થયેલા ઈન્ટરનેશનલ ક્રેડિટ-ડેબિટ કાર્ડથી પણ વિદેશી પ્રવાસીઓ ભારતીય રેલવેમાં ઓનલાઈન ટિકીટ બુકીંગ કરી શકશે.

આ સેવા બદલ IRCTC એ પ્રવાસીઓ પાસેથી વધારાનો ૪% ચાર્જ વસુલ કરવાનું નક્કી કર્યું છે.

અત્યાર સુધી માત્ર અમેરિકન એક્સપ્રેસ ઈન્ટરનેશનલ કાર્ડ માન્ય હતું. પરંતુ હવે તમામ ઈન્ટરનેશનલ કાર્ડ માન્ય રહેશે.

આ રીતે બુકીંગ માટે કેટલીક શરતો પણ મૂકવામાં આવી છે. તે મુજબ વિદેશી પ્રવાસીઓ ટ્રેનમાં મુસાફરીના ૨ દિવસ પહેલાં જ ટિકીટ બુકીંગ કરી શકશે. આ કાર્ડથી તત્કાલ તેમજ પ્રિમિયમ ટ્રેનોમાં બુકીંગ માન્ય ગણાશે નહીં.

- **અક્ષર પટેલ IPLમાં હેટ્રીક ઝડપનારો ગુજરાતનો પ્રથમ બોલર બન્યો**

કિંગ્સ ઈલેવન પંજાબ તરફથી રમતાં ગુજરાતના આંતરરાષ્ટ્રીય

ઓલરાઉન્ડર અક્ષર પટેલે રાજકોટમાં રમાયેલી આઈપીએલ-ટી-૨૦માં ગુજરાત લાયન્સ સામે હેટ્રીક ઝડપતાં રેકોર્ડબુકમાં સ્થાન મેળવી લીધું છે.

તેણે દિનેશ કાર્તિક, ડ્વેન બ્રાવો અને રવિન્દ્ર જાડેજાની વિકટો મેળવીને આ સિદ્ધિ હાંસલ કરી છે.

આઈપીએલના ૯ વર્ષના ઈતિહાસમાં હેટ્રીકની આ ૧૪ મી ઘટના છે. છેલ્લે ૨૦૧૪માં વોટસને હેટ્રીક મેળવ્યા બાદ કોઈએ હેટ્રીક મેળવી ન હતી.

આ સાથે અક્ષર આઈપીએલમાં હેટ્રીક મેળવનાર ભારતનો આઠમો અને ગુજરાતનો પ્રથમ બોલર બની ગયો છે.

## 3 MAY, 2016

- **પૃથ્વી સાથે સમાનતા ધરાવતા ત્રણ નવા ગ્રહો મળી આવ્યા**

અમેરિકાની ઈન્સ્ટીટ્યુટ ઓફ મેસેચ્યુશેટ, યુનિવર્સિટી ઓફ લી અને સંશોધકોએ મળીને ૩ નવા ગ્રહો શોધી કાઢયા છે.

આ ત્રણેય ગ્રહો એક્સોપ્લાનેટ એટલે કે પૃથ્વી સાથે સમાનતા ધરાવતા ગ્રહો માનવામાં આવે છે.

આ ગ્રહો પૃથ્વીથી ૪૦ પ્રકાશવર્ષના અંતરે આવેલા છે.

અંધારિયા વાતાવરણમાં હોવાના કારણે નજીક હોવા છતાં આ ગ્રહો અત્યાર સુધી અજાણ્યા હતા.

આ ત્રણ ગ્રહો પૈકી એક ગ્રહનું કદ તો પૃથ્વી જેવડું જ છે. બે ગ્રહોના દિવસ પૃથ્વી કરતાં દોઢ અને અઢી ગણા છે.

- **જનસંઘના સ્થાપક બલરાજ મધોકનું નિધન**

જનસંઘના સ્થાપકોમાં સામેલ બલરાજ મધોકનું નિધન થયું છે. તેઓ ૯૬ વર્ષના હતા.

છેલ્લા કેટલાક સમયથી તેઓ હોસ્પિટલમાં હતા.

- **વિજય માલ્યાનું રાજ્યસભામાંથી રાજીનામું**

લીકર કીંગ વિજય માલ્યાએ રાજ્યસભામાંથી રાજીનામું આપી દીધું છે.

રાજ્યસભાના અધ્યક્ષ હામિદ અન્સારીને તેમણે પત્ર લખીને આ બાબતની જાણ કરી છે.

રાજ્યસભામાં વિજય માલ્યાનો કાર્યકાળ ૧ લી જુલાઈએ પૂરો થવાનો હતો.

જો કે નૈતિક સમિતિએ તેમને ગયા સપ્તાહે નોટિસ મોકલી આપી હતી.

હાલમાં નૈતિક સમિતિના અધ્યક્ષ કર્ણસિંહ છે.

- **રાજ્યમાં 'પ્રધાનમંત્રી ફસલ બીમા યોજના'નો અમલ**

રાજ્યમાં નોટિફાઈડ વિસ્તાર માટે નોટીફાઈડ જુદા જુદા ૧૬ પાકો માટે આ યોજનાનો અમલ શરૂ થઈ ગયેલ છે.

ગુજરાત રાજ્યના ખેડૂતોએ **i-khedut** પોર્ટલ પર ઓનલાઈન પાક વિમા માટેની દરખાસ્ત ભરીને તેની પ્રિન્ટ સહી કરીને સંબંધિત બેંકમાં રજૂ કરવાની રહેશે.

બેંકર્સ મિત્રો દ્વારા રાજ્યના કૃષિ અને સહકાર વિભાગના તા.૧૬-૦૪-૨૦૧૬ના ઠરાવ મુજબ તાત્કાલિક ધોરણે ખેડૂતોની વીમા દરખાસ્ત સ્વીકારી પ્રિમિયમ કાપવાનું શરૂ કરવાનું રહેશે.

ધિરાણી ખેડૂતોનો આ યોજનામાં ફરજિયાતપણે સમાવેશ થયો છે તથા બિનધિરાણી ખેડૂતો મરજિયાત પણે જોડાઈ શકશે.

અનાજ અને તેલીબિયાં પાક માટે ખરીફ ઋતુમાં ખેડૂતો માટે નિયત થયેલ પ્રિમિયમ દરના ૨ટકા, જ્યારે રવિ ઋતુમાં ૧.૫ ટકા અને વાર્ષિક વાણિજ્યિક પાકો માટે ૫ ટકા પ્રિમિયમ રહેશે.બાકીના પ્રિમિયમની રકમ કેન્દ્ર અને રાજ્ય સરકાર ભોગવશે.

- **ઓસ્ટ્રેલિયાના યુવા ગોલકીપર સ્ટેફનનું અકાળે નિધન**

મલેશિયામાં રમતી વખતે વીજળી ત્રાટકતાં ઓસ્ટ્રેલિયાના પ્રોમિસિંગ ગોલકીપર સ્ટેફન પેટ્રોવસ્કીનું અકાળે નિધન થયું છે. સ્ટેફનને વર્લ્ડ એફ હીઝ ફીટ તરીકે હંમેશાં યાદ રાખવામાં આવશે.

મલય ક્લબ મલેકા યુનાઈટેડ ખાતે ગયા મહિને સ્ટેફન ટ્રેનિંગ લઈ રહ્યો હતો ત્યારે તેના પર વીજળી ત્રાટકી હતી.

- **બીએમડબલ્યુ ઓપન ટેનિસ ટુર્નામેન્ટ**

ફિલિપ કોલશ્રેબરે ડોમિનિક થિએમને ભારે સંઘર્ષ બાદ ૭-૬, ૪-૬ અને ૭-૬થી હરાવીને બીએમડબલ્યુ ઓપન ટેનિસ ટુર્નામેન્ટનું ટાઈટલ જીતી લીધું છે.

જર્મન ખેલીડીને આ મુકાબલો જીતવા માટે લગભગ અઢી કલાકનો સમય લાગ્યો હતો.

કોલશ્રેબરે અગાઉ આ ટુર્નામેન્ટ ૨૦૦૭ તથા ૨૦૧૨માં જીતી છે.

- **ટેક્સાસ ટુર્નામેન્ટ**

દક્ષિણ કોરિયાની જેની શિને વોલિયેન્ટર્સ ઓફ અમેરિકા ટેક્સાસ શૂટઆઉટ ગોલ્ફ ટુર્નામેન્ટનો ખિતાબ જીતી લીધો છે.

તેણે લાસ કાલિનાસ પર બે શોટથી વિજય મેળવ્યો હતો.

૨૩ વર્ષીય જેનીનો આ પહેલો એલપીજીએ ટૂર ખિતાબ છે.

જેનીનો ફાઈનલ સ્કોર ૧૪ અંડર ૨૭૧ રહ્યો. આ સ્કોરથી તે વર્લ્ડ રેન્કીંગમાં ૧૪ સ્થાનની છલાંગ લગાવીને ૨૪મા સ્થાને આવી ગઈ છે.

- **યશસ્વિની દેશવાલે જર્મનીમાં સિલ્વર મેડલ મેળવ્યું**

ભારતીય શૂટર યશસ્વિની દેશવાલે જુનિયર શૂટિંગ વર્લ્ડકપમાં

ASTHA ACADEMY
Mo.: 8866066447

શાનદાર પ્રદર્શન કરતાં ૧૦ મીટર એર પિસ્તોલ સ્પર્ધામાં સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો છે.

યશસ્વિનીએ ૧૦ મીટર એર રાઈફલ સ્પર્ધાના શરૂઆતના રાઉન્ડમાં ૩૭૪ નો સ્કોર કર્યો હતો.

ફાઈનલમાં ૧૯૭ પોઈન્ટ સાથે તેણે સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો હતો.

આ સ્પર્ધાનો ગોલ્ડ ગ્રીસની અન્ના કોરાકાકીએ ૨૦૦.૬ પોઈન્ટ્સ સાથે જીત્યો હતો.

- **ઈંગ્લીશ ફૂટબોલ પ્રીમિયર લીગ**

૧૩૨ વર્ષમાં પ્રથમ વખત લેસ્ટર સિટી ચેમ્પિયન બની છે.

લેસ્ટરે ૩૬ મેચમાં ૭૭ પોઈન્ટ હાંસલ કર્યા હતા.

૧૯૯૨ બાદ લેસ્ટર ઈપીએલનું ટાઈટલ જીતનાર છઠ્ઠી ટીમ બની ગઈ છે.

ટોટનહામ અને ચેલ્સીનો મુકાબલો ૨-૨ થી ડ્રો રહેતાં લેસ્ટર ચેમ્પિયન બની.

- **BCCI દ્વારા કોહલી અને રહાણે એવોર્ડ માટે નોમિનેટ**

BCCI એ દેશના સર્વોચ્ચ રમત પુરસ્કાર રાજીવ ગાંધી ખેલરત્ન એવોર્ડ માટે ભારતીય ટેસ્ટ સુકાની વિરાટ કોહલીની ભલામણ કરી છે.

આ ઉપરાંત અજિંક્ય રહાણેના નામની ભલામણ અર્જુન એવોર્ડ માટે કરવામાં આવી છે.

BCCI એ ચાર વર્ષના ગાળા બાદ ખેલરત્નના સન્માન માટે કોઈ ક્રિકેટરના નામની ભલામણ કરી છે.આ અગાઉ ૨૦૧૨માં બોર્ડે ભારતના ભૂતપૂર્વ સુકાની રાહુલ દ્રવિડનું નામ નોમિનેટ કર્યું હતું.

સચિન તેન્ડુલકર ૧૯૯૭-૯૮ તથા મહેન્દ્રસિંહ ધોની ૨૦૦૭માં આ સન્માન મેળવી ચૂક્યા છે.

૨૦૧૫માં સાનિયા મિર્ઝાને ખેલરત્નથી સન્માનિત કરવામાં આવી હતી.

- **પહાડી રાજ્યોમાં આગ**

બે મહિના કરતાં વધુ સમયથી ઉત્તરનાં પહાડી રાજ્યોમાં આગ ફેલાઈ રહી છે.

આ આગના કારણે ઓઝોનના પડને નુકશાન થઈ રહ્યું છે.

હવામાન તજજ્ઞોના જણાવ્યા અનુસાર ચારથી પાંચ મહાનગરો એક વર્ષમાં પર્યાવરણને જેટલું નુકશાન પહોંચાડે એટલું જ બે કલાકની આગથી થઈ રહ્યું છે.

- **જૈન સંતોને ખુલ્લામાં શૌચક્રિયા માટે મુક્તિની માગણી**

કેન્દ્ર સરકારે સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત ખુલ્લામાં શૌચક્રિયા પર પ્રતિબંધ લગાવ્યો છે.

પરંતુ જૈન સમાજના સંતો માટે આ પ્રતિબંધ મુશ્કેલીનું કારણ બન્યો છે.

દિગંબર જૈન સોશ્યલ ગ્રૂપ ફેડરેશનના અધ્યક્ષ રવિન્દ્ર જૈને જણાવ્યું હતું કે તેમણે મધ્યપ્રદેશ સરકારને આ સંબંધમાં આવેદનપત્ર આપીને સંતોને ખુલ્લામાં શૌચક્રિયા કરવા સંબંધમાં મુક્તિ આપવા માંગણી કરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે જૈન સંતો ધાર્મિક અને અન્ય કારણોસર ક્યાંય પણ શૌચાલયનો ઉપયોગ કરતા નથી.

- **સબરીમાલામાં મહિલાઓના પ્રવેશ અંગે વિવાદ**

૧૦ થી ૫૦ વર્ષની મહિલાઓના સબરીમાલા મંદિરમાં પ્રવેશ અંગે સુપ્રિમ કોર્ટે ફરી એક વખત સવાલ ઉઠાવ્યો છે કે શું એક જ ધર્મના લોકો વચ્ચે આસ્થા અને વિશ્વાસના નામે ભેદભાવ કરી શકાય ? શું એવી કોઈ ધાર્મિક પરંપરા હોવી જોઈએ જે લૈંગિક સમાનતા વિરુદ્ધ હોય ?

અત્રે ઉલ્લેખનીય છે કે ૧૦ થી ૫૦ વર્ષની મહિલાઓ માસિક ધર્મની વયમાં આવતી હોવાથી તેમને મંદિરમાં પ્રવેશ આપવામાં આવતો નથી.

- **જોનસન કંપની પર ૩૬૫ કરોડનો દંડ**

અમેરિકાની એક અદાલતે ખ્યાતનામ મલ્ટીનેશનલ કંપની જોનસન એન્ડ જોનસનને રૂ. ૩૬૫ કરોડનો દંડ કર્યો છે.

ફરી એક વખત કેસ કંપનીના ટેલકમ પાવડર સાથે જોડાયેલો છે.

અરજદારે પોતાની દલીલમાં રજૂઆત કરી છે કે આ પાવડરના ઉપયોગથી તેને કેન્સર થયું છે.

- **દિલ્હીમાં ડીઝલ ટેક્સી હટાવવા માટેની યોજનાને બે દિવસની મહેતલ :**

દિલ્હીમાં ડીઝલ ટેક્સીઓ ઉપર પ્રતિબંધ મુદ્દે રાજ્યની આમ આદમી પાર્ટીને થોડી રાહત મળી છે.

સુપ્રિમ કોર્ટ આ મુદ્દે વિસ્તૃત યોજના રજૂ કરવા માટે સરકારને બે દિવસની મહેતલ આપી છે.

કોર્ટના આદેશ ઉપર ૧ લી મેથી દિલ્હીમાં ડીઝલ ટેક્સીઓ ચલાવવાની બંધ થઈ ગઈ છે. તેમ છતાં કેટલાક ટેક્સી માલિકો આ નિયમ વિરુદ્ધ દેખાવો કરી રહ્યા છે.

કોર્ટના આ આદેશને કારણે એક સાથે ૩૦, ૦૦૦ ટેક્સીઓ બંધ થઈ જતાં લોકોએ ભારે હાલાકી ભોગવવી પડે છે તેમ સરકાર પક્ષના વકીલ દ્વારા રજૂઆત કરવામાં આવી હતી.

- **૧૧ જુલાઈએ રેલવેકર્મીઓની દેશવ્યાપી હડતાલની ચીમકી**

સાતમા પગારપંચમાં સૌથી વધુ અન્યાય દેશના ૧૪ લાખ રેલવે કર્મીઓને થયો છે.

આ પગારપંચમાં રહેલી વિસંગતતાઓ દૂર કરવા માટે રેલવે કર્મીઓએ રજૂઆત કરી છે. જો તેનો ઉકેલ નહીં આવે તો તેઓએ ૧૧ જુલાઈએ દેશવ્યાપી હડતાલની ચીમકી ઉચ્ચારી છે.

ASTHA ACADEMY
MO.: 8000044947

## GCCIમાં પ્રોફેશનલ્સ ચૂંટણી લડી શકશે

ગુજરાત ચેમ્બર ઑફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીમાં હવેથી સી.એ તથા સી.એસ. જેવા પ્રોફેશનલ્સ ચૂંટણી લડી શકશે. પરંતુ તેઓ હોદ્દેદારો બની શકશે નહીં.

પાંચ વર્ષ બાદ સભ્યોની સરળતા માટે તેના બંધારણમાં ૨૦ જેટલા સુધારા કરવામાં આવ્યા છે.

## બિઝનેસ વુમન વિંગના ચેરપર્સનની પસંદગી નહી હવે ચૂંટણી થશે

ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સની ૪મે નારોજ બપોરે એજીએમ મળી હતી જેમાં સર્વસંમતિથી ૨૦ જેટલા સુધારાઓને બહાલી આપવામાં આવી હતી.

જીસીસીઆઈની એજીએમમાં પ્રોફેશનલ ચૂંટણી લડી શકશે નહીં પણ તે એક્ઝિક્યુટિવ કમિટીના સભ્યો થઈ શકશે.

## રૂ. ૧.૩૦ કરોડના મૂલ્યના ૪.૧૦ કિ.ગ્રા. સોનાના શર્ટ સાથે પંકજ ગિનિસ બુકમાં

મહારાષ્ટ્રના ધ મેન વિથ ધ ગોલ્ડન શર્ટ તરીકે જાણીતા વેપારી રાજકારણી પંકજ પરખનું નામ ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સામેલ થયું છે. ૧લી ઓગસ્ટ, ૨૦૧૪ના રોજ રૂ. ૧.૩૦ કરોડના મૂલ્યનું ૪.૧૦ કિલોગ્રામ સોનાનું શર્ટ પહેરનાર માણસ તરીકે પરખને ૩મે નારોજ ગિનિસ વર્લ્ડ રેકોર્ડ સર્ટિફિકેટ ઈશ્યુ કરાયું હતું.

## શક્તિસિંહ ફરી મહત્વની સમિતિમાં ગોઠવાયા

વિપક્ષી ધારાસભ્યના પ્રમુખપદે ચાલતી વિધાનસભાની સૌથી મોટી અને મહત્વની "જાહેર સમિતિ" ના પ્રમુખપદે ફરીવાર શક્તિસિંહ ગોહિલ નિયુક્ત થયા છે. ૩મે નારોજ એમના નેતૃત્વ હેઠળ આ સમિતિની પહેલી બેઠક યોજાઈ હતી. ૧૫ સભ્યોની આ સમિતિમાં ધારાસભામાં સંખ્યાબળ પ્રમાણે, કોંગ્રેસના પાંચ અને શાસક પક્ષ ભાજપના ૧૦ સભ્યો સામેલ છે. અંદાજ સમિતિમાં નવા પ્રમુખ તરીકે ધારાસભ્ય ડૉ. નીમા આચાર્યની નિયુક્તિ થઈ છે, અગાઉ કિરીટસિંહ રાણા આ સમિતિના પ્રમુખ હતા.

પંચાયતી રાજ સમિતિમાં અગાઉ ચીમન સાપરિયા પ્રમુખ હતા હવે નવા પ્રમુખ નારણ લલ્લુ પટેલ બન્યાં છે. જૂના પ્રમુખ ઈશ્વરસિંહ પટેલના સ્થાને વલ્લભ કાકડિયાને નવા પ્રમુખ બનાવાયા છે. આ સિવાય બિનસરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિ, ગૌણ વિધાન સમિતિ, નિયમો માટેની ગેરહાજરી બાબતની સમિતિ, સદસ્ય નિવાસ સમિતિ.

## ઉ. કોરિયા દર કલાકે પાંચ લાખ બોમ્બ દ.કોરિયા પર ઝીંકી શકે

ઉત્તર કોરિયાના પ્રમુખ કિમ જોંગ ઉને દક્ષિણ કોરિયા પર હુમલા માટે એવી યોજના ઘડી છે જેનાથી હજારો લોકોના જીવ લઈ શકાય.

વ્હાઈટ હાઉસના સલાહકાર રહી ચૂકેલા વિક્ટર ચાએ તેમના પુસ્તક "ધ ઈમ્પોસિબલ સ્ટેટ" માં આ ખુલાસો કર્યો છે. નોંધનીય છે કે, કિમ જોંગ ઉને દક્ષિણ કોરિયાના રાષ્ટ્રપતિ ભવનની રેપ્લીકા બનાવી તેની સેના હુમલાની પ્રેક્ટિસ કરી શકે.

૨૦૦૪ થી ૨૦૦૭ સુધી નેશનલ સિક્યોરિટી કાઉન્સિલના એશિયન બાબતોના ડાયરેક્ટર રહી ચૂકેલા વિક્ટરે પોતાના પુસ્તકમાં એવો પણ ખુલાસો કર્યો છે કે, જો બંને દેશો વચ્ચે યુદ્ધ થાય તો ઉત્તર કોરિયા દક્ષિણ કોરિયા પર દર કલાકે પાંચ લાખ રોકેટ બોમ્બ વરસાવશે.

## "ઈન્ડિયાઝ નંબર વન બ્રાન્ડ એવોર્ડસ ૨૦૧૬" "સંદેશ"ને દેશનાં સર્વશ્રેષ્ઠ ગુજરાતી ન્યૂઝપેપરનો એવોર્ડ

અમેરિકાની આઈબીસી ઈન્ફોમીડિયા પ્રા. લિમિટેડ અને મીડિયા રિસર્ચ ગ્રુપ (એમઆરજી) દ્વારા "ઈન્ડિયાઝ નંબર વન બ્રાન્ડ એવૉર્ડસ ૨૦૧૬ માં બેસ્ટ દેશભરની ૨૦૦૦થી વધુ બ્રાન્ડમાંથી ૫૭ બ્રાન્ડ એવોર્ડ માટે પસંદ કરવામાં આવી દૈનિક જાગરણ, ટાઈમ્સ ઓફ ઈન્ડિયા, લોકમત પણ વિજેતા હિન્દી ન્યુઝ ચેનલમાં આજતક અને ઈંગ્લિશ ન્યુઝ ચેનલમાં ઈન્ડિયા ટુડે ટીવી

## સ્વચ્છ ગામનું સન્માન લેવું હોય તો ૫ દિવસમાં ૫૦ શૌચાલય બાંધો

૩૧ માર્ચનો ટાર્ગેટ સિધ્ધ ન કરી શકનાર પંચાયતોને વિકાસ કમિશનરનો પત્ર

૧૭મી મેના સ્માર્ટ વિલેજ લોન્ચિંગ વિથ સરપંચ સન્માન સમારોહ માટે ડીડીઓ ને આદેશો

ગુજરાત સરકારને ૧૭મી મેના રોજ ૧૦૦ ટકા શૌચાલયો ધરાવતા ગામોના સરપંચનું સન્માન કરવુ છે પણ સરકારને આવા સન્માનને પાત્ર સરપંચોની સંખ્યા ઓછી પડી છે આથી, હવે જે ગામોમાં ૫૦થી ઓછા વ્યક્તિગત શૌચાલયો બાકી રહ્યા હોય ત્યાં ફટાફટ પાંચ જ દિવસમાં ટાર્ગેટ પુરો કરીને ૧૦૦ ટકા શૌચાલયયુક્ત ગામના ફોટોગ્રાફ-દસ્તાવેજ ૭મી મે સુધીમાં સબમીટ કરવા ગ્રામ વિકાસ કમિશનરે જિલ્લા વિકાસ અધિકારીઓને પત્ર લખ્યો છે.

આ અગાઉ પણ ગીર સિંહ અભયારણ્યમાં ગેરકાનૂની બાંધકામને લઈને અનેક વખત કોર્ટમાં રજૂઆતો કરવામાં આવી છે.

## એશિયા પેસિફિક દેશોમાં ભારત અને ચીનમાં સૌથી વધારે નાણાકીય અસમાનતા

એશિયા પેસિફિક દેશોમાં ભારત અને ચીનના અર્થતંત્રો સૌથી વધુ ઝડપે વિકાસ પામી રહ્યાં હોવા છતાં બંને દેશોમાં નાણાકીય અસમાનતા સૌથી વધુ છે.

અહેવાલ અનુસાર ચીન શહેરી વિસ્તારોમાં મધ્યમ વર્ગની

સંખ્યા વધારવામાં સફળ રહ્યું છે, જો કે ભારત અને ઈન્ડોનેશિયા હજુ પણ લાખો લોકોને એક આવકના ઉચ્ચ સ્તર સુધી પહોંચાડવામાં સદંતર નિષ્ફળ નીવડ્યા છે.

ભારતમાં શહેરી અને ગ્રામીણ વિસ્તાર વચ્ચેના તફાવતમાં વધારો થયો છે. જેની સાથે આવકના સ્તરમાં પણ અસમાનતા જોવા મળી રહી છે.

- **ભારત ૨૦૧૭ માં ૭.૪ ટકાની વૃદ્ધિ મેળવશે**

ચાલુ નાણાકીય વર્ષ દરમ્યાન ભારતની જીડીપી ઓટો કરેક્ટ મોડમાં જોવા મળશે. તે સાથે જ ભારત ૭.૪ ટકાનો વૃદ્ધિદર હાંસલ કરશે.

દેશની જીડીપીમાં મેન્યુફેક્ચરીંગ અને એગ્રીકલ્ચર સેક્ટર અનુક્રમે ૧૭ ટકા અને ૧૫ ટકા હિસ્સો ધરાવે છે.

અગ્રીકલ્ચર સેક્ટરમાં વૃદ્ધિ જોવા મળશે, જ્યારે મેન્યુફેક્ચર સેક્ટરમાં મંદી એ એક ચિંતાનો વિષય છે.

સરકાર દ્વારા મેક ઈન ઈન્ડીયા ઉપરાંત સ્ટેન્ડ અપ ઈન્ડીયા **Ostart** જેવાં કેમ્પેઈનને કારણે દેશમાં વધુ એફ.ડી.આઈ જોવા મળશે.

- **ઈટાલીનો વેટરન ફૂટબોલર લુકા ટોની ૮ મેના રોજ પોતાની અંતિમ મેચ રમશે**

ઈટાલીના વેટરન ફૂટબોલર ૩૮ વર્ષના લુકા ટોનીએ નિવૃત્તિની જાહેરાત કરી છે.

વેરોનાનો સ્ટ્રાઈકર રવિવારે જુવેન્ટ્સ સામે પોતાનો અંતિમ મુકાબલો રમશે.

તે ગઈ સિઝનમાં સિરી-એ ગોલ્ડન બૂટ એવોર્ડ જીતનારો સૌથી મોટી (૩૭ વર્ષ) વયનો ખેલાડી છે.

તે સિરી-એ ટુર્નામેન્ટમાં આઠ કલબ ટીમો તરફથી ૩૪૩ મેચોમાં ૧૫૬ ગોલ કરી ચૂક્યો છે.

- **કાર્તિક હવે આઈપીએલનો નંબર ૧ વિકેટ કીપર**

ગુજરાત લાયન્સનો દિનશ કાર્તિક હવે આઈપીએલનો નંબર ૧ વિકેટ કીપર બની ગયો છે.

આ અગાઉ આ સ્થાન પર મહેન્દ્રસિંહ ધોની હતો.

તાજેતરના રેકોર્ડ અનુસાર તેણે ૧૩૧ મેચ રમીને ૯૧ શિકાર (૬૫ કેચ, ૨૬ સ્ટમ્પિંગ) સાથે ટોચનું સ્થાન મેળવી લીધું છે.

મહેન્દ્રસિંહ ધોનીએ ૧૩૭ મેચોમાં ૮૫ શિકાર (૬૧ કેચ, ૨૪ સ્ટમ્પિંગ) સાથે બીજું સ્થાન મેળવ્યું છે.

- **સાનિયા મિર્ઝાની આત્મકથા :**

વિશ્વની પ્રથમ ક્રમાંકિત ટેનિસની ડબલ્સની ખેલાડી સાનિયા મિર્ઝાની આત્મકથા જુલાઈમાં પ્રસિદ્ધ થશે.

આ આત્મકથાનું નામ ''એસ અગેંસ્ટ ઓડ્સ'' રાખવામાં આવ્યું છે.

આ આત્મકથા સાનિયાએ તેના પિતાની સાથે મળીને લખી છે. આ પુસ્તકમાં તેણે પોતાના જીવનના તમામ ચડાવ-ઉતારનું આલેખન કર્યું છે.

૧૬ વર્ષની વયે વિમ્બલ્ડન ગ્રાન્ડસ્લેમ વિમેન્સ ડબલ્સનું ટાઈટલ જીત્યાથી નંબર-૧ ખેલાડી બનવા સુધીની સફરના વિષયમાં તેણે વિસ્તારપૂર્વક લખ્યું છે.

- **પાણીને સમવર્તી યાદીમાં સમાવવાની ભલામણ**

જો પાણી પર રાજ્યોને બદલે કેન્દ્રનો હક સ્થાપિત કરવામાં આવે તો દુષ્કાળ અને પૂર જેવી કુદરતી આપત્તિઓમાં વધુ સારી રીતે સામનો કરી શકાય.

ઉપર મુજબની ભલામણ લોકસભાની જળ સંબંધિત સ્થાયી સમિતિ દ્વારા કરવામાં આવી છે. સમિતિ એમ માને છે કે પાણીને બંધારણની સમવર્તી યાદીમાં સામેલ કરવામાં આવવું જોઈએ.

ગુજરાત, મધ્યપ્રદેશ, રાજસ્થાન, હરિયાણા, છત્તીસગઢ, ઝારખંડને આ ભલામણ સામે કાંઈ વાંધો નથી. આ રાજ્યોએ માત્ર એટલી જ રજૂઆત કરી છે કે તેમનાં હિતોનું ધ્યાન રાખવામાં આવે.

લોકસભાની જળ સંબંધિત સ્થાયી સમિતિએ ૨૦૧૨-૧૩માં પણ આવી ભલામણ કરી હતી. પરંતુ ઘણા રાજ્યોના વિરોધના કારણે આ મુદ્દો શરૂઆતથી જ વિવાદમાં રહ્યો છે.

કેન્દ્ર-રાજ્ય સંબંધો પર આધારિત જસ્ટીસ આર. એસ. કારિયા અને જસ્ટીસ એમ. એમ. પૂંછી કમિશને પાણીને સમવર્તી યાદીમાં સામેલ કરવાના પ્રસ્તાવને નામંજૂર કર્યો હતો. જેના કારણે આ બાબતે અત્યાર સુધી કોઈ નિર્ણય થઈ શક્યો નથી.

- **સમવર્તી યાદી**

પાણી હાલમાં રાજ્યનો વિષય ગણાય છે. સમવર્તી યાદીમાં સામેલ થયા બાદ રાજ્ય સાથે કેન્દ્ર સરકાર પણ પાણી સંબંધિત કાયદો બનાવી શકે છે. જો કેન્દ્રના કાયદાનો વિષય સમાન હોય તો કેન્દ્રનો કાયદો માન્ય ગણાય છે. કેન્દ્રનો કાયદો અમલમાં આવતાં જ રાજ્ય સરકારે તે સંબંધમાં અગાઉ બનાવેલો કાયદો સમાપ્ત થઈ જાય છે. જો કે રાષ્ટ્રહિતના નામે હજુ પણ કેન્દ્ર સરકારને સમવર્તી યાદીના વિષયોમાં કાયદો બનાવવાનો હક છે. પરંતુ રાજ્યોના વિરોધના કારણે આવુ શક્ય બની શકતું નથી.

- **અમેરિકાએ અરૂણાચલ પ્રદેશને ભારતનો ભાગ ગણાવ્યો**

અમેરિકન રાજદ્વારી દ્વારા તાજેતરમાં એક રીપોર્ટમાં અરૂણાચલ પ્રદેશને ભારતનો ભાગ ગણાવામાં આવ્યો છે.

આ બાબતનો વિરોધ કરતાં ચીને જણાવ્યું છે કે તે અમેરિકા પાસેથી આ બાબતે સ્પષ્ટીકરણ માંગશે.

- **આઈસીસી વન-ડે રેન્કીંગમાં ભારત ચોથા અને ટી-૨૦માં બીજા ક્રમે**

આઈસીસી દ્વારા તાજેતરમાં જાહેર કરાયેલા રેન્કીંગ મુજબ

Ashima Academy Mo.: 8980086441

ભારત ચોથા સ્થાને છે.

આ અગાઉ ભારત ત્રીજા ક્રમે હતું.

આ રેન્કિંગમાં ઓસ્ટ્રેલિયા પ્રથમ, ન્યુઝીલેન્ડ બીજા અને સાઉથ આફ્રિકા ત્રીજા સ્થાને છે.

ટી-૨૦ વર્લ્ડ રેન્કિંગમાં ભારત ઓસ્ટ્રેલિયા બાદ બીજા સ્થાને છે.

- **સચિનનો સૌથી યુવા વયે ૧૦,૦૦૦ રન પૂરા કરવાનો રેકોર્ડ જોખમમાં**

તાજેતરમાં ઈંગ્લેન્ડ અને શ્રીલંકા વચ્ચે રમાનારી ટેસ્ટ શ્રેણીમાં સચિનનો સૌથી યુવા વયે ૧૦,૦૦૦ રન પૂરા કરવાનો રેકોર્ડ તૂટવાની સંભાવના છે.

ઈંગ્લેન્ડનો ટેસ્ટ ટીમનો કેપ્ટન એલિસ્ટર કૂક સચિનના આ રેકોર્ડથી માત્ર ૩૬ રન જ દૂર છે.

સચિન તેન્ડુલકરે ૨૦૦૫માં પાકિસ્તાન સામેની ટેસ્ટમાં ૧૦,૦૦૦ રન પૂરા કર્યા ત્યારે તેની ઉમર ૩૧ વર્ષ અને ૧૦ મહિના હતી. જ્યારે કૂકે ગત ક્રિસ્મસના દિવસે જ તેનાં ૩૧ વર્ષ પૂર્ણ કર્યા છે.

- **સિગારેટનાં પેકેટ ઉપર ૮૫ ટકા સચિત્ર ચેતવણી ફરજિયાત : સુપ્રીમ**

સુપ્રિમ કોર્ટે નવી નીતિનો વિરોધ કરી રહેલા ૧૧ અબજ ડોલરના સિગારેટઉદ્યોગને મોટો આંચકો આપતા ચુકાદામાં જણાવ્યું હતું કે, તમાકુ ઉદ્યોગે સિગારેટનાં પેકેટ પર ૮૫ ટકા સચિત્ર ચેતવણી છાપવાના સરકારના નિયમોનું ફરજિયાત પાલન કરવું પડશે. સિગારેટનાં પેકેટ પર ૮૫ ટકા આરોગ્યલક્ષી ચેતવણી છાપવા પહેલી એપ્રિલથી સરકાર દ્વારા લાગુ કરાયેલા નિયમો પર મનાઈહુકમ આપવાની તમાકુઉદ્યોગની માગ પણ સુપ્રીમે ફગાવી દીધી હતી. અગાઉ સિગારેટનાં પેકેટ પર ૨૦ ટકા સચિત્ર ચેતવણી છાપવાનો નિયમ હતો.

- **''પા'' પિક્ચરથી જાણીતા થયેલા પ્રોજેરિયાના દર્દી નિહાલનું નિધન**

દેશમાં જનેટિક ડીસઓર્ડરને કારણે વ્યાધિ પ્રોજેરિયાથી પીડાઈ રહેલા દર્દી નિહાલ બિટલાનું આખરે ૧૫ વર્ષની ઉંમરે મૃત્યુ થયું છે. નિહાલના સ્વરૂપમાં ભારતમાં પ્રોજેરિયાનો પ્રથમ કેસ સામે આવ્યો હતો. નિહાલ આ જેનેટિક બિમારીને કારણે ૧૫વર્ષની ઉંમરે ૯૦ વર્ષનો દેખાતો હતો. ભીવંડી વિસ્તારમાં રહેતા આ દર્દીનું મૃત્યુ ૪મે નારોજ તેલંગણામાં આવેલા તેના વતનમાં થયું હતું એક લગ્ન વર્ષ ૨૦૦૯ ''પા'' ફિલ્મ બનતાં નિહાલ ખુબ ચર્ચામાં આવ્યો હતો. આ ફિલ્મમાં અમિતાભ બચ્ચને નિહાલની જેમ પ્રોજેરિયાથી પીડાતા બાળકનું પાત્ર ભજવ્યું હતું.

## 4 MAY, 2016

- **રિયો ઓલિમ્પિકમાં સચિન પણ ગુડવિલ એમ્બેસેડર**

ભૂતપૂર્વ ક્રિકટર સચિન તેન્ડુલકરે રિયો ઓલિમ્પિક માટે દેશના ગુડવિલ એમ્બેસેડર બનવાનું **Indian Olympic Association** નું આમંત્રણ સ્વીકારી લીધું છે.

આમ, સલમાન ખાન અને અભિનવ બિન્દ્રા બાદ ગુડવિલ એમ્બેસેડર બનનાર સચિન ત્રીજી વ્યક્તિ છે.

- **ઉત્તરપ્રદેશમાં રેશનિંગનું વિતરણ હવે બાયોમેટ્રીકથી થશે**

ઉત્તરપ્રદેશમાં રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા કાયદા અંતર્ગત રેશનિંગનું વિતરણ બાયોમેટ્રીક સિસ્ટમ પ્રમાણે કરવામાં આવશે.

રેશનિંગના વિતરણમાં પારદર્શિતા લાવવા માટે આ મુજબનો અમલ શરૂ કરવામાં આવ્યો છે.

- **૬૩ મો રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર**

નવી દિલ્હી ખાતે ૬૩મા રાષ્ટ્રીય ફિલ્મ એવોર્ડસમાં રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીએ પીઢ અભિનેતા મનોજ કુમારને ૪૭મો દાદા સાહેબ ફાળકે એવોર્ડ એનાયત કર્યો.

પૂરબ ઔર પશ્ચિમ, ઉપકાર અને ક્રાંતિ જેવી દેશભક્તિની ફિલ્મો માટે જાણીતા મનોજ કુમારને સુવર્ણકમળ, ૧૦ લાખ રોકડા અને શાલ ઓઢાડી સન્માનિત કરવામાં આવ્યા.

આ સમારોહમાં અમિતાભ બચ્ચનને ''પીકુ'' ફિલ્મ માટે શ્રેષ્ઠ અભિનેતા અને તનુ વેડ્સ મનુ રીટર્ન્સ માટે કંગના રણાવતને શ્રેષ્ઠ અભિનેત્રીનો એવોર્ડ આપવામાં આવ્યો.

આ અગાઉ અમિતાભ બચ્ચનને ૧૯૯૦માં અગ્નિપથ, ૨૦૦૫માં બ્લેક અને ૨૦૦૯માં પા માટે રાષ્ટ્રીય એવોર્ડ આપવામાં આવેલ છે.

આ સિવાય કંગના રણાવતને પણ ફેશન માટે શ્રેષ્ઠ સહઅભિનેત્રી અને ક્વિન માટે શ્રેષ્ઠ અભિનેત્રીનો એવોર્ડ આપવામાં આવેલ છે.

- **ભારત ૭.૫ ટકા વૃદ્ધિદર હાંસલ કરશે : IFM**

દેશમાં વર્ષ ૨૦૧૬માં નબળી નિકાસ અને મંદા ક્રેડીટ ગ્રોથથી અર્થતંત્ર પર દબાણ હોવા છતાં ખાનગી વપરાશમાં વધારો થતાં ભારત વર્ષ ૨૦૧૬-૧૭માં ૭.૫ ટકાનો દર વૃદ્ધિદર હાંસલ કરશે તેવો અંદાજ ઈન્ટરનેશનલ મોનિટરી ફંડ દ્વારા રજૂ કરવામાં આવ્યો છે.

એશિયન ગ્રોથ વધવા સામે વર્ષ ૨૦૧૬માં બે મોટાં અર્થતંત્રો ચીન અને જાપાનની મંદી વધશે એવો પણ અંદાજ વ્યક્ત કરવામાં આવ્યો છે.

- **ગોલ્ડ મોનેટાઈઝેશન સ્કીમ હેઠળ ૨.૮ ટન સોનું એકત્ર**

  સરકારે અત્યાર સુધીમાં ૨.૮ ટન સોનું ગોલ્ડ મોનેટાઈઝેશન સ્કીમ હેઠળ એકત્ર કર્યું છે. અત્રે નોંધનીય છે કે ૫ નવેમ્બર, ૨૦૧૫ના રોજ આ સ્કીમનો પ્રધાનમંત્રી દ્વારા પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ સ્કીમ હેઠળ મંદિરો અને ટ્રસ્ટોએ ૧૫૧૨ કિગ્રા સોનું જમા કરાવ્યું છે.

  હાલમાં દેશભરમાં કુલ ૪૬ હોલ માર્કીંગ સેન્ટર છે કે જે સોનાની શુદ્ધતા ચકાસી તેના એકત્રીકરણનું કાર્ય કરે છે.

## 5 MAY, 2016

- **દેશમાં ૨ કરોડ નવા ઘર બનશે**

  વડાપ્રધાન આવાસ યોજના હેઠળ કેન્દ્ર સરકાર ૨૬ રાજ્યોના ૨૫૦૮ શહેરોમાં નવા ૨ કરોડ ઘર બનાવશે.

  આ યોજના ૨૦૨૨ સુધીમાં પૂર્ણ કરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે.

  શહેરી વિકાસ મંત્રી શ્રી વેંકૈયા નાયડુ દ્વારા આ માહિતી આપવામાં આવી હતી.

- **પ્રણવ પંડ્યા રાજ્યસભામાં નોમિનેટ**

  ગાયત્રી પરિવારના પ્રમુખ પ્રણવ પંડ્યા રાજ્યસભામાં નોમિનેટ કરાયા છે.

  તેઓ દેવ સંસ્કૃત યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર છે. પરંતુ તેમને આ પદનો અસ્વીકાર કર્યો છે.

- **વિજય માલ્યાનું બીજુ રાજીનામું રાજ્યસભામાં મંજુર કરાયું**

  રાજ્યસભાના અપક્ષ સભ્ય વિજય માલ્યાનું રાજીનામું ગઈ કાલે રાજ્યસભામાં સ્પીકર હામિદ અન્સારીએ સ્વીકારી લીધુ છે.

  ગૃહના નાયબ અધ્યક્ષ શ્રી પી. જે. કુરિયને ગૃહમાં આ બાબતની જાણકારી આપી છે.

- **સિલિકોસિસના મૃતકોને 3-3 લાખ ગુજરાત આપે : સુપ્રિમ**

  સુપ્રિમ કોર્ટે ગુજરાત સરકારને આદેશ આપ્યો છે કે તે સિલિકોસિસથી મરનારા લોકોના પરિવારજનોને ત્રણ-ત્રણ લાખ વળતર આપે.

  રાજ્યના ઔદ્યોગિક ક્ષેત્રમાં કામ કરનારા ૨૩૮ મજૂરોનાં આ બિમારીને કારણે અત્યાર સુધીમાં મૃત્યુ થયા છે.

  અગાઉ રાષ્ટ્રીય માનવ અધિકાર પંચે પણ ૨૦૧૦માં ગુજરાત સરકારને આવો જ આદેશ આપ્યો હતો.

  એક એનજીઓની અરજી પર સુનાવણી કરતાં સુપ્રિમ કોર્ટે ઉપરોક્ત આદેશ આપ્યો છે.

- **રાજ્યમાં અમદાવાદ એરપોર્ટ પર પેસેન્જર મૂવમેન્ટમાં વધારો**

  અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર પેસેન્જરોની સંખ્યામાં સતત વધારો નોંધાઈ રહ્યો છે.

  વર્ષ ૨૦૧૫-૧૬માં અમદાવાદ એરપોર્ટ પર ૬૫ લાખ જેટલા પેસેન્જરોની મૂવમેન્ટ નોંધાઈ છે. આ સંખ્યા એ ગયા વર્ષની સરખામણીમાં ત્રણ ગણી છે.

  આ ઉપરાંત અમદાવાદમાં આવતા એરક્રાફ્ટની સંખ્યામાં પણ ગત વર્ષની સરખામણીમાં ૨૧ ટકાનો વધારો થયો છે.

- **યુનિવર્સિટીમાં તમામ વિદ્યાશાખામાં ૧૦ ટકા ઈબીસી લાગુ**

  ગુજરાત યુનિવર્સિટીમાં નવા શૈક્ષણિક સત્ર ૨૦૧૬-૧૭ માટેના વિવિધ વિદ્યાશાખાના પ્રવેશમાં ૧૦ ટકા ઈબીસી(ઈકોનોમિકલ બેકવર્ડ ક્લાસીસ) ના વિદ્યાર્થીઓ માટે રીઝર્વેશન લાગુ કરાશે.

  આ અનામતમાં સરકારના નવા નિયમ મુજબ ૬ લાખ વાર્ષિક આવકને ધ્યાનમાં લેવાશે.

  સ્પોર્ટસમાં ઝળકેલા વિદ્યાર્થીઓને ૨ ટકા રીઝર્વેશન આપવામાં આવ્યું છે.

- **ગીર મુદ્દે સરકારની નવી પોલીસી :**

  ગીર અભયારણ્યમાં રાજ્ય સરકારે જાહેર કરેલી ઈકોનોમી ઝોન પોલીસીને કેટલાક સુધારાઓ સાથે હાઈકોર્ટે ગ્રાહ્ય રાખી છે.

  આ નવી પોલીસી મુજબ હવે અભયારણ્યથી એક કિમીના વિસ્તારમાં કોઈ પણ પ્રકારનું બાંધકામ થઈ શકશે નહીં.

## 6 MAY, 2016

- **વાઈસ એડમિરલ સુનિલ લાંબા નૌકાદળના નવા વડા**

  વાઈસ એડમિરલ સુનિલ લાંબાને નૌકાદળના નવા વડા નિયુક્ત કરવામાં આવ્યા છે.

  તેઓ ૩૧મી મેના રોજ હોદ્દો સંભાળશે.

  નૌકાદળના હાલના વડા એડમિરલ આર. કે. ધવનનો કાર્યકાળ આ માસના અંતે પૂરો થાય છે.

- **ઉજ્જૈન સિંહસ્થમાં મૂશળધાર વરસાદ**

  ઉજ્જૈન સિંહસ્થમાં ૫મે નારોજ મૂશળધાર વરસાદ થવાના કારણે ૭ લોકોના મૃત્યુ થયાં છે.

  આ સિવાય ૮૦ લોકો ઘાયલ પણ થયા છે.

  આગામી ૯મી મેના રોજ યોજાનાર બીજા શાહી સ્નાન પહેલાંની આ ઘટનાને કારણે લોકોની તકલીફોમાં વધારો થયો છે અને ઘણા બધા તંબુ ધરાશાયી થયા છે.

ASTHA ACADEMY Mo.: 8980061441

- **પહેલીવાર કોઈ પૂર્વ ધારાસભ્ય અયોગ્ય જાહેર**

દેશમાં પહેલીવાર બનેલા ઘટના ક્રમમાં રતલામના પૂર્વ ધારાસભ્ય પારસ સકલેચાને રાષ્ટ્રપતિએ એક વર્ષ માટે ચૂંટણી લડવા અયોગ્ય જાહેર કર્યા છે.

ઉપરોક્ત નિર્ણય એક વર્ષ પહેલાં અપાયો હતો, જેને રાષ્ટ્રપતિભવને આ વર્ષે ૧૯ ફેબ્રુઆરીએ પ્રકાશિત કર્યો હતો.

આ આદેશ અનુસાર પારસ સકલેચા ફેબ્રુઆરી ૨૦૧૭ સુધી ચૂંટણી નહીં લડી શકે.

હાઈકોર્ટના આદેશ વિરુદ્ધ સકલેચાએ દાખલ કરેલી અપીલ હાલ સુપ્રિમકોર્ટમાં વિચારણા હેઠળ છે.

- **એરપોર્ટ પર સાસંદોને પ્રાથમિકતા આપવાની માંગણી ફગાવાઈ**

કેન્દ્રીય પ્રધાન અશોક ગજપતિ રાજુએ એરપોર્ટ પર સાંસદોને પ્રાથમિકતા આપવાની માંગણી સ્વીકારવાનો ઈન્કાર કરી દીધો છે.

તેમણે સંસદોની આ માગણી અવ્યવહારિક હોવાનું જણાવીને નકારી દીધી છે.

તેમણે જણાવ્યું કે સાંસદો સુપર સીટીઝન્સ નથી.

આ માંગણી ઉત્તરપ્રદેશના નગીના સંસદીય મતવિસ્તારનું પ્રતિનિધિત્વ કરનાર ડૉ. યશવંતસિંહ દ્વારા કરવામાં આવી હતી.

- **ભારતનો નકશો ખોટો દર્શાવનારને સાત વર્ષની જેલ અને રૂ.૧૦૦ કરોડ સુધીનો દંડ થશે**

ભારતના નકશાનું ખોટું નિરૂપણ કરનારને મહત્તમ સાત વર્ષની જેલ ૧૦૦ કરોડ રૂપિયાનો દંડ ભરવો પડશે. સોશિયલ નેટવર્કિંગ સાઈટોમાં જમ્મુ-કાશ્મીરને પાકીસ્તાનમાં અને અરૂણાચલ પ્રદેશને ચીનમાં દર્શાવવાના વધી રહેલા કિસ્સાઓને ધ્યાનમાં રાખી કેન્દ્ર સરકાર દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો છે. ''જિઓસ્પાશિયલ ઈન્ફરમેશન રેગ્યુલેશન બિલ ૨૦૧૬'' અનુસાર ભારતની કોઈ પણ ભૌગોલિક માહિતીનું પ્રકાશન, વિતરણ હસ્તગત કે પ્રચાર કરતા પહેલા સરકારી ઓથોરિટીની મંજૂરી લેવી પડશે. તાજેતરમાં જ ટ્વિટર પર જમ્મુ-કાશ્મીરને પાકિસ્તાનના નકશામાં જયારે અરૂણાચલ પ્રદેશને ચીનના નકશામાં દર્શાવવામાં આવતા ભારત સરકારે જોરદાર નોંધાવ્યો હતો. જેના પગલે ટ્વિટરને પોતાની ભુલ સુધારવાની ફરજ પડી હતી.

- **સ્વિત્ઝર્લેન્ડે યશ ચોપરાના પૂતળાનું અનાવરણ કરીને બહુમાન આપ્યું**

દિગ્દર્શક યશ ચોપરાએ પોતાના સમયમાં સ્વિત્ઝરલેન્ડમાં રમણીય સ્થળોએ શક્ય તેટલા રોમેન્ટિક દ્રશ્યોનું શૂટિંગ કર્યું છે. પોતાના દેશને દેશભરમાં આગવી ઓળખ આપનાર ફિલ્મસર્જકનું સ્વિસ સરકારે પૂતળાનું અનાવરણ કરીને માન આપ્યું હતું.

## 7 MAY, 2016

- **૮મી વર્લ્ડ થેલેસેમિયા દિવસ**

- **પ્રણવ પંડ્યાએ રાજયસભાનું સભ્યપદ સ્વીકારવાનો ઈન્કાર કર્યો**

ગાયત્રી પરિવારના પ્રમુખ પ્રણવ પંડ્યાએ રાજયસભાનું સભ્યપદ સ્વીકારવાનો ઈન્કાર કર્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે રાષ્ટ્રપતિ દ્વારા તેમને ૪ મેના રોજ રાજયસભામાં નોમિનેટ કરાયા હતા.

તેઓ દેવ સંસ્કૃત યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર છે.

- **ભાભા એટમિક રિચર્સ સેન્ટરનો પાઈલટ પ્રોજેક્ટ**

ભાભા એટોમિક રીસર્ચ સેન્ટર દ્વારા પાણીના શુદ્ધિકરણ બાબતે એક પાઈલટ પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો છે.

આ પ્રોજેક્ટ અંતર્ગત દરરોજ ૬૫ લાખ લિટર પાણીને શુદ્ધ કરીને પીવાલાયક બનાવવામાં આવશે.

- **રોબોટ આપશે ગણિતની પરીક્ષા**

આવતા વર્ષે ચીનમાં રોબોટ પણ રાષ્ટ્રીય કોલેજ પ્રવેશ પરીક્ષાની ગણિતની પરીક્ષામાં બેસશે.

અન્ય પરીક્ષાર્થીઓની જેમ રોબોટ બે કલાકની પરીક્ષામાં ઈન્ટરનેટના ઉપયોગ વગર જવાબ આપશે.

- **પૂર્વ ધારાસભ્ય ભૂરાભાઈ જાડેજાનું અવસાન**

રાણાવાવ-કુતિયાણાના ભૂતપૂર્વ ધારાસભ્ય અને મહેર સમાજના અગ્રણી ભૂરાભાઈ જાડેજાનું ટૂંકી માંદગી બાદ અમદાવાદમાં અવસાન થયુ છે.

તેમણે ગરીબ દીકરીઓનાં કન્યાદાન કરવા ઉપરાંત જરૂરિયાતમંદ પરિવારોના વિદ્યાર્થીઓને અભ્યાસ માટે આર્થિક સહાય પણ કરી હતી.

- **શું વોટ્સએપ મેસેજને અરજી ગણી શકાય**

સુપ્રિમ કોર્ટના ચીફ જસ્ટીસ ટી. એસ. ઠાકુરની અધ્યક્ષતાવાળી બેન્ચ સમક્ષ એવો પ્રશ્ન આવ્યો છે કે શું વોટ્સએપ પર મોકલવામાં આવેલા મેસેજને અરજીઓની જેમ ગણી શકાય

વકીલ અશોક અરોરાએ જણાવ્યું હતુ કે તેમણે એ મુદ્દા અંગે સીજેઆઈને વોટ્સએપ પર મેસેજ કર્યો હતો. તેના આધારે કોર્ટે નોંધ લેવી જોઈતી હતી. પરંતુ સીજેઆઈએ તેની નોંધ લીધી નથી.

- **મકાનોની ઘટતી ખરીદી અંગેનો એસોચેમનો અહેવાલ**

કેન્દ્ર સરકારે રીયલ એસ્ટટ રેગ્યુલેટરી ઓથોરિટી (રેરા) કાયદો ઘડ્યો છે અને આગામી વર્ષથી આ કાયદો અમલી બનશે.

પાટનગર નવી દિલ્હી સહિત દેશના અગ્રણી શહેરોમાં તૈયાર

મકાનો ખાલી પડ્યાં છે. છેલ્લા ૧ વર્ષથી દિલ્હીમાં સૌથી વધુ ૨,૫૦,૦૦૦ મકાનો ખાલી છે.

રેસિડેન્સીયલ અને કોમર્શિયલ મકાનો ખાલી હોય તેની યાદીમાં અમદાવાદ પાંચમાં ક્રમે આવતું હોવાનું એસોચેમના અભ્યાસમાં બહાર આવ્યું છે.

માત્ર અમદાવાદમાં જ ૫૭,૫૦૦ મકાનો વેચાયા વિનાના છે એમ એસોચેમ દ્વારા જાહેર કરવામાં આવેલ છે.

- **ઉત્તરાખંડમાં ૧૦ મે એ શક્તિ પરીક્ષણ**

- **મુંબઈ હાઈકોર્ટનો ગૌમાંસ અંગે વિવાદાસ્પદ ચુકાદો**

પરરાજ્યમાંથી મહારાષ્ટ્રમાં ગૌમાંસ લાવવા અને તે ખાવા માટે પરવાનગી આપતો ચુકાદો મુંબઈ હાઈકોર્ટે આપ્યો છે.

પરરાજ્યમાંથી ગૌમાંસ લાવવા અને રાખવા પર કોઈ પણ પ્રકારનો પ્રતિબંધ મૂકી શકાશે નહીં એવો પણ કોર્ટે નિર્દેશ કર્યો છે.

જો કે આ સાથે રાજ્યમાં ગોવંશ હત્યા પર પ્રતિબંધ યથાવત રાખવામાં આવ્યો છે.

રાજ્ય સરકારે ગયા વર્ષે લાગુ કરેલા ગોવંશ હત્યા પ્રતિબંધ કાયદાની વૈદ્યતાને હાઈકોર્ટમાં પડકારવામાં આવી હતી.

શું ખાવું અને શું ન ખાવું તે સરકાર નક્કી ન કરી શકે. ખાવાનો અધિકાર એ મૂળભૂત અધિકાર છે અને તે સરકાર છીનવી શકે નહીં એ મુજબની દલીલ કરીને આ કાયદાને પડકારવામાં આવ્યો હતો.

- **ગાંધીનગરમાં ગિફ્ટ સિટીમાં ઈન્ટરનેશનલ એક્સચેન્જ, ક્લિયરિંગ હાઉસ સ્થપાશે**

ગાંધીનગરની ગિફ્ટસિટી ખાતે બોમ્બે સ્ટોક એક્ચેન્જનું ઈન્ટરનેશનલ સેન્ટર કાર્યરત થવાની દિશામાં પગરણ મંડાયા છે. બીએસઈના ગવર્નિંગ બોર્ડની પમે નારોજ યોજાયેલી બોર્ડ મિટિંગમાં ગિફ્ટસિટી ખાતે ઈન્ટરનેશનલ એકસ્ચેન્જ અને ક્લિયરિંગ હાઉસ સ્થાપવાની યોજનાને મંજુરી આપી દેવાઈ છે.

- **૩૧ જુલાઈ ૧૯૫૬ પહેલાં ગણોતિયાએ ખરીદેલી જમીન પર પ્રીમિયમ નહીં :**

રાજ્ય સરકારે ૭મે નારોજ ગણોતધારાનો મહત્વપૂર્ણ પરિપત્ર કર્યો છે. ૩૧ જુલાઈ ૧૯૫૬ પહેલા મૂળ જમીનમાલિક પાસેથી ગણોતિયાએ જમીન ખરીદી હશે તો તેને ૪૩ના પ્રતિબંધ નહીં લાગે એટલે કે, આ પ્રકારની જમીનોમાં ગણોતિયાએ પ્રિમિયમ ભરવું પડશે નહીં.

- **ટ્રાન્સપ્લાન્ટ હવે ઝડપી બનશે : ડ્રોન દ્વારા અંગો ટ્રાન્સફર કરવાની યોજના**

શરીરનું કોઈપણ અંગ જ્યારે ટ્રાન્સપ્લાન્ટ કરવાનું હોય ત્યારે એક-એક મિનિટ ખૂબ જ કિમતી હોય છે. ટ્રાન્સપ્લાન્ટ માટે પહોંચાડાતું અંગ જેટલું દુર હોય છે તેટલી મુશ્કેલીઓ વધારે હોય છે. તાજેતરમાં વૈજ્ઞાનિકો એવી યોજના પર કામ કરી રહ્યા છે જેમાં હાર્ટ, કિડની અને અન્ય અંગોનું ટ્રાન્સપોર્ટેશન સરળ અને ઝડપી બનાવી શકાશે. ડ્રોન દ્વારા આ અંગોનું ટ્રાન્સપોર્ટેશન કરવાની યોજના બનાવવામાં આવી રહી છે. આ રીતે બેંગલુરુ અનમેન્ડ એરિયલ વ્હિકલ દ્વારા માનવ અંગો પહોંચાડનારું પહેલું શહેર બનશે. ફાઈટર લાઈટ કોમ્બેટ એરક્રાફ્ટ બનાવનાર કોટા હરિનારાયણે જણાવ્યું કે, અમારો મુખ્ય આશય સંવેદનશિલ અંગેનો ઝડપથી દર્દી સુધી પહોંચાડવાનો છે.

- **ગાયત્રી પરિવારના પ્રણવ પંડ્યાએ રાજ્યસભાની બેઠકની ઓફર ઠુકરાવી**

અખિલ વિશ્વ ગાયત્રી પરિવારના વડા પ્રણવ પંડ્યાએ રાજયસભાના સભ્ય બનવા ઈનકાર કર્યો છે. મોદી સરકારે તેમને રાજ્યસભા માટે ચાર મેના રોજ નોમિનેટ કર્યા હતા, પરંતુ પ્રણવ પંડ્યાએ છ મેના રોજ એમ કહીને ઓફર ઠુકરાવી હતી કે તેમની પ્રતિભા કદ કરતાં આ પદ નાનું છે. આ પહેલાં ૨૨ એપ્રિલના રોજ સુબ્રમણ્યમ સ્વામી, નરેન્દ્ર જાદવ, નવજોત સિદ્ધુ, સુરેશ ગોપી, સ્વપ્ન દાસગુપ્તા અને મેરિકોમને રાજયસભામાં નોમિનેટ કરાવામાં આવ્યા હતા. રાજયસભામાં કુલ ૧૨ સભ્યો નોમિનેટ થતા હોય છે. સાહિત્ય, વિજ્ઞાન, રમતગમત, કલા, સામાજિક સેવા સહિતના ક્ષેત્રે વિશિષ્ઠ પ્રદાન કરનારને રાજયસભામાં નોમિનેટ કરવામાં આવે છે.

- **ભારતના સાત બેડમિન્ટન ખેલાડી રિયોમાં ભાગ લેશે**

બેડમિટનની નવી રેન્કિંગ બહાર પડ્યા બાદ ભારત તરફથી સાત ખેલાડી રિયો ઓલિમ્પિકમાં ભાગ લેશે જેમાં સ્ટાર મહિલા ખેલાડી સાઈના નહેવાલ, જ્વાલા ગટ્ટા, અશ્વિની પોનપ્પા, કેશ્રીકાંત, પી.વી.સિંધુ, મનુ અત્રી તથા બી સુમિત રેડ્ડી ભાગ લેશે.

- **વોટ્સએપ દ્વારા PIL સ્વીકાર્ય નથી : સુપ્રીમ**

સુપ્રીમ કોર્ટે જણાવ્યું છે કે, વોટ્સએપ દ્વારા મોકલવામાં આવેલા મેસેજ પર સંજ્ઞાન લઈને સુનાવણી નહીં થાય. ૫ મે નારોજ અમેરિકામાં રહેતા વકીલ અશોક અરોરાએ ચીફ જસ્ટિસને જણાવ્યું કે તેમણે એક વોટ્સેપ મેસેજ કર્યો હતો તેમાં માંગ કરી હતી કે દેશમાં મૌલિક કર્તવ્યો અંગે પણ દિશા-નિર્દેશ નક્કી કરવામાં આવે. વકીલે આ મેસેજને જ જનહિત અરજી માનવા અપીલ કરી હતી પરંતુ કોર્ટે તેને નકારી કાઢી હતી, જો કે વકીલે આ અંગે જણાવ્યું છે કે, તેમણે હવે સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી છે અને કોર્ટ ટૂંક સમયમાં તેના પર સુનાવણી હાથ ધરશે.

- **રોજ દરિયાનાં ૬૩ લાખ લિટર પાણીને પીવાલાયક બનાવાશે**

દેશનાં ૧૩ જેટલાં રાજ્યો દુષ્કાળ જેવી સ્થિતિનો સામનો

કરી રહ્યાં છે ત્યારે ભારતના જ એક ખૂણામાં વિજ્ઞાનીઓને દરિયાનાં પાણીમાંથી રોજ ૬૩ લાખ લિટર પાણીનું ઉત્પાદન થઈ શકે તેવી શુદ્ધિકરણ પ્રક્રિયા વિકસાવવામાં સફળતા મળી છે, તેમણે એવી શુદ્ધિકરણ પ્રક્રિયા પણ વિકસાવી છે કે જેની મદદથી ભૂતળનાં જળમાંથી આર્સેનિક અને યૂરેનિયમ જેવાં તત્ત્વોને દુર કરીને તેને પીવાલાયક બનાવી શકાય. તામિલનાડુના કલ્પક્કમ ખાતે ભાભા એટમિક રિસર્ચ સેન્ટર દ્વારા આ માટેનો પાઈલોટ પ્રોજેક્ટ ઊભો થયો છે, તે પ્રોજેક્ટની મદદથી પાવર પ્લાન્ટની વેસ્ટ સ્ટ્રીમ(વધારાની વરાળ)ની મદદથી દરિયાનું પાણી શુદ્ધ કરે છે. આ પ્રોજેક્ટ પ્રતિદિન ૬૩ લાખ લિટર જળ શુદ્ધિકરણની ક્ષમતા ધરાવે છે. કડાનકુલમ પરમાણુ રિએક્ટમાં હાલમાં આ રીતે શુદ્ધ થયેલાં તાજા પાણીનો ઉપયોગ થાય છે પરંતુ આ પાણી પીવાલાયક હોવાનું કહેવાઈ રહ્યું છે.

- **પાકિસ્તાનના નવા કોચ તરીકે મિકી આર્થરની નિમણૂંક**

- **બ્રિટનનું પરમાણુ મથક પૃથ્વી પરનો સૌથી મોંઘો પ્રોજક્ટ બનશે**

બ્રિટનના દક્ષિણ ભાગમાં નવું પરમાણુ પાવર સ્ટેશન આકાર લઈ રહ્યું છે આ પરમાણુ મથક પૃથ્વી પરની સૌથી મોંઘો પ્રોજેક્ટ બનશે. પર્યાવરણીય વેબસાઈટ ગ્રીનપીસે ગણતરી કર્યા પછી આ દાવો કર્યો છે. બ્રિટિશ પરમાણું મથક પાછળ અંદાજે ૩૫ અબજ ડોલર(લગભગ રૂપિયા ૨ ૨૫૦ અબજ) ખર્ચાશે. આ રકમમાં વ્યાજનો પણ સમાવેશ થઈ જાય છે.

- **કરીના કપૂર પોતાના સંભારણાં પુસ્તક સ્વરૂપે પ્રગટ કરશે**

- **આગામી વર્ષથી ૪૦૦ રેલવે સ્ટેશન પર વાઈફાઈ સેવા મળશે : સરકાર**

દેશના ૪૦૦ રેલવે સ્ટેશનોએ વાઈફાઈ સુવિધા આપવાનું કામ આગામી વર્ષે પૂર્ણ થઈ જશે. જેન ઝડપ સમગ્ર વિશ્વમાં જાહેર વાઈફાઈમાં સૌથી વધુ હશે. તેવી માહિતી રેલવે પ્રધાન સુરેશ પ્રભુએ ગૃહને આપી હતી. આ પ્રકારની સુવિધા વિશાખાપટ્ટનમ અને ભૂવનેશ્વરમાં ચાલુ કરી દેવાઈ છે, અને આ વિગત વિશ્વની ટોચની કંપની ગુગલે જણાવી છે તેવી સ્પષ્ટતા તેમણે કરી હતી.

- **સ્કૂલ અભ્યાસક્રમમાં યોગનો વિષય દાખલ કરવા કેન્દ્રની રાજ્યોને તાકીદ**

કેન્દ્રએ રાજ્ય સરકારોને યોગને તેમના અભ્યાસક્રમમાં સામેલ કરવા કહ્યું છે જેથી જે વિદ્યાર્થીઓ તેને વિષય તરીકે રાખવા માંગતા હોય તે રાખી શકે. જોકે તેમણે સ્પષ્ટતા કરી હતી કે તેને ફરજીયાત વિષય નહીં બનાવાય. પોલીસ માટે યોગ ફરજીયાત કરાશે અને સંરક્ષણ વિભાગ માટે યોગ ફરજીયાત કરવાની કાર્યવાહી કરવામાં આવી રહી છે. જેમાં યોગાટ્રેઈનિંગ ફોર પોલીસ પર્સોનેલ નામે યોજના મંત્રાલયે હાથ ધરી છે. સરકાર ૨૧ જૂનને "આતરરાષ્ટ્રીય યોગ દિન" તરીકે મંજુરી આપવામાં સફળ રહી છે. જેમાં ૨૧ જૂન ૨૦૧૫ને ભારતમાં "આંતરરાષ્ટ્રીય યોગ દિન" તરીકે ભવ્ય રીતે ઉજવાઈ હતી અને વિશ્વના ૧૯૨ દેશોમાં તેની ઉજવણી થઈ હતી.

- **દિલ્હી સરકારે ૨૦૦ વૃક્ષ કાપ્યા, હવે ૨૦૦૦ ઉછેરો : ગ્રીન ટ્રીબ્યુનલ**

પાટનગર દિલ્હીમાં મોટા પ્રમાણમાં વૃક્ષોનો સોથ વાળી દેવાયો છે તેની ગંભીર નોંધ લેતા, નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલે (એન.જી.ટી) દિલ્હી સરકારને હુકમ કર્યો છે કે ઈશાન દિલ્હીમાં વસાહતી વિસ્તારમાં જે ૨૧૬ વૃક્ષો કાપી નાખવામાં આવ્યા છે. તેના બદલામાં નવા ૨૦૦૦ વૃક્ષો વાવીને ઉછેરો. એન.જી.ટીના વડા જસ્ટીસ સ્વતંત્રકુમારે પબ્લીક વર્કસ ડિપાર્ટમેન્ટના મુખ્ય ઈજનેરની ટીકા કરતા કહ્યું હતું કે જો તેઓ ટ્રીબ્યુનલનો નિર્દેષ પાળવામાં નિષ્ફળ જશે તો ખર્ચ તેમના પાસેથી વસુલવામાં આવશે. ખંડપીઠે અગાઉ યમુના વિહારમાં કપાઈ રહેલા વૃક્ષો અંગે ૨૧૬ વૃક્ષોના બદલામાં ૨૦૦૦ વૃક્ષો વાવીને લીલોતરી ફરી યથાવત કરવા હુકમ કર્યો હતો.

- **હવાઈ સેવામાં વિશ્વામાં બીજા નંબરે ઊભરી આવેલું ભારત**

ઈન્ટરનેશલ એર ટ્રાન્સપોર્ટ એવિએશનના મત મુજબ ભારતે એર ટ્રાફિકના મામલે અમેરિકાને પછાડી દીધું છે. માર્ચમાં ભારતમાં સ્થાનિક હવાઈ યાત્રીઓની સંખ્યા ૨૭.૪ ટકા વધી છે, જે અમેરિકાની તુલનામાં અંદાજે ૬ ગણી વધારે છે. ભારત હવાઈ સેવામાં વિશ્વમાં બીજા નંબરનો સૌથી વધુ તેજીથી આગળ વધતો દેશ રહ્યો છે. એટલું જ નહીં હવાઈ જહાજની ક્ષમતાનો વિસ્તાર વિશ્વમાં સૌથી વધારે ૨૧.૭ ટકા રહ્યો છે.

## 8 MAY, 2016

- **રાજ્યસભાની ચર્ચાસ્પદ વ્યક્તિ : સુબ્રમણ્યમ સ્વામી**

હાલમાં ભાજપના સાંસદ ડૉ. સુબ્રમણ્યમ સ્વામી તેમનાં નિવેદનોને કારણે બહુ ચર્ચામાં છે.

તેમનો જન્મ ૧૫ સપ્ટેમ્બર ૧૯૩૯ના રોજ મિલાપુર ખાતે થયો હતો. તેમણે Hindus Under Siege નામે પુસ્તક પણ લખ્યું છે. તેમણે ભારત બહાર હાર્વર્ડ યુનિવર્સિટી ખાતે અભ્યાસ કરેલ છે.

વડાપ્રધાન શ્રી ચંદ્રશેખરના સમય દરમ્યાન તેઓ વેપાર અને ઉદ્યોગ ખાતના પ્રધાન હતા. આ સિવાય તેઓ ઉત્તર પ્રદેશ ધારાસભામાં પણ પ્રતિનિધિ રહી ચૂક્યા છે.

૧૯૯૦ થી ૨૦૧૩ દરમ્યાન તેમણે જનતા પક્ષના પ્રમુખ તરીકે પણ સેવાઓ આપેલ છે. ત્યારબાદ આ પક્ષ ભારતીય જનતા પક્ષમાં ભળી ગયો. ૧૯૭૪-૧૯૭૬ દરમ્યાન તેમણે જનસંઘમાં રહીને કામ કરેલ છે.

ડૉ. સુબ્રમણ્યમ સ્વામીએ ભારતના આયોજન પંચના સભ્ય તરીકે પણ સેવાઓ આપેલી છે.

૪૦ વર્ષ પહેલાં કોટકટી દરમ્યાન ૧૫ નવેમ્બર, ૧૯૭૬ના રોજ તેમને રાજ્યસભામાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા.

તેમના ઉપર દેશવિરોધી કાવતરાંઓમાં સામેલ હોવાનો તથા દેશની અગત્યની સંસ્થાઓને બદનામ કરવાનો આરોપ હતો.

૧૯૭૪માં તેમને જનસંઘ તરફથી રાજ્યસભામાં મોકલવામાં આવ્યા હતા.

૧૯૭૫ થી ૧૯૭૭ સુધી ૧૯ માસ દરમ્યાન તમામ નેતાઓની ધરપકડ કરવામાં આવી હતી. પરંતુ તેઓ અમેરિકા જતા રહ્યા હતા અને છેલ્લે સુધી સરકારના હાથમાં આવ્યા ન હતા.

૧૦ ઓગસ્ટ, ૧૯૭૬ના રોજ એક શીખના વેશમાં સરકાર અને તમામ પ્રકારની સલામતી તેમજ સુરક્ષાની આંખમાં ધૂળ નાંખીને સ્વામી સંસદ પહોંચી ગયા હતા. ત્યાં જે મૃતકોને શ્રદ્ધાંજલી આપવામાં આવી રહી હતી તેમનાં નામ પૂર્ણ થયા કે તરત જ સ્વામીએ જોરથી બૂમ પાડી કે તમે લોકશાહીનું નામ ન લીધું. કારણ કે, લોકશાહીનું પણ મૃત્યું થઈ ગયું છે.

ગૃહમાં તેમને જોઈને બધા સ્તબ્ધ થઈ ગયા હતા. સુરક્ષાકર્મીઓ કંઈ પણ સમજી શકે તે પહેલાં તેઓ ત્યાંથી નીકળી ગયા હતા અને અમેરિકામાં પહોંચી ગયા હતા.

આ વખતે પણ રાજ્યસભામાં અગસ્તા વેસ્ટલેન્ડનો મુદ્દો ઉઠાવીને તેમણે સોનિયા ગાંધી અને કોંગ્રેસ પર પ્રહારો કર્યા છે.

તેમના આગમન બાદ રાજકીય વર્તુળોમાં પ્રશ્નોત્તરી કાળને ''સ્વામીકાળ'' કહેવામાં આવે છે.

- **લાઈબ્રેટ લેબ પ્લેસ**

ડૉક્ટરોની ઓનલાઈન સલાહ લઈને ઘેર બેઠા પણ તપાસ કરાવી શકાશે.

રીપોર્ટ પણ સીધો જ ડૉક્ટરોને મોકલી શકાશે.

આ સેવા લાઈબ્રેટ લેબ પ્લેસ નામે શરૂ કરવામાં આવી છે.

આવનારા સમયમાં તેમાં ૮૦ શહેરોના એક લાખ ડૉક્ટરો જોડાઈ જશે.

- **સતિશિવમ કેરળમાં મતદાન કરનારા પહેલા ગવર્નર બનશે**

પૂર્વ જસ્ટીસ પી. સતિશિવમ કેરળમાં મત આપનારા પ્રથમ રાજ્યપાલ બની શકે છે.

અહીં અત્યાર સુધી કોઈ રાજ્યપાલે મત આપ્યો નથી.

સતશિવમ અને તેમની પત્નિનું કેરળમાં મતદાર ઓળખપત્ર બનેલું છે.

આગામી ૧૬ મેના રોજ કેરળ વિધાનસભાની ચૂંટણીઓ માટે મતદાન થનાર છે.

- **ઉત્તર કોરીયા પાંચમા ન્યુક્લિયર પરીક્ષણની તૈયારીમાં**

અમેરિકાની એક વિશેષજ્ઞ ટીમ દ્વારા દાવો કરવામાં આવ્યો છે કે ઉત્તર કોરિયા ફરી એકવાર ન્યુક્લિયર પરીક્ષણની તૈયારીમાં છે.

આ ટીમ દ્વારા કોમર્શિયલ સેટેલાઈટ દ્વારા લીધેલી કેટલીક તસવીરો પણ જાહેર કરવામાં આવી છે. જેમાં ન્યુક્લિયર પરીક્ષણ સ્થળ પર વાહનોની હલચલ દર્શાવવામાં આવી રહી છે.

અમેરિકાની હોપકિન્સ યુનિવર્સિટીની સ્કૂલ ઓફ એડવાન્સ ઈન્ટરનેશનલ સ્ટડીઝની ૩૮ નોર્થ વેબસાઈટે કેટલીક સેટેલાઈટ તસવીરો જાહેર કરીને દાવો કર્યો છે કે ઉત્તર કોરિયા ફરી ન્યુક્લિયર પરીક્ષણ કરવાની તૈયારીમાં છે.

- **ખાનગી યુનિવર્સિટીઓને લગતા વિધેયકોને ગવર્નરની મંજૂરી**

ગુજરાત વિધાનસભાના છેલ્લા બજેટસત્રમાં પસાર કરાયેલા ગુજરાત ખાનગી યુનિવર્સિટીઓ (સુધારા) વિધેયક ૨૦૧૬ને ગવર્નર ઓમપ્રકાશ કોહલીએ મંજૂરી આપી દીધી છે. પરિણામે રાજ્યમાં હવે સાંકળચંદ પટેલ યુનિવર્સિટી-વિસનગર, મારવાડી યુનિવર્સિટી-રાજકોટ, પ્લાસ્ટ ઈન્ડિયા ઈન્ટરનેશનલ યુનિવર્સિટી-વાપી તેમજ અનંત નેશનલ યુનિવર્સિટી-અમદાવાદ એમ કુલ ચાર નવી ખાનગી યુનિવર્સિટીઓ અસ્તિત્વમાં આવે છે. ગવર્નરે આ સાથે ગણપત યુનિવર્સિટી સુધારા વિધેયક ૨૦૧૬ જે ગત વિધાનસત્રમાં પસાર થયેલું છે તેને પણ મંજૂરી આપી દીધી છે.

- **સ્માર્ટ સિટી મિશન : મ્યુનિ. સેવાઓ પરસ્પર સાંકળી લેવાશે**

કેન્દ્ર સરકારે ''સ્માર્ટ સિટી મિશન'' યોજનામાં અમદાવાદનો સમાવેશ કરતા મ્યુનિ. કોર્પોરેશને સ્માર્ટ સિટી અંતર્ગત વિકાસ કામોની નવી રૂપરેખાઓ તૈયાર કરીને તેના અમલનો પ્રારંભ કર્યો છે અને તેના ભાગરૂપે મ્યુનિ. સેવાઓને સાંકળી લેતા સ્માર્ટકાર્ડ પ્રોજેક્ટ સાથે હાઉસિંગ પ્રોજેક્ટ અને ફાઈબર ઓપ્ટિક નેટવર્ક પણ ઊભું કરશે. પરિણામે મ્યુનિ.ની નાગરિક સેવાઓ કાર્યક્ષમ બનશે અને નાગરિકોને એ સેવાઓ ઝડપથી પ્રાપ્ત થશે. દેખાતી રીતે જ કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા મ્યુનિ. કોર્પોરેશનને સ્માર્ટ સિટી માટે રૂ.૨૯૪ કરોડ જેટલી માતબર રકમ આ સ્માર્ટ સિટી મિશન માટે મળતા વિકાસ કામોની ગતિ વધુ તેજ બનાવવામાં આવી છે. મ્યુનિ. ટ્રાન્સપોર્ટ સર્વિસ બીઆરટીએસ સેવાને સાંકળી લેવામાં આવશે. બસ સેવામાં અલગ અલગ ટિકિટને બદલે એક જ સ્માર્ટ કાર્ડ દ્વારા નિયત

બસ ભાડા મુજબ સેવાનો લાભ મળશે તો બીજ તરફ સ્માર્ટ સિટી મિશન ઈ ગવર્નન્સ હેઠળ મ્યુનિ. કોર્પોરેશનની છ એ છ એ ઝોનલ ઓફિસો, તમામ વોર્ડ ઓફિસો બિલ્ડિંગો, મ્યુનિ. શાળાઓ, અર્બન હેલ્થ સેન્ટરોને પણ સાંકળી લેવામાં આવી છે. પરિણામે નાગરિકોને મ્યુનિ. કચેરીઓમાં વારંવાર ધક્કા ખાવામાંથી રાહત મળશે જ.

- **રેસલર ફોગટ અને સાક્ષી રિયો ઓલિ. માટે ક્વોલિફાઈ**

તૂર્કીના ઈસ્તંબુલ ખાતે બીજા ક્વોલિફિકેશનમાં ચૂકી ગયા બાદ ભારતીય મહિલા રેસલર વિનેશ ફોગટે બીજા પ્રયાસમાં શાનદાર પ્રદર્શન કરતા રિયો ૨૦૧૬ની ઓલિમ્પિક માટે ક્વોલિફાઈ કરી લીધું છે. ૨૧ વર્ષની ફોગટે ૪૮ કિલોગ્રામ વજનમાં ઓલિમ્પિકમાં સ્થાન મેળવવામાં સફળ રહી હતી. ફોગટ આ કેટેગરીમાં સ્થાન મેળવનારા પ્રથમ મહિલા રેસલર છે. આ દરમિયાન ૫૮ કિલોગ્રામ વજનમાં સાક્ષી મલિકે પણ બીજું સ્થાન મેળવતા રિયોમાં ક્વોલિફિકેશન મેળવી લીધું છે.

- **૯ મેના રોજ સૂર્યની સામેથી બુધ ગ્રહ પસાર થશે**

૯ મેના રોજ બુધ સૂર્યની સામેથી પસાર થશે. આ પ્રકારની ખગોળિય ઘટના ૧૦૦ વર્ષમાં ફક્ત ૧૩ વાર ઘટે છે. અમેરિકા સહિત દુનિયાના ઘણા હિસ્સામાં આ ઘટના ટેલિકોસ્કાપ દ્વારા જોઈ શકાશે. ઉલ્લેખનીય છે કે, બુધ આપણા સૌરમંડળનો સૌથી નાનો અને સૂર્યની સૌથી નજીકનો ગ્રહ છે. બુધ ફક્ત ૮૮ દિવસમાં સૂર્યનું પરિભ્રમણ પૂર્ણ કરી લે છે. આ અગાઉ ૨૦૦૬માં બુધ ગ્રહ સૂર્ય સામેથી પસાર થયો હતો. હવે પછી આ નજારો ૨૦૧૯માં જોવા મળશે. બુધ સૂર્ય અને પૃથ્વી વચ્ચે દર ૧૧૬ દિવસમાં પસાર થાય છે, પરંતુ પૃથ્વીની સરખામણીએ તેનું ઓર્બિટલ પ્લેન થોડીક જ ડીગ્રી વાંકુ છે. બુધની ઓર્બિટ થોડી ઝુકેલી છે. તેના કારણે તે પૃથ્વીની ઉપર નીચે સૂર્યની આસપાસ ચક્કર લગાવે છે. જ્યારે પૃથ્વીની કક્ષાને કાપે છે. ત્યારે તે પોતાના ઓર્બિટલ પ્લેનને કાપે છે. આવું ૧૦૦ વર્ષમાં ફક્ત ૧૩ વાર થાય છે.

- **રેલવે "કેશઓનડિલિવરી" સિસ્ટમથી રિઝર્વેશન ટિકિટ ઘરે પહોંચાડશે**

રેલવે બોર્ડે ઈન્ડિયન રેલવે કેટરિંગ એન્ડ ટુરિઝમ કોર્પોરેશન(આઈઆરસીટીસી)ને કેશ ઓન ડિલિવરી સિસ્ટમ શરૂ કરવા માટે નિર્દેશ આપ્યો છે. ટૂંક સમયમાં લોકોને ઘરે બેઠાં રિઝર્વેશન ટિકિટ બદલામાં આઈઆરસીટીસી ચાર્જ વસૂલશે. આ સુવિધા ફક્ત ઓનલાઈન બુકિંગ કરાવનારાં લોકોને જ મળી શકશે. મુસાફરની ઓનલાઈન ટિકિટ બુક કરી લેવામાં આવશે, જેની સૂચના મોબાઈલ પર મળી જશે પરંતુ બર્થ કન્ફર્મેશન ટિકિટની રકમ ચૂકવ્યા બાદ જ મળી શકશે. પહેલા ચરણમાં પટના સહિત દેશનાં ૨૦૦ શહેરમાં તેની શરૂઆત કરવામાં આવશે. જે અંતર્ગત મુસાફરો યાત્રાના પાંચ દિવસ પહેલાંની જ ટિકિટ ખરીદી શકશે. તત્કાલ ટિકિટ કે પાંચ દિવસ પહેલાંની ટિકિટ મળી શકશે નહીં.

- **જૈન સમાજને લઘુમતીનો દરજ્જો**

ગુજરાતમાં વસતા ૫.૮૦ લાખ જૈન સમાજને લઘુમતિને મળતા તમામ સરકારી લાભો મળશે. કોંગ્રેસ દેશમાં જૈનને લઘુમતિનો દરજ્જો આપવાનો પ્રથમ નિર્ણય લીધો હતો. લઘુમતીનો દરજ્જો મળ્યા પછી જ્ઞાતિ આધારિત અનામત લાભો નહીં મળી શકે લઘુમતી ધર્મો જેવા કે મુસ્લીમ, શીખ, બૌધ, પારસી, ખ્રીસ્તી, જૈન તેમને સરકારી નોકરીમાં કે શિક્ષણમાં અનામતના લાભો મળતાં નથી.

- **આખરે ગુજરાત સરકારે જૈનોને લઘુમતીનો દરજ્જો આપ્યો**

ઈતિહાસ પર નજર કરવામાં આવે તો ૧૯૦૯ના વર્ષમાં સૌપ્રથમ વખત જૈનોને લઘુમતી દરજ્જો આપવાની દરખાસ્ત બ્રિટિશ ઈન્ડિયાના લઘુમતીના દરજ્જાથી કયા લાભ મળશે :

વિવિધ ક્ષેત્રના વિકાસ માટેનો કાર્યક્રમ.

સ્કોલરશિપ સ્કિમ, પોસ્ટ મેટ્રિક સ્કોલરશિપ સ્કિમ, ફ્રી કોચિંગ અને તેના જેવી સ્કિમ, મૌલાના આઝાદ નેશનલ ફેલોશિપ

વાઈસરોય સમક્ષ કરવામાં આવી હતી. આમ આ દરખાસ્તના ૧૦૭ વર્ષ બાદ ગુજરાતના જૈનોને આખરે લઘુમતીનો દરજ્જો મળ્યો છે. ૧૯૯૦ના વર્ષમાં બ્રિટિશ ઈન્ડિયાના વાઈસરોય-ગવર્નર જનરલ લોર્ડ મિન્ટોએ ભારતમાં લઘુમતીમાં આવતા સમાજને વિશેષ લાભ આપવાની જાહેરાત કરી હતી. જેના આધારે મુંબઈના શેઠ માણેકચંદ હિરાચંદે ગવર્નર જનરલ સમક્ષ જૈનોને લઘુમતીમાં સામેલ કરવા દરખાસ્ત કરી હતી. ગુજરાતમાં જૈનોની સૌથી ઓછી વસતિ ૩૯ની ડાંગમાં છે.

- **સીધી ભરતીઓ તથા સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં આર્થિક ધોરણે બિન અનામત વર્ગને ૧૦ ટકા અનામતનો અમલ ૧લી મેથી ગણાશે**

- **અડાલજ, ઉવારસદમાં ડોન્કી ડેની ઉજવણી કરાશે**

- **૮મે ના રોજ વર્લ્ડ ડોન્કી ડે : પ્રથમવાર ગુજરાતમાં ડોન્કી વીક ઉજવાશે**

૮મી મેએ દુનિયામાં વર્લ્ડ ડોન્કી ડેની ઉજવણી થશે. ગુજરાતમાં પણ ગધેડાની દેખરેખની માહિતી આપીને ડોન્કી ડેની ઉજવણી કરવામાં આવશે.

- **ગુજરાતમાં એક માત્ર ડોન્કી સેન્ચુરી અમદાવાદમાં**

- **કેમરૂનના ફૂટબોલરનું મેચ દરમિયાન મોત**

કેમરૂનના આંતરરાષ્ટ્રીય ફૂટબોલરનું ચાલુ મેચ દરમિયાન મોત નિપજતા ફૂટબોલ ડાયનેમો બુચારેટ કલબ તરફથી રમતાં કેમરૂનના પેટ્રીક ઈકેગ નામનો ૨૬ વર્ષીય મીડ ફિલ્ડર ૬મે નારોજ વિટોરૂલ કોન્સ્ટાન્ટા સામેની મેચમાં સબસ્ટીટ્યુટ

રમવા ઉતર્યો.

- **મહિલા કુસ્તીબાજ વિનેશ અને સાક્ષી ઓલિમ્પિકમાં ક્વોલિફાય**

  વિનેશ ફોગટે ૪૮ કિગ્રા વજન વર્ગમાં અને સાક્ષી મલિકે ૫૮ કિગ્રા વજન વર્ગમાં રિયોગેમ્સ માટે ક્વોલિફાય કરી લીધું છે.

## 9 MAY, 2016

- **ચારધામ યાત્રા માટે હેલિકોપ્ટર સેવા**

  તા.૯-૫-૨૦૧૬થી ચારધામની યાત્રા માટે હેલિકોપ્ટર સેવા શરૂ થશે.

  ગુપ્તકાશીથી કેદારનાથ માટે અલગથી હેલિકોપ્ટર સેવા પણ આપવામાં આવશે.

  અતિથિગૃહો સંબંધી ફરિયાદો હવે કોલ સેન્ટરમાં કરી શકાશે.

- **મરક્યૂરી ટ્રાન્ઝીટ**

  આજે સમગ્ર ભારતમાં મરક્યુરી ટ્રાન્ઝીટ જોવા મળશે.

  દિલ્હીના આકાશમાં સાંજે ૪.૪૦ થી ૬.૪૮ દરમ્યાન જોવા મળશે.

  મરક્યુરી ટ્રાન્ઝીટમાં બુધ ગ્રહ પોતાની કક્ષામાં ભ્રમણ કરતો કરતો સૂર્ય અને પૃથ્વીની વચ્ચેથી પસાર થાય છે.

- **સિંગલ ઈમરજન્સી નંબર ૧૧૨**

  જાન્યુઆરી ૨૦૧૭થી દેશભરમાં સિંગલ ઈમરજન્સી નંબર ૧૧૨ એક્ટીવ થઈ જશે.

  તેના માધ્યમથી પોલીસ, ફાયરબ્રિગેડ અને એમ્બ્યુલન્સની સુવિધા મેળવી શકાશે.

  હંગામી ધોરણે આઉટગોઈંગ સ્થગિત હોય તેવા સીમ ઉપર અને લેન્ડલાઈન ઉપર પણ આ સુવિધા મળશે.

- **અમેરિકાના નંબર ૯૧૧ની તર્જ પર ભારતમાં એક જ નંબર**

  ૧ જાન્યુઆરી ૨૦૧૭ થી દેશમાં સિંગલ ઈમર્જન્સી નંબર ૧૧૨નો અમલ થશે :

  કેન્દ્રીય ટેલિકોમમંત્રી રવિશંકર પ્રસાદે અમેરિકાના ઓલ ઈન વન ઈમર્જન્સી નંબર ૯૧૧ની તર્જ પર ભારતમાં ઈમર્જન્સી સેવાઓ એક જ નંબરથી ઉપલબ્ધ કરાવવાની જોગવાઈને મંજૂરી આપી દીધી છે. લોકોમાં આ નવી સેવા પ્રત્યેની જાગૃતિને ધ્યાનમાં રાખીને હાલમાં ઉપલબ્ધ એવા ૧૦૦, ૧૦૧, ૧૦૨, ૧૦૮ ઈમર્જન્સી નંબરો એક વર્ષમાં તબક્કાવાર બંધ કરાશે. સરકારે ટેલિકોમ ઓપરેટરોને તમામ ઈમર્જન્સી કોલ્સ ૧૧૨ પર ડાયવર્ટ કરવા સૂચના આપી છે.

- **૧૧૨ની વિશેષતાઓ**

  ફક્ત કોલ જ નહીં પરંતુ એસએમએસ દ્વારા પણ સહાય માગી શકાશે. કોલરનું લોકેશન જાણવાની વ્યવસ્થા હશે જેથી નજીકનાં હેલ્પસેન્ટરથી મદદ મોકલી શકાય.

  દરેક મોબાઈલ ફોનમાં ૧૧૨ને પેનિક બટન સિસ્ટમથી ફરજિયાત સજ્જ કરાશે.

  ૧ જાન્યુ. ૨૦૧૮થી દરેક ફોનમાં જીપીએસ નેવિગેશન સિસ્ટમ ફરજિયાત.

  ઈમર્જન્સી સર્વિસકોલ્સને કોલસેન્ટર જેવી સુવિધા, હિન્દી, અંગ્રેજી અને સ્થાનિક ભાષામાં પ્રતિનિધિઓ વાત કરશે.

- **અમરનાથના બાલતાલ માર્ગ પર ૫ ઓક્સિજન કેન્દ્ર બનશે**

  અમરનાથ ગુફા જવાના સૌથી નાના બાલતાલ માર્ગ પર પાંચ ઓક્સિજન કેન્દ્ર પણ બનાવવામાં આવશે.

  ૧૫ જૂન સુધી બાલતાલ માર્ગ પર મોટા ભાગનું કામ પૂર્ણ કરીને મુસાફરોને આ સેવાનો લાભ આપવામાં આવશે.

- **ઢુંડી ગામની અનોખી પહેલ**

  ખેડા જિલ્લાના ઠાસરા તાલુકાનું ઢુંડી ગામ એ ૩૦૦ પરિવાર ધરાવતું દરબારોનું ગામ છે. આ ગામમાં માત્ર બે જ લોકો ગ્રેજ્યુએટ થયેલા છે.

  આ ગામના ૬ ખેડૂતોએ સૌર ઊર્જા ઉત્પાદન કરી પોતાના ખેતરમાં તેનો ઉપયોગ કરવાની સાથોસાથ બાકીની વીજળી સરકારને વેચવાનો નિર્ણય કર્યો છે.

  આ નાનકડા ગામે સૌરઉર્જા ઉત્પાદક મંડળી બનાવીને સમગ્ર વિશ્વમાં આ પ્રકારની સૌ પ્રથમ મંડળી બનાવવાનું શ્રેય પ્રાપ્ત કર્યું છે.

- **ઈકો સેન્સિટીવ ઝોનમાંથી નલિયા અને જખૌ બાકાત**

  રાજ્ય સરકારે ઘુડખર અભયારણ્ય, કચ્છ અભયારણ્ય અને ધોરાડ એમ ત્રણ અભયારણ્યની ઈકો સેન્સિટીવ હદ નક્કી કરવા માટે છેલ્લા કેટલાક સમયથી કામગીરી હાથ ધરી હતી.

  આ અંતર્ગત ગ્રુપ ઓફ મિનિસ્ટરની મળેલી બેઠકમા ત્રણેય અભયારણ્યની બાઉન્ડ્રી નક્કી કરવાની વિચારણા થઈ હતી. આ ઉપરાંત રતનમહાલ અને જાંબુઘોડાની પણ વિચારણા કરવામાં આવી હતી.

  ઉપરોક્ત વિગતો વનમંત્રી શ્રી મંગુભાઈ પટેલ દ્વારા આપવામાં આવી હતી. તેમણે જણાવ્યું હતું કે રાજ્ય સરકાર આ બાબતે કેન્દ્ર સરકારને અહેવાલ મોકલશે અને તેનો અભ્યાસ કર્યા બાદ કેન્દ્ર સરકાર અંતિમ નિર્ણય કરશે. આ અહેવાલમાં નલિયા અને જખૌ ઝડપી વિકસી રહ્યાં હોઈ તેનો સમાવેશ ઈકો સેન્સિટીવ ઝોનમાં કરવામાં આવ્યો ન હતો.

- **હાલેપ મેડ્રીડ ઓપનમાં ચેમ્પિયન**

  રોમાનિયાની સિમોના હાલેપે ફાઈલન મેચમાં જીત મેળવીને

મેડ્રીડ ઓપનનું ટાઈટલ પોતાના નામે કરી લીધું છે.

તેણે સ્લોવેકિયાની ડોમીનિકા સિબુલકોવાને ૬-૨, ૬-૪થી હરાવીને વિમેન્સ સિંગલ્સનું ટાઈટલ જીતી લીધું છે.

કારકિર્દીમાં આ તેનું ૧૨મું ટાઈટલ છે.

- **વન એશિયા ટાઈટલ**

દક્ષિણ કોરિયાના ગોલ્ફર પાર્ક સેંગે હ્યુને જેસ કેલટેક્સ મેક્યુંગ ઓપન ગોલ્ફ ટૂર્નામેન્ટ જીતી લીધી છે.

પાર્કે પોતાના જ દેશના લી સૂમિનનને સડન ડેથ પ્લેઓફમાં હરાવીને પહેલી વખત વન એશિયા ટાઈટલ પોતાના નામે કર્યું છે.

બંને ગોલ્ફરનો અંતિમ સ્કોર ૮ અંડર પાર ૨૮૦ રહ્યો હતો.

આ સાથે જ પાર્કે ૧ કરોડ ૧૩ લાખ રૂપિયાની ઈનામી રકમ હાંસલ કરી હતી.

- **નીલુ મિશ્રાએ ૧૦૦ મીટર હર્ડલ્સમાં સિલ્વર જીત્યો**

- **દુનિયામાં દર ત્રણમાંથી એક બાળલગ્ન ભારતમાં થાય છે**

વસતી ગણતરીના તાજેતરના આંકડા અનુસાર દેશમાં ૧.૨૧ કરોડ લોકો બાળલગ્ન શોષિત છે. શું દેશ આને પહોંચી વળવા તૈયાર છે ?

દર વર્ષે સમગ્ર દુનિયામાં ૧.૩ કરોડ સગીર બાળકીઓના લગ્ન કરાવી દેવામાં આવે છે.

સંયુક્ત રાષ્ટ્રના તાજેતરના રિપોર્ટ અનુસાર આકરા કાયદા હોવા છતાં ઓછી ઉંમરમાં છોકરીઓના લગ્ન મામલે ભારત દુનિયામા છઠ્ઠા સ્થાને છે. સંયુક્ત રાષ્ટ્રની એજન્સી યુનિસેફ અનુસાર દુનિયાભરમાં ત્રણમાંથી એક બાળલગ્ન ભારતમાં થાય છે.

- **ચોમાસામાં ઈકો ટુરિઝમ સાઈટ પર પ્રવાસીઓ આનંદ માણી શકશે**

- **પ્રથમવાર સાપુતારા સહિત ત્રણ સ્થળોએ મોનસુન ફેસ્ટિવલ ઉજવાશે**

ગુજરાત ટુરિઝમે મોનસુન ફેસ્ટિવલ માટે રાજપીપળા, સાસણગીરની પસંદગી કરી છે. ચોમાસામાં ઈકો ટુરિઝમ સાઈટ પર આનંદ માણી શકે તે માટે એક મહિના સુધી મોનસુન ફેસ્ટિવલ ઉજવવા ટુરિઝમ વિભાગે નક્કી કર્યું છે.

ટુરિઝમના એમડીએન.શ્રીવાસ્તવે પ્રવાસીઓ મજા માણી શકે તે માટે આ વર્ષે મોનસુન ફેસ્ટિવલ માટે બેસ્થળો ઉમેરવામાં આવ્યાં છે. આખાય ઓગષ્ટ મહિના સુધી મોનસુન ફેસ્ટિવલ ઉજવાશે. પોળો, સાપુતારા, ગીર, દસાડા, રાજપીપળામાં ટેન્ટ સિટી ઉભી કરાશે. સ્થાનિકની જમીન હોય અને કોઈ ટેન્ટ ઓપરેટર ટેન્ટ સિટી ઉભી કરવા ઈચ્છુક હશે તો તેને ટુરિઝમ પોલીસીનો લાભ મળશે.

- **બ્રાઝિલમાં પિરાન્હા માછલીની શાકાહારી જાત મળી આવી :**

બ્રાઝિલમાં એમેઝોનના જંગલોમાં વહેતા પાણીમાં પિરાન્હા નામની શાકાહારી માછલીની જાત મળી આવી છે. સ્વભાવે શાંત માછલી કોઈ પણ જીવ પર હુમલો કરીને માસ ખાતી નથી. તે માત્ર પાણીમાં ઉગતા નાના છોડ અને લીલી વનસ્પતિ ખાઈને ચાલાવી લે છે. બ્રાઝિલમાં આ શાકાહારી માછલીને મિલોપ્લસ જોરોય એવું નામ આપવામાં આયું છે.

## 10 MAY, 2016

- **મેડીકલ માટે નીટ ફરજિયાત - પેરામેડિકલ માટે ગુજસેટ**

એક મહત્વના ચુકાદામાં સુપ્રિમ કોર્ટે નીટની પરીક્ષા આપનારા વિદ્યાર્થીઓને ભારે રાહત આપી છે. કોર્ટે જણાવ્યું છે કે જે વિદ્યાર્થીઓએ ૧ લી મેના રોજ નીટ-૧ની પરીક્ષા આપી છે, તેઓ આગામી ૨૪મી જુલાઈએ નીટ-૨માં પણ બેસી શકશે.

બંને નીટનું પરિણામ ૧૭મી ઓગસ્ટે જાહેર કરાશે.

દરમ્યાન ગુજરાતમાં અનેક અટકળો વચ્ચે સરકારે પેરામેડીકલ માટે ગુજસેટની પરીક્ષા યોજવાની જાહેરાત કરી છે.

નીટ-૨માં બેસનારાઓએ નીટ-૧ની દાવેદારી છોડવી પડશે.

અંગ્રેજી સાથે પ્રાદેશિક ભાષામાં પણ ટેસ્ટ શક્ય બનશે.

કોર્ટે રાજ્યોને અલગથી પરીક્ષા યોજવાની મંજૂરી આપવાનો ઈન્કાર કર્યો છે.

- **મોબાઈલ પર ૫૦૦ પ્રકારના કોર્સ**

સરકારે ઓનલાઈન મોબાઈલ એપના માધ્યમથી ૫૦૦થી વધુ પ્રકારના કોર્સ ૧૦ ભાષાઓમાં મફતમાં ઉપલબ્ધ કરાવવાની યોજના બનાવી છે.

આ સંદર્ભમાં કેન્દ્ર સરકાર અમેરિકાની એમ.આઈ.ટી., આઈ.આઈ.ટી અને સ્ટેનફોર્ડ યુનિવર્સિટી સાથે એન્જિનિયરીંગ સંસ્થાઓના અભ્યાસક્રમ અપગ્રેડ કરવા કરાર કરશે.

- **પૂર્વ મંત્રી દોલત પરમારનું નિધન**

રાજયના પૂર્વ કેબિનેટ મંત્રી અને પીઢ કોંગ્રેસી અગ્રણી તેમજ કેળવણીકાર અને જાણીતા દલિત નેતા દોલતભાઈ ચેલાભાઈ પરમારનું તા.૮-૫-૨૦૧૬ના રોજ ડીસા ખાતે તેમના નિવાસસ્થાને બ્રેઈન સ્ટ્રોકના કારણે નિધન થયું છે.

ગુજરાત વિધાનસભાની ૧૯૭૨ થી ૨૦૦૭ સુધી તમામ વિધાનસભા ચૂંટણીઓમાં ઉભા રહી છ વખત ધારાસભ્ય તરીકે રહેલા દોલતભાઈ કોંગ્રેસમાં પ્રથમ હરોળના કેબિનેટ મંત્રી હતા.

તેમણે વર્ષો સુધી ગુજરાત પ્રદેશ કોંગ્રસ સમિતિના ઉપપ્રમુખ તરીકે તેમજ ઓલ ઈન્ડિયા કોંગ્રેસ કમિટીમાં કારોબારી સભ્ય

ASTHA Academy Mo.: 8866

તરીકે સેવા આપી છે.

તેઓ અનુસુચિત જાતિ વિભાગમાં પણ વર્ષો સુધી ચેરમેન રહેલા છે. તા.૯-૫-૨૦૧૬ ના રોજ અખાત્રીજ નિમિત્તે ઠેર ઠેર મહારાણા પ્રતાપની જન્મજયંતિ નિમિતે પુષ્પાંજલી આપવામાં આવી.

- **વેલ્સ કાર્ગો ચેમ્પિયનશિપ**

ઈજા અને ખરાબ ફોર્મના કારણે બે મહિના ગોલ્ફ કોર્સથી દૂર રહ્યા બાદ જેમ્સ હોર્ને ખિતાબી વિજય સાથે પુનરાગમન કર્યું છે.

કોરિયન મૂળના આ અમેરિકન ગોલ્ફરે રવિવારે ૭૦મું કાર્ડ રમીને વેલ્સ કાર્ગો ચેમ્પિયનશિપ જીતી લીધી છે.

તેનો કુલ સ્કોર ૯ અંડર ૨૭૯ રહ્યો હતો.

આ ચેમ્પિયનશિપમાં અમેરિકાના જ રોબર્ટો કાસ્ત્રોએ બીજું સ્થાન મેળવ્યું હતું.

- **મીની વર્લ્ડકપ ફોર પીસ**

ઈઝરાયલમાં તેલ અવીવ ખાતે તા.૯-૫-૨૦૧૬ના રોજ ફૂટબોલની મિની વર્લ્ડકપ ફોર પીસ ટુર્નામેન્ટ શરૂ થઈ હતી.

તેમાં ઈઝરાયલ તથા ફિલિપાઈન્સનાં ૩૦૦ બાળકો સામેલ થયાં હતાં. આ ટુર્નામેન્ટ વંશીય હિંસાને રોકવાનો સંદેશ આપવા માટે યોજાઈ હતી.

- **ગ્રીકમાં બિનલોકપ્રિય આર્થિક સુધારા કાયદો પસાર**

ગ્રીકની સંસદે વિરોધ છતાં પેન્શન અને ટેક્સ સુધારા કાયદો પસાર કરી દીધો છે.

આ કાયદા હેઠળ પેન્શનમાં કાપ મુકાશે અને ટેક્ષમાં વધારો ઝીંકાશે.

સરકારને આંતરરાષ્ટ્રીય દેવાની શરતો હેઠળ આ કાયદો લાગુ કરવો પડ્યો છે.

પાટનગર એથેન્સમાં આવેલી સંસદની બહાર લોકોએ તેના વિરોધમાં હિંસક દેખાવો કર્યા હતા.

- **મણિપુરમાં બહારની વસતિને રોકવા માટે મહિલાઓની મશાલ રેલી**

મણિપુરમાં મહિલાઓએ તા.૯-૫-૨૦૧૬ના રોજ મશાલ જૂલૂસ કાઢીને દેખાવો કર્યા હતા. તેઓ બહારથી આવતા લોકો પર પ્રતિબંધ મૂકવાની માંગણી કરી રહ્યા છે.

વાસ્તવમાં રાજ્યમાં બહારના લોકોની વસતિ વધતાં સ્થાનિક લોકો ભયની લાગણી હેઠળ જીવી રહ્યા છે.

તેમની પર રોક લગાવવા માટે સ્થાનિક ઈનર લાઈન પરમિટ લાગુ કરવાની માંગણી કરી રહ્યા છે.

- **નેપાળ ભારતમાં પોતાના રાજદૂતને નહીં હટાવે**

નેપાળમાં ભારતીય રાજદૂત રંજિત રાયને ‘‘અનિચ્છનીય વ્યક્તિ’’ જાહેર નહીં કરવામાં આવે તેમજ નેપાળ પોતાના રાજદૂતને ભારતમાંથી નહીં હટાવે.

નેપાળના નાયબ વડાપ્રધાન અને વિદેશમંત્રી કમલ થાપાએ આ સંબંધિત તમામ અટકળોને નકારી કાઢી છે.

નેપાળ સરકારે તાજેતરમાં નવી દિલ્હી ખાતે પોતાના રાજદૂત દીપકુમાર ઉપાધ્યાયને પરત બોલાવી લીધા હતા. તે પછી ઉપરોક્ત અટકળોએ જોર પકડ્યું હતું.

બીજી તરફ મીડિયા અહેવાલો અનુસાર ઉપાધ્યાય હજુ દિલ્હીથી નેપાળ નથી ગયા દૂતાવાસે જણાવ્યા અનુસાર તેમને હજુ પરત ફરવાનો આદેશ મળ્યો નથી.

અહેવાલ અનુસાર નેપાળના રાષ્ટ્રપતિ વિદ્યાદેવી ભંડારીનો પહેલો ભારત પ્રવાસ રદ થયા બાદ વિવાદ શરૂ થયો હતો.

- **EPFO સભ્યોને સસ્તા ઘરની યોજના અંગે સરકારનો વિચાર**

રીટાયરમેન્ટ ફંડ બોડી ઈપીએફઓના પાંચ કરોડથી વધુ સભ્યોને સસ્તા ઘર આપવાની યોજના અંગે સરકાર કામગીરી કરી રહી હોવાનીં માહિતી તા.૯-૫-૨૦૧૬ના રોજ સંસદમાં આપવામાં આવી હતી.

શ્રમપ્રધાન બંડારુ દત્તાત્રેય લોકસભામાં એક લેખિત જવાબમાં જણાવ્યું હતું કે આ મુદ્દો હાલમાં પ્રાથમિક ચર્ચાના તબક્કે છે.

હાલમાં કેન્દ્ર સરકારના આશરે ૫૮ લાખ પેન્શનર્સ છે.

- **ભરૂચની લિગ્નાઈટ ખાણ કેન્દ્રએ GMDCને સોંપી**

ભરૂચના વાલિયા પાસે આવેલી ૩૦૧૫ હેકટરની લિગ્નાઈટની ખાણને ગુજરાત સરકાર હસ્તકના ખનીજ વિકાસ નિગમને સોંપવાનો નિર્ણય કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવ્યો છે.

આ ખાણ મળતાં અંદાજે ૮૦ થી ૧૦૦ મિલિયન ટન લિગ્નાઈટનો જથ્થો GMDCને પ્રાપ્ત થશે. જેની બજાર કિંમત અંદાજે ૧૦,૦૦૦ કરોડ જેટલી છે.

માન. મંત્રી શ્રી સૌરભભાઈ પટેલના જણાવ્યા અનુસાર રાજ્યમાં ૨૯૦૦ મિલિયન ટન લિગ્નાઈટનો જથ્થો છે કચ્છ અને ભાવનગરમાં વાર્ષિક ૧૧ મિલિયન ટન લિગ્નાઈટનું ઉત્પાદન થાય છે.

ભરૂચના વાલિયા પાસે લિગ્નાઈટનું ખોદકામ કરીને ૫૦૦ મેગાવોટના પાવર પ્લાન્ટમાં લિગ્નાઈટનો ઉપયોગ કરાય છે.

- **એલપીજી સબસીડી માટે આઈટી રીટર્ન આપવું પડશે**

સરકાર દ્વારા નિયમોમાં ફેરફાર કરવામાં આવી રહ્યો છે. તે મુજબ હવેથી જો આપ એલપીજી સબસીડી મેળવવા માંગતા હો તો ઈન્કમટેક્ષ રીટર્નની કોપી દર વર્ષે આપના ડીલરને ત્યાં જમા કરાવવી પડશે.

ASTHA Academy Mo.: 8980869434

શરૂઆતમાં સરકારે ગીવ ઈટ અપ સ્કીમ લોન્ચ કરી હતી, જે અંતર્ગત ગ્રાહકોએ સ્વેચ્છાએ સબસીડી જતી કરવાની હતી.

પરંતુ આ યોજનાની સરકારને અપેક્ષા મુજબ રીસ્પોન્સ ન મળતાં હવે સીબીડીટી સાથે કરાર કરીને દસ લાખથી વધુ આવક ધરાવતા લોકોનાં નામ અલગ તારવી શકાય તે હેતુથી આઈટી રીટર્ન ભરતા લોકોનાં નામ મોકલવા સરકારે સીબીડીટી ને કહ્યું છે.

- **સાસંદોની ગેરહાજરી બહુ ખરાબ : સુમિત્રા મહાજન**

લોકસભાના અધ્યક્ષ સુમિત્રા મહાજને સાંસદોની લોકસભામાં ગેરહાજરી અંગે અફસોસ વ્યક્ત કર્યો છે.

રાજ્યોમાં ચાલતી વિધાનસભાની ચૂંટણીઓની તૈયારીમાં ભાગ લેવાને કારણે સાંસદો લોકસભામાં હાજર રહેતા ન હોવાથી લોકસભા અધ્યક્ષે ઉપરોક્ત સૂચક ટીપ્પણી કરી હતી.

- **રેલવે પ્રવાસીઓને રોજના રૂ.૮૩૦ના ભાડામાં ટ્રેનથી ભારત દર્શન કરાવશે**

ભારતીય રેલવે પ્રવાસીઓને આકર્ષવા માટે પ્રસંગોપાત અવનવી યોજનાઓ શરૂ કરે છે, તે અંતર્ગત આ એક સેવા શરૂ કરવામાં આવી છે. ભારત દર્શન ટ્રેનની શરૂઆત ૮મેના રોજ ચંદીગઢથી કરવામાં આવી છે.

કુલ ૧૫ દિવસની આ મુસાફરીમાં રોજના રૂ.૮૩૦ના ખર્ચમાં રહેવા અને જમવાના ખર્ચનો પણ સમાવેશ કરી લેવાયો છે.

બીજી ટ્રેન ૨૩ મેના રોજ અને ત્રીજી ટ્રેન ૨૭ મેના રોજ ચંદીગઢથી રવાના થશે.

- **ફિલ્મના શૂટીંગ માટે નિર્માતાઓને ગુજરાતના જંગલના બેસ્ટ લોકેશન વન વિભાગ સૂચવશે**

ગુજરાતને દેશના બેસ્ટ ફિલ્મ ફ્રેન્ડલી સ્ટેટનો એવોર્ડ મળ્યો છે. આ દિશામાં વધુ પ્રગતિ થાય તે હેતુથી પ્રવાસન વિભાગ ફિલ્મોનું વધુમાં વધુ શૂટીંગ રાજ્યમાં થાય તે માટે પ્રયાસ કરી રહ્યું છે.

માહિતી ખાતાએ આ માટેની ખાસ પોલીસી જાહેર કરી છે ત્યારે ગુજરાતના જંગલ વિસ્તારોમાં ફિલ્મોના શૂટીંગ માટેના બેસ્ટ લોકેશન નક્કી કરીને ફિલ્મ નિર્માતાઓને સૂચવવાની કવાયત વન વિભાગ દ્વારા હાથ ધરાઈ છે.

ગુજરાતના વન વિસ્તારમાં ફિલ્મ શૂટીંગની મંજૂરી પણ ઓનલાઈન મેળવી શકાશે. આ સાથે જ સરકાર દ્વારા વન વિભાગની કુલ દસ જેટલી સેવાઓ ઓનલાઈન કરાઈ છે.

રાજ્યના વનમંત્રી શ્રી મંગુભાઈ પટેલ દ્વારા આ દસ સેવાઓને ખૂલ્લી મૂકાઈ છે.

- **CM કાર્યાલયને ISO 9001:2015 સર્ટીફિકેશન**

મુખ્યમંત્રી કાર્યાલયને ISO 9001:2015 સર્ટીફિકેશન આપવામાં આવ્યું છે.

જનતાની મહત્તમ અપેક્ષાપૂર્તિ હાંસલ કરવાના સંદર્ભમાં કાર્યક્ષમતાને ધ્યાને લઈને આ એવોર્ડ આપવામાં આવ્યો છે.

મુખ્યમંત્રીશ્રીના સચિવ શ્રી અજય ભાદૂએ ઉપરોક્ત વિગતો આપી હતી.

- **ગુજરાતમાં ૨૦ પ્રાણીઓ અને ૧૬ વનસ્પતિની જાતોને મોટું જોખમ**

મોટા પ્રમાણમાં માનવસર્જિત પરિવર્તનો તથા કુદરતી સ્રોતના વધારે પડતા વપરાશને કારણે ભારતની સમૃધ્ધ બાયોડાવર્સિટીમાં કુદરતી જીવસૃષ્ટીને ઘણુ નુકશાન થયુ છે. જેના કારણે ગુજરાતમાં ૨૦ પ્રાણીઓ અને ૧૬ વનસ્પતિની જાતોનું અસ્તિત્વ જોખમમાં હોવાનું કેન્દ્રીય પર્યાવરણ, વન તથા જળવાયુ પરિવર્તન મંત્રી પ્રકાશ જાવડેકરે રાજ્યસભામાં સાંસદ પરિમલ નાથવાણી દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ હતું.

- **ગુજરાતની ધોરણ-૧ થી ૧૨ની તમામ સરકારી ગ્રાન્ટેડ શાળાઓના વિદ્યાર્થીઓને પુસ્તકો અપાશે**

ધોરણ ૧ થી ૧૨ની તમામ સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓમાં ભણતાં વિદ્યાર્થીઓએ આ વર્ષે બજારમાંથી પાઠ્યપુસ્તકો ખરીદવાના નથી. તમામ બાળકોને પાઠ્યપુસ્તક મંડળ દ્વારા આવકની મર્યાદા વગર નિઃશુલ્ક પુસ્તકો આપવાના છે. માત્ર ખાનગી શાળાઓમાં વિદ્યાર્થીઓને નિઃશુલ્ક પાઠ્યપુસ્તકો આપવાના નથી. ગાંધીનગરના પાઠ્ય પુસ્તક મંડળ દ્વારા તમામ ડીઈઓને પુસ્તકોનો જથ્થો રવાના કરી પણ દેવાયો છે.

- **એગ્રો બિઝનેશ પોલિસી જાહેર : શાકભાજી, મિલ્ક પ્રોડક્ટની નિકાસમાં ૪૦ ટકા ભાડું ગુજરાત સરકાર ચૂકવશે**

કૃષિ મહોત્સવના આરંભે મુખ્યમંત્રી આનંદીબહેન પટેલે આણંદથી એગ્રો બિઝનેસ પોલિસી ૨૦૧૬ની જાહેરાત કરી છે. નવી નીતિ હેઠળ ગુજરાતના ખેડૂતના કૃષિ પેદાશો,અને પ્રોસેસ્ડ ફૂડ પ્રોડક્સને વિદેશોમાં નિકાસ માટે હવાઈ અને દરિયાઈ ટ્રાન્સપોર્ટેશન ખર્ચમાં સરકાર દ્વારા આપવાની જોગવાઈ કરવામાં આવી છે. સૂક્ષ્મ લઘુ અને મધ્યમ કદના ઉદ્યોગમાં પ્રોસેસિંગ કે પેકજિંગ થયેલી તાજી કે પ્રોસેસ કરેલી શાકભાજી સહિતની બાગાયતી પેદાશો, દૂધની બનાવટો, પોલ્ટ્રી કે મત્સ્ય પેદાશોની હવાઈ કે દરિયાઈ માર્ગે થતી નિકાસમાં વર્ષે રૂ.૧૦ લાખની મર્યાદામાં ૨૫ ટકા ભાડુ સરકાર ચૂકવશે.

ASTHA ACADEMY Mo.: 8980034441

## ● પ્રવાસન વિભાગ ૮ પ્રોપર્ટીઓ પીપીપી મોડ ઉપર ડેવલપ કરશે

ગુજરાતનો પ્રવાસન વિભાગ પાટણની રાણકીવાવ, મોઢેરાના સૂર્ય મંદિર, રાજકોટના વીરપુર સહિત પાંચ સ્થળોના કાફેટેરિયા પીપીપી મોડ ઉપર પ્રાઈવેટ કંપનીઓને આપ્યા બાદ બીચ, એમિનિટીઝ અને રેસ્ટોરાં બાંધીને તેના સંચાલન માટે પોતાની મિલકતો પણ આપી દેશે. વડોદરામાં આકાર લઈ રેહલા ૧૦૦ કરોડના એક્ઝિબિશન એન્ડ કન્વેશન સેન્ટરથી લઈને કચ્છના માંડવી બીચ ઉપર ફાઈવસ્ટાર હોટેલ, સૌરાષ્ટ્રના ચોરવાડમાં થ્રિ-સ્ટાર હોટેલ માટે પણ ગુજરાત ટૂરિઝમ કોર્પોરેશને પોતાની જમીન ઉપર ડેવલપમેન્ટ મેનેજમેન્ટ અને ઓપરેશન માટે લાંબાગાળાના ટેન્ડરો જાહેર કર્યા છે. ગાંધીનગરના સરિતા ઉદ્યાનના કાફેટેરિયા માટે પણ સંચાલનથી લઈને તેની સારસંભાળની વ્યવસ્થા પ્રાઈવેટ કંપનીને સોંપી દેવાશે. માધવપુર બીચ ઉપર પણ એમિનિટિઝ માટે તિથલમાં ગ્રીનફિલ્ડ બીચ રિસોર્ટ ડેવલપ કરવા અને પાવાગઢમા રેસ્ટોરેન્ટના સંચાલનથી લઈને સારસંભાળની વ્યવસ્થાઓ પણ પ્રાઈવેટ કંપનીને સોંપવા નિર્ણય કરવામાં આવ્યો છે. રેલવે સ્ટેશને ફાઈવસ્ટાર હોટેલના પ્રોજેક્ટનું આખરીકરણ થયા બાદ સરકાર સાપુતારમાં પણ પ્રવાસન કંપનીની જમીન ઉપર ફાઈવસ્ટાફ હોટેલ ડેવલપ કરવા પ્રાઈવેટ કંપનીઓને આમંત્રિત કરાશે.

## ● સાઈબર ગુનાઓને અટકાવવા જીટીયુ ઈ-રક્ષા કેન્દ્રની સ્થાપના કરશે

વધતા જતા સાઈબર ગુનાઓને લઈ લોકોએ પોતાના ડેટા બેઝને કેવી રીતે સલામત રાખવો તે સમસ્યાને ધ્યાનમાં રાખી ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીએ સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન સાથે મળીને ઈ-રક્ષાકેન્દ્ર સ્થાપવાની વિચારણા કરી છે. કોમ્પ્યુટર કે ફોનનું હેકિંગ કરીને તેનો ડેટા બેઝ મેળવી લેવામાં આવે છે અને પછી અમુક રકમ ચૂકવો નહિતર ડેટાબેઝ અન્યને વચી દેવાની ધમકીઓ આપી બ્લેકમેલ કરવામાં આવે છે. જીટીયુ દ્વારા આવી ગેરરીતિઓમાં રિસર્ચ કરીને ઉકેલ લાવવાનો પ્રયત્ન કરાશે.

## ● ક્રોની કેપિટાલિસ્ટ દેશોમાં ભારત નવમા સ્થાને પહોંચ્યો, રશિયા ટોચે

ધ ઈકોનોમિસ્ટ દ્વારા ક્રોની કેપિટાલિઝમ પર આધારિત ક્રોની કેપિટાલિસ્ટ દેશોની યાદી જાહેર કરવામાં આવી છે. આ યાદીમાં ભારત ઓસ્ટેલિયાને સમાંતર નવમા ક્રમે પહોંચી ગયો છે, તે ઉપરાંત રશિયા ટોચના ક્રમે છે જર્મનીમાં ચાલતા ક્રોની કેપિટાલિઝમને યોગ્ય અને શુદ્ધ ગણાવામાં આવ્યું છે. રાજકીય સાઠગાંઠ દ્વારા ચાલતા મૂડીવાદને ક્રોની કેપિટાલિઝમ તરીકે ઓળખવામાં આવે છે. તાજેતરમાં જારી કરાયેલા આંકડા પ્રમાણે દેશમાં રાષ્ટ્રીય સાઠગાંઠથી પ્રભાવિત ઉદ્યોગોની સંપત્તિ દેશના સમગ્ર જીડીપીના ૩.૪ ટકા છે જ્યારે તેનાથી મુક્ત ક્ષેત્રોની સંપત્તિ જીડીપી ૮.૩ ટકા જેટલી છે. વર્ષ ૨૦૧૪માં પણ આ યાદીમાં ભારત નવમા ક્રમે હતો. ફોર્બ્સ દ્વારા જાહેર કરાતી મૂડીપતિઓની અને અબજપતિઓની સંપત્તિના આંકડા ઉપર આ સંશોધનમાં અભ્યાસ કરવામાં આવે છે. આ સૂચકાંકમાં રશિયા ટોચના ક્રમે છે. તેમાં રાજકીય સાઠગાંઠ આધારિત ઉદ્યોગની સંપત્તિ જીડીપીના ૧૮ ટકા અહેવાલમાં એવું જણાવ્યું છે કે, દુનિયામાં ૨૦૦૪ થી ૨૦૧૪ સુધીના દાયકામાં ક્રોની કેપિટાલિઝમથી પ્રભાવિત અબજોપતિઓની સંપત્તિમાં ૩૮૫ ટકાનો વધારો થતાં આંકડો ૨,૦૦૦ અબજ ડોલરે પહોંચી ગયો છે.

## ● જર્મનીનો મૂડીવાદ સૌથી પારદર્શક

૨૨ દેશની યાદીમાં જર્મનીને સૌથી નીચે સ્થાન મળ્યું છે. જર્મનીના જીડીપીમાં દેશના અબજપતિઓનું યોગદાન ૧૩.૯ ટકા છે. તેમાં નોનક્રોની સેક્ટરનું યોગદાન ૧૩.૭ ટકા છે.

## ● વિશ્વ ધરોહર દિવસ - ૨૦૧૬

દર વર્ષે ૧૮ એપ્રિલના રોજ વિશ્વમાં વિશ્વ ધરોહર દિવસ મનાવવામાં આવે છે. આ દિવસને મનાવવાનો મુખ્ય ઉદ્દેશ એ છે કે પૂરા વિશ્વમાં માનવ સભ્યતાથી જોડાયેલ ઐતિહાસિક અને સાંસ્કૃતિક સ્થળોના સંરક્ષણ માટે જાગૃતિ લાવી શકાય. ધરોહરોની શ્રેણીઓ : (૧) પ્રાકૃતિક ધરોહર સ્થળ (૨) સાંસ્કૃતિક ધરોહર સ્થળ (૩) મિશ્રિત ધરોહર સ્થળ

## ● યુનેસ્કો દ્વારા સ્વીકારાયેલ ભારતના વિશ્વ ધરોહર સ્થળ

ભારતને વિશ્વ ધરોહર સ્થળની સૂચિમાં ૧૪ નવેમ્બર, ૧૯૭૭માં સ્થાન મળ્યું. ત્યારથી આજ સુધી ૩૨ ભારતીય સ્થળોને વિશ્વ ધરોહર સ્થળતા રૂપમાં ઘોષિત કરેલા છે.

(૧) આગ્રાનો કિલ્લો - ઉત્તરપ્રદેશ
(૨) અજંતાની ગુફાઓ - મહારાષ્ટ્ર
(૩) સાંચીના બોદ્ધસ્તુપ - મધ્યપ્રદેશ
(૪) ચાંપાનેર - પાવાગઢનો પુરાતત્ત્વ પાર્ક - ગુજરાત
(૫) છત્રપતિ શિવાજી ટર્મીનલ - મહારાષ્ટ્ર
(૬) ગોવાનું જૂનું ચર્ચ - ગોવા
(૭) એલીફન્ટની ગુફા - મહારાષ્ટ્ર
(૮) ઈલોરાની ગુફા - મહારાષ્ટ્ર
(૯) ફતેહપુર સીક્રિ - ઉત્તરપ્રદેશ
(૧૦) ચોલ મંદિર - તમિલનાડુ
(૧૧) હમ્પીનું સ્મારક - કર્ણાટક
(૧૨) મહાબલીપુરમનું સ્મારક - તમિલનાડુ
(૧૩) પટ્ટાડક્કલનું સ્મારક - તમિલનાડુ
(૧૪) હૂમાયુના મકબરો - દિલ્હી
(૧૫) કાજીરંગા રાષ્ટ્રીય અભયારણ્ય - અસમ

Astha Academy Mo.: 8980...

(૧૬) કેવલ દેવ રાષ્ટ્રીય અભયારણ્ય - રાજસ્થાન

(૧૭) ખજૂરાહો મંદિર તથા સ્મારક - મધ્યપ્રદેશ

(૧૮) મહાબોધિ મંદિર - બોધગયા, બિહાર

(૧૯) માનસ રાષ્ટ્રીય અભયારણ્ય - અસમ

(૨૦) ભારતીય પર્વતીય રેલ - પશ્ચિમ બંગાળ

(૨૧) નંદાદેવી રાષ્ટ્રીય અભયારણ્ય તથા ફળોની ઘાટી - ઉત્તરાંચલ

(૨૨) કુતુબ મિનાર - દિલ્હી

(૨૩) ભીમ બેટકા - મધ્યપ્રદેશ

(૨૪) લાલ કિલ્લો - દિલ્હી

(૨૫) કોણાર્ક મંદિર - ઓરિસ્સા

(૨૬) સુંદરવન રાષ્ટ્રીય અભયારણ્ય - પશ્ચિમ બંગાળ

(૨૭) તાજમહલ - ઉત્તરપ્રદેશ

(૨૮) જંતરમંતર - જયપુર

(૨૯) પશ્ચિમ ઘાટ - દક્ષિણ ભારત

(૩૦) રાજસ્થાનના પહાડી કિલ્લા - રાજસ્થાન

(૩૧) ગ્રેટ હિમાલયન નેશનલ પાર્ક - (સંરક્ષણ ક્ષેત્ર) હિમાચલપ્રદેશ

(૩૨) રાની - કી - વાવ - ગુજરાત

- **હરિયાણામાં મળી આવ્યા હડપ્પાકાલીન નરકંકાલ**

હરિયાણાની રાખી ગઢીમાં ટીલે નંબર સાત પર હડપ્પાકાલીન સમયના કબ્રસ્તાન મળવાથી પુરાતત્ત્વ વિશેષજ્ઞોને ખૂબ જ મોટી સફળતા પ્રાપ્ત થઈ છે. આ કબ્રસ્તાનમાંથી અત્યાર સુધી ૨૨ કંકાલ મળ્યા છે. જેમાંથી ૩ કંકાલ એકદમ સલામત છે. આ કંકાલોનો ડીએનએ ટેસ્ટ પૂનાની ડેક્કન યુનિવર્સિટીમાં કરવામાં આવશે.

- **ઓનલાઈન વેબ પોર્ટલ 'NOAVS'નો પ્રારંભ**

૨૬ એપ્રિલ - ૨૦૧૬ના સંસ્કૃતિ અને પર્યટન રાજ્યમંત્રી (સ્વતંત્ર પ્રભાર) તથા નાગરિક ઉડ્ડયન રાજ્યમંત્રી ડૉ. મહેશ શર્માએ રાષ્ટ્રીય સ્મારક પ્રાધિકરણ (NMA)ના ઓનલાઈન વેબ પર્ટલ 'એનઓસી' ઓનલાઈન એપ્લીકેશન એન્ડ પ્રોસેસિંગ સિસ્ટમ (NOAPS)નો શુભારંભ કર્યો. પ્રધાનમંત્રીના 'ઈ-ગવર્નન્સ' તથા કારોબાર કરવાની સુગમતા સંબંધી નિર્દેશને ધ્યામાં રાખતાં રાષ્ટ્રીય સ્મારક પ્રાધિકરણે આ ઓનલાઈન વેબ પોર્ટલ વિકસિત કરેલ છે. આ પોર્ટલમાં ભારતીય અવકાશ અનુસંધાન સંગઠન (ઇસરો)ની પ્રૌદ્યોગિકી અને વિશેષજ્ઞતાનો ઉપયોગ કરવામાં આવ્યો છે, જે AAI દ્વારા સંરક્ષિત ૩૬૮૬ સ્મારકો અને સ્થળોમાં માનચિત્રણની પ્રક્રિયામાં છે. તેઓએ સરળ મોબાઈલ એપ તૈયાર કરેલ છે, જેને અરજદાર નિઃશુલ્ક ડાઉનલોડ કરી શકે છે.

- **સહપેડિયા નામના 'સંસ્કૃતિકોશ' પોર્ટલનો પ્રારંભ**

૨૩ એપ્રિલ, ૨૦૧૬ના રોજ કેન્દ્રીય મંત્રીમંડળે sahapedia.org નામથી ભારતનો પહેલો ઓનલાઈન સંસ્કૃતિકોશ પોર્ટલનો પ્રારંભ કર્યો છે. આ ભારતની વિવિધ વિરાસત પર સંસાધનોનો એક સંગ્રહ છે. આ એક બિન-લાભકારી સંગઠન છે. જેનું સંચાલન આર.એસ.ના પૂર્વ અધ્યક્ષ એસ. રામાદોરાઈ કરી રહ્યા છે. તે રાષ્ટ્રીય કૌશલ્ય વિકાસ એજન્સીના પ્રમુખ પણ છે. તેનો ઉદ્દેશ્ય ભારતીય લોકોને અહીં પરંપરાઓ, દશ્ય કલા, કલા, સાહિત્ય અને ભાષાથી અવગત કરાવવાનો છે. તેને ગમે ત્યાંથી ઓનલાઈન જોઇ શકાય છે તથા તે આધુનિક કાળમાં ભારતની પરંપરા તથા ઈતિહાસનું મહત્વ દર્શાવે છે.

- **ભારતીય બૌદ્ધિક સંપત્તિ**

સ્પર્ધાત્મક લાભના હેતુને વધારવા માટે બૌદ્ધિક સંપત્તિ માટે જાણકારી અને માર્ગદર્શન માટે 'ઇન્ટરફેસ ભારતીય બૌદ્ધિક સંપત્તિ'નું કેન્દ્ર સરકાર દ્વારા ૩૧ માર્ચના રોજ પ્રદર્શન શરૂ કરવામાં આવ્યું છે. આ પોર્ટલનો હેતુ નાના અને મધ્યમ પ્રકારના ઉદ્યોગોના અલગ - અલગ હિતધારકો, બૌદ્ધિક જગતના લોકો અને સંશોધનકારોની વચ્ચે જાગૃતિ અને સંવેદનશીલતાનો વિકાસ કરવાનો છે.

આ WIPO (world Intellectual property Organi-zation) અને DET (Department of Eltetronics and Information Technology)ના વચ્ચે લેખિત સમજૂતી પર આધારિત છે.

- **નવી રક્ષાનીતિ**

રક્ષા મંત્રાલય દ્વારા ૨૮ માર્ચ, ૨૦૧૬ના રોજ રક્ષા ખરીદી નીતિ (Defence procurement policy-2016, PPP-2016) જાહેર કરવામાં આવી છે. આ નીતિ ૧ એપ્રિલ, ૨૦૧૬થી લાગુ પડી ગઈ છે.

K-4 મિસાઈલ

ભારતે એક મોટી સફળતા પ્રાપ્ત કરવાના ધ્યેય સાથે પરમાણુ હથિયારોને લઈ જવા માટે સક્ષમ K-4 મિસાઈલ અરિહંત, સબમરીનથી છોડીને સફળ પરિક્ષણ કર્યું. આ સંપૂર્ણ સ્વદેશી મિસાઈલ છે.

K-4ની પ્રહાર ક્ષમતા ૩૫ કિ.મી. છે. સાથે તે ૨૦૦૦ કિલોના શસ્ત્રો સાથે લઈ જવા સક્ષમ છે.

બંગાળની ખાડીમાંથી અજ્ઞાત જગ્યાએથી તેનું પ્રક્ષેપણ કરાયું હતું.

K-4નું નામ પૂર્વ રાષ્ટ્રપતિ એ.પી.જે. અબ્દુલ કલામના નામ ઉપરથી રાખવામાં આવ્યું છે.

મિસાઈલના સફળ લોન્ચિંગ સાથે જ ભારત પાણીમાં મિસાઈલ પ્રક્ષેપણની તાકાતવાળા દેશોમાં દુનિયામાં પાંચમા નંબરે પહોંચી ગયો છે. આના પહેલાં આ ટેકનોલોજી અમેરિકા, રશિયા, ફ્રાંસ, ચીનની પાસે જ હતી.

K-4ને પાણીને ૨૦ મી. નીચેથી પણ છોડી શકાય છે.

K-4ને DRDOએ વિકસિત કરી છે.

આઈએનએસ અરિહંત સબમરીન એક વખતમાં ચાર K-4 મિસાઈલથી યુક્ત કરી શકાય છે.

- **ભારત - જર્મની : નમામિ ગંગે સમજૂતી**

ભારત અને જર્મની એ ૧૩ એપ્રિલ, ૨૦૧૬ના રોજ 'નમામિ

ગંગે' કાર્યક્રમ અનુસંધાને ગંગા નદીના સંરક્ષણ માટેની સમજૂતી પર હસ્તાક્ષર કર્યા છે.

જર્મન સરકારને રાઈન, એલ્બ અને ડેન્યૂબ જેવી યુરોપીય નદીઓના શુદ્ધિકરણ તથા સંરક્ષણ કરવાનો બહોળો અનુભવ છે અને તે ભારત સાથે મળીને ગંગાના શુદ્ધિકરણ માટે કામ કરવા માટે ઉત્સુક છે.

- **ભારત - સંયુક્ત અરબ અમીરાત : માનવ તસ્કરીને રોકવા માટે સમજૂતી**

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રિય મંત્રીમંડળે ૧૩ એપ્રિલ, ૨૦૧૬ના રોજ ભારત અને સંયુક્ત અરબ અમીરાતના વચ્ચે માનવ તસ્કરીને રોકવા માટે તથા તેની સામે લડવા માટે પરસ્પર સહયોગ માટે **MOU** પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે.

- **આઇસલેંડના વિદેશમંત્રીની ભારત યાત્રા**

વિદેશમંત્રી સુષ્મા સ્વરાજના આમંત્રણ પર આઈસલેંડના વિદેશ મંત્રી ગુન્નાર બરમી સ્વેંસોએ ૩ થી ૯ એપ્રિલ, ૨૦૧૬ સુધી ભારતની યાત્રા કરી.

'પ્રમોટ આઈસલેંડ' દ્વારા રચિત એક વ્યવસાયિક પ્રતિનિધિમંડળ પણ તેમની સાથે રહ્યું હતું.

- **માલદીવના રાષ્ટ્રપતિની ભારત યાત્રા**

માલદીવના રાષ્ટ્રપતિ અબ્દુલ્લા યામીન અબ્દુલ્લ ક્યૂમની બે દિવસ (૧ અને ૧૧ એપ્રિલ)ની ભારતયાત્રાથી ભારત અને માલદીવ વચ્ચે દ્વિપક્ષીય સંબંધોને મજબુતી મળશે.

- **નાસાની 'ઇ-સેલ' ટેક્નોલોજી**

અમેરિકાની અંતરિક્ષ એજન્સી નાસાના હંટસવિલે (અલબામા) ખાતે માર્શલ સ્પેસ ફલાઈટ સેન્ટરમાં સક્ષમ પરિક્રમા પ્રણોદક પ્રણાલીના પરિક્ષણનો પ્રારંભ થયો છે, જેનાથી 'હેલિયોપોજ' સુધી અંતરિક્ષ યાનને મોકલી શકાય. આ આપણી સૌર પ્રણાલીનો કિનારો છે.

નાસાના આ પરિક્ષણથી 'હેલિયોપોજ ઈલેક્ટ્રોસ્ટેઇક રૈપિડ ટ્રાન્ઝિટ સિસ્ટમ' (Rapid Transit System - HERTS)ના માટે મોડલિંગ ડેટા મળી શકશે.

રજૂ થયેલ હર્ટ્સ - ઇ - સેલ અવધારણા પ્રણોદકરહિત પ્રણોદણ પ્રણાલી સૌર પવનને ઈન્ટર સ્ટેલર સ્પેસમાં કવચ પ્રદાન કરશે.

- **વિશ્વનું કઠણમાં કઠણ ધાતુ 'કાર્બાઇન'**

૫૦ વર્ષોની મહેનતના અંતે વિયેના વિશ્વ વિદ્યાલયના સંશોધકોએ 'કાર્બાઇન' કૃત્રિમ રીતે બનાવ્યું છે. પરંતુ તેણે વ્યાપક ઉત્પાદનની વ્યવસ્થા પણ કરી લીધી છે. આ કાર્બનનું એક વિમીય રૂપ છે તથા વૈજ્ઞાનિકોની જાણકારી મુજબ કઠોર પદાર્થથી પણ કઠોર છે.

તે હીરા કરતાં પણ ૪ ગણુ અને ગ્રેફાઈટથી બે ગણુ વધારે કઠોર છે.

- **પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના**

૧ મે ૨૦૧૬ના રોજ ઉત્તરપ્રદેશ રાજ્યના 'બલિયા થી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના' (PMUY)નો પ્રારંભ કર્યો છે. તેનાથી મુખ્ય રીતે ગરીબો તેમાં પણ વિશેષ રીતે મહિલાઓને લાભ આપવામાં આવશે.

**વિશેષતાઓ :**

આ યોજના અંતર્ગત આર્થિક બાબતોની મંત્રીમંડળીય સમિતિએ નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭થી શરૂ થવાના હવે પછીના ૩ વર્ષ માટે ૮૦૦૦ કરોડ રૂપિયાની મંજૂરી આપી દીધી છે. નાણા મંત્રીને ૨૦૧૬-૧૭ના બજેટ ભાષણમાં ૨૦૦૦ કરોડ રૂપિયાની બજેટ રકમની જાહેરાત સાથે આ યોજનાની જાણકારી આપી છે.

પી.એમ. ઉજ્જવલા અંતર્ગત ૫ કરોડ BPL પરિવારોને LPG કનેકશન આપવામાં આવશે.

કાર્યપદ્ધતિ :

પાંચ કરોડ LPG કનેકશન આપવા માટે BPL પરિવારોને ૧૬૦૦ રૂપિયાની સહાયક રકમ આપવામાં આવશે.

મહિલા લાભાર્થીઓને જ આ કનેકશન આપવામાં આવશે.

બીપીએલ પરિવારોની ઓળખ રાજ્ય સરકાર અને કેન્દ્ર શાસિત પ્રદેશોનાં પરામર્શમાં રહીને જ કરવામાં આવશે.

ચૂલો / સગડી ખરીદવા તથા સિલિન્ડર ભરવા માટે ઈ.એમ.આઈ. સુવિધા ઉપલબ્ધ રહેશે.

- **મધ્યપ્રદેશમાં વિશ્વનો પ્રથમ સફેદ વાઘ રિઝર્વ**

૩ એપ્રિલ, ૨૦૧૬ના મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણને રાજ્યના વિંધ ક્ષેત્રના સતતા જિલ્લાના મકુંદપુરમાં વિશ્વની પ્રથમ ''વ્હાઈટ ટાઈગર સફારીનું ઉદ્‌ઘાટન કર્યું.

સફેદ વાઘ આશરે ૧૦૦ વર્ષ પહેલા આ ક્ષેત્રોમાં દેખાયા હતા.

- **ભારત દ્વારા પેરિસ જળવાયુ સંધિ પર હસ્તાક્ષર**

૨૨ એપ્રિલ, ૨૦૧૬ના ભારતે ૧૭થી વધારે દેશો સાથે મળીને સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના સભાગૃહમાં ઐતિહાસિક પેરિસ જળવાયુ સમજૂતી પર હસ્તાક્ષર કર્યા.

- **વિશ્વ પૃથ્વી દિવસ - ૨૦૧૬**

૨૨ એપ્રિલ, ૨૦૧૬ને વિશ્વમાં ૪૬માં 'વિશ્વ પૃથ્વી દિવસ' તરીકે ઉજવવામાં આવ્યો. વિશ્વ પૃથ્વી દિવસને 'આંતરરાષ્ટ્રીય માતૃ પૃથ્વી દિવસ'ના રૂપમાં પણ મનાવાય છે. વર્ષ ૨૦૧૬માં 'વિશ્વ પૃથ્વી દિવસ'નો મુખ્ય વિષય (Theme), 'પૃથ્વી કે લિણ વૃક્ષ' (Trees for the earth) છે. પૃથ્વીના સંરક્ષણ માટે વિશ્વભરમાં જાગૃતિ ફેલાવવાના હેતુ માટે આ દિવસ વર્ષ ૧૯૭૦ થી દર વર્ષે મનાવવામાં આવે છે. આ પ્રસંગ પર ન્યૂયોર્ક ખાતે સંયુક્ત રાષ્ટ્ર મુખ્યાલયમાં ૧૭૦થી વધુ દેશોનાં પ્રતિનિધિઓએ જળવાયુ પરિવર્તન પર ડિસેમ્બર-૨૦૧૫માં પેરિસ સમજૂતી પર હસ્તાક્ષર કર્યા.

આ ઐતિહાસિક સમજૂતી સતત વિકાસ માટે ૨૦૩૦ના એજન્ડાની સાથે મળીને આપણી દુનિયાને બદલવાની શક્તિ રાખે છે.

- **આદિ વાનરની નવી પ્રજાતિની શોધ**

પૂર્વોત્તરના વન્યજીવ ફોટોગ્રાફરો તથા જીવવૈજ્ઞાનિકોના એક સમૂહને અરૂણાચલ પ્રદેશમાં આદિ વાનર (પ્રાઈમેટ)ની એક નવી પ્રજાતિની ખોજ કરી છે. વન્ય જીવ સંરક્ષણ સંગઠન આરણ્યક દ્વારા ચાલુ એક પ્રેસ જાહેરાત અનુસાર પ્રાઈમેટ પરિવારના 'વ્હાઈટ ચીકડ મકાક' (મકાકા લ્યૂકોજિનાઈસ)ને સૌથી પહેલા અરૂણાચલ પ્રદેશના પૂર્વ હિસ્સામાં અંન્ત જિલ્લામાં દેખાયા.

- **ભગવાન બુદ્ધ તથા મહાવીરની ૫૦૦ પ્રાચીન મૂર્તિઓની શોધ**

ઉત્તરપ્રદેશના ઈટાવા જિલ્લામાંથી લગભગ ૪૦૦ થી ૫૦૦ વર્ષ જુની ભગવાન બુદ્ધ અને મહાવીરની મૂર્તિઓ મળી આવી છે. આ મૂર્તિઓ એક ખેતીની જમીન ખેડાણ કરતી વખતે મળી આવી છે. આ મૂર્તિઓ જોયા પછી સ્થાનિક જૈન સમુદાયના લોકોનું કહેવું છે કે આ મૂર્તિઓ લગભગ ૧૨૦૦ વર્ષ જુની છે.

## 11 MAY, 2016

- **આગામી સ્વાતંત્ર્ય દિનની ઉજવણી મોરબી ખાતે**

રાજય સરકારે આગામી સ્વાતંત્ર્યદિનની ઉજવણી મોરબી ખાતે કરવાનો નિર્ણય કર્યો છે.

આ અંગેની તૈયારીઓ અત્યારથી શરૂ કરવામાં આવી છે.

- **એઈમ્સની જેમ દેશભરમાં આયુષ (AYUSH) કેન્દ્રો શરૂ થશે. :**

કેન્દ્ર સરકારે એઈમ્સની જેમ જ દરેક રાજયમાં આયુષ કેન્દ્રો શરૂ કરવાનો નિર્ણય કર્યો છે.

દરેક પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે એક આયુષ ડોકટરની પણ નિમણૂક કરવામાં આવશે.

આ માહિતી સ્વાસ્થ્ય તથા પરિવાર કલ્યાણ રાજય મંત્રી શ્રીપાદ યેસો નાઈકે આપી હતી.

- **દાહોદની અપૂર્વા મિસ અર્થ ઈન્ડીયાની ફાઈનલમાં**

દાહોદની અપૂર્વા મિસ ઈન્ડિયાની ફાઈનલમાં પહોંચી ગઈ છે.

દાહોદ જિલ્લાની આ પ્રથમ યુવતી છે, જેણે આ ક્ષેત્રે આ પ્રકારની સિદ્ધિ મેળવી હોય.

અપૂર્વાના પિતા એક પેથોલોજી લેબ ચલાવે છે અને તેણીએ નિરમા યુનિવર્સિટીમાંથી બી.કોમ અને એલ.એલ.બી. કર્યું છે.

- **૨૧ જૂનના રોજ યુનિવર્સિટીઓમાં ૪૫ મિનિટનો યોગ કાર્યક્રમ**

દેશની યુનિવર્સિટીઓમાં ૨૧ જૂનના રોજ યોગ દિવસના અવસરે ૪૫ મિનિટનો યોગ કાર્યક્રમ યોજાશે.

આ સંબંધમાં કાર્ય યોજના દરેક યુનિવર્સિટીને મોકલી આપવામાં આવી છે.

તેમાં આયુષ મંત્રાલય તરફથી તૈયાર કરવામાં આવેલ યોગ આધારિત ૪૫ મિનિટનો પ્રોટોકોલ પણ સામેલ છે.

- **યુપીએસસીમાં દિલ્હીની ટીના ટોપર**

તાજેતરમાં પ્રસિધ્ધ થયેલ યુપીએસસીના પરિણામોમાં દિલ્હીની ટીના પ્રથમ, કાશ્મીરનો અતહર બીજો તથા દિલ્હીનો જસમીતસિંહ ત્રીજા સ્થાને છે.

આ પરીક્ષામાં ગુજરાતમાંથી કુલ ૧૨ ઉમેદવારો સફળ થયા છે, જેમાં ૭ ગુજરાતી અને ૫ બિન ગુજરાતી છે.

**સાત ગુજરાતીઓનાં નામ નીચે પ્રમાણે છે.**

| ક્રમ | નામ | રેન્ક | જિલ્લો |
|---|---|---|---|
| ૧ | પટેલ રવિન્દ્રભાઈ ડાહયાભાઈ | ૧૭૬ | સાબરકાંઠા |
| ૨ | પરમાર તેજસ દિલીપભાઈ | ૩૧૦ | બનાસકાંઠા |
| ૩ | પટેલ કોમલ | ૩૩૫ | મહેસાણા |
| ૪ | પરમાર પ્રકાશભાઈ રમેશભાઈ | ૬૦૨ | સુરેન્દ્રનગર |
| ૫ | અમિત વસાવા | ૭૩૭ | વડોદરા |
| ૬ | કૃણાલ રાઠોડ | ૯૪૦ | ગાંધીનગર |
| ૭ | નાગસ નાથાભાઈ | ૯૯૧ | જૂનાગઢ |

- **સ્ત્રી અત્યાચારમાં અમદાવાદમાં મોખરે**

સ્ત્રીઓ પર થતા અત્યાચાર રોકવા સરકારે ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન શરૂ કરી છે.

ગુજરાત, પોલીસ, મહિલા અને બાળ વિકાસ વિભાગ, જેન્ડર રીસોર્સ સેન્ટર અને જીવીકે ઈએમઆરઆઈ દ્વારા ૪ ફેબ્રુઆરી, ૨૦૧૪ના રોજ ૧૮૧ અભયમ સેવાની શરૂઆત કરાઈ હતી. મહિલાઓ ૨૪ કલાકમાં ગમે ત્યારે આ સેવાનો ઉપયોગ કરી શકે છે.

૧૫,૫૩૦ કોલ્સ સાથે અમદાવાદ શહેર પ્રથમ નંબર પર આવ્યું હતું. આ સાથે જ અન્ય શહેરોના કોલ્સની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | શહેર | કોલ્સ |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૧૩,૫૩૦ |
| ૨ | સુરત | ૮૫૭૨ |
| ૩ | વડોદરા | ૫૨૧૧ |
| ૪ | રાજકોટ | ૩૯૫૫ |
| ૫ | ભાવનગર | ૨૦૩૪ |
| ૬ | કચ્છ | ૧૭૯૦ |
| ૭ | ગાંધીનગર | ૧૭૫૮ |

- **ગુજરાતની પ્રથમ ૧૮ હોલ ધરાવતી ગોલ્ફ**

ગજરાત રાજયના સર્વપ્રથમ ૧૮ હોલ ધરાવતા એડવેન્ચર ગોલ્ફનો ગુલમહોર ગ્રીન્સ ગોલ્ફ એન્ડ કન્ટ્રી કલબ ખાતે

પ્રારંભ થયો છે. આ ગોલ્ફ કોર્સ ૩૫ હજાર ચોરસ ફૂટમાં ફેલાયેલો છે.

આ એડવેન્ચર ગોલ્ફ કલબ ઝોનમાં પુટીંગ તથા હોલિંગ દ્વારા ગોલ્ફની મજા માણી શકાય છે.

- **હવામાંથી પાણી બનશે**

દેશમાં હવે ટૂંક સમયમાં માત્ર હવામાંથી પાણી જ બનાવાશે એટલું જ નહી, પરંતુ ગંદા પાણીને પણ પીવાલાયક બનાવી શકાશે. બે મહિના બાદ લક્ષદ્વીપમાં પરીક્ષણના ભાગરૂપે આ યંત્ર શરૂ કરવામાં આવશે. જેમાંથી અંદાજીત ૯૫ હજાર લિટર પાણી દરરોજ પીવાલાયક બનાવવામાં આવશે.

આ સાથે જ દૈનિક ૧૦ હજાર લીટર પાણી હવામાંથી બનાવવાનું લક્ષ્ય પણ રાખવામાં આવ્યું છે.

આ ટેકનીકની વિશેષતા એ છે કે તેના માટે વીજળીની જરૂર નહીં પડે અને ખર્ચ પણ પ્રતિલિટર ૧૦ પૈસા જ આવશે.

નીતિપંચમાં આ ટેકનીકનું પ્રદર્શન જોવા માટે લીલી ઝંડી મળી ગઈ છે.

જળસંશાધન મંત્રાલયે પણ આ બાબતને મંજૂરી આપી દીધી છે.

- **પનામા પેપર્સની તાજેતરની યાદીમાં ૨ હજાર ભારતીયો**

પનામા પેપર્સ દ્વારા તાજેતરમાં જાહેર કરાયેલી યાદી મુજબ ૨ હજાર ભારતીયો અને કંપનીઓનાં નામો બહાર આવ્યાં છે.

આ નવી યાદીમાં ૨૨ વિદેશી કંપનીઓ, ૧૦૪૬ અધિકારીઓ કે વ્યકિતગત લોકો, ૪૨ મધ્યસ્થીઓ અને દેશમાં રહેલા ૮૨૮ સરનામાંઓનો સમાવેશ થાય છે.

- **દુનિયાનું પહેલું ઈલેક્ટ્રીક પ્લેન કે જે ઘરના ગાર્ડનમાં પાર્ક થઈ શકશે**

જર્મનીમાં વિશ્વનું પહેલું ઈલેક્ટ્રીક વર્ટીકલ ટેકઓફ અને લેન્ડીંગ એરક્રાફટ બનાવવામાં આવી રહ્યું છે.

ઈંડા આકારના આ પ્લેનનું નામ 'લીલિયમ' રાખવામાં આવ્યું છે.

ડિઝાઈનર્સના જણાવ્યા પ્રમાણે આ પ્લેનનો પ્રાઈવેટ પ્લેન તરીકે ઉપયોગ કરી શકાશે.

પ્લેનનું ટેક ઓફ અને લેન્ડીંગ વર્ટીકલ હશે. જેથી તે ગાર્ડન કે હેલીપેડ અથવા ઘરના ટેરેસ પર પણ ઉતારી શકાશે.

- **દુનિયાનું સૌથી મોટું કાર્ગો વિમાન**

દુનિયાનું સૌથી મોટું કાર્ગો વિમાન 'એન્ટોનોવ એ - ૨૨૫ મૃયા' ભારતમાં ઉતરશે.

આ વિમાનની લંબાઈ ૮૪ મીટર અને ઉંચાઈ ૧૮.૧ મીટર છે.

તે ૪૦૦૦ કિમીની ઉડાન એક વખતમાં ભરી શકે છે.

તેમાં ૬ એન્જીન અને ૩૨ ટાયરની લેન્ડીંગ ગીયર સિસ્ટમ છે.

આ પ્લેનનું વજન ૬૦૦ ટન છે અને તેનાં પાંખીયાંઓની પહોળાઈ ૮૮.૪ મીટર છે.

એક સમયે સોવિયેટ સ્પેસ શટલને અંતરિક્ષમાં પહોંચાડનાર એન્ટોનોવ એ - ૨૨૫ મૃયા દુનિયાનું સૌથી મોટું કાર્ગો વિમાન છે. આ વિમાને તા. ૧૦/૫/૨૦૧૬ ના રોજ યુક્રેનના કિવથી ઓસ્ટ્રેલિયાના પર્થ શહેર માટે પોતાની પ્રથમ ઉડાન ભરી હતી. આ વિમાન એક જ વારમાં ૬૪૦ ટન વજન લઈ જવા સક્ષમ છે. તે પોતાની ઉપર બે વિમાનનું વજન સહન કરી શકે છે.

આ વિમાન ભારતના હૈદરાબાદ એરપોર્ટ પર ૨૦ કલાક માટે રોકાણ કરશે. દુનિયામાં આ વર્ગનું આ એક જ એવું વિમાન છે જેનો વિંગ સ્પાન બોઈંગ ૭૪૭ વિમાન કરતાં બમણો છે. ૮૦ ના દાયકામાં ડિઝાઈન કરાયેલા આ વિમાનને લાંબા સમય સુધી સોવિયેટ સૈન્યમાં સામલ કરાયું છે.

- **વૈજ્ઞાનિકોએ ૪૦ ટકા વધારે ઉત્પાદન આપનારી અશ્વગંધા ઔષધિની જાત વિકસાવી**

અનેક પ્રકારનાં રોગને કાબૂમા રાખવા અને રોગ નાબૂદ કરવા માટે આણંદ કૃષિ યુનિવર્સિટીએ ખેડૂતો માટે ૪૦ ટકા વધુ ઉત્પાદન આપતી જાત શોધીને ખેડૂતોને આ ચોમાસાથી ખેતરોમાં ઉગાડવાની ભલામણ કરી છે.

આ બાબતમાં આણંદ કૃષિ યુનિવર્સિટીને સફળતા મળી છે. અશ્વગંધાનો ઉપયોગ મહિલાઓને થતા અનેક અસાધ્ય રોગોને કાબૂમાં લેવા માટે થાય છે તેનાં પાંદડા અને મૂળનો ઉપયોગ દવા તરીકે થાય છે.

- **પંચાયતોના છીનવેલાં અધિકારો પરત આપો : પંચાયત પરીષદ**

ગુજરાત પ્રદેશ પંચાયત પરિષદની મળેલી બેઠકમાં ઠરાવ પસાર કરાયો હતો કે, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતોના બંધારણે આપેલાં અધિકારો સંબંધમાં છેલ્લાં ૧૫ વર્ષથી રાજ્ય સરકારે ૨૯ જેટલી સત્તાઓ છીનવી લીધી છે તે પરત આપવી. જો પરત નહીં આપે તો સરકાર સામે આંદોલન કરાશે. બેઠકમાં તમામ જિલ્લાઓના પ્રમુખો હાજર હતા, જેમાં રાજ્ય નાણા પંચની રચના ૨૦૦૯થી કરવાની થાય છે તેની રચના કરવા સરકારને અપીલ કરી હતી. અગાઉના નાણાપંચે જે ભલામણો કરી હતી તેનો આજ સુધી અમલ થયો નથી તે અમલ કરવા માટે પણ નક્કી કરાયું હતું. સરકારે અનેક ઠરાવો અને આદેશો ગેરકાયદે કરેલા છે તે તુરંત રદ કરવામાં આવે તેમ પરિષદના અધ્યક્ષે જણાવ્યું હતું.

**શું છે દખલગીરી ?**

રાજ્ય પંચાયત કાઉન્સિલની અવગણના કરવામાં આવે છે.

પંચાયતોના કાર્યોમાં ગેરકાયદે હસ્તક્ષેપ કરવામાં આવે છે.

પ્રાથમિક શિક્ષણ પંચાયત હસ્તક અપાતું નથી.

સરકારના અનેક ઠરાવો ગેરકાયદે છે.

પંચાયતોનાં ભંડોળ પર નિયંત્રણો મૂકાયા છે.

આદિજાતિ વિસ્તારમાં પ્રભારી મંત્રી બેઠક લે છે.

જિલ્લા આયોજનની બેઠક મંત્રીઓ બોલાવે છે.

- **કામોત્તેજનાને કારણે નશીલા પદાર્થ મ્યાઉ-મ્યાઉની માંગ વધી**

મ્યાઉ-મ્યાઉ નામથી ઓળખાતા એમડી ડ્રગની માંગ દેશમાં અચાનક કેમ વધી રહી છે તે અંગે એક ચોંકાવનારો ખુલાસો થયો છે. કેટલાક આરોપીઓનો દાવો છે કે, આ ડ્રગના સેવન બાદ જાતિય સુખ માણવાની તીવ્ર ઈચ્છા થાય છે. જોકે બીજી તરફ પોલીસ અધિકારીઓ કહે છે કે, તેમના દાવામાં કેટલું સત્ય છે તે અંગે કાંઈ કહી શકાય નહીં. છેલ્લા એક સપ્તાહમાં મુંબઈમાં ક્રાઈમ બ્રાન્ચના એન્ટી નાર્કોટિક્સ સેલે બે અલગ - અલગ કેસોમાં ૪૩ લાખ રૂપિયાનું એમડી ડ્રગ જપ્ત કર્યું હતું.

પહેલા મુંબઈમાં કોકેઈનની માંગ વધુ રહેતી હતી પણ હવે ચરસના સ્થાને એમડી ડ્રગની માગ વધી રહી છે. આ ડ્રગ ૬૦ થી ૭૦ હજાર રૂપિયા પ્રતિ કિલોગ્રામના ભાવે ખરીદાય છે અને બાદમાં સપ્લાયક સુધી પહોંચતા સુધી તેની કિંમત ૮ થી ૧૦ લાખ રૂપિયા પ્રતિ કિલોગ્રામ પહોંચી જાય છે.

- **ગેટ્સ અને એન્જેલિના જોલી 'વર્લ્ડ મોસ્ટ એડમાયર્ડ પર્સન'**

દુનિયામાં જે લોકોની સૌથી વધારે પ્રશંસા કરવામાં આવે છે તેવી જાણીતી હસ્તીઓની એક યાદી જાહેર કરવામાં આવી છે. બ્રિટનના જાણીતા અખબાર 'ધ ઈન્ડિપેન્ડન્ટ' દ્વારા આ યાદી જાહેર કરવામાં આવી હતી. વર્લ્ડ મોસ્ટ એડમાયર્ડના નામે જાહેર થયેલી યાદીમાં માઈક્રોસોફ્ટના સહસ્થાપક બિલ ગેટ્સ અને હોલિવૂડ અભિનેત્રી એન્જેલિના જોલી ટોચના સ્થાને આવ્યા છે. દલાઈ લામા અને પોપ ફ્રાન્સિસને પણ આ યાદીમાં સ્થાન મળ્યું છે. બીજી તરફ રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિન આ ધર્મગુરુઓ કરતાં આગળ છે. નવાઈની વાત એ છે કે ગત યાદીમાં પાંચમા સ્થાને રહેલા ભારતીય વડાપ્રધાન નરેન્દ્ર મોદી આ વર્ષે ૧૭મા ક્રમે પહોંચ્યા છે.

ઉલ્લેખનીય છે કે બ્રિટિશ અખબારે અન્ય એક સંસ્થાની મદદ દ્વારા આ સરવે કરાવ્યો હતો. તેણે ૩૦ દેશોમાં આ સરવે કરીને દુનિયાના સૌથી વધુ પ્રશંસનીય ૨૦ પુરુષો અને ૨૦ સ્ત્રીઓની યાદી બનાવી હતી.

- **સિંહો, પ્રાણીને રક્ષણ આપતો હોટેલોનો પ્રતિબંધ દૂર થશે**

સિંહો અને વન્યપ્રાણીઓના બચાવ માટે ગીર આસપાસના વિસ્તારોમાં હોટેલો અને વાણિજ્યિક કામગીરી ઉપર છેલ્લાં એક વર્ષથી પ્રતિબંધ હતો તે હવે દૂર કરવા માટે રાજ્યના વન વિભાગ હટાવવા તરફ જઈ રહ્યો છે. ગીરના જંગલોની આસપાસમાં હવે હોટેલો અને કોમર્શિયલ બાંધકામો થઈ શકશે. રાજ્યના વન વિભાગ દ્વારા નવેસરથી આદેશો કરવામાં આવી રહ્યા છે કે, ઈકો સેન્સેટીવ ઝોન વિસ્તારમાં પ્રદૂષિત ઉદ્યોગો અને માઈનીંગને બાદ કરતાં બાકીનાં તમામ કોમર્શિયલ બાંધકામો થઈ શકશે, જેમાં હોટેલો અને ગેસ્ટ હાઉસ તથા ટૂરીસ્ટ સ્પોટ બનાવી શકાશે. ૧૧ તાલુકાના ૩૯૬ ગામોની આસપાસ મંજૂરીઓ આપવામાં આવશે.

ગુજરાતની વડી અદાલતે આપેલાં આદેશ બાદ વન વિભાગે થોડા દિવસોમાં નવો જી.આર. - ઠરાવ બહાર પાડવા માટે કામગીરી હાથ ધરી છે. ૧ જુલાઈ ૨૦૧૫ના ઠરાવથી બહાર પાડેલી નીતિમાં સુધારો થશે.

- **જમીન સંપાદન કાયદાના અમલમાં અટવાતો ન્યૂક્લિયર પાવર પ્રોજેક્ટ**

ગુજરાતમાં જમીન સંપાદનના કાયદાની અસ્પષ્ટતાને કારણે ઘણા બધા પ્રોજેક્ટ્સ અટવાયા છે, જેમાંનો સૌથી મોટો પ્રોજેક્ટ છે ભાવગરનો સૂચિત ન્યુક્લિયર પાવર પ્રોજેક્ટ. ગુજરાત સરકારે ૨૦૧૩ના કેન્દ્રીય જમીન સંપાદન ધારાની કડક જોગવાઈઓને અત્યંત હળવી બનાવતું સુધારા વિધેયક રાજ્ય વિધાનસભામાં પસાર તો કરી દીધું છે, પણ હજી એને રાષ્ટ્રપતિની સ્વીકૃતિ મળી નથી. ન્યુક્લિયર પાવર પ્રોજેક્ટમાં આગળ વધારવા માટે આ કાયદાનો અમલ શરૂ થયાની આતુરતાપૂર્વક રાહ જોવાઈ રહી છે. સૂત્રો કહે છે કે, સૂચિત પ્રોજેક્ટ માટે ભાવનગરના તળાજા તાલુકાના જસપરા, માંડવા અને ખદડપર ગામોના ૩૪ જેટલા ખેડૂત ખાતેદારો પાસેથી કુલ ૬૮ હેક્ટર ખાનગી જમીન સંપાદન કરવાની થશે. આ ખેડૂતોને જમીનના બદલામાં પુનર્વસન અને પુનઃવસવાટનું પેકેજ આપવાનું થશે. કુલ ૭૭૭ હેક્ટર વિસ્તારમાં આકાર લેનારા આ પ્રોજેક્ટ માટે મેળવવાની થતી ૨૧ હેક્ટર જંગલની જમીન બાબતે પ્રોજેક્ટ ઉભો કરી રહેલી કેન્દ્ર સરકારની કંપની ન્યુક્લિયર પાવર કોર્પોરેશન ઓફ ઇન્ડિયા લિમિટેડે નિયમ મુજબ જંત્રીની કિંમત વત્તા ૩ ટકા પ્રિમીયમ રાજ્યના વન અને પર્યાવરણ વિભાગમાં જમા કરાવી દીધાં છે. આ કેન્દ્રીય પ્રોજેક્ટ હોઈ વનીકરણ માટે અન્યત્ર જમીન ખરીદીને સોંપવાની થતી નથી.

## 12 MAY, 2016

- **૧૩૯ પર ટિકિટ રદ કરાવતાં ગમે ત્યાંથી રીફંડ**

હવેથી રેલવે ટિકિટ ગમે ત્યાંથી કેન્સલ કરાવ્યા બાદ કોઈ પણ સ્ટેશનેથી રીફંડ મેળવી શકાશે.

યાત્રીએ કાઉન્ટર પર જઈને માત્ર ટિકિટ બતાવવાની રહેશે.

અત્યાર સુધી જે તે સ્થળેથી જ રીફંડ મળતું હતું. પરંતુ હવે કોઈ પણ સ્ટેશનેથી મળી શકશે.

- **લઘુત્તમ વેતન રૂ. ૨૪,૦૦૦ થઈ શકે છે**

તાજેતરમાં કેન્દ્ર સરકાર એક પ્રસ્તાવ પર વિચારણા કરી રહી છે. જેમાં મંજૂરી મળતાં કર્મચારીઓનું લઘુત્તમ વેતન રૂ. ૨૪,૦૦૦ થઈ જશે.

તાજેતરમાં જ કેન્દ્રીય પ્રધાન જિતેન્દ્ર પ્રસાદની ભારતીય મજૂર સંઘ, કર્મચારીઓ અને પ્રતિનિધિમંડળની સાથે થયેલી મંત્રણાઓમાં તેમણે આ વાતની ખાતરી આપી હતી.

જો આ પ્રસ્તાવ પર અમલ થશે તો ૪૮ લાખ કર્મચારીઓ અને ૫૮ લાખ પેન્શનર્સને આ લાભ મળશે.

## ● ચાલુ ટ્રેનોમાં હવે બાળકો માટે પણ દૂધ મળશે

લાંબા અંતરની ટ્રેનોમાં હવે મુસાફરી વખતે નાનાં બાળકોને દૂધની સુવિધા મળી રહેશે.

રેલવે બોર્ડના આદેશ બાદ ટ્રેનોમાં હવે આ સુવિધા શરૂ કરવામાં આવી છે.

અગાઉ મુસાફરો નાનાં બાળકો માટે તેમની સાથે જ દૂધ લઈને નીકળતા. પરંતુ રસ્તામાં આ દૂધ ખરાબ થઈ જતું. આથી આ બાબત ધ્યાને લઈને આ સુવિધા શરૂ કરવામાં આવી છે.

અમદાવાદની ૪૦ ટ્રેનોને આ સુવિધાનો લાભ મળશે.

ટ્રેનમાં પેસેન્જરની જરૂરિયાત મુજબ ઠંડુ કે ગરમ દૂધ પેન્ટ્રીકારના વેન્ડરે આપવાનું રહેશે. આ દૂધ માટે તેણે પેસેન્જર પાસેથી નક્કી કરેલી કે પ્રિન્ટેડ કિંમત જ વસૂલ કરવાની રહેશે. જો કોઈ વેન્ડર પેસેન્જર પાસેથી વધારાનો ચાર્જ લેતાં પકડાશે તો તેની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

## ● ૨૦મી મેથી દીપડાથી ત્રણ દિવસીય વસતિ ગણતરી

વન વિભાગ દ્વારા આગામી ૨૦ મી મેથી ત્રણ દિવસ માટે દીપડાની વસતી ગણતરી કરવામાં આવશે.

આ પહેલાં ૨૦૧૧ માં દીપડાની વસતી ગણતરી થઈ હતી.

વન્ય પ્રાણીઓમાં સિંહની વસતી ગણતરીની જેમ દીપડાની વસતી ગણતરી પણ દર પાંચ વર્ષે થાય છે.

દીપડાની ગણતરી ફૂટમાર્ક, અવાજ અને લોકોની જાણકારીના આધારે કરવામાં આવે છે.

ગત બે વર્ષની ગણતરીમાં દીપડાની સંખ્યા ક્રમશ : વધી છે.

રાજયમાં દીપડાની સૌથી વધુ સંખ્યા સોરઠમાં ૧૨ તાલુકાઓમાં છે. વર્ષ - ૨૦૧૧ ની વસતી ગણતરી મુજબ સોરઠના ૧૨ તાલુકા અને અમરેલી જિલ્લાના છ તાલુકા, ભાવનગરના ચાર તાલુકા, પોરબંદર, જામનગર, રાજકોટ અને સુરેન્દ્રનગરમાં દીપડાનો વસવાટ જોવા મળે છે.

વર્ષ - ૨૦૦૬ માં ૩૧૯ પુખ્ત અને ૩૦ બચ્ચાં સહિત કુલ ૩૪૯ સંખ્યા હતી. જયારે વર્ષ - ૨૦૧૧ માં ૩૯૭ પુખ્ત અને ૩૯ બચ્ચાં સહિત કુલ ૪૩૬ દીપડાઓની સંખ્યા હતી.

જયાં વાનરો હોય ત્યાં દીપડાની સંભાવના વધુ હોય છે. દીપડાનો ગર્ભકાળ ૩ માસ જેટલો હોય છે અને તે ૨ બચ્ચાંને જન્મ આપે છે.

## ● ગુજરાતની સૌર નીતિ નિષ્ફળ

રાજય સરકારે સૌર ઊર્જાનો લાભ લોકોને મળી શકે તે હેતુથી ૧૩ ઓગસ્ટ, ૨૦૧૫ ના રોજ ગુજરાત સૌર ઊર્જા નીતિ જાહેર કરી હતી. પરંતુ સૌર ઊર્જા ઉત્પન્ન કરવા માટેનો ખર્ચ વધુ હોવાને કારણે આ નીતિને જોઈએ તેટલો પ્રતિસાદ મળ્યો નથી.

આ નીતિ મુજબ ગ્રાહકની પ્રીમાઈસીસમાં રૂફટોપ સોલર પ્રોજેક્ટ ઈન્સ્ટોલ કરવાની જવાબદારી સરકારની રહેશે અને તેનો ખર્ચ ૧ કિલોવોટ વીજળી દીઠ રૂ. ૭૦,૦૦૦ રહેશે. સરકારની નીતિ મુજબ ૨ કિલોવોટ દીઠ ૧૦,૦૦૦ રૂપિયાની સબસીડી મળશે.

પરંતુ ઈન્સ્ટોલેશન ખર્ચ વધુ હોવાના કારણે આ ખર્ચ ૪૦,૦૦૦ રૂપિયા સુધીનો થાય ત્યાં સુધી ગ્રાહકોએ રાહ જોવી પડશે.

સરકારે આ નીતિનો અમલ કરવા માટે ગુજરાત એનર્જી ડેવલપમેન્ટ એજન્સી (GEDA)ની નિમણૂક કરી છે. ગેડાએ રૂફટોપ સોલર પ્રોજેકટ માટે ૨૦૧૬-૧૭ ના વર્ષમાં ૫૦ મેગાવોટ વીજળી ઉત્પન્ન કરવાનો ટાર્ગેટ રાખ્યો છે.

## ● સરકારે વધુ ૧૨૧ ગામોને અસરગ્રસ્ત જાહેર કર્યા

સરકારે આ અગાઉ ૯૯૪ ગામોને અછતની સ્થિતિને ધ્યાને લઈને અર્ધઅછત કે અછતગ્રસ્ત જાહેર કર્યા હતાં.

મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષ સ્થાને મળેલી બેઠકમાં કચ્છ, જામનગર અને બનાસકાંઠાનાં વધુ ૧૨૧ ગામોને અસરગ્રસ્ત જાહેર કરવામાં આવ્યા છે. આમ હવે કુલ ૧૧૧૫ ગામ અછતગ્રસ્ત જાહેર થયેલ છે.

આ ગામડાઓમાં કચ્છના ૫૮, બનાસકાંઠાનાં ૫૨ અને જામનગરનાં ૧૧ ગામનો સમાવેશ કરવામાં આવ્યો છે.

## ● મકાન ટ્રાન્સફર ફી પેટે રૂ. ૫૦,૦૦૦ ની મર્યાદા

રાજયમાં તમામ શહેરી વિસ્તારોમાં બનેલી હાઉસિંગ મંડળીઓ દ્વારા મકાન કે ફલેટ, પ્લોટ, બંગલો ટ્રાન્સફર કરવાના કિસ્સામાં લાખો રૂપિયાની ફી વસૂલાતી હોવાના કિસ્સા બહાર આવતાં સહકાર વિભાગ દ્વારા આવી મંડળીઓને ટ્રાન્સફર ફી પેટે રૂ. ૫૦,૦૦૦ થી વધુ ફી લેવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

ડેવલપમેન્ટ ચાર્જીસ કે ફંડ કે અન્ય કોઈ નામ હેઠળ વધુમાં વધુ ૫૦,૦૦૦ રૂપિયા કરતાં વધારે રકમ વસૂલાશે તો સહકાર વિભાગ દ્વારા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

## ● અર્જુન એવોર્ડ માટે રિતુ રાની અને રઘુનાથની ભલામણ

ભારતીય મહિલા હોકી ટીમની સુકાની રિતુ રાની અને સિનિયર્સ મેન્સ ટીમના ડ્રેગ ફિલકર વી.આર. રઘુનાથની હોકી ઈન્ડિયા દ્વારા અર્જુન એવોર્ડ માટે ભલામણ કરવામાં આવી હતી.

હોકી ઈન્ડિયાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે વી.આર. રઘુનાથ, ધરમવીર સિંઘ અને રિતુ રાનીને અર્જુન એવોર્ડ માટે જયારે સેલ્વાનસ ડુંગની મેજર ધ્યાનચંદ લાઈફ ટાઈમ એચિવમેન્ટ એવોર્ડ અને વરિષ્ઠ કોચ.સી.આર. કુમારની દ્રોણાચાર્ય એવોર્ડ માટે ભલામણ કરાઈ હતી.

ભૂતપૂર્વ ખેલાડી ડુંગ ડુંગ ૧૯૮૦ ની ગોલ્ડ મેડલ વિજેતા ટીમના સભ્ય હતા. મોન્ટેરિયલ ઓલિમ્પિકમાં ૧૯૭૬ માં દેશના નિરાશાજનક દેખાવ બાદ ડુંગ ડુંગે ૧૯૮૦ માં સ્પેન

Ashirwad Academy Mo.: 8000000000

સામે ગોલ્ડન ગોલ ફટકારીને ટીમને ગોલ્ડ મેડલ અપાવ્યો હતો.

રઘુનાથે ૨૦૦૫ માં સિનિયર મેન્સ ટીમમાં પાકિસ્તાન સામેની દ્વિપક્ષીય શ્રેણીથી પ્રવેશ કર્યો હતો. એ પછી તે ભારતીય ટીમનો ભાગ રહ્યો અને તેને દેશની શ્રેષ્ઠ ડ્રેગ ફ્લિકર માનવામાં આવ્યો છે. તે ૨૦૦૭ માં સુલતાન અઝલનશાહ હોકી કપમાં બ્રોન્ઝ મેડલ, ૨૦૦૮ માં સિલ્વર મેડલ જીતનારી ટીમનો સભ્ય હતો. તે ૨૦૦૭ માં એશિયા કપમાં ગોલ્ડ અને ૨૦૧૩ માં સિલ્વર જીતનારી ટીમનો તે સભ્ય હતો. ૨૦૧૩ માં તેણે ભારત માટે ૬ ગોલ કટકાર્યા હતા. ૨૦૧૪ માં ત્રણ દાયકા બાદ એશિયન ગેમ્સમાં ગોલ્ડ જીતનારી ભારતીય ટીમનો સભ્ય હતો. આ વિજય બાદ ભારતીય ટીમે ઓલમ્પિકમાં પ્રવેશ કર્યો હતો.

એ જ રીતે ધરમવીર સિંઘ પણ એશિયન ગેમ્સમાં ગોલ્ડ મેડલ જીતનારી ટીમમાં હતો. તે ૨૦૧૪ માં કોમન વેલ્થ ગેમ્સમાં સિલ્વર જીતનારી ટીમમાં પણ હતો. તે ૨૪ મી સુલતાન અઝલનશાહ કપમાં બ્રોન્ઝ જીતનારી ટીમમાં પણ હતો.

- **પૂજા ચૌઋષિ સાઉથ એશિયન ટ્રાઈથ્લોન એસોસિએશનની બ્રાન્ડ એમ્બેસેડર**

દેશમાં ટ્રાઈથ્લોનની રમતને એક આગવી ઓળખ આપનાર તેમજ ૭ વખત નેશનલ ચેમ્પિયન અને ૩ વખત સાઉથ એશિયન ચેમ્પિયન બનેલી સુરતની પૂજા ચૌઋષિને સાઉથ એશિયન ટ્રાઈથ્લોન એસોસિએશન દ્વારા બ્રાન્ડ એમ્બેસેડર તરીકે નિયુક્ત કરવામાં આવી છે.

તાજેતરમાં નેપાળના કાઠમંડુ ખાતે ચોથી સાઉથ એશિયન ચેમ્પિયનશીપના ભવ્ય સમાપન સમારોહમાં એસોસિએશનના પ્રમુખ નેલેન્દ્ર શ્રેષ્ઠે પૂજાને બ્રાન્ડ એમ્બેસેડર બનાવવાની જાહેરાત કરી હતી.

- **ઈગ્લેન્ડની સુકાની એડવર્ડસની નિવૃત્તિ**

ઈંગ્લેન્ડની ૩૬ વર્ષની સુકાની ચાર્લોટ એડવર્ડસ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લઈ લીધી હતી.

તેણે ૧૯૯૬ માં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પદાર્પણ કર્યું હતું. તેના નામે વન ડે માં સૌથી વધુ રન નોંધાયેલા છે. તેણે ૧૯૧ વન ડે માં ૫૯૯૨ રન ફટકાર્યા છે. તેના નામે ૯૫ ટી - ૨૦ માં ૨૬૦૫ રન નોંધાયેલા છે. જે મેન્સ અને વિમેન્સ ક્રિકેટમાં કોઈ પણ બેટસમેન દ્વારા ફટકારવામાં આવેલા સૌથી વધુ રન છે.

એડવર્ડસને ૨૦૦૬ માં ટીમની સુકાની બનાવવામાં આવી હતી. તેણે ૨૨૦ મેચોમાં ટીમનું નેતૃત્વ કર્યું છે.

૨૦૦૯ માં વિમેન્સ વર્લ્ડકપ તથા વિમેન્સ ટી - ૨૦ વર્લ્ડકપ જીત્યો હતો.

આ ઉપરાંત ૨૦૧૩ માં ઈંગ્લેન્ડમાં તથા ૨૦૦૮ માં અને ૨૦૧૪માં ઓસ્ટ્રેલિયામાં ટીમને વિમેન્સ એશિઝમાં વિજય અપાવ્યો હતો.

- **ભૂતપૂર્વ ઓલિમ્પિક ચેમ્પિયન નોર્વેના જેવલિન થ્રોઅર આંદ્રેસે સંન્યાસ લીધો**

ભૂતપૂર્વ યુરોપિયન, વર્લ્ડ અને ઓલિમ્પિક ચેમ્પિયન નોર્વેના જેવલિન થ્રોઅર આંદ્રેસ થોરાકિલ્ડસેને રમતને અલવિદા કરી દીધી છે. આંદ્રેસે એથેન્સ અને બેઈજિંગ ઓલિમ્પિકમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો.

- **પોલેન્ડના સ્વિમર જવાડકાનો ડોપ ટેસ્ટ પોઝીટીવ**

ઓસ્ટ્રેલિયન સ્પોર્ટસ એન્ટી ડોપીંગ ઓથોરીટીએ જણાવ્યું હતું કે પોલેન્ડના સ્વિમર માઈકલ જવાડકાનો ડોપ ટેસ્ટ પોઝીટીવ આવ્યો છે.

સ્વિમંગ ઓસ્ટ્રેલિયાએ તેની પર ચાર વર્ષનો પ્રતિબંધ લગાવ્યો છે.

ગયા વર્ષે સપ્ટેમ્બરમાં ન્યૂ સાઉથ વેલ્સ શોર્ટ કોર્સ ચેમ્પિયન શીપ દરમ્યાન તેનો ડોપ ટેસ્ટ પોઝીટીવ થયો હતો.

- **૨૦૦૯માં લોન્ચ થયેલા કેપ્લર ટેલિસ્કપની સૌથી મોટી સિદ્ધિ**

કેપ્લર ટેલિસ્કોપને પૃથ્વી જેવા ૧૨૮૪ ગ્રહો મળી આવ્યા !

નાસાના કેપ્લર મિશનના ઈતિહાસમાં સૌથી વધુ એક્સોપ્લાનેટ (પૃથ્વી સાથે સમાનતા ધરાવતા ગ્રહો) શોધી કઢાયા હોવાની જાહેરાત કરાઈ છે. નાસાના કહેવા પ્રમાણે કેપ્લરે બે - પાંચને બદલે એકસાથે ૧૨૮૪ એવા ગ્રહો શોધી કાઢ્યા છે, જેમને પૃથવી સાથે સામ્ય છે. કેપ્લરને કારણે જ આપણને ખબર પડી રહી છે કે બ્રહ્માંડમાં પૃથ્વી જેવા તો અનેક ગ્રહો છે.

- **વિન્ડીઝના જાણીતા કોમેન્ટેટર ટોની કોઝિયરનું અવસાન**

૭૮ વર્ષીય કોઝિયર છેલ્લા કેટલાક સમયથી બિમાર હતા.

કોઝિયરે ૧૯૬૫માં કોમેન્ટેટર તરીકેની કારકીર્દી શરૂ કરી હતી.

## 13 MAY, 2016

- **કોમ્બીફ્લેમ ટેસ્ટમાં ફેલ, બજારમાંથી પરત ખેંચાશે**

દુખાવા માટે ઉપયોગમાં લેવાતી કોમ્બિફલેમ દવા ટેસ્ટમાં ફેલ થઈ ગઈ છે.

તેની ગુણવત્તા નીચલા સ્તરની જાણવા મળી છે.

બજારમાંથી આ દવા પાછી ખેંચવામાં આવી રહી છે. મે - ૨૦૧૮ અને જૂન - ૨૦૧૮ ની એક્સપાયરી ડેટની દવા પરત લેવાઈ રહી છે.

- **૨૬ એરપોર્ટ ખાતે સેલ્ફ ચેક અપ કાયોસ્ક :**

એર ઈન્ડિયા ઘરેલુ યાત્રીઓ માટે દેશના ૨૬ એરપોર્ટ ખાતે સેલ્ફ ચેક અપ કાયોસ્કની વ્યવસ્થા કરશે.

અહીં યાત્રીઓ તેમનો બોર્ડિંગ પાસ જાતે જ ચેક કરી શકશે. તેનાથી યાત્રીઓને લાંબી લાઈનો અને રાહ જોવામાંથી મુક્તિ મળશે.

- **શશાંક મનોહર આઈ.સી.સી. ચેરમેન બન્યા**

બી.સી.સી.આઈ.ના પૂર્વ અધ્યક્ષ શશાંક મનોહર આઈ.સી.સી. ના પ્રથમ સ્વતંત્ર ચેરમેન બની ગયા છે. તેઓ બિનહરીફ ચૂંટાયા છે.

તેઓ ICC (ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સીલ)ના એવા પ્રથમ ચેરમેન છે જેઓ કોઈ પણ બોર્ડ સાથે જોડાયેલા નથી.

બે દિવસ પહેલાં જ તેમણે બોર્ડ ઓફ કન્ટ્રોલ ફોર ક્રિકેટ ઈન ઈન્ડિયા BCCI ના પ્રમુખ પદેથી રાજીનામું આપ્યું હતું.

તેઓ તત્કાળ હોદ્દો ધારણ કરશે અને તેમના હોદ્દાની મુદત ૨ વર્ષની રહેશે.

જાણીતા ભારતીય વકીલ શશાંક મનોહરે ૨૦૦૮-૨૦૧૧ દરમ્યાન પ્રથમ વખત BCCI ના પ્રમુખ તરીકે ફરજ અદા કરી હતી.

જગમોહન દાલમિયાના નિધન બાદ ઓક્ટોબર ૨૦૧૫ માં BCCI ના પ્રમુખ પદે તેઓ ફરીથી ચૂંટાયા હતા. આ હોદ્દાની રૂએ તેઓ એ સમયથી જ ICCના ચેરમેનની ભૂમિકા પણ અદા કરતા હતા.

- **ગુજરાતના સાંસદ પ્રવીણ રાષ્ટ્રપાલનું નિધન**

કોંગ્રેસના રાજયસભાના સાંસદ પ્રવીણ રાષ્ટ્રપાલનું નિધન થયું છે. રાષ્ટ્રપાલનો જન્મ ૧૨ ડિસેમ્બર, ૧૯૩૯ ના રોજ ગાંધીનગરના મુવાડા ગામ ખાતે થયો હતો.

- **નર્સિંગ ડે : ૨૫ નર્સનું સન્માન કરાયું**

સમગ્ર વિશ્વમાં ૧૨ મી મેના રોજ ઈન્ટરનેશનલ નર્સિંગ ડે ઉજવવામાં આવે છે.

ઈન્ટરનેશનલ કાઉન્સીલ દ્વારા ૧૯૬૫ થી ઈન્ટરનેશનલ નર્સિંગ ડે ઉજવવામાં આવે છે. આ દિવસે વિશિષ્ટ સેવા બદલ નર્સોનું સન્માન કરવામાં આવે છે.

- **બેજન દારૂવાલાનું સન્માન**

વિશ્વ પ્રસિધ્ધ જયોતિષી બેજન દારૂવાલાને ઉત્તરાખંડના મુખ્યમંત્રી હરીશ રાવતના હસ્તે જયોતિષ મહાકુંભ - ૨૦૧૬માં લાઈફ ટાઈમ એચિવમેન્ટ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો. હરીશ રાવતે તેમની શપથ ગ્રહણ વિધિમાં દારૂવાલાને આમંત્રણ પાઠવ્યું હતું.

- **વિશ્વનાં ૨૦ પ્રદુષિત શહેરોમાં રાજયનું એક પણ નહી**

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને ૧૨ મે ના રોજ જાહેર કરેલા રીપોર્ટ પ્રમાણે દુનિયાનાં ૨૦ પ્રદૂષિત શહેરોમાં ભારતનાં ૧૦ શહેરોનો સમાવેશ થયો છે.

આ યાદીમાં દિલ્હી ૧૩ મા ક્રમે છે, જયારે ઈરાનનું જાબોલ શહેર દુનિયાનું સૌથી વધારે પ્રદુષિત શહેર છે. આ યાદીમાં ગ્વાલિયર બીજા અને અલ્હાબાદ ત્રીજા ક્રમે છે.

હવામાં હાજર નાઈટ્રોજન ડાયોક્સાઈડ, કાર્બન મોનોક્સાઈડ અને સલ્ફર ડાયોકસાઈડ જેવા જોખમી ગેસની માત્રાને આધારે આ રીપોર્ટ તૈયાર કરવામાં આવે છે.

વિશ્વનાં આ ૨૦ શહેરોમાં ૧૦ શહેર ભારતનાં છે, જે ચિંતાનો વિષય છે.

એક્ષપર્ટના રીપોર્ટ પ્રમાણે દિલ્હીના એર પોલ્યુશનમાં ઘટાડો નોંધાયો છે જેના કારણે તેના રેન્કમાં સુધારો આવ્યો છે. ગયા વર્ષથી લેવામાં આવેલા પગલાંઓને કારણે આ શક્ય બન્યું છે એમ માનવામાં આવી રહ્યું છે.

- **એ.આર. રહેમાન પણ હવે ઓલિમ્પિકનો બ્રાન્ડ એમ્બેસેડર**

સુપ્રસિધ્ધ ગાયક અને ઓસ્કાર વિજેતા સંગીતકાર એ.આર.રહેમાન દ્વારા સરકારનો ઓલિમ્પિક એમ્બેસેડર બનવાનો પ્રસ્તાવ સ્વીકારી લેવામાં આવ્યો છે.

અગાઉ અભિનવ બિન્દ્રા અને સચીન તેન્ડુલકર પણ આ પ્રસ્તાવને સ્વીકારી ચૂકયા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે સલમાન ખાનને ઓલિમ્પિકના બ્રાન્ડ એમ્બેસેડર નિયુક્ત કર્યા બાદ ઉભા થયેલા વિવાદના પગલે સરકાર દ્વારા અભિનવ બિન્દ્રા, સચિન તેન્ડુલકર અને એ.આર. રહેમાનને આ પ્રસ્તાવ મોકલવામાં આવ્યો હતો.

- **બાંગ્લાદેશમાં ક્રિકેટરની સ્ટંપ ફટકારીને હત્યા**

બાંગ્લાદેશમાં એક ૧૬ વર્ષીય યુવા ક્રિકેટર બબલુ સિકંદરની હત્યા થઈ છે.

દેશના પાટનગર ઢાકામાં એક મેચ દરમિયાન થયેલા વિવાદમાં એક બેટ્સમેન દ્વારા વિકેટકીપીંગ કરી રહેલા સિકંદરને સ્ટંપ ફટકારવામાં આવતાં તેનું મૃત્યુ થયું હતું.

- **દેશના કરોડો લોકો ઈન્ટરનેટના વપરાશથી હજી દૂર : વિશ્વ બેન્ક**

વિશ્વ બેન્કે જણાવ્યું હતું કે ભારતમાં આવનારા સમયમાં ૧૦ વ્યકિતઓમાંથી ૮ વ્યકિતઓ પાસે પોતાનો જ મોબાઈલ હશે.

પરંતુ જે રીતે ડિજિટલ ક્રાંતિની વાતો થઈ રહી છે તે પ્રમાણે હજુ પણ લોકો ઈન્ટરનેટથી ઘણા દૂર છે.

ઈન્ફોર્મેશન ટેકનોલોજીની સેવાઓની બાબતમાં ભારત મોટો નિકાસકાર દેશ છે.

- **રીટેલ ફુગાવો વધીને ૫.૩૯ ટકા**

તાજેતરના મહિનાઓમાં મોંઘવારી દરમાં ઘટાડા તરફી વલણ જોવાયા બાદ એપ્રિલમાં ખાદ્યપદાર્થોની વધેલી કિંમતોના પગલે ફુગાવાનો દર વધીને ૫.૩૯% થયો છે.

ગયા મહિને આ દર છ મહિનાના તળિયે એટલે કે ૪.૮૩% ના સ્તરે હતો.

- **બનાસકાંઠામાં ૩.૪નો ભૂકંપ**

બનાસકાંઠાના પૂર્વ વિસ્તારમાં ૧૨ મે ના રોજ ૧૦.૨૯ કલાકે ભૂકંપનો આંચકો અનુભવાયો હતો.

ભૂકંપનું એપી સેન્ટર પાલનપુરથી ૧૯ કિ.મી. દૂર પૂર્વ ઉત્તર તરફ અમીરગઢના વિરમપુર નજીક નોંધાયું હતું.

રિક્ટર સ્કેલ પર આ ભૂકંપની તીવ્રતા ૩.૪ નોંધવામાં આવી છે.

- **રિક્ષાઓ અને ટેક્ષીઓમાં એક મહિનામાં ફલેગ મીટર ટેસ્ટીંગ**

શહેરમાં દોડતી રિક્ષા અને ટેક્ષીના મીટરની ચકાસણી માટેના ફલેગ મીટર બેચ (મશીનો) શરૂ કરવા રાજય સરકારે રાજયના તોલમાપ વિભાગને પરિપત્ર કરી આદેશ આપતાં મશીન ચાલુ કરવાની કામગીરી હાથ ધરાઈ છે.

મશીન શરૂ થઈ ગયા બાદ રિક્ષા અને ટેક્ષીના ફલેગ મીટરોની ચકાસણી થશે અને યાન્કી મીટરથી છેલ્લા કેટલાક વર્ષોથી છેતરાઈ રહેલા ગ્રાહકોને રાહત થશે.

- **IS દ્વારા બાળકો માટે જેહાદી એપ લોંચ કરાઈ**

ત્રાસવાદી સંગઠન ISIS દ્વારા બાળકોને જેહાદી પ્રવૃત્તિમાં સામેલ કરવા માટે જેહાદી એપ લોન્ચ કરવામાં આવી છે.

તેમને આ એપમાં જેહાદી થીમની મદદથી અરેબિક મૂળાક્ષરો અને શબ્દભંડોળ શીખવવાનો ISIS નો મનસૂબો છે. જેમાં ટેન્ક, ગન અને રોકેટ જેવા હથિયારો અને કેટલાક હિંસક શબ્દોનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

આ એપમાં બાળકોની હિંસક વૃત્તિ વધે તેવી ગેમ્સ પણ આપવામાં આવી છે.

'લિબર્ટી ઓફ ઝીલ' નામની આ એપ એન્ડ્રોઈડ પ્લેટફોર્મ માટે તૈયાર કરવામાં આવી છે.

આ એપ ઈસ્લામિક સ્ટેટ ટેલિગ્રામ ચેનલો તેમજ અન્ય ફાઈલ શેરીંગ વેબસાઈટ્સ દ્વારા લોન્ચ કરવામાં આવી છે.

- **હવે શિક્ષકોના કામના મૂલ્યાંકન માટે વિદ્યાર્થીઓના પ્રતિભાવ લેવાશે**

હવે શિક્ષકોના મૂલ્યાંકન માટે વિદ્યાર્થીઓ પાસેથી પ્રતિભાવો માંગવામાં આવશે.

કેન્દ્ર સરકાર આ અંગે એક નોટીફિકેશન બહાર પાડવા સંબંધમાં કામગીરી કરી રહી છે.

શિક્ષકોના મૂલ્યાંકન માટે વિદ્યાર્થીઓના ફીડબેક લેવાશે. એકેડેમિક પરફોર્મ ઈન્ડીકેટર (API)
સ્કોરમાં ફીડબેક એવા વિદ્યાર્થીઓ જ આપી શકશે. જેમની હાજરી ૭૫% થી વધુ હોય.

- **યુધ્ધ વિમાન સી - હેરિયર ૩૩ વર્ષીય સેવા બાદ નૌકાદળમાંથી નિવૃત્ત થયું**

૩૩ વર્ષીય સેવા બાદ નૌકાદળમાંથી સી - હેરિયર યુધ્ધ વિમાન ૧૧ મી મેના રોજ નિવૃત્ત થઈ ગયું છે. હવે મિગ ૨૯ કે તેનું સ્થાન લેશે.

ગોવાના ડાબોલિન સ્થિત INS હંસ ઉપર આયોજીત કાર્યક્રમમાં એડમિરલ આર. કે. ધવને સી - હેરિયરને વિદાય આપી હતી.

સી - હેરિયરને અંતિમ લેન્ડીંગ વખતે વોટર કેનન સેલ્યુટ પણ આપવામાં આવી હતી.

ભારતીય નૌકાદળમાં સી - હેરિયર યુધ્ધ વિમાન ૧૯૮૩ માં બ્રિટન પાસેથી ખરીદીને સામેલ કરવામાં આવ્યાં હતાં.

આ વિમાનો બ્રિટનમાં ૨૦૦૬ માં નિવૃત્ત થઈ ગયાં હતાં. પરંતુ અહીં અપગ્રેડ કરીને ઉડાડવામાં આવતાં હતાં.

આ વિમાનમાં ૧૮૬ કિમી/કલાકની ઝડપે હવામાં જ ઈંધણ ભરી લેવાની ક્ષમતા છે.

૦ થી ૨૯૬ કિમી/કલાકની ઝડપે લેન્ડીંગ કે ટેકઓફ કરી શકે છે.

તેને સીમિત જગ્યાએથી ટેક ઓફ એટલે કે અલગ રન વેની જરૂર નથી.

સી - હેરિયરને મિગ - ૨૯ કે દ્વારા વિદાય આપવામાં આવી હતી. મિગ - ૨૯ કે યુધ્ધ વિમાન અન્ય વિમાનોની સરખામણીમાં વધુ સક્ષમ છે. તે તમામ પ્રકારના હવામાનમાં ઉડી શકે છે. ૧.૫ અબજ ડોલરના સોદા અંતગર્ત આવાં ૧૬ વિમાનો ખરીદવામાં આવ્યાં હતાં.

મિગ - ૨૯ વિમાનો ૩૦૦૦ કિમીની ઉંચાઈ સુધી પહોંચી શકે છે. તે ૨૪૪૫ કિમી/કલાકની ઝડપે ઉડી શકે છે. આ એર સુપરિયોરિટી ફાઈટર જેટ છે. જે રડાર કન્ટ્રોલ્ડ મિડિયમ રેન્જની મિસાઈલોથી દુશ્મનો પર પ્રહાર કરે છે.

## 14 MAY, 2016

- **નિરંકારી સંપ્રદાયના બાબા હરદેવસિંહનું નિધન**

નિરંકારી સંપ્રદાયના પ્રમુખ અને ધાર્મિક ગુરુ બાબા હરદેવસિંહનું કાર અકસ્માતમાં નિધન થયું છે.

તેઓ ૬૨ વર્ષના હતા.

- **યાત્રાથી ચાર મહિના પૂર્વે એલ.ટી.સી. એડવાન્સ મળશે**

સરકારી કર્મચારી યાત્રાના ચાર મહિના પૂર્વે એલ.ટી.સી. એડવાન્સ લઈ શકશે.

કેન્દ્ર સરકારે હવે એલ.ટી.સી. એડવાન્સના નિયમોમાં છૂટાછાટ આપી છે.

અત્યાર સુધી કર્મચારી પોતે અને પોતાના પરિવાર માટે ૬૫ દિવસ પૂર્વે એડવાન્સ લઈ શકતો હતો.

- **સુપ્રિમ કોર્ટના ચાર ન્યાયાધીશોએ શપથ લીધા**

સુપ્રિમ કોર્ટના ચાર ન્યાયાધીશો દ્વારા શપથ લેતાં હવે મુખ્ય ન્યાયાધીશ સહિત સુપ્રિમ કોર્ટના કુલ ન્યાયાધીશોની સંખ્યા ૨૯ થઈ છે.

જસ્ટીસ એ. એ.ખાન વિલકર, જસ્ટીસ ડી.વાય. ચંદ્રચૂર, જસ્ટીસ અશોક ભૂષણ અને જસ્ટીસ એલ.નાગેશ્વર ૧૩ મે ના રોજ શપથ લીધા હતા.

- **વિશ્વનું સૌથી મોટું જહાજ 'હાર્મની ઓફ ધ સીઝ'**

વિશ્વનું સૌથી મોટું જહાજ 'હાર્મની ઓફ ધ સીઝ' ૧૨ મી મેના રોજ ફ્રાન્સના દરિયામાં લોન્ચ કરવામાં આવ્યું છે.

આ જહાજમાં એક સાથે ૮,૫૦૦ થી વધુ લોકો સવાર થઈ શકે છે.

તેનું વજન ૧.૨ લાખ ટન અને ઊંચાઈ એફિલ ટાવર કરતાં પણ વધુ છે. એફિલ ટાવરની ઊંચાઈ ૩૨૪ મીટર છે. તેની લંબાઈ ૩૬૨ મીટર છે. આ જહાજ ૧૬ માળનું છે.

જહાજ બનાવવા પાછળ ૧.૫૦ અબજ ડોલરનો ખર્ચ થયો છે.

- **૧૬ સરકારી ચેનલ પર નીટનું કોચિંગ અપાશે**

મેડીકલ - ડેન્ટલમાં પ્રવેશ માટેની નીટ ફરજિયાત થાય તો વિદ્યાર્થીઓને કઈ રીતે સહાયભૂત થઈ શકાય તે બાબતે મુખ્યમંત્રીએ ૧૩ મે ના રોજ બેઠક યોજી હતી.

નીટનો તૈયાર કરાતો કેશ કોર્સ સરકારની તમામ ૧૬ ચેનલ પરથી પ્રસારિત કરાશે અને કેબલ ઓપરેટર્સ ફરજિયાત તેનું પ્રસારણ કરવું પડશે.

ગુજરાત બોર્ડ દ્વારા સી.બી.એસ.ઈ. ના નિષ્ણાંત શિક્ષકોની મદદ લઈને આ કોર્સ તૈયાર કરવામાં આવશે.

- **રેલવેની ફરિયાદના નિકાલ માટે ઈન્ટીગ્રેટેડ કમ્પલેન સેલ**

મુસાફરી દરમ્યાન ટ્રેનમાં પેસેન્જરોને પડતી સમસ્યાઓના નિકાલ માટે રેલવેતંત્ર દ્વારા હેલ્પલાઈન નંબરો જાહેર કરવામાં આવ્યા છે.

તમામ ફરિયાદોના અલગ અલગ વિભાગ દ્વારા નિરાકરણ લાવવામાં આવે છે. જેમાં ઘણો સમય પસાર થઈ જાય છે. ત્યારે હવે પેસેન્જરોની ફરિયાદનો ઝડપી નિકાલ આવે તે હેતુથી અમદાવાદ ડીવીઝન દ્વારા જૂનના અંત સુધીમાં ડી.આર. એમ. ઓફિસમાં ઈન્ટીગ્રેટેડ કમ્પલેન સેલ શરૂ કરવામાં આવશે.

સફાઈ, સીટ સહિત કોચને લઈ થતી સમસ્યા માટે ૧૩૮ નંબર,

સામાનની ચોરી, મારામારી જેવી સમસ્યા વખતે પોલીસની મદદ માટે ૧૮૨ નંબર

એસએમએસથી ફરિયાદ કરવા માટે ૧૩૯,

ટવીટર પર ફરિયાદ, કલીન માય કોચ એપ, બોર્ડથી આવતી ફરિયાદો વગેરે માટે ઉપર મુજબ અલગ - અલગ ફરિયાદ કરવી પડતી હતી. જેમાં ૧૩૮ પર આવતી ફરિયાદો કોમર્શિયલ કંટ્રોલ વિભાગ દ્વારા, ૧૮૨ પર આવતી ફરિયાદો આરપીએફ કંટ્રોલ દ્વારા અને ટ્વીટર પર આવતી ફરિયાદો પીઆરઓ ઓફિસ દ્વારા હેન્ડલ કરવામાં આવતી હતી.

- **ભારતના વિદેશ વ્યાપારમાં સતત ઘટાડો**

એપ્રિલ માસ દરમ્યાન દેશની નિકાસ ૬.૭૪% ઘટીને ૨૦.૫ અબજ ડોલર થઈ ગઈ છે. જે દર્શાવે છે કે નિકાસમાં છેલ્લા ૧૭ મહિનાથી સતત ઘટાડો થઈ રહ્યો છે.

તે જ પ્રમાણે આયાતમાં પણ ૨૩.૧% નો ઘટાડો થઈને ૨૫.૪૧% અબજ ડોલર થઈ ગઈ છે.

| **એપ્રિલ - ૧૬** | **એપ્રિલ - ૧૫** | **ઘટાડો** |
|---|---|---|
| આયાત - ૨૫.૪૧ અબજ ડોલર | ૩૩.૦૪ અબજ ડોલર | ૨૩.૦% |
| નિકાસ - ૨૦.૫૬ અબજ ડોલર | ૨૨.૦૫ અબજ ડોલર | ૬.૭૪% |
| વ્યાપારી ખાદ્ય - ૪.૮૪ અબજ ડોલર | ૧૦.૯૯ અબજ ડોલર | - |

- **ભારત અને ચીન વચ્ચે કરવેરાની માહિતી માટે કરાર**

ભારતે ચીન અને ઈઝરાયેલ સહિત પાંચ દેશો સાથે ઓટોમેટીક એક્ષચેન્જ માટે કરવેરાને મુદ્દે અને નવા સાધનો વિકસાવવા આધારિત ઈશ્યુ અને કરચોરીને લગતી માહિતીનું આદાનપ્રદાન કરવા કરાર કર્યા હતા.

મલ્ટીનેશનલ કંપનીઓના સતત પારદર્શકતા વધારવાના પ્રયાસોના ભાગરૂપે કેનેડા, આઈસલેન્ડ, ભારત, ઈઝરાયેલ, ન્યુઝીલેન્ડ અને પીપલ્સ રીપબ્લિક ઓફ ચીને ઓટોમેટીક એકસ.ના દેશથી દેશના અહેવાલ માટે મલ્ટીલેટરલ કોમ્પિટન્ટ ઓથોરિટી એગ્રીમેન્ટસ કરાર કર્યા હતા.

- **ટ્રેડમાર્ક રજીસ્ટ્રેશન ૩૦ દિવસમાં**

ટ્રેડમાર્કના રજીસ્ટ્રેશનની સંપૂર્ણ પ્રક્રિયા ઓનલાઈન કરવામાં આવશે.

તેના કારણે કંપનીઓ માત્ર ૩૦ દિવસમાં પોતાના ટ્રેડમાર્કનું રજીસ્ટ્રેશન કરાવી શકશે.

૧૨ મે ના રોજ કેન્દ્રીય કેબિનેટ ઈન્ટેલકચ્યુઅલ પ્રોપર્ટી રાઈટસ (IPR) કે પેટન્ટ પોલીસીને મંજૂરી આપી છે.

નાણામંત્રી શ્રી અરૂણ જેટલીએ જણાવ્યું હતું કે આપણા પેટન્ટ કાયદાની કલમ -૩ - ડી ઘણા દેશોએ અપનાવી છે.

- **વિશ્વના સૌથી મોટા કાર્ગોનું હેદરાબાદમાં લેન્ડીંગ**

રશિયાનું વિશ્વના સૌથી મોટા કાર્ગો વિમાન એન્ટેનોવ - **A - 225** મૃયા નું શુક્રવારે હેદરાબાદમાં રાજીવ ગાંધી

ASTHA ACADEMY Mo.: 8866641

આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર લેન્ડીંગ થયું હતું.

એન - ૨૨૫ મૃયા વિમાન છ એન્જિન છે અને રશિયન ભાષામાં મૃયાનો અર્થ સ્વપ્ન થાય છે.

સૌથી લાંબુ અને સૌથી વજનદાર આ વિમાન યુરોપથી ઓસ્ટ્રેલિયાના પ્રવાસે છે.

- **દુનિયાની સૌથી વયોવૃદ્ધ વ્યક્તિનું ૧૧૬ વર્ષે નિધન**

દુનિયાની સૌથી વયોવૃદ્ધ વ્યક્તિ સુસાના મુશાત જોન્સનું ન્યૂયોર્કમાં નિધન થઇ ગયું. તેઓ ૧૧૬ વર્ષના હતા. જેરોન્ટોલોજી રિસર્ચ ગ્રુપ મુજબ, હવે ઇટાલીની ૧૧૬ વર્ષીય એમા મોરાનો માર્ટિનુજ્જી દુનિયાની સૌથી વયોવૃદ્ધ વ્યક્તિ બની ગઇ છે. જોન્સનો જન્મ ૧૮૯૯માં અમેરિકાના અલાબામામાં થયો હતો. ગિનીઝ વર્લ્ડ રેકોર્ડ્સ અને વેન્ડેલિયા સેન્ટર અનુસાર, ન્યૂયોર્કમાં તેમણે હાઉસકીપિંગ અને ચાઇલ્ડકેર પ્રોવાઇડરનું કામ કર્યું હતું. ૧૯૬૫થી તેઓ નિવૃત્ત જીવન ગાળી રહ્યા હતા.

- **ચીનની નેપાળ સાથે સંબંધો વધારવા ક્વાયત**

જમીન માર્ગે હિમાલયની પર્વતમાળામાં ઘેરાયેલા નેપાળનો ભારત પરનો આધાર ઘટાડવા માટે ચીને નેપાળ સાથે રેલવે અને ભૂમિ માર્ગે રસ્તો ચાલુ કર્યો છે. તે માર્ગે તે નેપાળને તેની જરૂરીયાત પુરી પાડી શકે અને ભારત પર નેપાળનું અવલંબન ઘટે. મધેસીઓએ નેપાળમાં ચલાવેલા આંદોલન વેળા નેપાળ - ભારત માર્ગ બંધ થતાં નેપાળમાં ચીજવસ્તુની કારમી તંગી સર્જાઈ હતી.

- **કોચીમાં દેશનું પ્રથમ મરી-મસાલા મ્યુઝિયમ બનશે**

વિલિંગ્ડન ટાપુ પર દેશનું પ્રથમ મરી-મસાલા (સ્પાઈસ) મ્યુઝિયમ કેરળના કોચી ખાતે બનશે. કોચીના કાંઠે આવેલા વિલિગ્ડન ટાપુ પર તેનું ખાતમુહૂર્ત સ્પાઇસ બોર્ડ ઓફ ઇન્ડિયાના ચેરમેન ડૉ. એ. જયાથિલકના હાથે થયું છે.

- **ભારતીય મૂળના અમેરિકન શિક્ષિકાનું ઓબામાએ સન્માન કર્યું**

'પાટસી સોમર એલિમેન્ટ્રી સ્કૂલ'માં ફરજ બજાવતાં રેવતી બાલક્રિષ્ણનનું ઓબામાએ સન્માન કર્યું છે. 'ટેકસાસ એલિમેન્ટરી ટીચર ઓફ ધ ઈયર-૨૦૧૬' તરીકે પણ તેમને પસંદ કરાયા છે. સોમર ખાતે હાલ ત્રણથી પાંચ ધોરણમાં ગણિત શીખવતાં રેવતીનું ગત સપ્તાહે સન્માન કરાયું હતું.

- **રાજકારણી એન. કે. સિંહને જાપાનનો બીજા ક્રમનો સર્વોચ્ચ એવોર્ડ**

વેપાર અને રોકાણ ક્ષેત્રે છેલ્લાં કેટલાક વર્ષોમાં જાપાન અને ભારત વચ્ચેના સંબંધોને વધુ મજબૂત બનાવવા માટે આપેલા યોગદાન બદલ સનદી સેવકમાંથી રાજકારણી બનેલા એન. કે. સિંહને જાપાનનો બીજા ક્રમનો સર્વોચ્ચ એવૉર્ડ એનાયત કરાયો હતો. 'ઓર્ડર ઓફ ધી રાઈઝિંગ સન' નામનો ઈમપીરિયલ પેલેસ ખાતે ગોલ્ડ એન્ડ સિલ્વર એવૉર્ડ સિંહને વડાપ્રધાન શિંઝો એબે દ્વારા એનાયત કરાયો હતો. એવૉર્ડના પ્રશસ્તી પત્રમાં સિંહની સેવાઓને બિરદાવવામાં આવી હતી.

- **એપલને પછાડી ગૂગલ જગતની સૌથી વધુ મૂલ્યવાન કંપની બની**

ફોર્બ્સ દર વર્ષે વિશ્વની સૌથી મૂલ્યવાન બ્રાન્ડ્સનું લિસ્ટ તૈયાર કરે છે. એ લિસ્ટ પ્રમાણે ટોપ-૧૦ બ્રાન્ડની યાદી અહીં આપી છે. દસમાંથી પાંચ કંપનીઓ ટેકનોલોજી, કમ્પ્યુટર, ઇન્ટરનેટ સાથે સંકળાયેલી છે.

(૧) ગૂગલ (૨) એપલ (૩) માઇક્રોસોફ્ટ (૪) કોકા-કોલા (૫) ફેસબુક (૬) ટોયોટા (૭) આઈબીએમ (૮) ડિઝની (૯) મેકડોનાલ્ડ્સ (૧૦) જનરલ ઈલેક્ટ્રીક્સ

## 15 MAY, 2016

- **સૌર પેનલ માટે વિશ્વબેન્ક ૪૧૭૩ કરોડ રૂપિયા આપશે**

છત પર સૌર પેનલ લગાવવા માટે વિશ્વ બેન્ક ભારતને ૪૧૭૩ કરોડ રૂપિયાની લોન આપશે.

આ પાછળનું લક્ષ્ય સ્વચ્છ ઈંધણને પ્રોત્સાહન આપવાનું છે.

તેનાથી છત પર ઓછામાં ઓછી ૪૦૦ મેગાવોટની ક્ષમતાની સૌર ઊર્જા પેનલો લગાવવામાં આવશે.

આ યોજનાનો અમલ SBI દ્વારા થશે. બેંક ગ્રાહકોને પોતાના માપદંડ મુજબ લોન આપશે.

- **અંજલિએ UNમાં પોસ્ટર સ્પર્ધા જીતી**

૨૨ વર્ષીય ભારતીય કલાકાર અંજલિ ચંદ્રશેખરે યુએન પોસ્ટર પ્રતિયોગિતામાં ત્રીજો ક્રમાંક પ્રાપ્ત કર્યો છે.

પરમાણુ અપ્રસાર વિષય પર આયોજીત સ્પર્ધામાં ૧૨૩ દેશોમાંથી ૪૧૦૦ લોકોએ ભાગ લીધો હતો.

અંજલિને બ્રેક ફ્રી નામના પોસ્ટર માટે યુ.એન. મહાસચિવ બાન કી મૂને પ્રમાણપત્ર આપ્યું હતું.

- **૧ જૂનથી સર્વિસ ટેક્સમાં વધારો**

સરકાર ૧ લી જૂનથી ૦.૫૦% 'ખેડૂત કલ્યાણ સેસ' લાદવા જઈ રહી છે.

હવે લોકોએ ૧૫% સર્વિસ ટેકસ આપવો પડશે.

તેનું કારણ બેન્કિંગ સેવાઓ, રેલવે, હવાઈ યાત્રા, વીજળી, મોબાઈલ, હોટલના બિલ, ફિલ્મ જોવાનું મોંઘુ બનશે.

યુટિલીટી બિલ, વાઈફાઈ, બેન્કીંગ અને ઈન્શ્યોરન્શ સેવા, ટુર પેકેજ, એમ્યુઝમેન્ટ પાર્કની સહેલ, તમામ પ્રકારના સ્પા, સલૂન, પાર્લર, બ્યૂટી ટ્રીટમેન્ટ, કેટરીંગ, વેડિંગ પ્લાનર, બેન્કવેટ અને હોટલ જેવી સેવાઓ મોંઘી થશે.

- **અકસ્માતમાં મૃત્યુ પામતા ખેડૂતના કુટુંબને ૪ લાખ રૂપિયાની સહાય**

૧૪ મે ના રોજ જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીમાં સૌરાષ્ટ્ર ઝોનનો

કૃષિ મેળો, કૃષિ પ્રદર્શન અને કૃષિ સેમિનારનો મુખ્યમંત્રી આનંદીબેન પટેલે પ્રારંભ કરાવ્યો હતો.

આ વખતે તેમણે ખેડૂતો માટે આર્થિક સહાયની જાહેરાત કરી હતી.

હવે ખેતરમાં કામ કરતા ખેડૂતનું વીજકરંટથી કે કૂવામાં કામ કરતા તથા અકસ્માતથી મૃત્યુ થાય તો તેના પરિવારને જે એક લાખ રૂપિયાની સહાય આપવામાં આવતી હતી, તેની જગ્યાએ હવે ૪ લાખ રૂપિયાની સહાય આપવામાં આવશે.

આ ઉપરાંત મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે જંગલ અને રેવન્યુ વિસ્તારમાં સિંહ કે દીપડાના હુમલામાં પશુ અથવા માનવીનું મૃત્યુ થાય તો તેની અલગ અલગ સહાયની જોગવાઈ હતી. હવે બંને વિસ્તારમાં થતા મૃત્યુમાં સમાન ધોરણે અપનાવવામાં આવશે.

- **યુનિવર્સિટીના કર્મચારીઓ માટે CCC ફરજિયાત**

ગુજરાત યુનિવર્સિટીમાં કામ કરતા હંગામી કર્મચારીઓ માટે CCC ની પરીક્ષા ફરજિયાત કરવામાં આવી છે.

ગુજરાત યુનિ. માં આશરે ૨૫૦ જેટલા હંગામી કર્મચારીઓ કામ કરે છે. જો તેઓ આ પરીક્ષા પાસ નહીં કરે તો તેમને કાઢી મૂકવામાં આવશે.

- **કુવૈતના રણમાં સી - સિટી બની રહ્યું છે**

કુવૈતના રણમાં 'દરિયાઈ શહેર' બની રહ્યું છે. આ શહેર બનાવવા માટે ૧૦ કિલોમીટર દૂરથી દરિયાનું પાણી અહીં લાવવામાં આવી રહ્યું છે.

૧૨૪ કિલોમીટરનો દરિયા કિનારો પણ અહીં બનાવવામાં આવ્યો છે.

આ શહેરને 'સબાલઅલ અહેમદ સી સિટી' નામ આપવામાં આવ્યું છે.

૨૦ દેશોના એન્જીનીર્યસ અને વર્કસ આ પ્રોજેકટ પર કામ કરી રહ્યા છે. આ શહેર ૨૦૨૦ સુધીમાં તૈયાર થઈ જશે. એ સમયે અહીં ૨૫,૦૦૦ લોકો રહેતા હશે.

સી - સિટીનો આ કોન્સેપ્ટ પ્રોપર્ટી ડેવલપર ખાલિદ યુસુફનો હતો.

જો કે ગલ્ફ વોરને કારણે તે આ પ્રોજેકટ પર કામ ન કરી શકયા. આ દરમિયાન તેમનું મોત નીપજયું. ૨૦૦૩ માં તેના પુત્ર ફવાઝે આ પ્રોજેકટ શરૂ કર્યો અને અત્યારે ૮૦% કામ પૂર્ણ થઈ ચૂકયું છે.

- **NSGમાં સભ્યપદ માટે ભારતને અમેરિકાનું સમર્થન**

ભારત 'ન્યુકિલયર સપ્લાયર ગૃપ'માં જોડાવા માટે સંપૂર્ણ રીતે તૈયાર છે તેમ અમેરિકાએ જણાવ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે હાલમાં ચીન અને પાકિસ્તાન NSG માં ભારતના સભ્યપદનો વિરોધ કરી રહ્યા છે.

અમેરિકન વિદેશ વિભાગના પ્રવક્તા જહોન કિર્બીએ જણાવ્યું હતું કે ભારત મિસાઈલ ટેકનોલોજી કંટ્રોલની બધી જ જરૂરિયાતો પૂર્ણ કરે છે. તે NSGના સભ્યપદ માટે તૈયાર છે.

NSGમાં હાલ 48 સભ્યો છે. બીજી બાજુ ચીનનો દાવો છે કે તેના સિવાય NSGના અનેક સભ્ય દેશો ભારતના સભ્યપદ વિરુધ્ધ છે. આ માટે પરમાણુ અપ્રસાર સંધિ પર હસ્તાક્ષર કરવા જરૂરી છે ભારત, પાકિસ્તાન, ઈઝરાયેલ, દક્ષિણ સુદાન જેવા સંયુક્ત રાષ્ટ્રના ચાર સભ્ય દેશોએ પરમાણુ અપ્રસાર સંધિ પર હસ્તાક્ષર કર્યા નથી.

NSG ન્યુક્લિયર ટેકનોલોજી અને યુરેનિયમ, થોરિયમ જેવા ખનીજોની સપ્લાય કરતું આંતરરાષ્ટ્રીય સંગઠન છે. ભારતમાં વીજળી બનાવવા માટે પરમાણુ વીજ એકમો બનાવાઈ રહ્યા છે. ભારત NSGનું સભ્ય બની જાય તો પરમાણુ ઊર્જાથી વીજળી બનાવવાનો તેનો માર્ગ સરળ થઈ જશે.

- **ઉદય કોટક દેશના સૌથી શક્તિશાળી બેંકર**

કોટક મહિન્દ્રા બેંકના CEO ઉદય કોટક નાણાંકીય જગતમાં ભારતની સૌથી શક્તિશાળી વ્યક્તિ છે.

જાણીતા આંતરરાષ્ટ્રીય મેગેઝીન ફોર્બ્સ સમગ્ર વિશ્વના આવા ૪૦ લોકોની યાદી બનાવી છે. આ યાદીમાં ભારતના એકમાત્ર ઉદય કોટકને સ્થાન આપવામાં આવ્યું છે.

ફોર્બ્સ મુજબ ઉદય કોટકની સંપત્તિ ૭.૧ અબજ ડોલર (૪૭,૦૦૦ કરોડ રૂપિયા) છે. મેગેઝીનની યાદીમાં તેમને ૩૩ મું સ્થાન આપવામાં આવ્યું છે.

ફોર્બસની આ યાદી માટે ચાર બાબતો પર ધ્યાન આપવામાં આવ્યું છે. જેવી કે વ્યકિતની સંપત્તિ, કેટલાં નાણાંનું મેનેજમેન્ટ કરે છે, ત્રણ વર્ષનો ટ્રેક રેકોર્ડ અને બજાર પર અસર.

આ યાદીમાં સ્ટીફન શ્વાર્જમેન (બ્લક સ્ટોન ગ્રુપ) પ્રથમ નંબર પર છે અને વોરેન બફેટ (બર્કશાયર હેથવે) ચોથા ક્રમે છે.

- **એક જૂનથી સર્વિસ ટેક્સ ૧૫ ટકા**

સામાન્ય બજેટમાં ૦.૫ ટકા કૃષિ કલ્યાણ સેસ અમલી બનતાં સર્વિસ ટેક્સ ૧૪.૫ ટકાથી હવે ૧૫ ટકા થશે. સેવા કરમાં વૃદ્ધિ થતાં લગભગ તમામ સેવા મોંઘી થશે. તેમાં રેસ્ટોરન્ટમાં ભોજન, ફિલ્મ, રેલવે અને વિમાની સફર સહિતની સેવાઓનો સમાવેશ થાય છે.

પાંચ સેવા વિશેષ મોંઘી થશે. (૧) વીમા - બેન્કિંગ સેવા (૨) મનોરંજન (૩) મોબાઈલ - વીજ બિલ (૪) પ્રવાસ, હોટેલ અને પાર્લર સેવા (૫) લગ્ન ખર્ચ

- **રવાડાના કેપ્ટને ૫૧ કલાક પ્રેક્ટીસ કરી વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો**

રવાડા ક્રિકેટ ટીમના કેપ્ટન એરિક ડુસિંગઝિમાનાએ સંયમ અને સ્ટ્રેન્થનો પરિચય આપતાં નેટ પર સતત ૫૧ કલાક બેટિંગ કરી ગિનિસ બુક ઓફ રેકોર્ડ્સમાં પોતાનું નામ નોંધાવ્યું છે. એરિકે ગત વર્ષે ભારતના વિરાગ માને દ્વારા સતત ૫૦ કલાક નેટ પર બેટિંગ કરવાનો રેકોર્ડ બનાવ્યો હતો તેને તોડ્યો હતો.

- **પ્રો. કબડ્ડી લીગ : મોહિત ચિલ્લર સૌથી ઊંચી કિંમતે ખરીદાયો**

પ્રો. કબડ્ડી લીગની ચોથી સિઝન માટે યોજાયેલી લિલામીમાં ડિફેન્ડર માહિત ચિલ્લર ૫૩ લાખની ભારે રકમ મેળવી સૌથી મોંઘો ખેલાડી બની ગયો છે.

ઊંચી કિંમતે ખરીદાયેલા ખેલાડીઓ

| નામ | ટીમ | જૂની ટીમ | કિંમત |
|---|---|---|---|
| મોહિત ચિલ્લર | બેંગલુરુ | યુ મુંબા | ૫૩ લાખ |
| સંદીપ નરવાલ | તેલુગુ | પટના | ૪૫.૫ લાખ |
| જીવાકુમાર | યુ મુંબા | યુ મુંબા | ૪૦ લાખ |

- **મોદીની ઉજાલા યોજના**

ગુજરાતમાં 'અજવાળું' થયું નહીં

વિજળીની બચતના હેતુથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઉજાલા યોજના શરૂ કરી, પણ અન્ય રાજ્યોની સરખામણીમાં ગુજરાતમાં આ યોજનાનો અસરકારક અમલ જ થઈ શક્યો નહીં. છેલ્લાં એકાદ વર્ષમાં ઉજાલા યોજના હેઠળ માત્ર ૫ હજાર એલઈડી બલ્બ વહેંચવામાં આવ્યા હતા.

જાન્યુઆરી ૨૦૧૫માં દિલ્હીમાં વડાપ્રધાન મોદીએ ઉજાલા યોજનાનું લોન્ચિંગ કર્યું હતું. 'પ્રકાશ પથ'ના નામે શેરી - મકાનોમાં એલઈડી બલ્બ જરૂરિયાતમંદોને આપવામાં આવે છે.

આંધ્રપ્રદેશ ઉજાલા યોજનાના અમલમાં ટોપ પર રહ્યું છે. કેમ કે, અહીં ૧.૮૯ કરોડ બલ્બ વહેંચાયા છે.

મહારાષ્ટ્ર ૧.૬૨ કરોડ બલ્બ વહેંચી બીજા ક્રમે રહ્યું છે.

પંજાબ છેલ્લા ક્રમે રહ્યું છે. આ રાજ્યમાં માત્ર ૨૫૪૪ બલ્બ વહેંચાયા હતા.

- **દેશમાં આંતરજ્ઞાતીય લગ્નોનું પ્રમાણ ૫ ટકા : ગુજરાત ૧૩ ટકા સાથે પાંચમા ક્રમે**
- **ભારતની લશ્કરી નિકાસ બે વર્ષમાં ૨૦૦ કરોડ ડોલર કરવાનો લક્ષ્યાંક : પાર્રિકર**

**દેશની વર્તમાન લશ્કરી નિકાસ ૩૩ કરોડ ડોલર છે.**

- **અમેરિકન સોલિસીટર ફર્મમાં વકીલને બદલે 'કોમ્પ્યુટર' જ વકીલાત કરશે.**

કમ્પ્યુટરો જ માણસની જેમ વિચારવાની શરૂઆત કરી કામ કરતાં થઈ જાય તેને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (એઆઈ - કૃત્રિમ બુદ્ધિમતા) કહેવાય. હવે એક પછી એક ક્ષેત્રમાં કમ્પ્યુટરો અને ખાસ તો વિચારીને કામ કરી શકતાં કમ્પ્યુટરોનું આગમન વધ્યું છે. એટલે કે માણસનું જ સ્થાન કમ્પ્યુટરોએ લેવાની શરૂઆત કરી દીધી છે. તેનું લેટેસ્ટ ઉદાહરણ અમેરિકાની કાયદાકીય પેઢી (લો - ફર્મ) બેકર એન્ડ હોસ્ટલરમાં જોવા મળ્યું હતું. બેકર એન્ડ હોસ્લરે એટર્ની એટલે કે વકીલ તરીકે રોસ નામના કમ્પ્યુટરને નિમણૂક આપી છે.

- **આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ એટલે શું ?**

'આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ' એટલે કે 'કૃત્રિમ બુદ્ધિમત્તા'. માણસ વિચારી શકે છે એટલે મશીન કરતાં ચડિયાતો છે. માણસ વિચારી શકે છે એટલે જ મશીન તેના તાબામાં છે. ટૂંકમાં વિચારી શકવું, તર્કબદ્ધ દલીલ કરવી, સ્ટેપ - બાય - સ્ટેપ આગળ વધી શકાય એવો ખ્યાલ હોવો એ બધી આવડતો જ માણસને મશીન ઉપરાંત પૃથ્વીનાં અન્ય પ્રાણીઓથી પણ અલગ પાડે છે. બાકી તો મશીનો - રોબોટ્સ - યંત્રો - ગેજેટ્સ હવે માણસો કરી શકે એવાં ઘણાં બધાં કામ કરતાં થઈ ગયા છે. પણ જો મશીનો માણસની જેમ વિચારતા થઈ જાય તો શું થાય ? મશીનો વિચારતા થઈ પોતાની રીતે નિર્ણય લેવા માંડે એવી સ્થિતિ એટલે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ. હવે એવી બુદ્ધિ જે કુદરતે નહિ, માણસે બનાવવાની શરૂ કરી છે. હજુ ગયા મહિને જ ગૂગલના ડીપ 'ડીપ માઈન્ડ' નામના પ્રોગ્રામે દુનિયાની સૌથી અઘરી ગેમના ખેલાડીને હરાવીને કૃત્રિમ બુદ્ધિમત્તાનો પરિચય આપ્યો હતો.

- **વંડા ગામમાં વાંસના રેસાઓમાંથી ખાદીનું કાપડ તૈયાર થાય છે**

અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકામાં આવેલા વંડા ગામમાં વાંસમાંથી ખાદીનું કાપડ તૈયાર કરવામાં આવે છે. વાંસના રેસાઓમાંથી ખાદી બનતી હોય એવું ગુજરાતનું એક માત્ર સ્થળ છે.

## 16 MAY, 2016

- **ભારતમાં બનેલી ઈન્ટરસેપ્ટર મિસાઈલનું સફળ પરીક્ષણ**

૨૦૦૦ કીમી રેન્જમાં આવતી દુશ્મનની મિસાઈલ તોડી પાડશે.

ઓરિસ્સાના અબ્દુલ કલામ આઈલેન્ડ પરથી મિસાઈલને ફાયર કરવામાં આવી હતી. આ એક સુપરસોનિક બેલાસ્ટિક મિસાઈલ છે, જે ૨૦૦૦ કિલોમીટરની રેન્જમાં આવતી દુશ્મનોની મિસાઈલોને તોડી પાડવાની ક્ષમતા ધરાવે છે. ડીઆરડીઓના ઓફીસરોએ જણાવ્યું કે મિસાઈલે બંગાળની ખાડીમાં તેનો ટાર્ગેટ હિટ કર્યો છે

- **ઈન્ટરસેપ્ટર મિસાઈલની વિશેષતાઓ**

આ મિસાઈલ સંપૂર્ણ રીતે ભારતમાં બનેલી છે. તેને ડીઆરડીઓએ બનાવી છે તેની લંબાઈ - ૭.૫ મીટર છે, જેમાં એડવાન્સ નેવીગેશન સિસ્ટમ લાગેલી છે. એન્ટી બેલાસ્ટીક મિસાઈલ સુપર સોનિક (ધ્વનિની ગતિ કરતાં વધુ વેગવાળું) છે. હાલ મિસાઈલ ૨૦૦૦ કિમી સુધી હવામાં એટેક કરી શકે છે, જેને અપગ્રેડ કરવામાં આવી રહી છે.

- **યુપી અને બિહારના લોકોને લખનૌમાં યુકેના વિઝા મળશે**

મંગળવારથી અહીં બ્રિટિશ હાઈકમિશન તરફથી નવા વિઝા

ASTHA ACADEMY MO.: 8980961441

સેન્ટરની શરૂઆત કરાશે. તેનાથી યુપી, બિહાર અને ઉત્તરાખંડથી બ્રિટન જવા માંગતા લોકો માટે વિઝા મેળવવામાં સરળતા થઈ જશે. અહીં દર મહિનાના ત્રીજા મંગળવારે વિઝા મળશે.

- **ગોલ્ડન બ્રિજ ૧૩૬ વર્ષનો થયો**

**સોનાની કિંમત જેટલો ખર્ચ થતાં નામ મળ્યું**

અંગ્રેજોના શાસનમાં નિર્માણ પામેલો ઐતિહાસિક ગોલ્ડન બ્રિજ આજે ૧૩૬ વર્ષમાં પ્રવેશ કરી રહ્યો છે. ૧૩૫ વર્ષથી અડીખમ ગોલ્ડનબ્રીજ હજી ૨૫ વર્ષ સુધી વાહન વ્યવહાર માટે ધમધમતો રહેશે. ત્યાં જ આઝાદી બાદ આધુનિક યુગમાં નિર્માણ થયેલા બંને સરદારબ્રિજ ૧૬ વર્ષમાં જ ખખડી ગયા છે.

- **ડો. પ્રવીણ તોગડીયાએ ઈન્ડિયા હેલ્થ લાઈનનું લોન્ચિંગ કર્યું**

વિશ્વ હિંદુ પરિષદના અધ્યક્ષ ડો. પ્રવીણ તોગડીયા દ્વારા રવિવારના રોજ ઈન્ડિયા હેલ્થ લાઈનનું લોન્ચિંગ કરવામાં આવ્યું હતું. આ હેલ્થ લાઈનમાં ગરીબ દર્દીઓની સેવા કરવા ઈચ્છતા તમામ ડોકટર્સને સાંકળી લેવામાં આવ્યા છે. આ સિવાય જિલ્લા અને તાલુકા લેવલે મેડિકલ વોલિયન્ટર્સ પણ તૈયાર કરવામાં આવનારા છે. જેઓ દરેક જરૂરિયાતમંદ પાસે જઈને તેમના આરોગ્યની તપાસ કરશે અને જરૂરી સારવાર પણ કરશે.

આ હેલ્થ લાઈનમાં ભારતના જાણીતા ડોકટર કે જેઓ મફતમાં સેવા આપવા તૈયાર છે.

ભારતના અન્ય સાત રાજયોમાં આ સેવા ચાલુ છે. ભારતના ૬૦૦૦થી વધુ ડોકટર આ હેલ્થ લાઈનમાં સેવા આપવા માટે તૈયાર થયા છે.

છેલ્લા ૩ વર્ષથી ભારતના ખૂણાખૂણાના એમડી અને એમએસ સહિતના ડોકટર્સને ભેગા કરીને આ હેલ્થ લાઈનનું નિર્માણ કરવામાં આવ્યું છે.

- **૧લી જૂનથી આવક ઘોષણા યોજના ઓનલાઈન ડેકલેરેશન થઈ શકશે**

નાણાં ધારા, ૨૦૧૬ના પ્રકરણ - ૯ પ્રમાણે શરૂ થયેલ આવક ઘોષણા યોજના ૨૦૧૬ અગાઉના વર્ષોમાં ખરી રીતે આવક જાહેર ન કરી હોય તેવા લોકોને આગળ આવવા અને આ પ્રકારની જાહેર નહીં થયેલ આવક જાહેર કરી શકશે. યોગ્યતા ધરાવતી વ્યકિત દ્વારા જાહેર કરવામાં આવ્યા પ્રમાણેની આ પ્રકારની આવક ૩૦ ટકા દરથી વત્તા ચુકવણીપાત્ર કર પર ‘કૃષિ કલ્યાણ સેસ’ -૨૫ ટકા અને ચુકવણીપાત્ર કરના ૨૫ ટકા દરથી દંડ વસૂલાશે. જે આ યોજના હેઠળ ઘોષિત આવકના ૪૫ ટકા થાય છે.

૧, જૂન ૨૦૧૬ થી ૩૦ સપ્ટેમ્બર ૨૦૧૬ સુધી આ યોજના ડેકલેરેશન રજૂ કરવા ચાર મહિનાના સમયગાળા માટે અમલી બનશે તેમ કરવેરા, સરચાર્જીસ અને દંડ (પેનલ્ટી) ની ચુકવણી ૩૦ નવેમ્બર ૨૦૧૬ સુધીમાં કરવી ફરજીયાત છે. ડેકલેરેશન ઓનલાઈન પણ કરી શકાય છે. અથવા દેશભરમાં સંબંધિત અધિકાર ક્ષેત્રમાં આવતા આવકવેરા પીઆર.કમિશનર સમક્ષ પણ રજૂ કરી શકાશે.

- **ઝારખંડમાં રેલવેએ ૩.૧૫ કલાકમાં અંડરપાસ બનાવી રેકોર્ડ કર્યો**

ઝારખંડમાં રાંચી સેકશનના લોધમાં અને કર્રા વચ્ચે માત્ર ૩.૧૫ કલાકમાં અંડરપાસ (લો. હાઈટ સબવે) બનાવીને રેલ્વેએ નવો રેકોર્ડ બનાવ્યો છે.

એન્જિનીયરોએ સવારે ૮.૩૦ વાગે કામ શરૂ કર્યું હતુ અને ૧૧.૪૫ વાગે અંડર પાસ બનીને તૈયાર થઈ ગયો હતો. આ રેલ્વે લાઈન પર દરરોજની જેમ ટ્રેનો દોડતી રહી. અંડરપાસ બનાવવામાં ૧.૨૫ કરોડ રૂપિયાનો ખર્ચ થયો છે.

- **બોલ્ટ આઠ મહિના બાદ ટ્રેક પર પરત ફર્યો. ઈન્વિટેશનલ ૧૦૦ મીટર રેશમાં ગોલ્ડ જીત્યો**

**ઈન્ડિયાનાપોલિસ સ્પીડ - વે પર સાઈમને સતત ત્રીજી વખત ઈન્ડિકા કાર રેસ જીતી**

ફ્રેંચ પ્રોફેશનલ કાર રેસર સાઈમન પેંગનોડે ઈન્ડિયાના પોલીસ ઓટોરેસ ગ્રાંટ પ્રિકસ ઈન્ડિકાકાર રેસ જીતી લીધી છે.

ટીમ પેન્સ્કેના રેસર સાઈમને ઈન્ડિયાના પોલિસ સ્પીડ વે પર સતત ત્રીજી વખત ઈન્ડિકાકાર રેસ જીતી હતી. શેવરેલના સાઈમને ૧.૫૦.૧૮ કલાકમાં રેસ પુરી કરી હતી.

- **એશિયન સ્કવોશમાં ભારતીય મહિલાઓએ સિલ્વર જીત્યો**

ભારતીય મહિલા સ્કવોશ ટીમે રવિવારે એશીયન ટીમ સ્કવોશ ચેમ્પીયનશીપમાં સિલ્વર મેડલ મેળવ્યો હતો. સ્પર્ધામાં સતત શાનદાર દેખાવ કરનારી ભારતીય ટીમનો ફાઈનલમાં મલેશીયા સામે ૦-૨ થી પરાજય થયો હતો. ચેમ્પીયનશીપમાં અગાઉના સત્રની સરખામણીએ ભારતનો દેખાવ વધુ સારો રહ્યો હતો. જેમાં ભારતે બ્રોંઝ મેડલ જીત્યો હતો.

સચિકા પ્રથમ મેચમાં સિવાસંગિરિ સુબ્રામણ્યમ સામે ૭-૧૧,૬-૧૧,૧૦-૧૨ થી હારી ગઈ હતી. ભારતની ટોચની ખેલાડી જોશના ચિનપ્પાએ ડેલિયા આર્નોલ્ડને જોરદાર ટક્કર આપી હતી. પરંતુ તે ૯-૧૧, ૧૩-૧૧, ૧૧-૮ થી હારી ગઈ હતી.

- **૫૧ કલાક બેટિંગ કરીને ૬.૬ કરોડ ભેગા કર્યા**

રવાંડા ક્રિકેટ ટીમના સુકાની એરિક ડુસિનગિજિમાનાએ સતત ૫૧ કલાક બેટિંગ કરીને આ વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો.

એરિકે ગત ડિસેમ્બરમાં ભારતીય ખેલાડી વિરાગ મારેના ૫૦ કલાક બેટિંગ કરવાના રેકોર્ડને તોડયો હતો.

તે ગિનિઝ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં નામ નોંધાવનારો રવાંડાનો પહેલો નાગરિક છે.

- **સાનિયા - હિંગીસ રોમ માસ્ટર્સમાં ચેમ્પિયન**

વિશ્વની નંબર એક મહિલા ખેલાડી ડબલ્સ જોડી સાનિયા મિર્ઝા અને માર્ટિના હિંગીસે એલેના વેસનીના અને એકટેરિના માકરોવાને ૬-૧,૬ (૫), ૭, ૧૦-૩ થી ફાઈનલમાં હરાવીને રોમ માસ્ટર્સનું ટાઈટલ જીતી લીધું હતું.

અમેરિકાની સ્ટાર ટેનિસ ખેલાડી સેરેના વિલિયમ્સે વિમેન્સ સિંગલ્સનો ખિતાબ જીત્યો હતો.

મેન્સ સિંગલ્સનું ટાઈટલ બ્રિટનના એન્ડી મરેના નામે રહ્યું હતું.

મેન્સ ડબલ્સમાં બ્રાયન બંધુઓની જોડી ચેમ્પિયન બની હતી.

- **ચીન સરહદે આઈટીબીપીને પહેલી વાર એસયુવી મળી**

દેશના શહેરી વિસ્તારમાં દોડતી મોંઘી એસયુવી હવે ચીનની સરહદ ઉપર પણ દોડશે. જવાનોને એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જવા માટે પહેલીવાર ભારત તિબેટ સરહદ પોલીસ (આઈટીબીપી)ને આ ગાડીઓ આપવામાં આવી છે.

સમુદ્ર સપાટીથી ૬ થી ૧૩ હજાર ફુટની ઉંચાઈ સુધી દોડશે.

દરેક ગાડીની કિંમત અંદાજે રૂ. ૨૫ લાખની છે.

અરુણાચલ પ્રદેશમાં ૬ હજાર ફૂટની ઉંચાઈએ મંચુકા ચોકી ઉપર પણ ગાડી મોકલવામાં આવી છે. આ અગાઉ અગ્રીમ ચોકીઓ ઉપર લશ્કર કે બસીએસએફે આ પ્રકારના વાહનનો ઉપયોગ નથી કર્યો.

- **શૌચાલય યોજના માટે ટાર્ગેટ અપાશે**

રાજયમાં ગ્રામીણ સ્વચ્છતા અભિયાનને સફળ બનાવવા માટે રાજય સરકારે એપીએમસીના ચેરમેનોને પણ જોડવાનો પ્રયાસ કર્યો છે. આ માટે રાજયના કૃષિ અને સહકાર વિભાગે ૨૩મી મેના રોજ એપીએમસી અને દૂધસંઘોના ચેરમેનોની મીટીંગ બોલાવી છે. તેમાં તેમને પણ ટાર્ગેટ આપવામાં આવશે.

- **બ્લેકમનીના ખુલાસા માટે ૪ મહિનાની સુવિધા**

ઘરેલું કાળાં નાણાંનો ખુલાસો કરવા માટે પહેલી જૂનથી ચાર મહિનાની છૂટ મળશે.

આ સુવિધા હેઠળ ૪૫% ટેક્ષ દંડ ભરીને ‘સ્વચ્છ’ થનારાઓની સામે આવકવેરા વિભાગ કોઈ કાર્યવાહી કરશે નહી. નાણા મંત્રાલયે એક નિવેદનમાં આ માહિતી આપી છે.

ઈન્કમ ડીકલેરેશન સ્કીમ ૨૦૧૬ ચાલુ વર્ષની ૩૦મી સપ્ટેમ્બર સુધી ચાલુ રહેશે.

આવકવેરા, કાયદા કે સંપત્તિવેરા કાયદા હેઠળ કાર્યવાહીમાંથી મુક્તિની સાથે બેનામી સોદા પ્રતિબંધ કાયદા ૧૯૮૮ થી પણ મુક્તિ આપવામાં આવશે. આ મુક્તિ શરતી હશે.

આ સ્કીમમાં લાગુ થનાર કુલ ટેક્ષ ૪૫% હશે. તેમાં જાહેર આવક પર સંબંધિત વ્યક્તિએ ૩૦% ના દરે આવકવેરો ભરવો પડશે.

નાણાંપ્રધાન અરુણ જેટલીએ સામાન્ય બજેટમાં આ સ્કીમમાં જાહેરાત કરી હતી. તેનો ઉદ્દેશ ઘરેલું અર્થતંત્રમાંથી કાળું નાણું બહાર કાઢવાનો છે. અગાઉ સરકારે વિદેશમાં જાહેર નહી કરાયેલી સંપત્તિ ધરાવનાર ભારતીયો માટે આ પ્રકારની સ્કીમ રજૂ કરી હતી.

- **મઘરોલમાં ગુજરાતનું સૌથી ઊંચું ૫૫ ફૂટનું ભીંતચિત્ર બનશે**

વડોદરાના બે આર્ટિસ્ટે તાજેતરમાં આણંદ જિલ્લાના મઘરોલ ગામે ગુજરાતનું સૌથી ઊંચું ભીંતચિત્ર તૈયાર કરવાનું શરૂ કર્યું છે. આ ભીંતચિત્રમાં ગુજરાતના જાણીતા અશિયાટિક સિંહોને બનાવ્યા છે. ભીંતચિત્રનું લોકાર્પણ ૧૭મીએ, મંગળવારે કેન્દ્રીય માનવસંસાધન મંત્રી સ્મૃતિ ઈરાનીના હસ્તે થશે. સ્મૃતિ ઈરાનીએ વર્ષ ૨૦૧૪-૧૫માં મઘરોલને દત્તક લીધું હતું. આ ગામના તળાવ કિનારે આવેલી પાણીની ટાંકી પર આ પેઈન્ટિંગ તૈયાર કરાશે. આ પેઈન્ટિંગનું શીર્ષક ‘ધ પ્રાઈડ’ છે.

- **આધારકાર્ડના ઓથેન્ટિકેશન માટે MSUની ભાવિતાનો પ્રોજેક્ટ સીલેક્ટ**

નાગરિકો માટે દેશમાં એક સમાન ઓળખપત્ર કેન્દ્ર દ્વારા આધારકાર્ડ અપાયાં છે. એમએસ યુનિ.ની ફેકલ્ટી ઓફ ટેકનોલોજી એન્ડ એન્જિનિયરીંગના કમ્પ્યૂટર સાયન્સ એન્જિનિયરીંગના છેલ્લાં વર્ષમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિની ભાવિતા લાલવાનીએ આધારકાર્ડના ઓથેન્ટિકેશન માટે તૈયાર કરેલો પ્રોજેક્ટ કેન્દ્ર સરકાર દ્વારા સિલેક્ટ કરવામાં આવ્યો છે.

- **ભારત અને બાંગ્લાદેશ વચ્ચે પરમાણુ કરાર**

ભારત અને બાંગ્લાદેશ વચ્ચે પરમાણુ સમજૂતી પર હસ્તાક્ષર થયા છે. આ સમજૂતી બંને દેશો વચ્ચેના સંબંધોને મજબૂતી બક્ષશે. ૨૧મી સદીમાં ઊર્જા, કનેક્ટિવિટી અને સલામતીના મુદ્દે પણ આ કરાર ખુબ મહત્ત્વના છે. ભારતના વિદેશ મંત્રાલય અને બાંગ્લાદેશના વિજ્ઞાન - ટેકનોલોજી વિભાગ વચ્ચે થયેલી આ સમજૂતી માટે ઘણા સમયથી વાટાઘાટો ચાલી રહી હતી.

- **IISCના વિજ્ઞાનીઓ કેન્સરના ઉપચારની ટેકનીક શોધવામાં સફળ**

ભારતના વિજ્ઞાનીઓને માત્ર કેટલાક ઈન્જેકશનની મદદથી શરીર પર કોઈ પણ પ્રકારની આડઅસર ના થાય એ રીતે વિવિધ પ્રકારના કેન્સરની સારવાર થઈ શકે તેવી તકનીક વિકસાવવામાં સફળતા મળી છે. તે તકનીક કેમોથેરપીનો પર્યાય બની શકશે. બેંગલુરૂ ખાતેની ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સના વિજ્ઞાનીઓને એવું સૂક્ષ્મ નેનો વોયેજર તૈયાર કરવામાં સફળતા મળી છે કે જે પહેલેથી જ નિર્ધારીત કરેલા

ASHIM ACADEMY Mo.:8980...

કોશ સુધી ઔષધ પહોંચાડી શકશે. તેને પગલે કોશનો નાશ થતાં કેન્સરનો વ્યાપ ઘટશે. આ સંશોધકો હવે બેંગુલુરૂ ખાતે જ આવેલી કિડવાઈ મેમોરિયલ ઈન્સ. ઓફ ઓંકોલોજીના કેન્સર નિષ્ણાતો તેમજ રેડિએશન નિષ્ણાતો સાથે સહયોગમાં આગળનું સંશોધન કરી રહ્યાં છે.

- **એશિયન ટીમ સ્કવોશ ટુર્નામેન્ટમાં ભારતની મહિલા ટીમને સિલ્વર**

ચાઈનીઝ તાઈપેઈમાં રમાયેલી એશિયન ટીમ ચેમ્પિયનશીપની ફાઈનલમાં ભારતની મહિલા ટીમનો ૦-૨થી મલેશિયા સામે પરાજય થયો હતો. ભારતે આ સાથે ચેમ્પિયનશીપમાં આ વખતે સિલ્વર મેડલ જીત્યો હતો. ભારતે ૨૦૧૪માં રમાયેલી એશિયન ટીમ સ્કવોશ ચેમ્પિયનશીપમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.

- **ઇટાલીયન ઓપન : સાનિયા અને માર્ટિનાએ ડબલ્સ ટાઇટલ જીત્યું**

ભારતની સાનિયા મિર્ઝા અને સ્વિત્ઝલેન્ડની માર્ટિના હિંગીસે ફાઈનલમાં ૬-૧, ૬-૭ (૭-૫), ૧૦-૩થી રશિયાની માકારોવા અને વેસ્નીનાને હરાવીને ઈટાલીયન ઓપન વિમેન્સ ડબલ્સનું ટાઈટલ જીતી લીધું છે. સાનિયા અને માર્ટિનાની જોડીનું આ ફેબ્રુઆરી પછીનું સૌપ્રથમ ટાઈટલ છે.

- **એશિયાનું સૌથી મોટું 'વિમેન માર્કેટ'**

પૂર્વોત્તર રાજ્ય મણીપુરના ઈમ્ફાલ શહેરમાં ૧૫૦ વર્ષથી ચાલતા ખરીદી બજારમાં માત્ર મહિલાઓનું જ રાજ ચાલે છે. તેને સ્થાનિક ભાષામાં 'ઈમા કેઈથલ' કહે છે જેનો અર્થ માતાનું માર્કેટ એવો થાય છે. આ ઈમા કેઈથલ મહિલાઓ દ્વારા સંચાલિત દુનિયાનું સૌથી મોટું માર્કેટ છે. જેમાં દરરોજ ૪૦૦૦ મહિલાઓ આવીને શાકભાજી, હેન્ડલૂમ કપડા, ફર્નિચર સહિતની તમામ જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ વેચે છે. આ અનોખા માર્કેટમાં પુરુષોને કોઈ જ સ્થાન ન હોવા ઉપરાંત માત્ર પરિણીત મહિલા જ વેપારી બની શકે છે. માતા પોતાની દીકરીને વારસામાં માર્કેટનો વ્યવસાય આપતી જાય છે. આ પરંપરા આગળ વધવાથી છેલ્લાં ૨૦૦ કરતા પણ વધુ વર્ષોથી મહિલાઓનું માર્કેટ ધમધમી રહ્યું છે.

- **ભારતીય રેલવે ટૂંક સમયમાં સોલાર - ટ્રેનનો પ્રયોગ શરૂ કરશે**

ભારતીય રેલવેમાં એક પછી એક પરિવર્તનો આવી રહ્યાં છે. ભારતમાં સોલાર સંચાલિત ટ્રેનો ચલાવવા માટે સરકારે બજેટમાં જાહેરાત કરી હતી. ટૂંક સમયમાં જોધપુર ખાતે આવી સોલાર પેનલ ફીટ થયેલી ટ્રેન પ્રાયોગિક ધોરણે દોડાવાશે. આ ટ્રેન કામ કરતી થશે તો વર્ષે રેક (ડબ્બાઓનો સમૂહ) દીઠ ૯૦,૮૦૦ લીટર ડીઝલ બચાવી શકાશે. તેનાથી હવામાં ભળતા કાર્બનમાં ૨૯૮ ટનનો ઘટાડો થશે.

## 17 MAY, 2016

- **ગુજરાતના પૂર્વ ક્રિકેટર દીપક શોધનનું નિધન**

પોતાની પ્રથમ ટેસ્ટમાં પ્રથમ ઈનીંગમાં જ સદી ફટકારનાર ગુજરાતના પૂર્વ ટેસ્ટ ક્રિકેટર દીપક શોધનનું ૮૭ વર્ષની વયે હાર્ટએટેકથી નિધન થયું છે.

તેઓ ભારતના હયાત સૌથી મોટી ઉંમરના ક્રિકેટર હતા અને ફેફસાના કેન્સરથી પીડાતા હતા.

ગુજરાત અને બરોડા માટે રણજી ટ્રોફી રમનારા દીપક શોધનને વિભાજન બાદ ૧૯૫૨માં ઈડન ગાર્ડન પર રમાયેલી પાકિસ્તાન સામેની ટેસ્ટમાં ૨૫ વર્ષની વયે તક મળી હતી.

આ ડાબોડી બેટસમેન અને ડાબોડી પેસબોલરે તેની પહેલી જ મેચમાં તેની ક્ષમતાનો પરચો આપ્યો હતો. ભારતે ૧૭૯ રનના સ્કોર પર તેના ટોચના છ બેટસમેનો ગુમાવી દીધા હતા. હવે કોઈ ખાસ બેટસમેનો બાકી ન હતા. ત્યારે આઠમા ક્રમે તેઓ બેટીંગ કરવા આવ્યા અને ૧૧૦ રન નોંધાવીને ૧૪૦ રનની સરસાઈ અપાવી હતી અને તેને કારણે મેચ ડ્રોમાં પરિણમી હતી.

પૂર્વ ઓલ રાઉન્ડર અને કોચ અંશુમાન ગાયકવાડના પિતા દત્તા ગાયકવાડ હવે ભારતના સૌથી વૃધ્ધ જીવિત ટેસ્ટ ક્રિકેટર છે. તેમની વય ૮૭ વર્ષ અને ૨૦૨ દિવસ છે. દીપક શોધન ૮૭ વર્ષ અને ૨૧૧ દિવસના હતા. બંગાળ અને મુંબઈ તરફથી રણજી રમનારા માધવ આપ્ટે હવે આ યાદીમાં બીજા ક્રમે છે. ભારત માટે સાત ટેસ્ટ રમેલા આપ્ટેની ઉંમર ૮૩ વર્ષ અને ૨૨૪ દિવસ છે.

સોનગઢ તાલુકાના ઉકાઈ ખાતે કાર્યરત થર્મલ પાવર સ્ટેશનમાં ૧૬ મે ના રોજ આગ લાગી હતી.

- **રાજયમાં વીજ વપરાશ ૭.૩% વધ્યો**

રાજયમાં ૨૦૧૫-૧૬ ના વર્ષમાં વીજળીના વપરાશમાં ૭.૩% નો વધારો થયો છે.

સેન્ટ્રલ ઈલેકટ્રીસીટી ઓથોરીટીના રીપોર્ટની આંકડાકીય વિગતોને ધ્યાનમાં લેતાં ૨૦૧૪-૧૫ ના વર્ષમાં ૮૮,૦૨૭ મેગાવોટ વીજળીનો વપરાશ થયો છે.

ગુજરાતમાં વીજળીની માંગમાં પણ ૭% નો વધારો થયો છે. જો કે ઉત્તર પ્રદેશમાં ૧૧.૫% ની સૌથી વધુ વીજ માંગ જોવા મળી છે.

**ગુજરાતમાં વીજવપરાશની અન્ય રાજયો સાથે સરખામણી :**

| ક્રમ | રાજય | વધારો (મેગાવોટમાં) | વધારો ટકામાં |
|---|---|---|---|
| ૧ | મહારાષ્ટ્ર | ૨૬ (ઘટાડો) | - |
| ૨ | ગુજરાત | ૬૪૨૪ | ૭.૩% |
| ૩ | ઉત્તરપ્રદેશ | ૪૯૮૭ | ૬.૨% |
| ૪ | તમિલનાડુ | ૨૭૮૧ | ૩.૩% |
| ૫ | રાજસ્થાન | ૯૦૩ | ૧.૫% |

- **સરકાર સ્માર્ટ સિટી પ્રોજેક્ટ માટે પ્લેટફોર્મ પૂરું પાડશે**

  સરકાર સ્માર્ટ સિટી માટે પ્લેટફોર્મ પૂરું પાડશે એમ રાજયના વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગના સચિવ દ્વારા જણાવવામાં આવ્યું હતું.

  આઈસીટી ઉદ્યોગ માટે ગ્લોબલ ટ્રેડ એસોસિએશને આઈસીટી સોલ્યુશન અને પ્રેકટિસ અંગે જાગૃતિ ફેલાવવા માટે ફિક્કી સાથે હાથ મિલાવ્યા છે.

  ફિક્કી અને ઈન્ફોકોમ ઈન્ટરનેશનલના સહયોગમાં આ કામ કરવામાં આવશે.

- **જૈસન ડે એ પ્લેયર ચેમ્પિયનશીપ જીતી**

  વર્લ્ડ નંબર વન ઓસ્ટ્રેલિયન ગોલ્ફર જૈસન ડે એ પ્લેયર ચેમ્પિયન શીપ જીતી લીધી છે.

  જૈસનનું આ સિઝનમાં ત્રીજું ટાઈટલ છે. આ તેનો ૧૦ મો પીજીએ ટૂર ખિતાબ છે.

  ૨૮ વર્ષનો જૈસન ચોથો ખેલાડી છે, જેણે આ ઉંમરમાં ૧૦ ટાઈટલ જીત્યાં છે.

  હવે તે પાંચ ગોલ્ફર્સમાં સામેલ થઈ ગયો છે. જેમણે પોતાની કારકિર્દીમાં, એક વર્લ્ડ અને એક પ્લેયર ચેમ્પિયનશીપ જીતી છે.

- **તાલાલાની પેટા ચૂંટણીમાં ૬૩.૬૬ % મતદાન : (ભાજપ વિજેતા)**

  ૯૧ તલાલા વિધાનસભા પેટાચૂંટણીની એક બેઠક માટે ૧૬ મેના રોજ યોજાયેલા મતદાનમાં ૬૩.૬૬% મતદાન થયું છે.

  અહીં તલાલા તાલુકામાં ૫૬% અને સૂત્રાપાડા તાલુકામાં ૭૧% મતદાન નોંધાયું હતું.

  કોંગેસના ધારા સભ્ય જશુભાઈ બારડના નિધન બાદ તલાલા બેઠકની પેટાચૂંટણી જાહેર થઈ હતી.

- **બ્રિટાનિકાના COO વિનિત વિગે આત્મા હત્યા કરી**

  આંતરરાષ્ટ્રીય કંપની એન્સાઈકલોપીડિયા બ્રિટાનિકાના દક્ષિણ એશિયા ડિવિઝનના COO (Chief Operating Officer) વિનિત વિગે આત્મ હત્યા કરી છે.

  ૧૫ મે ના રોજ ગુડગાંવમાં આવેલી એક ઈમારતના ૧૯ મા માળેથી છલાંગ લગાવીને તેમણે જીવન ટૂંકાવી દીધું છે.

  તેમના ખિસ્સામાંથી એક સ્યુસાઈડ નોટ મળી છે, જેમાં તેમણે લખ્યું છે કે તેઓ જીવનથી કંટાળી ગયા છે.

- **ત્રણ રાજયોની વિધાનસભા ચૂંટણી**

  ૧૬ મે ના રોજ કરેલ, તમિલનાડુ અને પાંડેચેરી વિધાનસભામાં ચૂંટણી માટે મતદાન થયું હતું.

  ત્રણેય વિધાનસભાઓની ચૂંટણી માટેની બેઠકો અને મતદાનની ટકાવારી નીચે મુજબ છે.

| રાજય | કુલ બેઠકો | મતદાનની ટકાવારી | વર્તમાન મુખ્યમંત્રી |
|---|---|---|---|
| કેરળ | ૧૪૦ | ૭૧% | ઓમાન ચાંડી |
| તમિલનાડુ | ૨૩૨ | ૬૯.૧૯% | જયલલિતા |
| પુડુચેરી | ૩૦ | ૮૧.૯૪% | એન. રંગાસ્વામી |

- **સોલાર પાવર સિમેન્ટથી રસ્તાઓ અંધારામાં ચળકાટ મારશે**

  મેક્સિકોના વૈજ્ઞાનિકોએ એવો સોલાર સિમેન્ટ બનાવવાનો દાવો કર્યો છે કે જેનાથી રસ્તાઓ અંધારામાં ચમકશે.

  આ સોલાર સિમેન્ટના કારણે અકસ્માતોની સંખ્યા ઘટશે અને રસ્તાઓ પર સ્ટ્રીટ લાઈટ લગાવવાની જરૂર નહીં પડે.

  આ સોલાર સિમેન્ટનું મટીરીયલ આખો દિવસ ૧૨ કલાક સુધી ચાર્જ થશે અને રાત્રે ૧૨ કલાક સુધી પ્રકાશ આપશે.

  આ સફળતા યુનિવર્સિટી ઓફ સેન નિકોલસ હેન્ડાલગોના વૈજ્ઞાનિકોએ મેળવી છે.

- **બેંકો દ્વારા ૪ નવી સેવા શરૂ થશે, બિલ ચૂકવણી, પ્રવાસ કરવો સરળ**

  આ નાણાકીય વર્ષમાં બેંકો દ્વારા નવી સેવા શરૂ કરાશે. તે સેવાની મદદથી બિલ ચૂકવણી, ટોલટેક્સ ચૂકવણીથી માંડીને કાર્ડની મદદથી બસ - મેટ્રોમાં સફર પણ સરળ બનશે. ક્રેડિટ કાર્ડ સેગમેન્ટમાં પહેલી જ વાર ભારતનું પોતાનું રૂપે ક્રેડિટ કાર્ડ લૉન્ચ થશે. આ વર્ષે સપ્ટેમ્બરમાં રૂપે ક્રેડિટકાર્ડ દેશના મોટા શહેરોમાં લૉન્ચ કરશે કે જ્યાં ક્રેડિટ કાર્ડનો સૌથી વધુ ઉપયોગ થતો હોય. નેશનલ પેમેન્ટ કોર્પોરેશને આ હેતુસર બિલ પેમેન્ટ સિસ્ટમ વિકસાવવાની શરૂઆત કરી દીધી છે. વેન્ડર પસંદગી પણ ટૂંકમાં શરૂ થશે.

- **૧૮ વર્ષમાં એફ-વન ચેમ્પિયન બની વર્સટેપ્પને ઈતિહાસ રચ્યો**

  મેક્સ વર્સટેપ્પન ફોર્મ્યુલા વન ચેમ્પિયન જીતનારો દુનિયાનો પ્રથમ યુવા ડ્રાઈવર બની ગયો છે. સહારા ફોર્સ ઈન્ડિયાનો સર્જિયો પેરેઝ પણ સ્પેનિશ ગ્રાં પ્રીમાં સાતમા સ્થાને રહેવામાં સફળ રહ્યો હતો. પેરેઝની ટીમને સાત પોઈન્ટ મળ્યા હતા. રેડ બુલ તરફથી પહેલીવાર ભાગ લઈ રહેલા ૧૮ વર્ષના વર્સટેપ્પને પોતાની કુલ ૨૪ રેસમાંથી પ્રથમવાર જીત મેળવી હતી.

- **મરેએ ૭૫ વર્ષે બ્રિટનને ટાઇટલ અપાવ્યું**

  વિશ્વ ટેનિસમાં બીજા ક્રમાંકના એન્ડી મરેએ સર્બિયાના નંબર વન ખેલાડી નોવાક જોકોવિચને હરાવી રોમ માસ્ટર્સ ટેનિસ ટુર્નામેન્ટ જીતી લીધી છે. ફાઈનલમાં બ્રિટનના એન્ડી મરેએ જોકોવિચને ૬-૩, ૬-૩થી સીધા સેટોમાં પરાજય આપ્યો હતો. સૌથી વધુ ગૌરવ લેવાની વાતએ છે કે, તે વર્ષ ૧૯૩૧માં પેટ

હ્યુઝ બાદ પહેલીવાર આ ટૂર્નામેન્ટ જીતનારો પ્રથમ બ્રિટિશ ખેલાડી બન્યો છે. સ્પેનના રાફેલ નડાલ એને ડાબા પગમાં ઈજા હોવાથી જોકોવિક સારવાર લઈને મેદાનમાં ઉતર્યો હતો.

- **ગુજરાતમાં દર ૧૦૦એ ૧૩ લગ્નો આંતરજ્ઞાતિય હોય છે**

- **કેન્સરના નવા ૧૩ દર્દીઓમાં ૧ ભારતીય**

દર વર્ષે ૧૨.૫ લાખ નવા કેસ સામે આવે છે.

અમેરિકાની હેલ્થ એન્ડ હ્યુમન સર્વિસ સાથે જોડાયેલા નેશનલ કેન્સર ઈન્સ્ટિટ્યૂટના જણાવ્યા પ્રમાણે દુનિયામાં દરરોજ કેન્સરના જે ૧૩ કેસ સામે આવે છે તેમાં એક કેસ ભારતમાંથી હોય છે.

- **વાર્ષિક એક લાખથી ઓછી આવક ધરાવનારને હવે આઈ.આઈ.ટી.માં મફત પ્રવેશ !**

દેશમાં આવેલી વિવિધ આઈઆઈટીમાં એસ.સી., એસ.ટી. અને દિવ્યાંગ વિદ્યાર્થીઓ બાદ હવે વાર્ષિક ૧ લાખથી ઓછી આવક ધરાવનારને મફત પ્રવેશ અપાશે. આ ઉપરાંત હવેથી વિદ્યાર્થિનીઓને પણ મેટરનીટિ લીવ અને પીએચડીમાં વધુ સમય ફાળવાશે. તેવી જાહેરાત આજે હાથીજણ ખાતે જવાહર નવોદય વિદ્યાલયના શિલાન્યાસ પ્રસંગે આવેલા એમએચઆરડી મિનિસ્ટર સ્મૃતિ ઈરાનીએ કરી હતી. મહત્ત્વનું છે કે ૨૦૦૯માં નવોદય વિદ્યાલયને કેન્દ્રની મંજૂરી મળ્યા બાદ ૭ વર્ષ પછી આ વિદ્યાલય શરૂ થઈ રહ્યા છે.

## 18 MAY, 2016

- **૧૨ સાયન્સનું ૭૯ % પરિણામ, ગત વર્ષ કરતાં ૭ % ઘટ્યું**

રાજકોટનું સૌથી વધુ ૯૩.૮૩% અને છોટા ઉદેપુર જિલ્લાનું સૌથી ઓછું ૩૧.૫૨ % પરિણામ છે. ૨૦૧૫નું ગુજરાતનું રીઝલ્ટ ૮૬ % હતું.

- **ઇ-નિવારણથી ટેક્સની ફરિયાદોનો નિકાલ કરાશે**

આવક વેરા વિભાગે ફરિયાદોનો નિકાલ કરવા માટે ઓનલાઈન સિસ્ટમ લોન્ચ કરી છે. તેની મદદથી આવકવેરો ચૂકવનાર તેની ફરિયાદ વિભાગ સમક્ષ કરી શકશે.

- **ભારતવંશી અમેરિકને ઇન્ટેલ યંગ સાયન્ટિસ્ટ એવોર્ડ જીત્યો**

૧૫ વર્ષના ભારતીય મૂળના અમેરિકી સામંતક પાયરાએ ઈન્ટેલ યંગ સાયન્ટિસ્ટ એવૉર્ડ જીત્યો છે. તેણે ઈલેક્ટ્રોનિક બ્રાસ બનાવ્યો હતો. તેની મદદથી નબળા પગ ધરાવતી વ્યક્તિ પણ સામાન્ય રીતે ચાલી શકે છે.

- **ગુજરાત બન્યું અગન ભઠ્ઠીઃ૪ શહેરોમાં પારો ૪૫ ડિગ્રી બાંદા અને બુરહાનપુરમાં ૪૭ ડિગ્રી ગરમી**

રાજ્યમાં પ્રવર્તતા ઉત્તર-પશ્ચિમી ગરમ પવનોને લીધે હીટવેવ યથાવત રહેતાં ૧૭ મેના રોજ અમદાવાદમાં પાંચ વર્ષનું રેકોર્ડબ્રેક ૪૫ ડિગ્રી તાપમાન નોંધાયું હતું જયારે ૪૫.૩ ડિગ્રી સાથે સુરેન્દ્રનગર રાજ્યનું સૌથી ગરમ શહેર રહ્યું હતું. કંડલા એરપોર્ટ ખાતે ૪૫.૨ ડિગ્રી અને ગાંધીનગરમાં ૪૫ ડિગ્રી તાપમાન નોંધાયુ છે.

- **JNUમાં દેશ વિરોધી સૂત્રો પોકારાયાં હતાં**

જવાહરલાલ નહેરુ યુનિવર્સિટી ખાતે ૯ ફેબ્રુઆરીના રોજ દેશદ્રોહી નારા લાગ્યા હતા. આતંકવાદી અફઝલ ગુરુની વરસીએ યોજાયેલા કાર્યક્રમ દરમિયાન થયેલા ભારત વિરોધી સૂત્રોચ્ચારોની ઘટના અંગેની ચાર વિડયો ક્લિપો સાચી જણાઈ છે.આ ક્લિપોને તપાસ માટે ગાંધીનગર સ્થિત ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી ખાતે મોકલવામાં આવી હતી. જવાહરલાલ નહેરુ યુનિવર્સિટી ખાતે ૯ ફેબ્રુઆરીના રોજ દેશદ્રોહી નારા લાગ્યા હતા.

- **આણંદનું મઘરોલ બન્યું દેશમાં પ્રથમ સાંસદ આદર્શ ગામ**

ગામડાઓમાં આરોગ્ય, શિક્ષણ, વીજળી જેવી પાયાની માળખાગત સુવિધાઓ પુરી પાડવાના હેતુથી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સાંસદ આદર્શ ગામ યોજના અમલમાં મૂકી છે. આ યોજના હેઠળ ગામમાં તમામ સુવિધાઓ પૂર્ણ કરતાં મઘરોલ ગામ સમગ્ર રાષ્ટ્રમાં આદર્શ ગામોમાં શ્રેષ્ઠ ગામ બન્યું છે. મઘરોલની કાયપલટ તથા 'ગામ ઉદયથી ભારત ઉદય'ની વડાપ્રધાનની પરિકલ્પના આજે સાકાર થઈ છે તેમ કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાનીએ ૧૫ કરોડના ખર્ચે નિર્માણ પામેલા ૨૫ પ્રકલ્પોના લોકાપર્ણ કરતાં જણાવ્યું હતું. તેમણે જણાવ્યું હતુ કે મઘરોલમાં સ્કીલ ડેવલોપમેન્ટ સેન્ટરનો પ્રાંરભ કરવામાં આવ્યો છે. આ સેન્ટરમાં ગામના યુવાનો માટે વિવિધ કૌશલ્યવર્ધન તાલીમ કોર્ષ શરૂ કરવામાં આવશે.

- **IRCTC દ્વારા વિશષ યોજના જાહેર કરાઈ**

ઈ-કેટરિંગનો પ્રી-પેઈડ ઓર્ડર આપનારને ૫૦ ટકા કેશબેક આપવામાં આવશે. ઈન્ડિયન રેલવે કેટરિંગ એન્ડ ટૂરિઝમ કોર્પોરેશન લિમિટેડ (આઈઆરસીટીસી)ની ઈ-કેટરિંગ યોજનાને પેસેન્જરો તરફથી સારો પ્રતિસાદ મળી રહ્યા છે. ત્યારે આ યોજના સાથે વધુ ને વધુ પેસેન્જરો જોડાય તેમ ઈ-કેટેરિંગ વેબસાઈટ વધુ લોકપ્રિય બને તે ઉદ્દેશય સાથે આઈઆરસીટીસીએ ૫૦ ટકા કેશબેક યોજનાની જાહેરાત કરી છે. જો કે તેના માટે પેસેન્જરે ઓછામાં ઓછો ૩૦૦ રૂપિયાનો ઓર્ડર બુક કરાવવો પડશે. અમદાવાદથી પસાર થતી ટ્રેનમાં ભોજનનો ઓર્ડર બુક કરાવતા પેસેન્જરોને હવે અન્ય જાણીતી બ્રાન્ડ ઉપરાંત ગ્વાલિયા સ્વીટ્સ, ડોમિનોઝ પિત્ઝા તેમજ કન્હાઈ ફૂડ્સના ભોજનનો પણ સ્વાદ માણવા મળશે.

- **ઈચ્છા મૃત્યુ બિલનો ડ્રાફ્ટ તૈયાર, કેન્દ્રે સૂચન મંગાવ્યાં**

  અનેક વર્ષોની ચર્ચા અને કાયદેસર લડાઈ બાદ કેન્દ્ર સરકારે ઈચ્છા મૃત્યુના બિલનો ડ્રાફટ તૈયાર કર્યો છે. આ ડ્રાફટ અનુસાર તબીબી સારવાર આપવી કે રોકવી એનો અધિકાર દર્દીને મળશે. નૈસર્ગિક રીતે મૃત્યુની પરવાનગી પણ મળશે. કેન્દ્ર સરકારે ગયા અઠવાડિયે આ બિલનો ડ્રાફટ ઈન્ટરનેટ પર અપલોડ કર્યો હતો. જેને ટર્મિનલી ઈલ પેશન્ટ (પ્રોટેક્શન ઓફ પેશન્ટ્સ એન્ડ મેડિકલ પ્રેક્ટિશ ઓફ પેશન્ટ્સ એન્ડ મેડિકલ પ્રેક્ટિશનર્સ) બિલ નામ આપવામાં આવ્યું છે. આ ડ્રાફટ પર નાગરિકો પાસેથી સૂચન અને ભલામણો મંગાવવામાં આવ્યા છે. આથી મૃત્યુની નજીક હોય એવા દર્દીને પોતાની સ્થિતિ વિશે ફરી ચર્ચા થશે. મૃત્યુની નજીક હોય એવા દર્દીની અસાધ્ય બીમારી પર તબીબી સારવાર ચાલુ રાખવી કે નહીં એ વિશે સ્પષ્ટ જણાવવામાં આવ્યું નથી. તેથી નિષ્ણાતોએ નારાજી વ્યક્ત કરી છે.

- **ચિલીમાં સમુદ્રકિનારે હજારો માછલીઓ મૃત અવસ્થામાં મળી આવતા કટોકટી જાહેર**

  ચિલીના સમુદ્રકિનારા ઝેરીલા હોય છે. રેડ ટાઈટ એટલે કે પાણીમાં ટોક્સિનની માત્રા સતત વધી રહી છે. તેના કારણે હજારો માછલીઓ સમુદ્રના કિનારે મૃત્યુ પામી રહી છે. વર્તમાન વર્ષમાં ૬૦થી વધારે આવી ઘટનાઓ બની હતી. લોકોના સ્વાસ્થ્ય અને સફાઈ ઉપર પણ તેની અસર જોવા મળી રહી છે. આ વિસ્તારોમાં કટોકટી જાહેર કરી દેવાઈ છે. માછીમારોને પણ બેરોજગારી ભરખી જાય તેવી સ્થિતિ સર્જાઈ છે.

- **શ્રીલંકામાં ચાલુ દાયકાનું સૌથી ભયાનક પૂર ૮ જિલ્લાઓને ભૂસ્ખલનની ચેતવણી અપાઈ**

  શ્રીલંકામાં ગત દિવસોમાં ભારે મુશળધાર વરસાદને કારણે પૂરની વિકટ પરિસ્થિતિ સર્જાઈ છે. ૧૨થી વધુ લોકોનાં મોત નીપજ્યાં હતાં, ૧૦થી વધુ લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડાયા છે. આઠ જિલ્લાઓમાં ભૂસ્ખલનની ચેતવણી અપાઈ છે. નૌસેના કોલંબોમાં નહેરો સાફ કરવામાં વ્યસ્ત છે. જેથી કરીને નીચાણવાળા વિસ્તારોને પૂરથી બચાવી શકાય.

- **અમરસિંહની સપામાં વાપસી રાજ્યસભા ઉમેદવાર બનાવાયા**

- **જો રૂટે ઇંગ્લેન્ડના ક્રિકેટ એવોર્ડમાં હેટ્રિક લગાવી**

  જો રૂટે ઇંગ્લેન્ડ એન્ડ વેલ્સ ક્રિકેટ બોર્ડના વાર્ષિક ક્રિકેટ એવૉર્ડ સમારંભમાં હેટ્રિક લગાવી હતી. રૂટે વર્ષના સર્વશ્રેષ્ઠ ટેસ્ટ પ્લેયર, સીમિત ઓવરોના પ્લેયર ઓફ ધ યર અને ફેન ચોઇસ પ્લેયર ઓફ ધ યર બન્યો હતો. શ્રેષ્ઠ ટેસ્ટ પ્લેયર ઓફ ધ યરની રેસમાં સ્ટુઅર્ટ બ્રોડ અને બેન સ્ટોક્સ પણ હતા. રૂટે આ બંનેને પછાડી એવૉર્ડ જીત્યો હતો. સીમિત ઓવરોમાં જોસ બટલર અને ડેવિડ વિલીને પાછળ છોડી એવૉર્ડ મેળવ્યો હતો.

- **'ધ વેજીટેરિયન' માટે હાન કાંગને બુકર પ્રાઇઝ**

  દક્ષિણ કોરિયાની લેખિકા હાન કાંગને અવિસ્મરણીય છાપ છોડનારા તેમના ઉપન્યાસ 'ધ વેજીટેરિયન' બદલ પ્રતિષ્ઠિત મેન બુકર પુરસ્કાર માટે પસંદ કરવામાં આવ્યા છે. તેમનો આ ઉપન્યાસ મહિલા દ્વારા માનવીય નિર્મમતા ફગાવવા અને માંસનું સેવન છોડી દેવા પર આધારિત છે.

- **રેલવેમાં હવે જોખમી રીતે સેલ્ફી લેનારને છ મહિનાની કેદ**

  સેલ્ફી લેવા જતા અકસ્માતનું પ્રમાણ વધતા રેલવે દ્વારા લેવાયેલો નિર્ણય

- **ઉબેર કપ : ભારતે ઓસ્ટ્રેલિયા બાદ જર્મનીનો ૫-૦થી વ્હાઈટવોશ કર્યો**

  થોમસ કપમાં ભારત ૨-૩થી હોંગકોંગ સામે હાર્યું

- **જો રૂટને ઇંગ્લિશ ક્રિકેટના ત્રણ એવોર્ડ**

  લીડ્ઝમાં યોજાયેલા ઇંગ્લેન્ડના ક્રિકેટ બોર્ડના વાર્ષિક સમારંભમાં બેટ્સમેન જો રૂટ છવાઈ ગયો હતો. ૨૫ વર્ષના યોર્કશાયર તરફથી રમતાં આંતરરાષ્ટ્રીય બેટ્સમેનને ઇંગ્લેન્ડના ટેસ્ટ અને વન ડે ક્રિકેટર ઓફ ધ યરનો એવૉર્ડ આપવામાં આવ્યો હતો. આ ઉપરાંત તેને ઇંગ્લેન્ડના ક્રિકેટ ચાહકોના સૌથી પસંદગીના ક્રિકેટર તરીકેનો એવૉર્ડ પણ મળ્યો હતો.

- **પુરીનું જગવિખ્યાત જગન્નાથ મંદિર ગમે ત્યારે તૂટી પડશે : એએસઆઈ**

  આર્કિયોલોજિકલ સર્વે ઓફ ઇન્ડિયા (એએસઆઈ)એ જણાવ્યું હતું કે ઓડિસ્સાના પુરીમાં આવેલું જગન્નાથ મંદિર ગમે ત્યારે ધ્વસ્ત થઇ શકે એમ છે. મંદિરની હાલત અત્યંત ખરાબ છે, માટે હવે તેના બાંધકામ પર ભરોસો મુકી શકાય એમ નથી. ચારધામમાં સ્થાન પામતું મંદિર ભારતના પૂર્વ છેડે આવેલું છે.

## 19 MAY, 2016

- **ડૂબેલી લોનથી પીએનબીને બેન્કિંગ ઈતિહાસનું સૌથી મોટું નુકસાન**

  દેશમાં જાહેર ક્ષેત્રની બીજી સૌથી મોટી બેન્ક પંજાબ નેશનલ બેન્ક (Punjab National Bank)ને જાન્યુઆરીથી માર્ચ ૨૦૧૬ના ત્રિમાસિક સમયગાળા દરમિયાન ૫,૩૬૭ કરોડ રૂપિયાનું નુકસાન થયું છે.

  ભારતીય બેન્કિંગ ઈતિહાસમાં આ કોઈ પણ બેન્કનું સૌથી મોટું ત્રિમાસિક નુકસાન છે. પીએનબીને આ નુકસાન ફસાયેલ કરજ(એનપીએ) માટે ત્રણ મહિના દરમિયાન વધુ જોગવાઈ

કરવાને કારણે થયું છે. બેન્ક દ્વારા આપવામાં આવેલી આવી લોન જે વસુલ થઈ શકી રહી નથી, તેને ફસાયેલ કરજ કે નોન પરફોર્મિંગ એસેટ્સ(એનપીએ) કહેવામાં આવે છે.

- **હેલો ટેક્સ એપથી ૫ મિનિટમાં આઈટી રિટર્ન ભરો**

હવે આવક વેરાનું રિટર્ન પાંચ જ મિનિટમાં હેલો ટેક્સ એપથી ચૂકવી શકાશે.

આ એપ મફતમાં ડાઉનલોડ કરી શકાશે. ત્રણ સ્ટેપમાં આવકવેરાનું રિટર્ન ભરી શકાશે.

- **રેલવે દ્વારા ટેલિકમ્યુનિકેશન ડેની ઉજવણી**

રેલવે સિગ્નલ એન્ડ ટેલિકોમ સ્ટાફ એસોસિએશન દ્વારા ૧૮મે ના રોજ ડીઆરએમ ઓફિસમાં વર્લ્ડ ટેલિકમ્યુનિકેશન ડેની ઉજવણી કરવામાં આવી હતી.

આ પ્રસંગે હાજર રહેલા રેલવેના ઉચ્ચ અધિકારીઓને સિગ્નલ એન્ડ ટેલિકોમ વિભાગની સમસ્યાઓની સાથે ભાવિ યોજનાઓ અંગની માહિતી આ કાર્યક્રમમાં આપવામાં આવી હતી.

- **ભારતમાં ખર્ચ સ્પર્ધાત્મકતા ઘટી ૩૦ ટકા થશે : એસોચેમ**

યુરોપની સરખામણીએ ૨૦૨૩ સુધીમાં ઉત્પાદન ક્ષેત્રે ભારતની કોસ્ટ સ્પર્ધાત્મકતા ઘટીને ૩૦ ટકા થવાની શક્યતા છે. વધતા જતા લેબર ખર્ચ ને કારણે સ્પર્ધાત્મકતા ૪૪ ટકાથી ઘટી ૩૦ ટકા થશે એમ એસોચેમનો અહેવાલ કહે છે.

યુરોપીય દેશોની તુલનાએ ભારતમાં ઉત્પાદન ખર્ચ ૧૫ ટકા ઓછું છે. પરંતુ ભારતમાં વતન તથા અન્ય ખર્ચ વધવાને કારણે ખર્ચ તફાવત ઘટી જાય છે.

- **૩૦૦ ગામને સ્માર્ટ વિલેજ બનાવાશે**

રાજ્ય સરકારે બજેટમાં મંજુર કરેલી સ્માર્ટ વિલેજની યોજનાનો પ્રારંભ મુખ્યમંત્રી આનંદીબેન પટેલના હસ્તે ૨૨મીએ ગાંધીનગરના મહાત્મા મંદિરથી કરવામાં આવશે.

કાર્યક્રમમાં રાજયના ૬ હજાર ગામોને ૧૦૦ ટકા શૌચાલયયુક્ત બનાવવા બદલ સરપંચોને પ્રશસ્તિપત્ર એનાયત કરાશે.

ગ્રામ્ય વિસ્તારોને કેન્દ્રમાં રાખીને આનંદીબહેન પટેલની સરકારના ૨ વર્ષની ઉજવણીનો આ વિશાળ કાર્યક્રમ યોજાશે. સરકાર દ્વારા બજેટમાં ૩૦૦ ગામોને સ્માર્ટ વિલેજ બનાવવાની યોજના મૂકી છે.

સ્માર્ટ વિલેજ માટે સરકારની તમામ યોજનાઓનું અમલીકરણ, સ્કૂલમાં ૧૦૦ ટકા નામાંકન, કુપોષણ મુક્તિ, ઈ-ગ્રામની સુવિધા સહિતનો ક્રાઈટેરિયા રાખવામાં આવ્યો છે. સ્વચ્છ ભારત મિશન અંતર્ગત રાજ્યમાં ૬ હજાર જેટલાં ગામોએ ૧૦૦ ટકા શૌચાલયો બનાવ્યાં છે, એવાં ગામોને ખુલ્લામાં શૌચક્રિયા મુક્ત તરીકે જાહેર કરવામાં આવશે.

- **SBIમાં બેન્કોના વિલીનીકરણનો કર્મચારીઓ વિરોધ કરશે**

સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયાએ તેની પાંચ સહયોગી બેન્કોને વિલીનીકરણ કરવાની જાહેરાતના કલાકોમાં ૨૭મેના રોજ તેના કર્મચારીઓએ રાષ્ટ્રવ્યાપી હડતાળ કરવાની ધમકી ઉચ્ચારી હતી.

આ વિલીનિકરણ કોઈ પણ જાતની અગાઉથી માહિતી આપ્યા વગર થઈ રહ્યું છે.

- **પહેલી જૂનથી ઓપ્શન કોન્ટ્રેક્ટના વેચાણ પર એસટીટી લાગુ થશે**

આગામી મહિનાથી ઓપ્શન કોન્ટ્રેક્ટના સિક્યોરિટી ટ્રાન્ઝેક્સન ટેક્સ (એસટીટી) લગાડવામાં આવશે એમ અગ્રણી એક્સચેન્જ NSE (National Stock Exchange) જણાવ્યું હતું. ફાઈનાન્સ એક્ટ, ૨૦૧૬ પ્રમાણે ઓપ્શનના વેચાણ પર હાલના દર ૦.૧૪ને બદલે સુધારીને ૦.૦૫ લાગુ કરવામાં આવશે.

આ સુધારો પહેલી જૂન, ૨૦૧૬થી લાગુ કરવામાં આવશે

- **બ્રિટનના સ્વિમર એડમ પેટીએ ૧૦૦ મીટર બ્રેસ્ટસ્ટ્રોકમાં રેકોર્ડ બનાવીને ગોલ્ડ જીત્યો :**

બ્રિટનના સ્વિમર એડમ પેટીએ યૂરોપિયન ચેમ્પિયનશિપમાં ૧૦૦ મીટર બ્રેસ્ટસ્ટ્રોકમાં ૫૮.૩૬ સેકન્ડનો સમય આપ્યો હતો. એડમે ચેમ્પિયનશિપનો રેકોર્ડ બનાવીને ગોલ્ડ જીત્યો હતો.

સ્કોટલેન્ડના રોસ મર્ડોકને સિલ્વર અને લિથુઆનિયાના ગેડરિયુસ ટાઈટેનિસને બ્રોન્ઝ મેડલ મળ્યો હતો.

- **ફ્રાન્સમાં વિવાદાસ્પદ શ્રમ સુધારા કાયદા વિરુદ્ધ ચાલી રહેલા દેખાવો હિંસક બન્યા**

ફ્રાન્સની સંસદમાં રજૂ કરાયેલ વિવાદાસ્પદ શ્રમ કાયદાના વિરુદ્ધમાં ભારે વિરોધ દેખાવો કરવામાં આવી રહ્યા છે.

કાયદાના વિરોધમાં ચાલી રહેલ દેખાવો ૧૮મે ના રોજ હિંસક બન્યા હતા. દેખાવકારોએ ૧૦ વધુ વાહનોને આગ ચાંપી મુખ્ય માર્ગો ઉપર ચક્કાજામ કરી દીધો હતો. જોકે અમુક દેખાવકારોએ પોતાને હિંસક પ્રદર્શનથી દૂર રાખીને દિવાલો ઉપર મ્યુરલ આર્ટ બનાવીને વિરોધ વ્યક્ત કર્યો હતો.

- **ભારતીયો સૌથી વધુ આશાવાદી**

પાંચમી વખત દુનિયામાં આશાવાદની દષ્ટીએ ભારતીય પ્રથમ, ચીન છઠ્ઠા અને પાકિસ્તાન દસમા ક્રમે છે.

કોન્ફિડન્સ મામલે ભારતીય ગ્રાહકો સતત છઠ્ઠા ત્રિમાસિક ગાળામાં પ્રથમ ક્રમે રહ્યા છે. નવ મહિના સુધી સ્થિર રહ્યા બાદ આ વખતે ભારતનો સ્કોર વધ્યો છે. ત્રણ અંકના વધારા સાથે ભારતને ૧૩૪ અંક મળ્યા છે. આ નવ વર્ષનો વિક્રમી

સ્કોર છે અને અમેરિકાથી ૩૪ અંક વધુ છે.

આ સરવે અનુસાર ગત વખતે ટોપ-૧૦થી બહાર રહેલુ અમેરિકા ચોથા ક્રમે રહ્યુ હતુ. સરવે ૬૩ દેશના ૩૦ હજારથી વધુ લોકોમાં કરવામાં આવ્યો હતો.

| અહીં વધુ કોન્ફિડન્સ | | અહીં ઓછો કોન્ફિડન્સ | |
|---|---|---|---|
| દેશ | સ્કોર | દેશ | સ્કોર |
| ભારત | ૧૩૪ | દ.કોરિયા | ૪૪ |
| ફિલિપિન્સ | ૧૧૯ | યુક્રેન | ૪૬ |
| ઈન્ડોનેશિયા | ૧૧૭ | બેલારુસ | ૪૬ |
| અમેરિકા | ૧૧૦ | ગ્રીસ | ૫૩ |
| વિયેતનામ | ૧૦૯ | ઈટલા | ૫૯ |

- **ઈમ્પેક્ટ ફીની મુદત સરકારે વધુ ત્રણ મહિના લંબાવી :**

રાજ્યોના મહાનગરોમાં આડેધડ ઊભા થયેલા ગેરકાયદે બાંધકામોને નિયમિત કરવા રાજ્ય સરકારે જે ઈમ્પેક્ટ ફીના નિયમોમાં સુધારા જાહેર કરેલા તેના અમલની મર્યાદા વધુ ત્રણ મહિના લંબાવવામાં આવી છે.

આ પ્રકારના બાંધકામોને નિયમિત કરવાની અરજી હવે ૧૮ મી ઓગસ્ટ, ૨૦૧૬ સુધી સ્વીકારવામાં આવશે તેમ સરકારે સત્તાવાર નિવેદનમાં જણાવ્યું છે.

- **યોગ દિવસની ઉજવણીમાં સરકાર ત્રણ કરોડ ખર્ચશે**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની રજૂઆતના પગલે યુનો દ્વારા ૨૧ જૂનના દિવસને વિશ્વ યોગ દિન તરીકે ઉજવવાનું જાહેર કર્યા બાદ ગુજરાત સરકારે દર વર્ષે આ ઉજવણીને ભવ્ય બનાવવાનો નિર્ણય કર્યો છે.

આ કાર્યક્રમો પાછળ ૩ કરોડ રૂપિયાનો ખર્ચ થવાનો અંદાજ છે. ગયા વર્ષે સરકારે ૨.૫ કરોડ રૂપિયા ખર્ચ્યા હતા.

સરકારે યોગ દિનની ઉજવણી માટે બાબા રામદેવ અને શ્રીશ્રી રવિશંકર, લકુલિશ યોગ યુનિવર્સિટી સહિતની યોગ સંસ્થાઓની મદદ માંગી છે. મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં જીએમડીસી ગ્રાઉન્ડ પર કાર્યક્રમ યોજાશે.

શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ કહ્યું કે ગત વર્ષની ઉજવણીમાં ૬૦ લાખ લોકો જોડાયા હતા. જ્યારે આ વર્ષે ૭૫ લાખ લોકો જોડાશે. આ માટે રાજ્યની તમામ ધાર્મિક, શૈક્ષણિક, સામાજિક સ્વૈચ્છિક સંસ્થાઓનો સહયોગ લેવાશે. તમામ પ્રાથમિક-માધ્યમિક શાળાના આચાર્યોના વિદ્યાર્થીઓને ઉજવણીમાં સામેલ કરાશે.

- **શિક્ષણ વિભાગમાં મીડિયા સેલ ઊભો કરવા માટે સરકારનો નિર્ણય**

ગુજરાત સરકારે હવે શિક્ષણ વિભાગમાં અલાયદો મીડિયા સેલ ઉભું કરવા નિર્ણય કર્યો છે. સરકાર અને શિક્ષણ વિભાગ દ્વારા લેવાતા નિર્ણયો, નીતિ વિષયક બાબતોમાં એકતરફી સંવાદ રહે છે અને તેની અસરોના અનુમાન વગર જ આવા નિર્ણયો શિક્ષણતંત્ર ઉપર થોપી દેવામાં આવે છે તેવા રિપોર્ટને અંતે ગુજરાત સરકારે રાજ્યના શિક્ષણ વિભાગમાં સિનિયર મિડિયા ઓફિસર સાથેનું એક અલગ સેલ ઉભું કરવા નિર્ણય કર્યો હતા, જેને નાણા વિભાગે પણ મંજુરી આપી દીધી છે.

- **દુનિયાના સૌથી મોટા રૂફ ટોપ સોલર પાવર પ્લાન્ટનો પ્રારંભ**

દુનિયાના સૌથી મોટો રૂફ ટોપ સોલર પાવર પ્લાન્ટનો ભારતમાં પ્રારંભ થઇ ગયો છે. તેને ૧૩૯ કરોડ રૂપિયાના ખર્ચે બિયાસના ડેરા બાબા જૈમલસિંહમાં પંજાબ એનર્જી અને ડેરા બિયાસ દ્વારા ઊભો કરવામાં આવ્યો છે. ૮૨ એકરમાં ૮ શેડ્સની છત પર ૭૮,૧૦૨ મોડ્યૂલ લગાવીને આ પ્લાન્ટ તૈયાર કરવામાં આવ્યો છે. તેનાથી દર વર્ષે ૨૭ લાખ યુનિટ વીજળી પેદા કરવામાં આવશે. આ સોલર પ્લાન્ટને પગલે આગામી ૨૫ વર્ષમાં ચાર લાખ ટન કાર્બન ડાયોકસાઈડના ઉત્પાદનને ઘટાડી શકાશે.

- **સંશોધકોએ વિકસાવ્યું પારદર્શક લાકડું : કાચનો વિકલ્પ બની રહેશે**

લાકડાને વધારે મજબૂત અને ટકાઉ બનાવવા ઉપરાંત વૈવિધ્યસભર બનાવવા સંશોધકોએ લાકડા સાથે નવા જ પ્રયોગ કર્યા છે. તેમણે લાકડાને પારદર્શક બનાવી દીધું છે. તેમણે જણાવ્યું કે, લાકડા પર કેમિકલ દ્વારા પ્રયોગ કરીને એક નવું જ મટિરિયલ તૈયાર કરવામાં આવ્યું છે. બારીઓમાં અને ખાસ કરીને કારની બારીઓ માટે વધારે ઉપયોગી સાબિત થશે. આ સંશોધન પાછળ રહેલી ટીમે જણાવ્યું કે, આ મટીરિયલ દ્વારા એડવાન્સ સોલર પેનલ પણ બનાવી શકાશે.

યુનિવર્સિટી ઓફ મેરિલેન્ડના વિઝિટીંગ દ્વારા સંશોધન કરવામાં આવ્યું છે.

એડવાન્સ જર્નલ નામની સાયન્ટિકફિક જર્નલમાં આ સંશોધન પ્રકાશિત કરવામાં આવ્યું હતું.

- **પૃથ્વી - ૨નું સફળ પરીક્ષણ**

ભારતે ઓરિસ્સાની ચાંદીપુર ટેસ્ટ રેન્જ ખાતેથી સ્વદેશી ધોરણે વિકસાવવામાં આવેલા પરમાણુ ક્ષમતા ધરાવતા પૃથ્વી-૨ મિસાઈલનું સફળ પરીક્ષણ કર્યું હતું. ૩૫૦ કિ.મી.ની રેન્જ ધરાવતું આ મિસાઈલ ૫૦૦ થી ૧૦૦૦ કિલોના વજનનાં શસ્ત્રો વહનની ક્ષમતા ધરાવે છે. પ્રોપ્યુલઝન ટ્વિન એન્જિન ધરાવતું આ મિસાઈલ લક્ષ્યને અચૂક વેધી શકે તે રીતની ગાઈડન્સ સિસ્ટમ પણ ધરાવે છે. ભૂતકાળમાં ૧૨ ઓક્ટોબર, ૨૦૦૯ના રોજ પણ પૃથ્વી-૨ મિસાઈલનું ટ્વિન પરીક્ષણ હાથ ધરવામાં આવ્યું હતું.

- **ઇથિયોપિયામાં આવેલું ડાલોલ પૃથ્વી પરનું સૌથી વધુ ગરમ સ્થળ ગણાય છે**

૧૮ મેના દિવસે વિવિધ વેબસાઈટો અનુક્રમે એક્યુટવેધર,

વેધર ડોટ કોમ, વેધર સિટી, ટાઈમ એન્ડ ડેટ, સ્કાયમેટ વેધર અને ગૂગલ દ્વારા તાપમાનના આંકડા નોંધાયા હતા, જે સત્તાવાર સરકારી તાપમાન કરતા વધારે છે. આ આંકડા ચારથી પાંચ વાગ્યા વચ્ચેના છે.

- **વૈષ્ણોદેવી નજીક ત્રિકુટ પર્વતના જંગલમાં ભીષણ દાવાનળ**

સુવિખ્યાત યાત્રાધામ વૈષ્ણોદેવી નજીક આવેલા ત્રિકુટ પર્વતના જંગલોમાં ભીષણ દાવાનળ ફાટી નીકળ્યો હતો. સ્થાનિક સૂત્રોના જણાવ્યા મુજબ વૈષ્ણોદેવીના બેઝ કેપ બાલગંગા નજીક કટરા ગામના જંગલોમાં દાવાનળ ફાટી નીકળતાં ગભરાયેલા યાત્રિકોને સલામત સ્થળે હેલિકોપ્ટરની મદદ લેવાઈ હતી.

- **પી.એન.બી.એ બેન્કિંગ ક્ષેત્રની સૌથી મોટી ૫,૩૬૭ કરોડની ખોટ નોંધાવી**

ઉંચી એનપીએ (નો પર્ફોમિંગ એસેટ્સ)નો સામનો કરી રહેલી પંજાબ નેશનલ બેંક (પીએનબી) એ ૩૧ માર્ચ, ૨૦૧૬ના રોજ પૂર્ણ થતા નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬ના ચોથા ક્વાર્ટરમાં વિક્રમજનક ૫૩૬૭ કરોડ રૂપિયાની ખોટ નોંધાવી છે.

- **અમેરિકામાં ગુજરાતી મૂળના દેવેનની OPICમાં નિમણૂકને સેનેટની મંજૂરી**

ઓબામાએ જેમની પસંદગી કરી હતી એવા ગુજરાતી મૂળના એક વેન્ચર કેપિટલીસ્ટની ઓવરસીઝ પ્રાઈવેટ ઈન્વેસ્ટમેન્ટ કોર્પોરેશન (OPIC)ના બોર્ડ કરેલી નિમણૂકને અમેરિકન સેનેટે બહાલી આપી હતી. ઓગસ્ટ ૨૦૧૪માં ઓબામા દ્વારા નોમિનેટ કરાયેલા પારેખ હાલમાં ન્યૂયોર્ક સ્થિત એક ખાનગી ઈક્વિટી અને વેન્ચર કેપિટલીસ્ટ કંપનીના ડીરેક્ટર છે જ્યાં તેઓ ૨૦૧૧થી કાર્યરત છે. OPIC એ અમેરિકન સરકારની વિકાસ ફાઈનાન્સ માટેની એક સંસ્થા છે.

- **ભારતે પૃથ્વી-૨ પરમાણુ મિસાઇલનું સફળ પરીક્ષણ કર્યું**

ભારતે આજે ઓડિશાના બાલાસૌર ખાતે સૈન્યના ટેસ્ટ રેન્જમાંથી શુદ્ધ દેશી બનાવટની અણુ ક્ષમતા ધરાવતી પૃથ્વી-૨નું સફળ પરિક્ષણ કર્યું હતું. જમીનથી જમીન પર પ્રહાર કરી શકે એવી મિસાઈલ છોડવામાં આવી હતી. ૩૦૦ કિ.મી.ની પ્રહાર ક્ષમતા સાથે આ મિસાઈલ ૫૦૦થી ૧૦૦૦ કિલોની શસ્ત્રો સામગ્રી વહન કરી શકવાની ક્ષમતા ધરાવે છે. મિસાઈલમાં બે એન્જિન છે.

- **વિશ્વના કુલ મનોરોગીઓમાં ૧૫ ટકા માત્ર ભારતમાં છે**

વિશ્વમાં જેટલા પણ લોકો મનોરોગથી પીડાય છે તેમાંથી મોટા ભાગના લોકો તો માત્ર ભારત અને ચીનમાં છે, ધ લેન્સેટ દ્વારા જારી સંશોધનમાં દાવો કરવામાં આવ્યો હતો કે વિશ્વના મનોરોગીઓમાંથી ૧૫ ટકા ભારતના જ્યારે ૧૭ ટકા ચીનના નાગરીકો છે.

## 20 MAY, 2016

- **અમદાવાદમાં ગરમી ૪૮ ડિગ્રી : ૧૦૦ વર્ષનો રેકોર્ડ તૂટ્યો**

૨૭ મે ૧૯૧૭ ના રોજ ૪૭.૨ ડિગ્રી સૌથી વધુ તાપમાન નોધાયું હતું. ગાંધીનગર અને ડીસામાં પણ પારો ૪૮ ડિગ્રી સુધી પહોંચ્યો હતો. રાજ્યનાં ૮ શહેરામાં તાપમાન ૪૬ ડિગ્રીને પાર નીકળી ગયું હતું.

- **ચાર રાજ્યોની વિધાનસભા ચૂંટણી**

**પશ્ચિમ બંગાળ : ૨૯૪ બેઠક**

| તૃણમૂલ | સીપીએમ | ભાજપ | અન્ય |
|---|---|---|---|
| ૨૧૧ | ૭૬ | ૩ | ૪ |
| ૪૪.૯ ટકા વોટ | ૩૭.૯ ટકા વોટ | ૧૦.૨ ટકા વોટ | ૭.૦ ટકા વોટ |

**આસામ : ૧૨૬ બેઠક**

| ભાજપ | કોંગ્રેસ | અન્ય |
|---|---|---|
| ૮૫ | ૨૬ | ૧૫ |
| ૪૧.૫ ટકા વોટ | ૧.૦ ટકા વોટ | ૨૭.૫ ટકા વોટ |

**કેરળ : ૧૪૦ બેઠક**

| લેફ્ટ | કોંગ્રેસ | ભાજપ | અન્ય |
|---|---|---|---|
| ૮૩ | ૪૭ | ૧ | ૯ |
| ૩૪.૬ ટકા વોટ | ૩૫.૧ ટકા વોટ | ૧૦.૫ ટકા વોટ | ૧૯.૮ ટકા વોટ |

**તમિલનાડુ : ૨૩૪ બેઠક**

| અન્નાદ્રમુક | દ્રમુક | અન્ય |
|---|---|---|
| ૧૩૪ | ૯૭ | ૩ |
| ૪૦.૮ ટકા વોટ | ૩૮.૦ ટકા વોટ | ૨૧.૨ ટકા વોટ |

- **તાલાલા વિધાનસભા પેટાચૂંટણી, ભાજપના ગોવિંદ પરમાર વિજયી**

ધારાસભ્ય જશુભાઈ બારડના નિધનથી ખાલી પડેલ એક બેઠકની પેટાચૂટણીમાં કુલ પાંચ ઉમેદવારોએ ચૂટણી જંગમાં ઝંપલાવ્યું હતું ભાજપના ગોવિંદભાઈ પરમારને ૬૩,૮૯૯ મત મળતાં તેમનો ૨૪૪૧ મતની લીડથી વિજય થયો હતો.

- **૬૬ પ્રવાસી સાથેનું ઈજિપ્તનું પેરિસથી કેરો જતું વિમાન ભુમધ્ય સમુદ્ર પર ક્રેશ થયું**

- **પદ્મશ્રી વિજેતા લોકગાયિકા દિવાળીબેન ભીલનું નિધન**

ગુજરાતની કોયલ, પદ્મશ્રી લોકગાયિકા દિવાળીબેન ભીલનું જૂનાગઢ ખાતે ૧૯ મે, ૨૦૧૬ના રોજ ૮૬ વર્ષની ઉંમરે

નિધન થયું છે. લોકસંગીતમાં પ્રદાન બદલ ૧૯૯૦માં તેમને પદ્મશ્રી એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. ગુજરાતી ફિલ્મના ગીતોએ દિવાળી બેનને ગુજરાતભરમાં પ્રતિષ્ઠા અપાવી હતી. જેસલ તોરલ ફિલ્મનું ગીત 'પાપ તારૂં પરકાશ', 'ધરમ તારો સંભાળ', 'લંકાની લાડીને ઘોઘાનો વર'નું 'રામનાં બાણ વાગ્યા' અને ચિરજિંવ રચના 'મારે ટોડલે બેઠો મોર કયાં બોલે' વગેરેથી ગુજરાતના ઘરઘરમાં ગૂંજતાં થયેલાં દિવાળીબેનની ૨૦ મેના રોજ અંતિમયાત્રા નીકળી હતી. તેમનો જન્મ ૨ જૂન, ૧૯૪૩માં અમરેલી જીલ્લાના ધારી તાલુકાના દલખાણિયા ગામે થયો હતો. તેમના પિતાને જૂનાગઢ રેલ્વેમાં નોકરી મળતાં તેમનો પરિવાર જૂનાગઢ આવી વસ્યો. દિવાળીબેન નિરક્ષર હતા. દિવાળીબેને ૧૫ વર્ષની ઉંમરે સૌપ્રથમ વાર રેકોર્ડીંગ કર્યું હતું. સ્ટેજ કાર્યક્રમોમાં તેમણે પ્રાણલાલ વ્યાસ સાથે સૌથી વધુ ગીતો ગાયાં. તેમને ૭૦૦ જેટલાં ગીતો કંઠસ્થ હતાં. અભણ હોવાથી તેઓ કંઠસ્થ કરેલાં ગીતો જ ગાતાં હતાં. દિવાળીબેન વણઝારી ચોકની ગરબીમાં ગાવા જતાં. તેઓ 'મા પાવા તે ગઢથી ઉતર્યા મહાકાળી રે' ગાતાં હતાં એ વખતે જૂનાગઢ આવેલા હેમુ ગઢવી અને આકાશવાણીના ડાયરેક્ટર ઉપેન્દ્રભાઈ સાંભળી ગયા અને ગરબી થતી હતી ત્યાં ગયા. દિવાળીબેનને આકાશવાણીમાં ગાવા સિલેક્ટ કર્યાં. બસ, એ જ તેમની કારકિર્દીની શરૂઆત હતી. એક વખત દિવાળીબેન દિલ્હીમાં તત્કાલીન વડાપ્રધાન ઈન્દિરા ગાંધીને મળેલાં ત્યારે દિવાળીબેને માથે ઓઢેલું તે જોઈ તેમણે કહેલું,"આપ બહોત રિસ્પેક્ટ રખતી હૈ." તેમણે 'મા પાવા તે ગઢથી ઉતર્યા મહાકાળી રે..' ગીત પણ ગવડાવેલું.

### દિવાળીબેનનાં યાદગાર ગીતો

(૧) મારે ટોડલે બેઠો મોર ક્યાં બોલે (૨) પાપ તારું પરકાશ જાડેજા (૩) માથે મટુકડી (૪) હું તો કાગળીયા લખી લખી થાકી (૫) રામનાં બાણ વાગ્યાં (૬) રૂમાલ મારો લેતા જાજો (૭) સોના વાટકડી રે (૮) છેલૈયા રે કુંવર છેલૈયા (૯) મારગડો મારો મેલી દીયો ને ગિરધારી (૧૦) ઝીણા મોર બોલે છે લીલી નાઘેરમાં

### ● ભારતીય અર્થતંત્ર ૭.૫ ટકાના દરે વૃદ્ધિ પામશે

ભારતીય અર્થતંત્ર ચાલુ અને આગામી વર્ષે ૭.૫ ટકાના દરે વિકાસ કરશે એમ મૂડીઝ ઈન્વેસ્ટર સર્વિસે જણાવ્યું હતું. ૨૦૧૫-૧૬ના વર્ષમાં ભારતીય અર્થતંત્ર ૭.૩ ટકાના દરે વિકાસ પામ્યું હતું.

### ● સેવિલાએ ટાઈટલની હેટ્રિક કરી

સ્પેનની ફૂટબોલ કલબ સેવિલાએ યુરોપ લીગની ફાઈનલમાં ઈંગ્લિશ કલબ લીવરપૂલને ૩-૧થી હરાવીને સતત ત્રીજું તથા કુલ પાંચમું ટાઈટલ પોતાના નામે કરી લીધું હતું.

### ● બ્રિટનના નિક થોમ્પસને સતત બીજી વખત લેજર વર્લ્ડ સેઇલિંગ ટાઇટલ જીત્યું

રિવેરા નાયારિત (મેક્સિકો) બ્રિટનના નિક થોમ્પસને સતત બીજી વખત વર્લ્ડ સેઈલિંગ ટાઈટલ જીતી લીધું હતું. સાત દિવસની રેગેટામાં થોમ્પસને પ્રથમ દિવસથી જ સરસાઈ મળવી લીધી હતી. તેણે ફ્રાન્સના જીન બાપતિસ્તે બેરનાઝને ૧૨ પોઈન્ટથી હરાવ્યો હતો. નેધરલેન્ડ્સના રૂટગર વાન શારડનેબર્ગે ત્રીજુ સ્થાન હાંસલ કર્યુ હતું. તે ચાલુ વર્ષે ચેમ્પિયન બનનાર બ્રિટનનો ત્રીજો સેઈલર છે.

### ● મુક્ત બંધવા મજૂરોને પુનર્વાસ માટે ૩ લાખ રૂપિયા સુધી મળશે

અત્યાર સુધી આ રકમ ૨૦,૦૦૦ રૂપિયા હતી. દિવ્યાંગો, માનવ તસ્કરી અને જાતીય સતામણીથી મુક્ત કરાવવામાં આવેલી મહિલાઓ, બાળકો અને કિન્નરો સહિત બધા મુક્ત બંધવા મજૂરોને આ લાભ મળશે. શ્રમ મંત્રાલયે ૧૭ મે ૨૦૧૬ના રોજ ઘણાં પગલાંની જાહેરાત કરી છે. શ્રમપ્રધાન બંડારુ દત્તાત્રેયે જણાવ્યું કે બંધવા મંજૂરોના પુનર્વાસની યોજનામાં સુધારાનું જાહેરનામું પ્રસિદ્ધ કરી દીધું છે. મહિલાઓ અને સગીરોની વિશેષ શ્રેણીમાં બે લાખ રૂપિયા પ્રતિ વ્યક્તિ અને સામાન્ય વયસ્ક પુરુષ બંધવા મજૂરને એક લાખ રૂપિયા મળશે.

### ● રોઆનુ વાવઝોડાથી આંધ્રમાં ભારે વરસાદ

બંગાળની ખાડીમાં બનેલા હવાના ઊંડા દબાણે જોર પકડતા ચક્રવાતે રોઆનુનું સ્વરૂપ લીધું છે. 'રોઆનુ' વાવાઝોડું ત્રાટકતાં આંધ્રપ્રદેશમાં કૃષ્ણા, પૂર્વે ગોદાવરી અને વિશાખાપટ્ટનમાં ૧૯ મેના રોજ ભારે વરસાદ ખાબક્યો હતો. આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી એન. ચંદ્રબાબુ નાયડુએ સ્થિતિની માહિતી લીધી હતી. આગામી ૨૪ થી ૪૮ કલાકમાં સીમાંધ્ર, તેલંગણા અને દક્ષિણ તેમજ ઉત્તર ઓડિશાના મોટા ભાગના સ્થળે એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

### ● હવે રાજયના જિલ્લાઓમાં વર્કિંગ વુમન હોસ્ટેલ બનશે

મહાનગરોમાં પગારના ૧૫ ટકા ભાડામાં વર્કિંગ વુમનને હોસ્ટેલમાં રહેવાની સુવિધા પ્રાપ્ત થશે.

ગુજરાતનાં તમામ શહેરો, ગ્રામ્ય વિસ્તારોમાં કામ કરતી મહિલાઓને રહેવા માટે વર્કિંગ વુમન હોસ્ટેલ શરૂ કરવા સરકારે નિર્ણય કર્યો છે. તેના અમલ માટે મહિલા અને બાળ કલ્યાણ વિભાગે મહિલાઓ માટે કાર્યરત સ્વૈચ્છીક સંગઠનો અને ટ્રસ્ટ પાસેથી દરખાસ્તો મંગાવવાની શરૂઆત કરી છે.

### ● મહિલાઓની 4 X 100 મીટર રિલે ટીમે રાષ્ટ્રીય રેકોર્ડ તોડ્યો

ભારતની 4 X 100 મીટર હિલા રિલે ટીમે ૧૮ વર્ષ જૂનો રેકોર્ડ તોડી આઈએએએફ વર્લ્ડ ચેલેન્જમાં ચોથું સ્થાન મેળવ્યું હતું. 4 X 100 મીટર રિલે ટીમમાં દુતી ચંદ, શ્રબાની નંદા,

જ્યોતિ અને મર્લિન જોસેફ સામેલ હતી.

તેઓએ ૪૪.૦૩ સેકન્ડમાં રેસ પૂરી કરી ૧૮ વર્ષ જૂના ૪૪.૪૩ સેકન્ડના રેકોર્ડને તોડ્યો, જે સરસ્વતી ડે, રચિતા મિસ્ત્રી, ઇબી શાયલા અને પીટી ઉષાએ ૨૨ જુલાઈ ૧૯૯૮માં બનાવ્યો હતો. ભારત માટે મર્લિને રેસની શરૂઆત કરી અને જ્યોતિ બીજા નંબરે દોડી હતી. તે પછી શ્રબાની અને અંતમાં દુતી ચંદનો નંબર હતો.

- **ઈજિપ્ત એરવેઝનું પેરિસથી કાહિરા જતું વિમાન તૂટી પડ્યું, ૬૬નાં મૃત્યુ**
- **રોનુ ચક્રવાત આંધ્ર, ઓરિસ્સામાં ભારે વરસાદી તાંડવ સર્જી શકે**

બંગાળના અખાતમાં ડીપ ડીપ્રેશનની સ્થિતિ સર્જાતાં વાવાઝોડું રોનુ ઉત્તર આંધ્રપ્રદેશ અને ઓરિસ્સાના સાગરકાંઠા તરફ પ્રતિકલાક છ કિ.મી.ની ગતિએ આગળ વધી રહ્યું છે.

- **બ્રિટનના જળ નિષ્ણાતોએ ભારતમાં પાણીની ચકાસણી માટે સાધન વિકસાવ્યું**

યુનિવર્સિટી ઓફ બર્મીંગહામના નિષ્ણાતોએ આજે જાહેર કર્યું હતું કે તેમણે એક આધુનિક અને નવી પદ્ધતિ વિકસાવી છે જેના દ્વારા પાણીને ઝડપી અને સરળ રીતે ચકાસી શકાશે અને એ પાણી પીવા લાયક છે કે નહીં તેની પણ જાણકારી આપશે, યુનિ.ના સિવિલ એન્જિનીયરીંગ વિભાગની એક ટીમે 'ડ્યુ ફ્લોર' નામનું એક સાધન બનાવ્યું છે જે પાણીના કુદરતી ફ્લોરોસેન્ટને ઝડપથી સાફ કરે છે અને નમૂનામાં જોવા મળતા પ્રદુષણને અલગ કરે છે, તેમજ આ પાણી પીવાલાયક છે કે કેમ તેની પણ માહિતી આપશે.

## 21 MAY, 2016

- **આજે ઉજ્જૈન સિંહસ્થમાં અંતિમ શાહી સ્નાન**

આજે ઉજ્જૈન સિંહસ્થમાં અંતિમ શાહી સ્નાન યોજાશે. પરંતુ અહીં આવનારા શ્રદ્ધાળુઓને ધ્યાનમાં રાખીને મેળા ક્ષેત્રમાં વ્યવસ્થાઓ ૨૮ મે સુધી જળવાઈ રહેશે. અમુક સાધુ-સંતો પણ અહીં રોકાશે. અન્ન ક્ષેત્ર પણ ચાલુ રહેશે. સરકારે દરેક વિભાગોને ૨૮ મે સુધી વ્યવસ્થાઓ યથાવત રાખવાના નિર્દેશ આપ્યા છે.

- **વધુ ત્રણ સ્ટેશનો પર મફત વાઈફાઈ સેવા શરૂ કરાઈ**

રેલવેએ પટણા, રાંચી અને વિશાખાપટ્ટનમ રેલવે સ્ટેશનો ઉપર ૨૦ મેથી મફત વાઈફાઈ સેવા શરૂ કરી છે.

આ સેવાને રેલવે મંત્રી સુરેશ પ્રભુએ વીડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી લોન્ચ કરી હતી.

- **રિવર ફ્રન્ટ પર રિક્ષાઓના પ્રવેશ સામે પ્રતિબંધ**

સાબરમતી રિવર ફ્રન્ટના અમુક વિસ્તારને ગ્રીન એરિયા તરીકે જાહેર કરવામાં આવ્યો છે અને તે કાયમી ધોરણે જળવાઈ રહે તે માટે પ્રદુષણ ન ફેલાય તે ખૂબ જ જરૂરી છે. જે હેતુથી રિવર ફ્રન્ટ ઉપર લગભગ ૧૫-૨૦ દિવસ પહેલાથી જ ૨૦ ટન કરતાં વધારે વજનવાળા તમામ વાહનોને પ્રવેશવા ઉપર પ્રતિબંધ લાદવામાં આવ્યો છે, જેમાં ઓટો રીક્ષાઓને પણ આવરી લેવામાં આવી છે.

જો કે ઓટો રીક્ષાનું ૩ પેસેન્જર સાથેનું મહત્તમ વજન ૧ ટન કરતાં પણ ઓછું થાય છે. જ્યારે તમામ રીક્ષાઓ સીએનજી હોવાથી તેનાથી પ્રદુષણ ફેલાવાનો પ્રશ્ન ઉભો થતો જ નથી.

- **આજે આંતકવાદ વિરોધી દિન**

સ્વ. ભૂતપૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીની ૨૧ મે, ૧૯૯૧ના રોજ નિર્વાણ તિથિ છે. આ દિવસે તેમની હત્યા કરવામાં આવી હતી.

- **ગુજ્જુ મહિલાએ પતિ સાથે એવરેસ્ટ સર કર્યું**

વિશ્વનું સર્વોચ્ચ શિખર ૮૮૪૮ મીટરની ઊંચાઈએ આવેલ માઉન્ટ એવરેસ્ટ પ્રથમ ગજ્જુ મહિલા ચેતના રાણા સાહુએ સર કરી દીધુ છે. ૫૦ વર્ષની વયે માઉન્ટ એવરસ્ટ સર કરનાર આણંદની ચેતના રાણા પ્રથમ ભારતીય મહિલા છે. તેઓએ પર્વતારોહક પતિ પ્રદિપ સાહુ સાથે ૧૯મી મેને ગુરૂવારે એવરેસ્ટ સર કર્યું હતું.

કોલકત્તામાં સ્થાયી થયેલા અને મૂળ આણંદના મધ્યમ પરિવારમાં જન્મેલાં ચેતના રાણા ૩૦ વર્ષથી પર્વતારહણની પ્રવૃત્તિ સાથે સંકળાયેલાં છે.

- **હવે પોસ્ટ ઓફિસ કોર બેંકિંગ સોલ્યુશન સિસ્ટમથી જોડાશે**

દેશની તમામ પોસ્ટ ઓફિસને કોર બેન્કિંગ સોલ્યુશન (સીબીએસ) સિસ્ટમથી જોડવામાં આવી રહી છે, જેમાં અમદાવાદની ૧૧૩ પૈકી ૯૩ સહિત રાજ્યની ૧,૩૩૯માંથી ૧૨૧૨ પોસ્ટ ઓફિસ જોડાઈ છે. શહેરની બાકી ૨૦ પોસ્ટ ઓફિસ ૩૦ મે સુધીમાં, જ્યારે રાજ્યની બાકીની પોસ્ટ ઓફિસ જૂનના અંત સુધીમાં જોડાશે.

હાલમાં દેશની ૨૫ હજારમાંથી ૨૧૬૬૪ પોસ્ટ ઓફિસ આ સિસ્ટમથી જોડાઈ છે.

પોસ્ટ ઓફિસમાં એટીએમની સુવિધા પણ શરૂ કરાઈ છે. આ સેવા અંતર્ગત પોસ્ટ વિભાગના બચત ખાતેદારો કોઈ પણ પોસ્ટ ઓફિસમાં ટ્રાન્ઝેક્શન કરી શકે છે. પોસ્ટલ સેવિંગ્સ બેન્ક અંતર્ગત વિવિધ સ્કીમોની લેવડદેવડ તથા પાકતી મુદતે કોઈ પણ પોસ્ટ ઓફિસમાં નાણાં મેળવી શકાશે.

- **પાંચ રાજ્યોમાં ચૂંટાયેલા ૫૦% ધારાસભ્ય કરોડપતિ**

પાંચ રાજ્યની વિધાનસભાની ચૂંટણીમાં ધનકુબેરોની બોલબાલા રહી. ચૂંટાયેલા ૮૨૨માંથી ૪૨૮ ધારાસભ્ય કરોડપતિ છે. તમિલનાડુ આ બાબતે સૌથી આગળ છે. ટકાવારી પ્રમાણે પુડુચેરીમાં સૌથી વધુ કરોડપતિ ધારાસભ્યો છે.

કેરળમાં ૬૧ ટકા ધારસભ્યો ગુનાહિત ભૂતકાળ ધરાવે છે.

એસોસિયેશન ફોર ડેમોક્રેટિક રિફોર્મસ (એડીઆર) ના સરવેમાં આ બાબત સામે આવી છે.

- **૪ કરોડ ભારતીયો પર દરિયાનું જોખમ**

દેશમાં દરિયા કિનારે આવેલાં ઘણાં શહેરોની મુશ્કેલી વધી શકે છે. સંયુક્ત રાષ્ટ્રના એન્વાયરમેન્ટ રિપોર્ટમાં વધતા દરિયાઈ સ્તર અંગે ચિંતા જાહેર કરવામાં આવી છે. તેમાં કહેવામાં આવ્યું છે કે જો આવી જ સ્થિતિ રહેશે તો ૨૦૫૦માં ભારતમાં ૪ કરોડ લોકોને જીવનું જાખમ રહેલું છે.

મુંબઈ અને કોલકત્તા જેવાં મોટાં કોસ્ટલ શહેરોને સૌથી વધારે અસર થશે. ૨૦૫૦ સુધી સમુદ્ર સ્તર વધવાથી સમગ્ર દુનિયામાં જે ૧૦ દેશોની વસ્તીને સૌથી વધારે અસર થશે તેમાંથી સાત દેશ એશિયા પેસેફિક રિજનના છે.

બાંગ્લાદેશ, ચીન, ભારત, ઈન્ડોનેશિયા અને ફિલિપાઈન્સમાં સ્ટોર્મ સર્જ જોન થશે અને તેના કારણે પાંચ કરોડ ૮૦ લાખ લોકોને જીવનું જોખમ હોવાનું માનવામાં આવે છે. જેમાં ભારત સિવાય બાંગ્લાદેશ, ચીન, ફિલિપાઈન્સના દેશોને જોખમ છે.

- **બ્રિટનમાં ગુજરાતી રેખા શાહ હેરોના મેયર બન્યાં**

બ્રિટનનાં મૂળ ગુજરાતી એક્ટિવિસ્ટ રેખા શાહ નોર્થ લંડનના હેરોના મેયર બન્યાં છે. તેઓ એક વર્ષ સુધી મેયર પદે રહેશે. મુંબઈમાં જન્મેલાં-ઉછરેલાં રેખા શાહ છેલ્લા એક વર્ષથી હેરોના ડેપ્યુટી મેયર હતાં.

- **ઈજિપ્ત ક્રેશ ફ્લાઈટનો કાટમાળ મળ્યો**

ભૂમધ્ય સમુદ્રમાં ક્રેશ થયેલા ઈજિપ્ત એરના વિમાન એમએસ ૮૦૪ મામલે નવો ખુલાસો સામે આવ્યો છે.

અમેરિકાની હોમલેન્ડ સિક્યોરિટી કમિટીના અધ્યક્ષ માઈકલ મેકકોલે મીડિયા સમક્ષ આશંકા વ્યક્ત કરી છે કે ઈજિપ્ત એરના આ વિમાનને બોમ્બ વિસ્ફોટથી ઉડાવી દેવાયું હોય તેવી સંભાવના છે.

- **તાઈવાનમાં પહેલા મહિલા રાષ્ટ્રપતિ**

તાઈવાનમાં ૧૯ મેના રોજ સાઈ ઈંગ વેને રાષ્ટ્રપતિ તરીકે શપથ લીધા હતા. તેઓ દેશના પહેલા મહિલા રાષ્ટ્રપતિ છે. સાઈએ જાન્યુઆરીમાં થયેલી ચૂંટણીમાં ડેમોક્રેટિક પ્રોગ્રેસીવ પાર્ટીનું નેતૃત્વ કર્યું હતું.

- **સરકાર વિકાસપર્વ ઉજવશે**

રાજ્યની આનંદીબહેન પટેલ સરકારના બે વર્ષ પૂરા થયાની ધામધૂમ પૂર્વક ઉજવણી કરવાનું સરકારે નક્કી કર્યું છે.

૨૨મીથી ૨૬મી મે દરમિયાન ભાજપ વિકાસ પર્વ ઉજવશે. જેના ભાગરૂપે રાજ્યભરમાં ૧૪ વિકાસપર્વ સંમેલનો અને ૨૬ લોકસભા વિસ્તારોમાં વિકાસ ગૌરવ યાત્રાઓ યોજવાનું નક્કી થયું છે. ૨૨મી મેએ મુખ્યમંત્રીના નેતૃત્વ હેઠળની રાજ્ય સરકાર અને ૨૬મીએ નરેન્દ્ર મોદીના વડપણ હેઠળની કેન્દ્ર સરકારના બે વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે.

- **શૌચાલયયુક્ત ગામોના સરપંચોનું સન્માન થશે**

રાજ્યમાં ૧૯ હજાર ગામ પૈકી છ હજાર ગામમાં ૧૦૦ ટકા શૌચાલય થઈ ગયા છે.

સરકાર દ્વારા શૌચાલયયુકત ગામ કરવામાં અગ્રેસર ભુમિકા ભજવનાર સરપંચોનું સન્માન કરવાનો કાર્યક્રમ ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે ૨૨ મેના રવિવારે યોજાશે.

આ કાર્યક્રમમાં સમારંભના અધ્યક્ષ તરીકે મુખ્યમંત્રી આનંદીબેન પટેલ અને મુખ્ય મહેમાન તરીકે ગ્રામ વિકાસ અને પંચાયતી રાજના ચૌધરી બિરેન્દ્ર સિંહ હાજર રહેશે.

- **ગુજરાતમાં સૌ પ્રથમ વખત રોબોટીક સર્જરીથી કેન્સર મટાડી શકાશે**

ગુજરાતમાં સૌ પ્રથમ વખત કેન્સરની સારવારમાં હવે રોબોટીક સર્જીકલ સિસ્ટમ અપનાવવામાં આવી છે. કેન્સર માટેના એચસીજી કેન્સર કેર દ્વારા રોબોટીક સર્જરી ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. રોબોટીક સર્જરી ઓપન સર્જરી કરતા અનેક ગણી વધુ સફળ રીતે કામ કરી શકશે.

- **ગુજરાતની રંગભૂમિના દિગ્ગજ કલાકાર પી. ખરસાણીનું નિધન**

ગુજરાતી રંગભૂમિ અને ગુજરાતી ફિલ્મોના અવ્વલ દરજ્જાના કલાકાર અને નાટ્ય દિગ્દર્શક પી. ખરસાણી (પ્રાણલાલ ખરસાણી)નું ૯૧ વર્ષની ઉંમરે નિધન થયું છે. ગુજરાતી રંગભૂમિ જ્યારે યુવાન કલાકારોથી ઊભરી રહી હતી ત્યારે ખરસાણીએ રંગમંડળ, નટમંડળ અને પછી જવનિકા જેવી શહેરની વરિષ્ઠ નાટ્ય સંસ્થાઓ દ્વારા રજૂ થતા શ્રેષ્ઠ નાટકોમાં લાજવાબ અભિનય દ્વારા પોતાની એક આગવી ઓળખ ઊભી કરવાની સાથે એક અચ્છા હાસ્ય કલાકારની લોકપ્રિયતા પણ હાંસલ કરી હતી. સંખ્યાબંધ નાટકો પૈકી 'પત્તાની જોડ' નાટક તેમના રંગભૂમિ જીવનમાં માઈલ સ્ટોન બની ગયું હતું.

- **ધોલાગીરીમાં ભારતીય પર્વતારોહક રાજીબ ભટ્ટાચાર્યનું નિધન**

ભારતીય પર્વતારોહક રાજીબ ભટ્ટાચાર્યનું નેપાળમાં માઉન્ટ ધોલાગીરી પરથી નીચે ઉતરતી વખતે નિધન થઇ ગયું હતું. ૪૩ વર્ષનો રાજીબ પશ્ચિમ બંગાળના હાવડા જિલ્લાનો રહેવાસી હતો. તેણે ૨૦૧૧માં માઉન્ટ એવરેસ્ટ અને ૨૦૧૩માં માઉન્ટ કાંચન ગંગાની ચડાઈ કરી હતી. અત્રે નોંધનીય છે કે, ૮,૧૬૭ મીટરની ઊંચાઈએ આવેલી ધોલાગીરી દુનિયાની સાતમી સૌથી ઊંચી ચોટી છે.

- **ભગવાન બુદ્ધે છઠ્ઠો વર્ષાવાસ ગુજરાતમાં કર્યો હતો**

વૈશાખ સુદ પૂનમનું અનેરું મહત્વ છે. કેમકે, આ દિવસ બુદ્ધ પૂર્ણિમા તરીકે ઉજવવામાં આવે છે. આવતીકાલના દિવસે ૨૫૬૦મી બુદ્ધ પૂર્ણિમાની ઉજવણી થશે.

ગુજરાતમાં બૌદ્ધ ધર્મના પ્રાચિન અવશેષો છે. માત્ર તેમના અસ્થિ સચવાયા છે એટલું જ નહીં ભગવાન બુદ્ધે છઠ્ઠો વર્ષાવાસ પણ ગુજરાતમાં કર્યો હોવાનો ઈતિહાસમાં ઉલ્લેખ છે.

ભરૂચના ઝઘડિયા તાલુકાના કડિયા ડુંગર ઉપર ભગવાન બુદ્ધનાં પદચિન્હો આવેલાં છે.

- **ઉબેર કપ બેડમિંટનમાં ભારતે ૫૯ વર્ષમાં બીજી વખત બ્રોન્ઝ જીત્યો**

ઉબેર કપમાં ભારતની મહિલા બેડમિંટન ટીમનો ચીને સેમિ ફાઈનલમાં ૦-૩થી અંત આણી દીધો છે. આ સાથે ભારતને ઉબેર કપમાં સળંગ બીજી ટૂર્નામેન્ટમાં બ્રોન્ઝ મેડલથી સંતોષ માનવો પડ્યો છે. ઉબેર કપમાં ભારતીય મહિલા બેડિમેંટન ટીમના ૫૯ વર્ષના ઈતિહાસમાં આ માત્ર બીજો જ મેડલ છે. વર્ષ ૨૦૧૪માં ભારત ઉબેર કપમાં સૌપ્રથમ વખત ઐતિહાસિક બ્રોન્ઝ મેડલ જીત્યું હતું. ઉબેર કપ મહિલા બેડમિંટન ચેમ્પિયનશીપનો પ્રારંભ ૧૯૫૭થી થયો હતો. ભારતીય મહિલા ટીમ પણ ૧૯૫૭થી નિયમિતપણે આ ટૂર્નામેન્ટમાં ભાગ લેતી રહી છે.

- **કચ્છનું માધાપર ૩,૪૭૭ કરોડ બેન્ક ડિપોઝીટ સાથે એશિયાનું સૌથી ધનિક ગામ**

કચ્છમાં લેઉઆ પટેલોના ૨૪ ગામની બેંકોમાં અબજોની સંપત્તિ ડીપોઝીટ રૂપે પડી છે. તે પૈકી ભુજ તાલુકાનું માધાપર ગામ કે જે એશિયાના સૌથી ધનિક ગામ તરીકે નામના ધરાવે છે તેની ડીપોઝીટમાં મંદીના માર વચ્ચે પણ નોંધપાત્ર અધધધ ૫૮ ટકા જેટલો વધારો થતા વિદેશ વસતા પટેલોએ મનમુકીને માદરે વતનમાં રૂપિયા ઠાલવ્યા હોય તેવું ચિત્ર ઉભું થયું છે.

યુરોપ, ઓસ્ટ્રેલિયામાં વસતા એનઆરઆઈ તેમજ ગલ્ફ કે આફ્રિકામાં ધંધાર્થે જતા પટેલો દર વર્ષે બેંક તથા પોસ્ટમાં કરોડની જમાપૂંજી ઠાલવે છે.

## 22 MAY, 2016

- **નરસિંહ મહેતાની જન્મજયંતી ઉજવાઈ**

વસ્ત્રાપુર તળાવ ખાતે ૨૧મેના રોજ ભક્ત કવિ નરસિંહ મહેતાની જન્મ જયંતીની ઉજવણી કરવામાં આવી હતી.

- **આધાર કાર્ડની જેમ દિવ્યાંગો માટે ખાસ યુનિવર્સલ આઈડી ઈશ્યૂ થશે**

દેશભરમાં વિકલાંગો જેમને હવે વડાપ્રધાને દિવ્યાંગ નામ આપ્યું છે તેમના માટે એક ખાસ યુનિવર્સલ આઈડી કેન્દ્ર સરકાર દ્વારા જારી કરાયા બાદ દિવ્યાંગ વ્યક્તિ કોઈપણ જિલ્લા કે રાજ્યમાં જશે તો ત્યાં નવું સ્થાનિક પ્રમાણપત્ર કે ઓળખપત્ર લેવાની જરૂર નહી રહે.

સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રાલયના રાજ્યકક્ષાના પ્રધાન કૃષ્ણપાલ ગુર્જરે ૨૧ મેના રોજ વડાપ્રધાને શરૂ કરેલા સુગમ્ય ભારત અભિયાન અંતર્ગત એક વર્કશોપના ઉદઘાટન સમારંભમાં આ જાહેરાત કરી હતી.

દેશના અગિયાર રાજ્યોમાં પહેલાં આ પ્રકારના આઈડી ઈશ્યુ થશે. જેનો ગુજરાતથી આરંભ થશે.

કેન્દ્રના સામાજિક ન્યાય અને અધિકારીતા પ્રધાન થાવરચંદ ગેહલોત, મુખ્યમંત્રી આનંદીબહેન પટેલ અને રાજ્યના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી રમણલાલ વોરા આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

- **ઈ-પુસ્તક 'કારકિર્દીના ઉંબરે'નું વિમોચન**

ધોરણ - ૧૨ બાદ વિદ્યાર્થીઓ માટે કોંગ્રેસ દ્વારા "કારકિર્દીના ઉંબરે" ધોરણ-૧૨ પછી શું - કારકિર્દી માર્ગદર્શન ઈ-પુસ્તકનું વિમોચન પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકી અને વિધાનસભામાં પાર્ટીના નેતા શંકરસિંહ વાઘેલાએ કર્યું હતું.

- **પાસપોર્ટ બનાવવા માટે પિતાના નામની જરૂર નથી : દિલ્હી હાઈકોર્ટ**

દિલ્હીની હાઈકોર્ટે જણાવ્યું હતું કે પાસપોર્ટ કઢાવવા માટે પિતાનું નામ આવશ્યક નથી. આ માટે માતાનું નામ પણ પૂરતુ છે. ખાસ કરીને સિંગલ મહિલા પણ કુદરતી વાલી તરીકે હોય તો તે માતા-પિતા બંનેની ભૂમિકામાં ગણાય છે.

- **દેશમાં ૨૪.૮૮ કરોડ પરિવાર**

સરકારે વર્ષ ૨૦૧૧ની વસ્તી ગણતરીના તાજા આંકડા જાહેર કર્યા છે. આ આંકડા મુજબ દેશમાં કુલ ૨૪ કરોડ ૮૮ લાખ પરિવાર છે. તેમાં સૌથી વધુ હિન્દુ પરિવાર છે. મુસ્લિમ પરિવારો બીજા નંબરે છે. આ આંકડા ભારતના જનરલ રજીસ્ટ્રાર અને વસતી ગણતરી કમિશ્નરે જાહેર કર્યા છે.

દરેક પરિવારમાં સરેરાશ ૫ લોકો આવેલા છે.

હિન્દુ ધર્મમાં પુરુષ પ્રધાન પરિવારનું કદ ૪.૯ છે. જ્યારે મહિલા પ્રધાન પરિવારનું કદ ૩.૮ છે. આ વિવિધતા સૌથી ઓછી શીખ ધર્મમાં જોવા મળે છે. શીખ સમાજમાં પુરુષ પ્રધાન પરિવારનું કદ ૫.૧ છે જ્યારે મહિલા પ્રધાન પરિવારનું કદ ૪.૬ છે. ૨૦૦૧ થી ૨૦૧૧ દરમિયાન મુસ્લિમોની વસ્તી ૦.૮ ટકા વધીને ૧૭.૨૨ કરોડ થઈ ગઈ; જ્યારે હિન્દુઓની વસ્તી ૦.૭ ટકા ઘટીને ૯૬.૬૩ કરોડ થઈ છે.

**કયા ધર્મના કેટલા પરિવાર**

| | |
|---|---|
| હિન્દુ | ૨૦.૨૪ કરોડ |
| મુસ્લિમ | ૩.૧૨ કરોડ |
| ખ્રિસ્તી | ૬૩ લાખ |
| શીખ | ૪૧ લાખ |
| જૈન | ૧૯ લાખ |

ASTHA Academy Mo.: 8...

**પરિવારના સભ્યોની સંખ્યા**

| | |
|---|---|
| મુસ્લિમ | ૫.૬ |
| શીખ | ૫.૧ |
| હિન્દુ | ૪.૯ |
| જૈન | ૪.૮ |
| બૌદ્ધ | ૪.૬ |
| ખ્રિસ્તી | ૪.૫ |

| ધર્મ | મહિલા પ્રધાન પરિવાર |
|---|---|
| ખ્રિસ્તી | ૧૭.૪ ટકા |
| બૌદ્ધ | ૧૫.૯ ટકા |
| જૈન | ૧૧.૫ ટકા |

- **હાયર એજ્યુકેશનમાં ભારત ૨૪મા નંબરે, પાકિસ્તાન ૫૦મા સ્થાને**

સમગ્ર વિશ્વની શૈક્ષણિક સંસ્થાઓની સ્થિતિ અને રેંકિંગ અંગે કામ કરનારી બ્રિટિશ એજન્સી કવેક્વોરેલી સાયમંડ્સે પહેલી વાર હાયર એજ્યુકેશન અંગે રિપોર્ટ જારી કર્યો છે.

તેના મુજબ પાકિસ્તાન ૫૦ દેશોમાં સૌથી પાછળ છે. પાકિસ્તાનથી સાત ગણા વધુ માર્ક્સ મેળવીને આપણે ૨૪મા નંબરે છીએ.

અમેરિકા પહેલા અને બ્રિટન બીજા નંબરે છે.

આ ચાર માપદંડને આધારે રેંકિંગ આપવામાં આવ્યું છે. ૧. મજબૂત વ્યવસ્થા, ૨. શિક્ષણની પહોંચ, ૩. સારી સંસ્થા અને ૪. આર્થિક સ્થિતિ. તેમાં દેશની યુનિવર્સિટીઝને મળેલા રેંકિંગને પણ સામેલ કરવામાં આવે છે.

WEFના રિપોર્ટ મુજબ હાયર એજ્યુકેશન અને ટ્રેનિંગના મામલે પાક. ને ૧૪૪ દેશોમાં ૧૨૪મુ રેંકિંગ મળ્યું છે. અહીં આપણે તેનાથી ૩૪ ક્રમ આગળ ૯૦મા ક્રમે છીએ.

| વિષય | ભારત | પાકિસ્તાન |
|---|---|---|
| શિક્ષણ પર ખર્ચ | ૩.૧ટકા | ૨ ટકા |
| પ્રૌઢ શિક્ષણ | ૭૧ ટકા | ૫૮ ટકા |
| પ્રાથમિક શિક્ષણ | ૫ વર્ષ | ૬ વર્ષ |
| સ્કુલના શિક્ષણની વય | ૫ વર્ષ | ૬ વર્ષ |
| યુનિવર્સિટી | ૭૫૦ | ૧૭૭ |
| એજ્યુકેશન-ટ્રેનિંગ | ૯૩મો રેંક | ૧૨૭મો રેંક |

**ટોપ - ૧૦ દેશ**

| દેશ | સ્કોર |
|---|---|
| અમેરિકા | ૧૦૦ |
| બ્રિટન | ૯૮.૫ |
| જર્મની | ૯૪ |
| ઓસ્ટ્રેલિયા | ૯૨.૬ |
| કેનેડા | ૯૦.૨ |
| ફ્રાન્સ | ૮૯ |
| નેધરલેન્ડ | ૮૪.૮ |
| ચીન | ૮૩.૫ |
| દ.કોરિયા | ૮૦.૧ |
| જાપાન | ૭૮.૫ |

**આપણે ફર્સ્ટ ક્લાસ, પાડોશી મેરિટમાં ટોપ-૧૦ દેશોમાં એશિયાના ૩ દેશ છે.**

| રેંકિંગ | દેશ | સ્કોર |
|---|---|---|
| ૨૪ | ભારત | ૬૦.૯ |
| ૮ | ચીન | ૮૩.૫ |
| ૯ | દ.કોરિયા | ૮૦.૧ |
| ૧૦ | જાપાન | ૭૮.૫ |

**સૌથી પાછળ ૫ દેશ**

| રેંકિંગ | દેશ | સ્કોર |
|---|---|---|
| ૫૦ | પાકિસ્તાન | ૯.૨ |
| ૪૯ | એસ્ટોનિયા | ૧૦.૫ |
| ૪૮ | યુએઈ | ૧૦.૯ |
| ૪૭ | ઈજિપ્ત | ૧૫.૫ |
| ૪૬ | ફિલિપાઈન્સ | ૧૬.૪ |

- **ઇરાનમાં દુનિયાનું સૌથી વધુ તાપમાન ૭૦.૭ ડિગ્રી નોંધાયું : ઘણા દેશોમાં ૫૦ ડિગ્રી તાપમાન**

| | | |
|---|---|---|
| અમેરિકા | ૫૬.૭ ડિગ્રી | ૧૦ જુલાઈ ૧૯૧૩ |
| ટ્યુનિશિયા | ૫૫.૦ ડિગ્રી | ૭ જુલાઈ, ૧૯૩૧ |
| કતાર | ૫૪.૪ ડિગ્રી | ૧૪ જુલાઈ ૨૦૧૦ |
| ઈઝરાયલ | ૫૪.૦ ડિગ્રી | ૨૧ જૂન ૧૯૪૨ |

Astha Academy Mo.: 8980095441

**૫૦ ડિગ્રીથી વધુ ગરમી ધરાવતા દેશો**

| | | |
|---|---|---|
| કુવૈત | ૫૩.૬ ડિગ્રી | ૩૧ જુલાઈ ૨૦૧૨ |
| પાકિસ્તાન | ૫૩.૫ ડિગ્રી | ૨૬ મે ૨૦૧૦ |
| ઈરાક | ૫૩.૦ | ૩ ઓગસ્ટ ૨૦૧૧ |
| મેક્સિકો | ૫૨.૦ ડિગ્રી | ૬ જુલાઈ ૧૯૬૬ |
| સાઉદી અરબ | ૫૨.૦ ડિગ્રી | ૨૩ જૂન ૨૦૧૦ |
| ભારત | ૫૧.૦ ડિગ્રી | ૧૯ મે, ૨૦૧૬ |
| ઓસ્ટ્રેલિયા | ૫૦.૭ ડિગ્રી | ૨ જાન્યુ. ૧૯૬૦ |

- **ચક્રવાત રોનુ બાંગ્લાદેશ પર ત્રાટક્યો ૧૫નાં મોત, લાખોનું સ્થળાંતર**
- **બિહારના મુખ્યમંત્રી નીતીશકુમારે પાન-મસાલા, ગુટખા પરનો પ્રતિબંધ ૧ વર્ષ માટે લંબાવ્યો**

## 23 MAY, 2016

- **કિરણ બેદી પુડુચેરીના લેફ્ટનન્ટ ગવર્નર બન્યા**

પૂર્વ આઈપીએસ કિરણ બેદીની પુડુચેરીના લેફ. ગવર્નરપદે નિમણૂક કરાઈ છે. દેશના પ્રથમ મહિલા આઈપીએસ કિરણ બેદી ૧૯૭૨ બેચના અધિકારી રહી ચૂક્યા છે. તેમણે ૨૦૦૭માં સ્વૈચ્છીક નિવૃતિ લીધી છે.

- **સ્વાવલંબન યોજના લાગુ થતાં તમામ વિદ્યાર્થીઓને ફ્રી પુસ્તકો**

અત્યાર સુધી અનામત વર્ગના વિદ્યાર્થીઓને વિનામુલ્યે પુસ્તકો અપાતા હતા.

આ વર્ષથી 'મુખ્યમંત્રી સ્વાવલંબન યોજના' લાગુ પડતાં સરકારી અને ગ્રાન્ટેડ સ્કુલોમાં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓને પુસ્તકો વિનામૂલ્યે મળશે.

- **૩૦મીએ મંગળ પૃથ્વીથી નજીક હશે**

દર અઢી વર્ષે આ ઘટના સર્જાય છે.

પૃથ્વીથી ૯૦૦૦ કરોડ કિમી દૂર રહેલા સૌથી સુંદર દેખાતા સૌથી મોટા રાતા ગ્રહ મંગળને નજીકથી ૧૫મી જૂન સુધી નિહાળી શકાશે.

- **સૂમો પહેલવાન હાકુહો ફરીથી ચેમ્પિયન બન્યો, કારકિર્દીનો ૩૭મો ખિતાબ જીત્યો**

મંગોલિયાના ગ્રાન્ડ ચેમ્પિયન સૂમો પહેલવાન હાકુહો યોકોજૂનાએ સમર ગ્રાન્ડ ટૂર્નામેન્ટ જીતી લીધી છે. હાકુહોએ પોતાના જ દેશના યોકોજુના કાકુરુને ૧૫-૦થી હરાવ્યો હતો. છેલ્લા રાઉન્ડમાં તો હાકુહોએ વિરોધી પહેલવાનને રિંગમાંથી બહાર ફેંકી દીધો હતો. આ હાકુહોની કારકિર્દીનો ૩૭મો ખિતાબ છે. હાકુહોના નામે સતત ૨૮ મેચ જીતવાનો પણ રેકોર્ડ છે.

- **ફ્રાન્સના રાઈડર જોહાન જાર્કોએ ઇટાલિયન મોટો ગ્રાં પિક્સની મોટર રેસ જીતી**

ફ્રાન્સના રાઇઈર જોહાન જોર્કોએ ઈટાલિયન મોટો ગ્રાં પ્રિક્સ રેસ જીતી લીધી છે. મુગેલો રેસ ટ્રેક પર અજો મોટર સ્પોર્ટ્સના જોહાને ઈટાલીના રાઈડર લોરેન્જો બાલ્ડાસારીને પાછળ રાખ્યો હતો.

જોહાને ૨૧ લેપની આ રેસ ૧૮ મિનિટમાં જ ૫૯.૩૯૧ સેકન્ડમાં જીતી લીધી હતી.

- **અનુરાગ ઠાકુર બીસીસીઆઈના નવા બોસ**

તેમનો કાર્યકાળ ૨૦૧૭ના સપ્ટેમ્બર સુધી રહેશે.

૪૧ વર્ષીય અનુરાગ બોર્ડના ૩૪મા તથા બીજા સૌથી નાની વયના પ્રમુખ છે.

અગાઉ ૧૯૬૩માં ફતેહસિંહ ગાયકવાડે ૩૩ વર્ષની વયે બોર્ડનું પ્રમુખપદ સંભાળ્યું હતું. બોર્ડના પ્રમુખપદેથી શશાંક મનોહરે રાજીનામું આપ્યા બાદ અનુરાગ ઠાકુર નવા પ્રમુખ બન્યા છે. મહારાષ્ટ્ર ક્રિકેટ એસોસિયેશનના પ્રમુખ શિર્કેની સેક્રેટરી તરીકે વરણી કરવામાં આવી છે.

- **ભારત આજે સ્વદેશી સ્પસ શટલ છોડી ઈતિહાસ રચશે**

ઈસરોએ તેને ડેલ્ટા વિંગના સહયોગથી તૈયાર કર્યુ છે.

આ સ્પેસ શટલનું નામ 'કલામયાન' રાખવામાં આવ્યું છે.

હાલમાં આ કલબમાં અમેરિકા, રશિયા, ફ્રાન્સ અને જાપાન જ છે.

૬૦૦ વૈજ્ઞાનીઓની ટીમ પ્રોજેક્ટ પર કામ કરી રહી છે.

તેને તૈયાર કરવામાં ૫ વર્ષ લાગ્યાં છે.

તેની પાછળ કુલ ૯૫ કરોડનો ખર્ચ થયેલ છે.

તેનું કુલ વજન ૧.૭૫ ટન છે.

તેની લંબાઈ ૬.૫ મીટર છે.

- **મોહન બાગાન ૧૪મી વાર ફેડરેશન કપમાં ચેમ્પિયન**

જેજે લાલપેખ્લુઆના બે શાનદાર ગોલ અને સોની નોર્ડના જાદુઈ પ્રદર્શનની મદદથી મોહન બાગાન તોફાની અંદાજમાં એઝવાલ એફસીને ૫-૦થી કચડી ૧૪મી વખત ફેડરેશન કપ ફૂટબોલ ટુર્નામેન્ટનું ટાઇટલ જીતી લીધું હતું.

- **કિરણ બેદીની પોંડિચેરીના લે. ગવર્નરપદે નિયુક્તિ**

કેન્દ્રશાસિત પ્રદેશ પોંડિચેરીમાં કોંગ્રેસે વિધાનસભાની ચૂંટણીમાં વિજય મેળવ્યાના ગણતરીના દિવસોમાં કેન્દ્ર સરકાર પોંડિચેરીના લે. ગવર્નરપદે ટોચના પોલીસ અધિકારીમાંથી રાજકારણી બનેલાં કિરણ બેદીની નિયુક્તિ કરી છે. કિરણ બેદી ભારતનાં પહેલાં મહિલા આપીએસ અધિકારી હતાં.

૨૦૧૫માં કિરણ બેદી રાજકારણમાં પ્રવેશી ભાજપમાં જોડાયાં હતાં. ભાજપે કિરણ બેદીને આપના સીએમ પદના ઉમેદવાર અરવિંદ કેજરીવાલ સામે ભાજપના સીએમ પદના ઉમેદવાર તરીકે ઉતાર્યા હતાં.

## 24 MAY, 2016

- **દેશની બ્રેડમાં કેન્સરજન્ય તત્વો**

CSEની તપાસમાં ઘટસ્પોટ થયો છે કે દેશની ૩૮ મોટી બ્રાન્ડના ૮૪ ટકા નમૂના ટેસ્ટમાં ફેલ થઈ ગયા છે.

દરરોજ બ્રેડ ખાવાથી કેન્સર થઈ શકે છે. સેન્ટર ફોર સાયન્સ એન્ડ એન્વાયર્નમેન્ટના સોમવારે બહાર આવેલા રિપોર્ટમાં આ દાવો કરવામાં આવ્યો છે. એક વર્ષની તપાસ પછી આ દાવો કરવામાં આવ્યો છે. સીએસઈનું કહેવું છે કે દિલ્હી-એનસીઆરથી એક વર્ષ દરમિયાન આ નમૂના લેવામાં આવ્યા હતા અને બે લેબમાં તપાસ કરાવવામાં આવી હતી. તપાસમાં ૮૪ ટકા નમૂનાના લોટમાં પોટેશિયમ બ્રામેટ અને પોટેશિયમ આયોડેટ મળ્યા છે. તેનાથી કેન્સર અને થાઈરોઈડની બીમારી થઈ શકે છે. ભારતીયોને જેટલા આયોડીનની જરૂર હોય છે, તે આયોડાઈઝડ મીઠામાંથી મળી જાય છે.

આ કેમિકલ્સથી બ્રેડ સફેદ અને નરમ થાય છે. તે સાથે જ સારી રીતે ફુલે છે. યુરોપિયન યુનિયન, કેનેડા, યુકે, અમેરિકા, ઓસ્ટ્રેલિયા સહતિના ઘણા દેશોમાં આ કેમિકલ્સ સામે પ્રતિબંધ છે, પણ ભારતમાં નથી.

- **બ્રેડનો ૩૩૦૦ કરોડનો વાર્ષિક બેઝનેસ**

૨૦૧૫માં દેશમાં બ્રેડનો બિઝનેસ ૩૩૦૦ કરોડનો હતો. ત્રણ વર્ષથી ૯ ટકાના દરે વધી રહ્યો છે.

સૌથી ખતરનાક સફેદ બ્રેડ છે. સમગ્ર દેશમાં તેનો ૭૫ ટકા ઉપયોગ થાય છે. બીજા નંબરે ૧૫ ટકાની સાથે બ્રાઉન બ્રેડ છે. બ્રેડ દ્વારા આયોડીનનો ઓવરડોઝ થઈ રહ્યો છે.

એફએસએસએઆઈ ત્યારે જ તપાસ કે કાર્યવાહી કરે છે, જ્યારે કોઈ ફરિયાદ કરે છે તે સ્વયં તપાસ કરી શકતી નથી. હવે તેણે આ કેમિલ્સને ખતરનાક ગણીને ખાદ્ય પદાર્થોની પરમિટ યાદીમાંથી હટાવવાની વાત કહી છે.

- **RLV-TDનું સફળ પરીક્ષણ : સ્વદેશી સ્પેસ શટલ પ્રથમ ટેસ્ટમાં પાસ**

ઈસરોએ રિ-લોન્ચ થઈ શકે તેવા સ્પેસ શટલનું ૨૩મે નારોજ લોન્ચ કરવામાં સફળતા મેળવી લીધી છે. ભારતમાં જ બનેલા આરએલવી-ટી-ડીનું પરીક્ષણ પાંચ પરીક્ષાઓમાંથી પાર ઉતર્યું હતું.

તે ૧૩ મિનિટમાં નિશ્ચિત સ્થળે જ પડ્યું હતું.

હવે સેટેલાઈટ લોન્ચ કરવું ૧૦ ગણું સસ્તું થશે.

આ શટલ અવાજ કરતાં પાંચ ગણી ઝડપે પાછું ફર્યું હતું.

અત્યારે માત્ર પ્રયોગ છે, વાસ્તવમાં અમલીકરણ થતાં ૧૦-૧૫ વર્ષ લાગશે

શ્રી હિરકોટા સ્થિત સતીશ ધવન અવકાશ કેન્દ્રમાં સવારે ૭.૦૦ વાગે લાન્ચિંગ કરવામાં આવેલ.

- **ગુજરાતમાં ૧૧ સપ્ટેમ્બર દેશ ભક્તિ દિવસ**

અમેરિકામાં વર્ષ ૨૦૦૧માં વર્લ્ડ ટ્રેડ સેન્ટર પર કરાયેલા આતંકવાદી હૂમલા પછી દરેક દેશ દ્વારા ૧૧મી સપ્ટેમ્બરને રાષ્ટ્રભક્તિ દિવસ તરીકે ઉજવવો તેવું નક્કી કરાયું હતું.

રાજ્ય સરકારે ૧૧ સપ્ટેમ્બરને પ્રાથમિક સ્કૂલોમાં દેશભક્તિ દિવસ તરીકે ઊજવવાનું નક્કી કર્યુ છે. રાજ્ય સરકાર દ્વારા સ્કૂલોમાં થતી તમામ શૈક્ષણિક અને ઈત્તર પ્રવૃત્તિઓમાં સંકલન જળવાય તેટલા માટે શાળાકીય કેલેન્ડર જાહેર કરવામાં આવે છે.

સરકારે વર્ષ ૨૦૧૬-૧૭ના શૈક્ષણિક વર્ષનું કેલન્ડર જાહેર કર્યું છે. આ કેલેન્ડરમાં પ્રથમ વખત ૧૧મી સપ્ટેમ્બરને "રાષ્ટ્રભક્તિ" દિવસ તરીકે ઊજવવો તેવું જાહેર કર્યું છે.

- **ભારત, ઇરાન અને અફઘાનિસ્તાન વચ્ચે ઐતિહાસિક ચાબહાર કરાર**

મોદીની ઈરાન મુલાકાતમાં ૧૨ કરાર કરાયા

ભારત ચાબહારમાં ૩,૪૦૦ કરોડનું રોકાણ કરશે

ભારત - ઈરાન વચ્ચેના ૧૨ કરારો

(૧) સાંસ્કૃતિક આદાન-પ્રદાન પ્રોગ્રામ

(૨) બંને સરકારો થિંકટેન્કો વચ્ચે નીતિચર્ચા

(૩) રાજદ્વારીઓની તાલીમ અને જાણીતા વક્તાઓની આપ-લે

(૪) સાયન્સ અને ટેક્નોલોજીમાં સહકાર

(૫) સંસ્થાઓ દ્વારા સાંસ્કૃતિક સહકાર

(૬) ચાબહાર પોર્ટ કરાર

(૭) ચાબહારની હાલની શરતો પર એમઓયુ

(૮) ચાબહારનાં નિર્માણ માટે સ્ટીલ - રેલવેની આયાત માટે રૂપિયા ૩,૦૦૦ કરોડની ક્રેડિટ

(૯) વિદેશી રોકાણ અને વિદેશી વેપારને પ્રોત્સાહનનું માળખું

(૧૦) એલ્યુમિનિયમ ઉત્પાદનમાં સહકાર

(૧૧) ચાબહાર - ઝાહેદાન રેલવેનાં નિર્માણમાં સહકાર

(૧૨) માહિતીના આદાન-પ્રદાન માટે કરાર

- **ગુજરાતના IAS DOPTમાં નાયબ સચિવ પદે**

ગુજરાત કેડરના ૨૦૦૪ બેચના આઈએએસ અધિકારી ડૉ. રાજેન્દ્રકુમારની નિમણૂક કેન્દ્ર સરકારમાં સિવિલ સર્વન્ટ્સની બદલીઓ-નિમણૂકો તેમજ તાલીમની બાબતો સંભાળતા ડિપાર્ટમેન્ટ ઓફ પર્સોનેલ એન્ડ ટ્રેનિંગમાં નાયબ સચિવ તરીકે થઈ છે.

- **ભારતીય મહિલા હોકી ટીમની કમાન સુશીલા ચાનુને**

ઓસ્ટ્રેલિયાના ડાર્વિનમાં ૩૦ મેથી શરૂ થઈ રહેલી ચાર દેશોની ટુર્નામેન્ટ માટે ૧૭ સભ્યોવાળી ભારતીય મહિલા હૉકી ટીમની કમાન ડિફેન્ડર સુશીલા ચાનુને અપાઈ છે. આ ટુર્નામેન્ટને રિયો ઓલિમ્પિકની તૈયારીના રૂપમાં જોવામાં આવી રહી છે જેમાં યજમાન અને વિશ્વમાં ત્રીજો રેન્ક ધરાવતી ઓસ્ટ્રેલિયા, ચોથા રેન્કિંગવાળી ન્યૂઝીલેન્ડ અને ૧૦મો રેન્ક ધરાવતી જાપાનની ટીમ ભાગ લેશે. ભારતીય ટીમની રેગ્યુલર કેપ્ટન રિતુ રાનીને આરામ અપાયો છે. દીપિકાને વાઈસ કેપ્ટન બનાવાઈ છે.

- **અડવાણી એશિયન-૬ રેડ સ્નૂકરમાં ચેમ્પિયન**

ભારતના સ્ટાર ક્યૂ ખેલાડી પંકજ અડવાણીએ તાજેતરમાં યોજેલી એશિયન-૬ રેડ સ્નૂકરમાં ચેમ્પિયન બની ઈતિહાસ રચ્યો છે. પંકજ અડવાણીએશિયન-૬ રેડ સ્નૂકરમાં વિશ્વ અને કોન્ટિનેન્ટલ (ઉપમહાદ્વીપ)માં એક જ સમયે બંને ટાઈટલ મેળવનાર વિશ્વનો પ્રથમ ખેલાડી બની ગયો છે. પંકજ અડવાણીએ એશિયન-૬ રેડ સ્નૂકરની ફાઈનલમાં મલેશિયાના ટોચના ખેલાડી કીન હો મોને ૭-૫થી પરાજય આપી સ્નૂકરના નાના ફોર્મેટમાં ફરી એક વખત પોતાનો પ્રભાવ દેખાડ્યો હતો.

- **કેલિફોર્નિયાના ૧૨ વર્ષના ભારતીય મૂળના વિદ્યાર્થીને યુનિ.માં એડમિશન મળશે**

કેલિફોર્નિયાનાં સેક્રામેન્ટો શહેરમાં રહેનારા ૧૨ વર્ષીય ભારતીય મૂળના એક વિદ્યાર્થીને અમેરિકાની બે યુનિવર્સિટીઓ એડમિશન આપવા માટે તૈયાર છે. રસપ્રદ વાત એ છે કે, આટલી નાની વય હોવા છતાં આ વિદ્યાર્થી પાસે પહેલેથી જ ત્રણ કમ્યુનિટી કૉલેજની ડિગ્રી છે અને તેની યોજના ૧૮ વર્ષની વય પૂરી કરતાં સુધીમાં બાયોમેડીકલ એન્જિનિયરીંગનું શિક્ષણ લઈ ડૉક્ટર બનવાનું છે અને ત્યારબાદ તેને મેડીકલ રિસર્ચર બનવું છે.

- **નવાઝુદ્દીનની ફિલ્મ 'રમન રાઘવ'ને કાન્સમાં સન્માન**

કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં ૧૫-૨૦ મિનિટ સુધી 'રમન રાઘવ' ફિલ્મને સન્માન અપાતાં ફિલ્મના અભિનેતા નવાઝુદીન સિદ્દીકીએ ગૌરવની લાગણી અનુભવી હતી.

- **વિધાનસભાના ભવનનું નવીનીકરણ કરી રાષ્ટ્રપતિભવન જેવો લુક અપાશે**

ગુજરાત વિધાનસભાના વિઠ્ઠલભાઈ ભવનનું વર્ષો બાદ રૂ. ૧૧૫ કરોડના ખર્ચે રિનોવેશન કરવા માર્ગ અને મકાન વિભાગે નિર્ણય લીધો છે.

હાલ ૧૮૨ ધારાસભ્યો બેસે તેવી બેઠક વ્યવસ્થા છે. જે વધારીને ૨૧૦ સુધી કરી શકાય તેમ છે. ૧૯૬૦ સુધીમાં ૧૩૨ ધારાસભ્યો હતા. ત્યારબાદ ૧૯૬૨માં વધીને ૧૫૪ થયા અને ૧૯૬૭માં ૧૬૮ થયા અને ૧૯૭૫થી ૧૮૨ ધારાસભ્યો છે.

૯ જુલાઈ ૧૯૮૨ના રોજ મહિલા રાજ્યપાલ શારદા મુખરજીએ વિધાનસભાના વિઠ્ઠલભાઈ પટેલ ભવનનું ઉદ્‌ઘાટન કર્યું હતું. હવે મહિલા મુખ્યમંત્રીના સમયમાં તેવું રિનોવેશન કરાશે.

- **ભારતના ઇરાન સાથે ચાબહાર સહિત ૧૨ ઐતિહાસિક કરાર**

ભારતે ઈરાનની દક્ષિણે આવેલા ચાબહાર બંદરને વિકસાવવા રૂ. એક લાખ કરોડ રોકાણ કરવાનું વચન આપ્યું છે. બંને દેશ વચ્ચે રેલવે, ગેસ, ફર્ટિલાઈઝર, ટેક્નોલોજી, ઈન્ફ્રાસ્ટ્રકચર અને એનર્જી ક્ષેત્રે કરાર કરાયા હતા. ભારત - ઈરાન - અફઘાનિસ્તાન વચ્ચે ટ્રાઈલેટરલ ટ્રાન્સપોર્ટ એન્ડ ટ્રાન્ઝિટ કોરિડોરના પણ મહત્ત્વના કરાર થયા હતા.

- **ભારતમાં મળતી બ્રેડમાં કેન્સર જેવા ગંભીર રોગ નોતરતાં દ્રવ્યો મળતાં હોબાળો**

આરોગ્ય મંત્રાલયે તાત્કાલિક તપાસના આદેશ આપ્યા

દેશમાં ઠેર ઠેર મળતી ૩૮ કંપનીના બ્રેડ, પાંઉ અને બનમાં પોટેશિયમ બ્રોમેટ અથવા પોટેશિયમ આયોડેટ નામનું તત્ત્વ મળી આવ્યું છે, જે કેન્સર જેવા ગંભીર રોગો કરવા સક્ષમ છે. સેન્ટર ફોર સાયન્સ એન્ડ એન્વાયર્મેન્ટના અહેવાલ પછી આરોગ્ય મંત્રાલયે તાત્કાલિક તપાસના આદેશ આપ્યા છે.

વિદેશોમાં પોટેશિયમ બ્રોમેટ કે આયોડેટ નામનું રસાયણ પ્રતિબંધિત, પણ ભારતમાં નહીં

- **રેલવેમાં દિવ્યાંગો અને દર્દીઓ વ્હીલચેર - સ્ટ્રેચર બુક કરાવી શકશે**

રેલવેમાં મુસાફરી કરતા પ્રવાસીઓની મદદ માટે આઈઆરસીટીસીએ નવી 'રેલમિત્ર એપ' તૈયાર કરી છે. આ એપની મદદથી યાત્રી કેબ-ટેક્સી તો બુકીંગ કરાવી શકશે તેની સાથે દિવ્યાંગ પ્રવાસીઓ માટે વ્હીલચેર અને દર્દીઓ માટે સ્ટ્રેચર પણ બુકીંગ કરાવી શકાશે. આ સેવા પ્રવાસીઓને નિઃશુલ્ક ધોરણે મળી રહેશે. આઈઆરસીટીસી આ સેવા આગામી ટૂંક સમયમાં શરૂ કરી દેશે.

- **સાઉથ આફ્રિકામાં યોજાતી સૌથી મુશ્કેલ કોમરેડ્‌સ મેરેથોનમાં સુરતના ૧૬ રનર**

સાઉથ આફ્રિકામાં યોજાતી સૌથી જૂની અને સૌથી મોટી કોમરેડ્‌સ મેરેથોનમાં સુરતના ૧૬ દોડવીરો ભાગ લેશે. ૨૯મી મેએ યોજાનારી આ મેરેથોન એક અલ્ટ્રા મેરેથોન દોડ છે. જે દર વર્ષે સાઉથ આફ્રિકાના ક્વાઝુલુ - નાતાલ પ્રાંતમાં ડર્બન પીટરમેરીત્ઝબર્ગ વચ્ચે યોજાય છે. રેસ ડર્બનથી 'અપ રન' અને પીટરમેરીત્ઝબર્ગથી 'ડાઉન રન' થાય છે. આ વર્ષે ડાઉન રન છે. ૯ કિલોમીટરની મેરેથોન ૧૨ કલાકમાં પૂર્ણ કરવાની હોય છે. ગત વર્ષે આ મેરેથોનમાં સુરતમાંથી એકમાત્ર લલિત પેરીવાલ જોડાયા હતા અને ૧૧ કલાક ૪૪ મિનિટમાં મેરેથોન પૂર્ણ કરી હતી.

૧૯૨૧માં પ્રથમવાર યોજાઈ હતી કોમરેડ્‌સ મેરેથોન

- **ભારત, થાઈલેન્ડ અને મ્યાંનમાર (બર્મા) ૧૪૦૦ કિ.મી.ના માર્ગથી જોડાશે**

- **ઇસરોએ સ્પેસ શટલનું મિની મોડેલ સફળતાપૂર્વક લોન્ચ કર્યું**

માત્ર રૂ. ૯૫ કરોડના રોકાણમાં પ્રાથમિક સફળતા મળી. આ ઇસરોનું સ્વદેશી સ્પેસ શટલ છે.

ભારતે આજે જેનું સફળતાપૂર્વક લોન્ચ કર્યું એ અવકાશી વાહન સ્પેસ શટલનું મોડેલ હતું. સ્પેસ શટલ બનાવતાં તો હજુ દસેક વર્ષ લાગી જશે. પરંતુ શટલના મોડેલને પહેલે ધડાકે સફળતા મળે એ નોંધપાત્ર વાત છે.

વ્હિકલ ૬.૫ મીટર લાંબુ અને ૧.૭૫ ટન વજનનું છે. પાંચ વર્ષની મહેનત પછી તૈયાર થઈ શક્યું છે.

લોન્ચિંગ માટે એચએસ-૯ નામનું ખાસ આ પ્રયોગ માટે બનાવાયેલું ૯ મીટરનું રોકેટ વપરાયું હતું.

લોન્ચ થયેલું શટલ દરિયામાં ખાબક્યું હતું. પણ એ દરિયામાં લેન્ડ થઇ શકે એ પ્રકારનું ન હોવાથી તેને ફરી મેળવી શકાયું ન હતું. મૂળભૂત રીતે એ ડમી હતું, એટલે શટલને પરત મેળવવાનો વિજ્ઞાનીઓનો ઇરાદો પણ ન હતો.

ભવિષ્યના અવકાશ મિશનોનો ખર્ચ ૮૦-૯૦ ટકા સુધી ઘટાડાવો એ આ શટલ પાછળનો મુખ્ય ઉદ્દેશ છે.

- **'અમ્મા'ની ખેડૂતોની લોન માફી, તમામને ૧૦૦ યુનિટ મફત વીજળીની જાહેરાત**

'મંગળસૂત્ર માટે સોનું' યોજના હેઠળ ચાર ગ્રામને બદલે આઠ ગ્રામ સોનું આપવાનો નિર્ણય : દારૂની ૫૦૦ દુકાનો બંધ કરવાનો પણ આદેશ

## 25 MAY, 2016

- **રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીએ નીટ અંગેના વટહુકમને મજૂરી આપી**

આખરે ખાનગી મેડિકલ કોલેજોમાં માત્ર નીટથી જ પ્રવેશ અપાશે

- **નવાં ૧૩ સ્માર્ટ સિટી જાહેર ગુજરાતનું એક પણ નહી**

આ યાદીમાં લખનઉ પ્રથમ જ્યારે વારંગલ બીજ સ્થાને છે.

કેન્દ્ર સરકારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સ્માર્ટ સિટીની મહત્ત્વાકાંક્ષી યોજના હેઠળ વિકસાવવામાં આવનારા વધુ ૧૩ શહેરોના નામની જાહેરાત કરી છે, જેમાં આગામી વર્ષે વિધાનસભાની ચૂંટણી યોજવાની છે તે ઉત્તર પ્રદેશનું લખનઉ ટોચના સ્થાને આવ્યું છે. બીજા ક્રમે તેલંગણાનું વારંગલ આવ્યું છે.

**સ્માર્ટ સિટીના બીજા રાઉન્ડમાં પસંદ કરાયેલાં ૧૩ શહેરો**

લખનઉ(ઉત્તર પ્રદેશ), વારંગલ (તેલંગણા), ધર્મશાળા (હિમાચલ પ્રદેશ), ચંદીગઢ (કેન્દ્ર શાસિત પ્રદેશ), રાયપુર (છત્તીસગઢ), ન્યૂ ટાઉન કોલકાતા (પશ્ચિમ બંગાળ), ભાગલપુર (બિહાર), પણજી (ગોવા), પોર્ટ બ્લેર (આંદામાન અને નિકોબાર ટાપુઓ), ઈમ્ફાલ (મણિપુર), રાંચી (ઝારખંડ), અગરતલા (ત્રિપુરા) અને ફિરદાબાદ (હરિયાણા)

- **ભારતનો વૃદ્ધિદર ૭.૮ ટકા રહેવાની શક્યતા : સિટીગ્રુપ**

- **રિયોમાં મેડલ જીતી અર્જુન એવોર્ડ-ખેલરત્ન મેળવો**

રમતના મહાકુંભ ઓલિમ્પિક્સમાં મેડલ જીતનાર ખેલાડીઓનો જુસ્સો વધારવા તથા તેમને તેમની સિદ્ધિ અંગે જલદીથી સન્માનિત કરવાની રમત મંત્રાલયે જાહેરાત કરી છે. ઓલિમ્પિક મેડલ વિજેતાઓની સિદ્ધિને તાત્કાલિક અસરથી માન્યતા સુનિશ્ચિત કરવાની કવાયત મુજબ રમત મંત્રાલયે ૨૪મે ના રોજ જણાવ્યું હતું કે રિયોમાં મેડલ વિજેતા ખેલાડીઓના નામ પર એ જ વર્ષે ખેલરત્ન તથા અર્જુન એવોર્ડ માટે વિચારણા કરવામાં આવશે. આ નિર્ણયથી ઓલિમ્પિકમાં મેડલ જીતનાર ખેલાડીઓને પોતાના પ્રદર્શન બાદ પૂરા એક વર્ષની રાહ જોવી પડશે નહીં.

- **આસામમાં સોનોવાલ ભાજપના સૌપ્રથમ સીએમ**

ઉત્તર પૂર્વમાં સૌપ્રથમ વખત ભાજપ સત્તા પર આવતા સર્બાનંદ સોનોવાલે ૨૪મે ના રોજ આસામના ૧૪મા મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા. ખનાપાલામાં આયોજિત જાહેર સમારંભમાં રાજ્યપાલ પદ્મનાભ બાલકૃષ્ણન આચાર્યએ સોનોવાલ ઉપરાંત તેમના ૧૦ મંત્રીઓને પણ ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા. ૫૩ વર્ષીય સોનોવાલે આસામીમાં શપથ ગ્રહણ કર્યા હતા. સોનોવાલના મંત્રીમંડળમાં સાથી પક્ષો આસામ ગણ પરિષદ (એજીપી) અને બીપીએફના સભ્યોનો પણ સમાવેશ થાય છે.

- **દેશમાં છ વર્ષ બાદ ઓઈલ અને ગેસ ક્ષેત્રની બોલી લાગશે**

સરકારે નાના ઓઈલ-ગેસ ક્ષેત્રોને વિકસિત કરવા અને ત્યાં ઓઈલ-ગેસ કાઢવા માટે છ વર્ષ બાદ તેની બોલી લગાવવાનો નિર્ણય કર્યો છે. પેટ્રોલિયમ અને કુદરતી ગેસ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાન ૨૪મેએ નાના ઓઈલ ક્ષેત્રોની બોલીના વર્ષ ૨૦૧૬ના રાઉન્ડની શરૂઆત કરશે. તેમાં ૪૬ બીડ ક્ષત્રોમાં ૬૭ ઓઈલ-ગેસ ક્ષેત્રો માટે ૩૧ ઓક્ટોબર બપોરે ૧૨ વાગ્યા સુધી બોલી લગાવી શકાશે. સરકારને આ ક્ષેત્રોની બોલીથી ૨,૬૦૦ અબજ રૂપિયાની આવક થવાની આશા છે. પેટ્રોલિયમ અને ગેસ મંત્રાલય મુજબ આ ઓઈલ ક્ષેત્રોમાં ૭૭,૦૦૦ કરોડ રૂપિયા મૂલ્યનો ૮.૫૦ કરોડ ટનથી વધુ ભંડાર છે.

- **પરિવારની મુખ્ય વ્યક્તિ તરીકે મુસ્લિમ મહિલાઓ હિન્દુઓ કરતાં આગળ**

મુસ્લિમ મહિલાઓની વસતિ હિન્દુ મહિલાઓની સરખામણીમાં સાડા પાંચ ગણી ઓછી છે. પરંતુ લઘુમતી

ASTHA ACADEMY MO.: 8866064411

સમાજની આ મહિલાઓ તેમના પરિવારની મુખ્ય વ્યક્તિ બનવાની બાબતમાં હિન્દુ મહિલાઓ કરતાં આગળ છે. ૨૦૧૧ની વસતિ ગણતરીના તાજા આંકડા મુજબ ૧૩.૩૫ ટકા મુસ્લિમ મહિલાઓ પરિવારની પ્રમુખ છે જ્યારે હિન્દુઓમાં આ ટકાવારી માત્ર ૧૨.૯૪ છે. ત્યાં તેમની કુલ વસતિની વાત કરીએ તો દેશમાં હિન્દુ મહિલાઓ લગભગ ૪૬ કરોડ ૭૯ લાખ છે, જ્યારે મુસ્લિમ મહિલાઓની સંખ્યા અંદાજે ૮ કરોડ ૩૯ લાખ છે.

જયાં મહિલાઓ વધુ ભણેલી છે ત્યાં પ્રમુખ વધુ

| રાજય | પ્રમુખ | સાક્ષરતા |
|---|---|---|
| કેરળ | ૨૫.૨૮% | ૯૧.૯૮% |
| ગોવા | ૨૩.૨૪% | ૮૧.૮૪% |
| મેઘાલય | ૨૩.૨૧% | ૭૩.૭૮% |

અહીં મહિલાં પ્રમુખ ઓછી

| રાજય | પ્રમુખ | સાક્ષરતા |
|---|---|---|
| રાજસ્થાન | ૯.૨૭% | ૫૨.૬૬% |
| જમ્મુ-કાશ્મીર | ૯.૬૬% | ૫૮.૧૦% |
| મધ્ય પ્રદેશ | ૯.૯૮% | ૬૦.૦૨% |

| ધર્મ | પ્રમુખ | કુલ મહિલાઓમાં વસતી |
|---|---|---|
| ખ્રિસ્તી | ૧૭.૩૫% | ૨.૩૯% |
| શીખ | ૧૪.૨૫% | ૧.૬૮% |
| બુદ્ધ | ૧૫.૮૫% | ૦.૭૦% |
| મુસ્લિમ | ૧૩.૩૫% | ૧૪.૨૯% |
| હિન્દુ | ૧૨.૯૪% | ૭૯.૬૩% |
| જૈન | ૧૧.૪૭% | ૦.૩૬% |

## ● મિસિંગ બાળકોમાં ગુજરાત સમગ્ર દેશમાં મોખરે

સરકારી વેબસાઈટ પર મુકાયેલા ડેટા મુજબ મિસિંગ બાળકોમાં ગુજરાત સમગ્ર દેશમાં ટોપ પર છે. દેશના અન્ય રાજ્યોની સરખામણીમાં ગુજરાતમાંથી સૌથી વધુ બાળકો ગુમ થયા છે અને ગુજરાતમાં પરપ્રાંતિયોથી ઉભરાતા સુરત શહેરમાંથી સૌથી વધુ બાળકો લાપત્તા થયા છે. વળી, બાળકોના ગુમ થવા પાછળ ચાઈલ્ડ ટ્રાફિકિંગનો ખતરનાક વેપલો જવાબદાર હોવાની આશંકા છે.

સરકારના મિનિસ્ટ્રી ઓફ વુમન એન્ડ ચાઈલ્ડ ડેવલપમેન્ટ ડિપાર્ટમેન્ટ દ્વારા શરૂ કરાયેલી www.track th missing child.gov.in નામની વેબસાઈટમાં દેશભરના અલગ - અલગ રાજ્યોના મિસિંગ બાળકોના ડેટા ડે ટુ ડે અપલોડ થયા છે.

૨૨,૫૦૨ બાળકો ગુજરાતમાં મિસિંગ

## ● મોદીના ૧૦ મંત્રીઓની સંપત્તિ જાહેર : જેટલી સૌથી ધનવાન

સુરેશ પ્રભુ સૌથી ગરીબ મંત્રી

મોદીના નવરત્નોની સંપત્તિ

| નામ | કુલ સંપત્તિ |
|---|---|
| સુરેશ પ્રભુ | ૧૭ લાખ |
| મનોહર પારિકર | ૬.૧૫ કરોડ |
| વેંકૈયા નાયડુ | ૪૩.૯ કરોડ |
| રવિશંકર પ્રસાદ | ૧૪.૯ કરોડ |
| નરેન્દ્ર મોદી | ૨૬.૧ લાખ |
| રાજનાથસિંહ | ૨.૫ કરોડ |
| અરુણ જેટલી | ૪૯.૫૧ કરોડ |
| નીતીન ગડકરી | ૮૬ લાખ |
| સુષ્મા સ્વરાજ | ૫.૬૫ કરોડ |
| સ્મૃતિ ઈરાની | ૪.૧૪ કરોડ |

## ● જાતિય સતામણી, એસિડ એટેકના બનાવોમાં વળતર માટે મદદ કરાશે

ગુજરાત હાઈકોર્ટના સ્ટેટ લીગલ સર્વિસ ઓથોરિટી દ્વારા સૌપ્રથમ વખત નવતર અને મહત્ત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. નેશનલ લીગલ સર્વિસ ઓથોરિટી દ્વારા નવેમ્બર-૨૦૧૫માં ૭ સ્કીમ અમલી બનાવાઈ હતી.

સેક્સયુઅલ એસોલ્ટેડ, એસિડ એટેક, આરટીઆઈના કાયદાનો ભંગ, પોક્સો, ડ્રગ વિકટીમ એબ્યુસ જેવા બનાવોમાં ભોગ બનનારને સરકારની કઈ યોજના હેઠળ કેટલું વળતર ? કેવી રીતે મળશે ? તે અંગે સ્ટેટ લીગલ સર્વિસ ઓથોરીટી દ્વારા કાનૂની રીતે મદદ કરાશે. તે માટે દરેક જિલ્લામાં મેમ્બર સેક્રેટરી સહિતના સભ્યોની નિમણૂક કરવામાં આવનાર છે.

## ● નીટમાંથી એક વર્ષ માટે રાજ્યોને મુક્તિ

નીટ એક વર્ષ માટે ફરજિયાત નહીં રહે. રાજ્યો ઈચ્છે તો નીટનો અમલ કરે અથવા તો પોતાની રીતે પરીક્ષા લઈ શકે છે. આ છૂટછાટ માત્ર આ વર્ષ પુરતી જ છે જેથી આગલા વર્ષથી નીટનો અમલ ફરજિયાત કરવો જ પડશે.

## ● નેપાળ રેલવે યોજનાથી ચીન ભારતમાં બિહાર સુધી પહોંચવા માગે છે

ચીનથી નેપાળના સરહદી વિસ્તાર રાસુવગાધી ક્ષેત્ર સુધી રેલવે લાઈન પાથરવાની વાત બંને દેશો વચ્ચે અગાઉથી જ ચાલી રહી છે. ૨૦૨૦ સુધીમાં પૂર્ણ થઈ જવાની આશા છે. આ રેલવે લાઈન દ્વારા ચીન રાસુવગાધાથી બીરગંજ માર્ગથી ભારત સાથે જોડાઈ શકે છે. આ વિસ્તાર બિહારની સરહદથી માત્ર ૨૪૦ કિમી દુર છે.

ચીન માટે કોલકાતા કરતા બિહારથી ભારત સાથે વેપાર કરવો સરળ છે. બિહાર માર્ગ વેપાર કરવાથી સમય, ખર્ચ અને અંતરમાં ઘટાડો થઈ શકે.

- **મહમંદ બેગડાના જમાઈ કુતુબુદ્દીન સૈયદે ૧૪મી સદીમાં અમદાવાદ શહેરની ફરતે વિશાળ કોટ બાંધ્યો હતો.**

- **ઇલ માછલીએ ૮૬૦ વોલ્ટના કરંટથી મગરમચ્છને મારી નાખ્યો**

ઈલ માછલીને ઈલેક્ટ્રીકલ ઈલ તરીકે ઓળખવામાં આવે છે. આ ૮૬૦ વોલ્ટનો કરંટ લઈને ફરતી ઈલથી મોટા મગરમચ્છો અને મોટા દરિયાઈ જીવો દૂર રહે છે. ઈલ માછલીના નાના બચ્ચા પણ ૧૦૦ વોલ્ટ જેટલો કરંટ છોડી શકે છે. આ ઈલ માછલીને ગુસ્સો આવે ત્યારે કલાકો સુધી શરીરમાંથી કરંટ છોડ્યા કરે છે. બ્રાઝીલ ઉપરાંત દક્ષિણ અમેરિકાના કોલંબિયા અને વેનેઝુએલા દેશમાંથી પસાર થતી ઓરિનાકા નદીને ઈલ માછલીઓ પુષ્કળ જોવા મળે છે.

- **ધોરણ-૧૦નું ૬૭.૬ ટકા પરિણામ : ૫.૫૬ ટકા વધ્યું (૨૦૧૬)**

## 26 MAY, 2016

- **નીટ પછી ગુજરાતની મેડિકલ કોલજોમાં મેનેજમેન્ટ ક્વોટા સૌથી વધુ ૨૫ ટકા થયો**

આગામી વર્ષથી નીટનો અમલ નક્કી થયો છે તેવામાં ગુજરાત મેડિકલ કોલેજોમાં 15 % NRI ક્વોટાને નાબૂદ કરવાનો મુસદ્દો ૨૫મેના રોજ કેબિનેટ બેઠકમાં મંજુર કરાયો હતો.

કેબિનેટે આ મામલે ઠરાવ કર્યો છે. હવે રાજ્યપાલને વટહુકમ બહાર પાડવા દરખાસ્ત કરાશે.

NRI ક્વોટા રદ કરીને મેનેજમેન્ટ ક્વોટા ૨૫ ટકા કરી દેવાયો છે.

- **હિન્દીમાં અર્થશાસ્ત્રનાં પુસ્તક લખો, આરબીઆઈ ઈનામ આપશે**

રિઝર્વ બેંક હિંદીમાં અર્થશાસ્ત્રનાં પુસ્તક લખનારા યુનિવર્સિટીઓના પ્રોફેસરોને ઈનામ આપશે.

આરબીઆઈ ગર્વનર રઘુરામ રાજને ૨૪મે ના રોજ સાંજે આ જાહેરાત કરી હતી. હિંદીના ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ લેખન હેઠળ ૩ પ્રોફેસરની પસંદગી કરાશે.

- **કેરળમાં વિશ્વની સૌથી વજનદાર બાળકી જન્મી**

કેરળમાં એક મહિલાએ વિશ્વની સૌથી વજનદાર બાળકીને જન્મ આપ્યો છે.

બાળકીનું વજન ૧૫ પાઉન્ડ (૬કિલો ૮૦૦ ગ્રામ) માપવામાં આવ્યું હતું. આ બાળકીનું વજન એક છ મહિનાના બાળકના સરેરાશ વજન જેટલું છે.

નંદિની નામની આ મહિલાએ સિઝેરિયન ઓપરેશન થકી બાળકીને જન્મ આપ્યો હતો.

- **રેલવે ૨૬મેથી ૧જૂન સુધી 'હમસફર સપ્તાહ' ઉજવણી કરાઈ**

પશ્ચિમ રેલ્વે દ્વારા ૨૬ મેથી ૧ જૂન સુધી રેલ્વે હમસફર સપ્તાહની ઉજવણી કરવામાં આવી. તેમાં રેલ્વે દ્વારા બે વર્ષમાં કરેલી કામગીરીઓને પ્રકાશમાં લાવવામાં આવશે. ૨૬ મેના રોજ સ્વચ્છતા દિવસ, ૨૭ મે સત્કાર દિવસ, ૨૮ મે સેવા દિવસ, ૨૯ મે સતર્કતા દિવસ, ૩૦ મે સામંજસ્ય દિવસ, ૩૧ મેના રોજ સંયોજન દિવસ અને ૧ જૂનના દિવસ સંચાર દિવસના રૂપમાં ઉજવણી કરવામાં આવી.

- **ગુજરાત વિદ્યાપીઠને સૌપ્રથમવાર નેક (NAAC)નો એ ગ્રેડ મળ્યો**

ગુજરાત વિદ્યાપીઠને નેક તરફથી એ ગ્રેડ આપવામાં આવ્યો છે. નેકની વેબસાઈટ પરથી આ જાહેરાત કરવામાં આવી હોવાનું ઉચ્ચ સત્તાધીશોએ જણાવ્યું છે.

૧૮ ઓક્ટોબર, ૧૯૨૦માં સ્થપાયેલ ગુજરાત વિદ્યાપીઠમાં પ્રો. ડૉ. ગૌરીદત્ત શર્માના નેતૃત્વમાં ૧૦ સભ્યોની નેકની ટીમ ૧૮થી ૨૧ એપ્રિલ દરમિયાન ઈન્સ્પેક્શન માટે આવી હતી.

ઉલ્લેખનીય છે કે ગૂજરાત વિદ્યાપીઠમાં પ્રથમ વાર નેકનું ઈન્સ્પેક્શન કરવામાં આવ્યું હતું.

**આ ૮ બાબતની ચકાસણીના આધારે એ ગ્રેડ આપાયો**

- ગુજરાત વિદ્યાપીઠમાં ભણાવાતા કોર્સ અંગેની તૈયારી
- ક્લાસરૂમમાં ભણાવવા માટેની વિવિધ પદ્ધતિઓ-વિદ્યાપીઠમાં થતાં શોધ-સંશોધન
- અધ્યાપકો-વિદ્યાર્થીઓના વિવિધ જર્નલ સહિતનાં પ્રકાશનોમાં પ્રકાશિત લેખો
- શૈક્ષણિક બાબતો ઉપરાંત વિદ્યાર્થીઓ દ્વારા કરાતી વધારાની પ્રવૃત્તિઓ
- શૈક્ષણિક કે વહીવટી કામગીરી બાબતે મળેલા એવોર્ડ
- વિદ્યાપીઠ દ્વારા વિવિધ સંસ્થાઓ સાથે કરવામાં આવેલા એમઓયુ
- વિદ્યાપીઠમાં ઉપલબ્ધ માળખાકીય સવલતો

**સરકારે ઈપીએફઓ કર્મીઓનું વીમા કવચ બમણું કરીને રૂપિયા ૬ લાખ કર્યું**

ઈપીએફઓના કર્મચારીઓને અત્યાર સુધી એમ્પ્લોઈઝ ડીપોઝિટ લિન્ક ઈન્સ્યોરન્સ હેઠળ રૂ. ૩.૬ લાખનું વીમા કવચ મળતું હતું, જે હવે વધારીને રૂ.૬ લાખ કરાયું છે. આ બાબતે સરકારે જાહેરનામું બહાર પાડ્યું છે.

- **બસોમાં મહિલાઓ માટે પેનિક બટન**

દિલ્હીમાં બનેલી નિર્ભયા સામૂહિક દુષ્કર્મની ઘટના બાદ જાહેર

ASTHA ACADEMY Mo.: 8980000000

પરિવહનની બસોમાં મહિલાઓ સાથે થતી છેડતીની ઘટનાઓ રોકવા માટે પેનિક બટન લગાવવાનો નિર્ણય લેવાયો છે.

આવી બસની શરૂઆત રાજસ્થાનથી કરવામાં આવી છે. માર્ગ અને પરિવહન મંત્રી નીતિન ગડકરીએ ૨૫મેના રોજ આવી એક બસને લીલીઝંડી આપીને રવાના કરી છે.

સરકાર ટૂંક સમયમાં આ બસોના માપદંડો અંગે જાહેરનામું બહાર પાડશે. તેમાં સીસીટીવી, જીપીએસ જેવી આધુનિક સુવિધા હશે. રાજસ્થાનમાં પાઈલટ પ્રોજેક્ટના ભાગરૂપે ૧૦ લકઝરી અને ૧૦ સામાન્ય બસો દોડતી કરવાની યોજના છે. બસના પ્રસ્થાન પ્રસંગે મેનકા સંજય ગાંધી અને નેશનલ વુમન કમિશનના વડા લલિતા કુમારમંગલમ પણ ઉપસ્થિત રહ્યા હતાં.

મહિલા ગૌરવ એક્સપ્રેસ નામની આ બસમાં ડ્રાઈવરની સીટની એકદમ પાછળ લાલ રંગનું બટન આપવામાં આવ્યું છે. જોખમ લાગતા કોઈ મહિલા આ બટન દબાવી શકશે. જેનાથી મેસેજ કન્ટ્રોલ રૂમમાં પહોંચી જશે અને તાત્કાલિક એક્શન લેવામાં આવશે. આવી બસોના અમલ અંગેનું જાહેરનામુ રજૂ કરવામાં આવશે.

### કેવી રીતે કામ કરશે ?

મહિલાઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને લગાવેલું પેનિક બટન વ્હીકલ ટ્રેકિંગ સિસ્ટમ સાથે જોડવામાં આવ્યું છે. બટન દબાવતાં જ આ સિસ્ટમ રોડવેઝના ડેપો મેનેજર અને હેડક્વાર્ટરના કન્ટ્રોલ રૂમને એક મેસેજ મોકલશે. મેસેજમાં ગાડી નંબર, તેનું લોકેશન અને પેનિક બટન પ્રેસ કરવાનો સમય દર્શાવેલો હશે. બસમાં આગળની બાજુ બે સીસીટીવી કેમેરા પણ લગાવેલા છે. જે દરેક મુસાફર પર નજર રાખશે. એક સ્ટીલ કેમેરો પણ લગાડવામાં આવ્યો છે.

- **મીઠા ઉપરથી સંપૂર્ણ વેટ માફ**

રાજ્ય સરકારને બજેટમાં ઔદ્યોગિક મીઠાના વેચાણ ઉપર લાદેલો ૫ ટકા વેરો આખરે નાબૂદ કરવો પડ્યો છે. એસો.ની રજૂઆતો અને સ્થાનિક નેતાઓના દબાણ સામે સરકારે નમતું જોખ્યું છે. નાણામંત્રી સૌરભ પટેલે ઈન્ડસ્ટ્રીયલ સોલ્ટ ઉપર લાદેલો ૫ ટકા વેટ સંપૂર્ણ માફ કરવાની જાહેરાત કરી છે. સરકારે ગયા મહિને ૧૦ એકરથી નાના પ્લોટમાં મીઠું પકવતા ઉત્પાદકોને વેરામાંથી મુક્તિ આપી હતી, પરંતુ આ રાહત નહીં સ્વીકારીને એસો. દ્વારા કરમુક્તિની રજૂઆત ચાલુ રાખતા સરકારે આ નિર્ણય લેવો પડ્યો છે.

- **સરકાર દ્વારા કેપિટલ ગુડ્સ પોલિસી જાહેર, બે કરોડ નોકરીની નવી તક ઊભી કરવાની નેમ**

સરકારે બુધવારે પોતાની સૌપ્રથમ કેપિટલ ગુડ્સ નીતિને લીલીઝંડી આપી દીધી છે. આ નીતિ દેશને વર્લ્ડ ક્લાસ કેપિટલ ગુડ્સ હબ બનાવવાની અને વર્ષ ૨૦૨૫ સુધીમાં બે કરોડ દસ લાખ નોકરીની નવી તક ઊભી કરવાની નેમ ધરાવે છે. મેક ઈન ઈન્ડિયા વિઝનને સાર્થક કરવામાં પણ આ નીતિ મહત્ત્વની ભૂમિકા નિભાવશે, કેપિટલ ગુડ્સ માટે તૈયાર થયેલી દેશની સૌપ્રથમ નીતિ છે.

- **વોટ્સએપ સૌથી પોપ્યુલર મેસેજિંગ એપ બની, ૧૦૯ દેશોમાં નંબર-૧**

નવા સંશોધન અનુસાર દુનિયાના ૧૦૯ દેશોમાં તે નંબર - ૧ મેસેજિંગ એપ છે. આ દેશમાં ભારતનો પણ સમાવેશ થાય છે. ડિજિટલ માર્કેટ ઈન્ટેલિજેન્સ કંપની સિમિલરવેબે ૧૮૭ દેશોના એન્ડ્રોઈડ ડેટાનો અભ્યાસ કર્યો છે.

૧૮૭માંથી ૧૦૯ દેશ એટલે કે, ૫૫.૬ ટકા દેશોમાં વોટ્સએપ સૌથી પૉપ્યુલર મેસેજિંગ એપ જાણવા મળી છે. આવા દેશોમાં ભારતનો પણ સમાવેશ થાય છે અને અહીં ૯૪.૮ ટકા એન્ડ્રોઈડ ડિવાઈસિઝ પર તે ઈન્સ્ટોલ છે અને એક દિવસમાં પ્રત્યેક યૂઝર દ્વારા સરેરાશ ૩૭ મિનિટ, ૪૭ સેકન્ડ સુધી તેનો ઉપયોગ કરવામાં આવે છે.

- **ફેસબુક મેસેન્જર બીજા નંબરે**

વોટ્સએપ બાદ બીજા નંબરે ફેસબુક મેસેન્જર એપ છે. જે ૪૯ દેશોમાં ટોપ પર છે. ઓસ્ટ્રેલિયા, કેનેડા અને અમેરિકા આ દેશોમાં સામેલ છે. તેના પછી વાઈબર જ એક એવી એપ છે જે ૧૦ કે તેથી વધુ દેશોમાં સૌથી પૉપ્યુલર મેસેજિંગ એપ છે.

- **'શેલ' કંપનીઓ સામે સેબી કડક બનશે**

સાત વર્ષથી ટ્રેડિંગ સસ્પેન્ડ ૧૨૦૦ કંપનીઓના રોકાણકારો માટે 'એક્ઝિટ-રૂટ'ની યોજના

કુલ મળીને ૪૨૦૦ જેટલી લિસ્ટેડ કંપનીઓની સંખ્યા ઘટે તેવો સંભવ

અલ્ગો ટ્રેડિંગ માટેના નિયમ વર્ષાન્ત સુધીમાં જાહેર થવાની શક્યતા

- **જ્વેલર્સને આંશિક રાહત : ટીસીએસની જોગવાઈ બે લાખથી વધારી ૫ લાખ કરાઈ**

- **અમદાવાદથી બિઝનેસ ક્લાસ ચાર્ટર્ડ ફ્લાઇટનો જૂનથી પ્રારંભ**

અમદાવાદના એરપોર્ટ પરથી જૂનના બીજા અઠવાડિયાથી ગુજરાત સ્ટેટ એક્સપોર્ટ કોર્પોરેશન એન્ડ એવીએશનની પ્રથમ બિઝનેસ ક્લાસ ચાર્ટર ફ્લાઈટ ઓપરેટ કરવામાં આવશે. ગુજરાત સરકારની સબસીડી વગર પ્રથમવાર અમદાવાદથી ચાર્ટર ફ્લાઈટ ડોમેસ્ટીક સ્ટેશનો માટે ઉડાન ભરશે. અમેરિકાની સેશનના કંપનીનું ૮ સીટવાળુ એરક્રાફ્ટ રૂ. ૧૨ કરોડમાં ખરીદવામાં આવ્યું છે.

- **ગુજરાતમાં ૫૦ વર્ષ દરમિયાન ૩૦ ભાષા લુપ્ત થઇ ગઇ**

ગુજરાતમાં હાલમાં ગુજરાતી ઉપરાંત અન્ય ૫૦ ભાષાઓનું અસ્તિત્વ છે. રાજ્યમાં ૮૫ ટકા લોકો ગુજરાતી ભાષી છે જ્યારે અન્ય ૫૦ ભાષાઓ બોલનારાનો ૧૫ ટકામાં સમાવેશ થાય

છે. ૪૦થી વધુ ભાષા ધરાવતા રાજ્યોમાં ગુજરાતનો સમાવેશ થાય છે. તેવું આજે પીપલ લિંગ્વિસ્ટિક સર્વે ઓફ ઇન્ડિયાના ચેરમેન ડૉ. ગણેશ દેવીએ વડોદરામાં પત્રકારોને કહ્યું હતું.

હાલમાં રાજ્યમાં ગુજરાતી ઉપરાંત અન્ય ૫૦ ભાષાઓનું અસ્તિત્વ છે, દેશભરની ભાષાઓનો ૧૦૦ વર્ષ બાદ સર્વે થયો

## 27 MAY, 2016

- **હરિયાણામાં જાટ અનામત સામે હાઈકોર્ટે સ્ટે લગાવ્યો**

હરિયાણામાં જાટ સહિત ૬ જાતિઓ (જાટ બિશ્નોઈ, ત્યાગી, જટ શીખ, મુલ્લા જાટ)ને બીસીસી કેટેગરીમાં આપવામાં આવેલી અનામત સામે ૨૬મે ના રોજ પંજાબ અને હરિયાણા હાઈકોર્ટે સ્ટે લગાવી દીધો હતો.

જાટ અનામત વિરૂદ્ધ દાખલ અરજી પર સુનાવણી કરતા જસ્ટિસ એસ. એસ. સારો અને જસ્ટિસ ગુરમીત રામની ખંડપીઠે રાજ્ય સરકાર અને અન્યોને નોટિસ ફટકારીને ૨૧ જુલાઈ સુધીમાં જવાબ આપવા આદેશ કર્યો હતો. સ્ટે બાદ હવે બીસીસી શ્રેણીમાં સામેલ જાતિઓને નોકરીઓ અને શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશમાં અનામતનો લાભ નહીં મળી શકે.

- **લખનૌની નેહા મિશ્રા દેશમાં નિફ્ટ પ્રવેશ પરીક્ષામાં ટોપર**

ફેશન ટેકનોલોજીના નેશનલ ઈન્સ્ટિટ્યુમાં એડમિશન પરીક્ષામાં લખનૌની નેહા મિશ્રાએ દેશમાં ટોપ કર્યું છે.

તેના પિતા ડૉ. રાજેશ મિશ્રા એનેસ્થિસ્ટ છે અને માતા ડૉ. પૂજા મિશ્રા ગાયનેકોલોજિસ્ટ છે. નેહા ઈટાલીથી પોસ્ટ ગ્રેજ્યુએશન કરીને દેશમાં નવું સ્ટાર્ટઅપ શરૂ કરવા માંગે છે.

- **ક્રેડિટ અને ડેબિટ કાર્ડથી ટિકિટ ખરીદતા ચાર્જ નહીં લાગે**

૧ જૂનથી રેલવે કાઉન્ટરથી ડેબિટ અને ક્રેડિટ કાર્ડથી ટિકિટ ખરીદતાં ટ્રાન્જેક્શન ચાર્જ નહીં ચૂકવવો પડે. રેલવેએ તેમાં છૂટ આપી દીધી છે. અત્યાર સુધી ક્રેડિટ અને ડેબિટકાર્ડથી ટિકિટ ખરીદતાં રૂ.૩૦ ચાર્જ વસૂલાતો હતો.

- **ઉજાલા : ગુજરાતમાં ૧૨ કરોડ એલઈડી બલ્બ અપાશે**

વડાપ્રધાન મોદી પ્રેરિત યોજના 'ઉજાલા ગુજરાત'ની શરૂઆત મુખ્યમંત્રી આનંદીબેન પટેલે ગુજરાતમાં વડોદરા ખાતે કરી.

આ યોજના અંતર્ગત રાજ્યની જનતાને રૂ.૩૦૦ની કિંમતે મળતા એલ.ઈ.ડી. બલ્બ રૂ. ૮૫ના ભાવે ઉપલબ્ધ કરવામાં આવશે. જે ૩ વર્ષની વોરંટી સાથે મળશે.

'ઉજાલા ગુજરાત'યોજના હેઠળ રાજ્યના ઘરગથ્થુ, ઔદ્યોગિક તેમજ વાણિજ્યિક વીજ જોડાણ ધરાવતા ૧ કરોડ ૨૧ લાખ વીજ ગ્રાહકોને ૧૨ કરોડ એલ.ઈ.ડી. બલ્બ ઉપલબ્ધ કરવામાં આવશે.

- **સરકારી પોર્ટલમાં વેરિફિકેશન માટે જનસેવા કેન્દ્ર જવું નહિ પડે**

સરકારના કોમન સર્વિસ પોર્ટલમાં પ્રોફાઈલ વેરિફિકેશનને કારણે નાગરિકોને મુશ્કેલી પડતી હોવાની ફરિયાદો ઉઠી હતી. ઓનલાઈન સેવા માટે નાગરિકોની પ્રોફાઈલનું જનસેવા કેન્દ્રમાં જઈને વેરિફિકેશન કરાવવું પડતું હતું. જેમાં સમસ્યા સર્જાતી હોવાથી હવે પ્રોફાઈલ વેરિફિકેશનનો નિયમ દુર કરાયો છે, જેના કારણે પ્રોફાઈલ બનાવીને નાગરિકો ઓનલાઈન રજિસ્ટ્રેશન, સરકારી સેવાઓ મેળવવા અરજી તેમ જ તેનું ઓનલાઈન પેમેન્ટ કરી શકશે.

જનસેવા કેન્દ્ર રૂબરૂ મળતી અરજીઓની જેમ જ ઓનલાઈન મળતી અરજીઓ પર પણ કાર્યવાહી કરશે અને અરજદારે ઓનલાઈન કરેલી અરજીની સાથે રજૂ કરેલા ડોક્યુમેન્ટ્સ સ્વીકારશે.

નાગરિકો પ્રોફાઈલમાં ફેરફાર કરવા માંગતા હશે તો તે માટે ટૂંક સમયમાં આધાર કાર્ડ જેવી સુવિધા ઊભી કરાશે. નાગરિકોને સેવાઓ પૂરી પાડવાના માધ્યમમાં ટપાલ, ઈ-મેલ, કુરિયર, યુપીસી, આરપીએડી કે જાતે રૂબરૂ મેળવવાની સિસ્ટમ યથાવત રહેશે.

- **રાજ્યના તમામ વિસ્તારોમાં પાંચ કિલોમીટરની ત્રિજ્યામાં આધુનિક સગવડો સાથેની માધ્યમિક શાળાઓ શરૂ કરવામાં આવશે**

સરહદી વિસ્તારના તાલુકાઓ જયાં સરકારી માધ્યમિક શાળાઓની સંખ્યા ઓછી છે ત્યાં શાળાઓ શરૂ કરવા માટે રાજ્ય સરકાર દ્વારા મંજુરી આપવામાં આવી છે.

જિલ્લા માધ્યમિક શિક્ષણાધિકારીને મુખ્યમંત્રીએ ૩૫ શાળાઓ મંજુર કરી હોવાનો પત્ર આપ્યો છે, જ્યાં આવનારા સત્રથી આ શાળાઓ શરૂ કરવા માટે સૂચના અપાઈ છે.

રાજ્યના તમામ વિસ્તારોમાં પાંચ કિલોમીટરની ત્રિજ્યામાં આધુનિક સગવડો સાથેની માધ્યમિક શાળાઓ શરૂ કરવામાં આવશે, જેમાં બનાસકાંઠા જિલ્લામાં ધોરણ ૯ અને ૧૦ની ૩૫ જેટલી સરકારી માધ્યમિક શાળાઓ શરૂ કરવા માટે મંજૂરી આપવામાં આવી છે.

- **'સેફર રોડ, સેફર ઈન્ડિયા' હેઠળ ટ્રાફિક નિયમનનો પ્રોજેક્ટ**

ટ્રાફિકની વકરતી સમસ્યાને ધ્યાને લઈને અમેરિકાની યૂથ સર્વિસ સંસ્થા દ્વારા અમદાવાદ સહિતના પાંચ શહેરોમાં ટ્રાફિકનાં નિયમોનું કેવી રીતે પાલન કરવું તેની ઓગસ્ટથી તાલીમ અપાશે.

કેન્દ્રના સહયોગથી શરૂ કરાયેલા આ પ્રોજેક્ટમાં શહેરની

સ્કૂલોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ અને શિક્ષકોને પણ આવરી લેવાશે અને તેઓને આ પ્રોજેક્ટ સંબંધિત શિષ્યવૃત્તિ પણ અપાશે.

અમેરિકા સ્થિત અન્ડર રાઈટર લેબોરેટરી-યુથ સર્વિસ અમેરિકા (યૂએલ-વાયએસએ) સંસ્થા આ પ્રોજેક્ટ હેઠળ મુંબઈ, પૂણે, દિલ્હી અને બેંગલોરમાં ટ્રાફિકના નિયમો અંગે જાણકારી તેમજ ટ્રેનિંગ આપશે.

- **રાજ્યમાં સીસીટીવી માટે ટાસ્ક ફોર્સની રચના કરાઈ**

'સેફ એન્ડ સિક્યોર ગુજરાત પ્રોજેક્ટ અંતર્ગત રાજ્યભરમાં જાહેર સ્થળો અને પોલીસ મથકોમાં હાઈડેફિનેશન અને નાઈટવિઝન સીસીટીવી કેમેરા લગાવવા માટે સ્પેશયલ ટાસ્ક ફોર્સની રચના કરી છે.

આ ટાસ્ક ફોર્સના વડા તરીકે વિનોદ મલ્લને નિમવામાં આવ્યા છે.

રાજ્યભરમાં સીસીટીવી કેમેરા ન હોવાનાં કારણે હાઈકોર્ટ દ્વારા અવાર-નવાર ટીકા પણ કરાઈ છે.

- **વિશ્વમાં ભારત પાંચમા નંબરનો સૌથી મોટો-વેસ્ટ ઉત્પાદક દેશ**

ભારત એ વિશ્વનું સૌથી મોટું બીજા નંબરનું મોબાઈલ માર્કેટ છે અને પાંચમાં નંબરનું સૌથી મોટું ઈ-વેસ્ટ માર્કેટ છે.

દર વર્ષે ભારતમાંથી આશરે ૧૮.૫ લાખ મેટ્રીક ટન ઈલેક્ટ્રોનિક વેસ્ટ નીકળે છે. જેમાં ટેલિકોમ ઈક્વિપમેન્ટનો ઈ-વેસ્ટમાં હિસ્સો ૧૨ ટકા જેટલો હોય છે.

તાજેતરનાં વર્ષોમાં ભારતમાંથી નીકળતો ઈ-વેસ્ટ એ ચિંતાની બાબત છે. ભારતમાં ૧૦૦ કરોડના મોબાઈલ વપરાશમાં છે, જ્યારે તેમાંથી વાર્ષિક રીતે ૨૫ ટકા ઈ-વેસ્ટ બની જાય છે, એમ એક અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે.

- **મેક ઈન ઈન્ડિયા -સોલર મિશન સારું કોમ્બિનેશન**

ભારત વિશ્વમાં સોલર પાવરની ક્ષમતા સ્થાપનારો સૌથી મોટો દેશ છે, જેણે છ વર્ષથી પણ ઓછા સમયગાળામાં ૧૦ મેગાવોટથી ૬,૦૦૦ મેગાવોટની સોલર પાવરની ક્ષમતા સ્થાપી છે. સરકારે કરેલું મહત્વાકાંક્ષી ઈન્ટરનેશનલ સોલર એલાયન્સ (આઈએસએ) દર્શાવે છે કે ભારત આ ક્ષેત્ર માટે મજબૂત કમિટમેન્ટ ધરાવે છે.

સોલર પાવરની ક્ષમતા ધરાવતા દેશોમાં ભારત એ ટોચના પાંચ દેશો પૈકીનો એક છે. મોદી સરકારના મહત્ત્વાકાંક્ષી કાર્યક્રમ મેક ઈન ઈન્ડિયા અને સોલર મિશન એ ખરેખર સારું કોમ્બિનેશન છે અને સફળતા પ્રાપ્ત પણ છે.

- **ક્લે-કોર્ટના બાદશાહ નાદાલનો કિર્તિમાન**

ટ્રોફી માટે હોટ ફેવરિટ ગણાતા રફેલ નાદાલે ફ્રેન્ચ ઓપનમાં બગનિસને હરાવીને પોતાની ગ્રાન્ડસ્લેમ કારકિર્દીમાં ૨૦૦મો વિજય હાંસલ કર્યો હતો.

૨૦૦ ગ્રાન્ડસ્લેમ મેચના વિજયની સિદ્ધિ મેળવનાર તે વિશ્વનો આઠમો ખેલાડી બન્યો છે. પૂરી મેચમાં બગનિસ માત્ર છ મેચ જીતી શક્યો હતો. નાદાલે ૧૦માંથી આઠ બ્રેક પોઈન્ટ પોતાની તરફેણમાં કર્યા હતા. તેણે ઝંઝાવાતી ૨૫ વિનર્સ ફટકારીને હરીફ ખેલાડીને સ્તબ્ધ કરી દીધો હતો.

- **રાજધાની એક્સપ્રેસની ટિકિટ કન્ફર્મ ન થાય તો એર ઇન્ડિયામાં પ્રવાસ**

રાજધાની એક્સપ્રેસના જે પ્રવાસીની ટિકિટ કન્ફર્મ નહીં થાય તે પ્રવાસી ટિકિટ અપગ્રેડ કરાવીને એર ઈન્ડિયામાં વિમાન પ્રવાસ ખેડી શકશે. આ હેતુસર પ્રવાસીએ મામૂલી રકમ જ ખર્ચવી પડશે. યોજના એક જૂનથી અમલી બની શકે છે. કોઈપણ વર્ગના પ્રવાસી તે યોજનાનો લાભ લઈ શકે છે, પરંતુ ફર્સ્ટ ક્લાસના પ્રવાસીને વધુ ફાયદો મળશે. કારણ કે તેમને વધારાની કોઇ રકમ ચૂકવ્યા વિના જ એર ઈન્ડિયાની ટિકિટ મળી શકશે જ્યારે સેકન્ડ અને થર્ડ એસીના પ્રવાસી પાસેથી વધારાના રૂ. ૨૦૦૦ લેવામાં આવશે. એર ઈન્ડિયાના વડા અશ્વિન લોહાનીએ જણાવ્યું કે, આઈઆરસીટીસી સાથે કરાર થયા છે.

- **રાજ્યમાં વિકલાંગ કપલને લગ્ન માટે સરકાર એક લાખ આપશે**

ગુજરાતમાં વિકલાંગ કપલ પૈકી કોઈ એક વ્યક્તિને જ અત્યાર સુધી ૨૦ હજારની આર્થિક સહાય આપવામાં આવતી હતી. જોકે રાજ્ય સરકારે હવે કોઇ એકને જ સહાય આપવાની મર્યાદા દૂર કરી યુગલદીઠ બંને વ્યક્તિને આર્થિક સહાય આપવાનો નિર્ણય કર્યો છે. એટલું જ નહિ પરંતુ સહાયની રકમ ૨૦ હજારને બદલે ૫૦ હજાર કરવામાં આવી છે. આમ વિકલાંગ કપલદીઠ સરકાર હવે એક લાખ રૂપિયા ચૂકવશે.

રાજ્યના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગે વિકલાંગ (દિવ્યાંગ) કલ્યાણ યોજનાઓમાં આવક મર્યાદા દૂર કરવા તદ્દુપરાંત સહાયની રકમમાં વધારો કરતો નિર્ણય લીધો છે, જેમાં વિકલાંગ સાધન સહાય યોજના, વિકલાંગથી વિકલાંગ અને સામાન્ય વ્યક્તિથી વિકલાંગ લગ્ન સહાય યોજના અને પોલિયોના દર્દી માટે શસ્ત્રક્રિયા અને તે પછીના કાર્યક્રમની યોજના સામેલ કરી છે. ત્રણેય યોજનામાં આવક મર્યાદા પણ દૂર કરાઈ છે.

- **હવે કરદાતાઓ આકારણી અધિકારી સમક્ષ રૂબરૂમાં પણ ફરિયાદ કરી શકશે**

નવા નાણાકીય વર્ષમાં આવકવેરા વિભાગના આકારણી અધિકારીઓ રૂબરૂમાં કરદાતાઓની ફરિયાદો સાંભળશે. કરદાતાઓને રિફંડ અને એસેસમેન્ટની લગતી તમામ ફરિયાદોનો નિકાલ કરવાની વિભાગની પ્રાથમિક્તા રહેશે. તા. ૩૦ મે થી તા. ૩ જૂન - ૨૦૧૬ સુધી નારાયણ ચેમ્બર આશ્રમ રોડ પર આવેલી આવકવેરાની ઓફિસ દ્વારા ફરિયાદ નિવારણ સેલ શરૂ કરવાનો નિર્ણય કર્યો છે.

- **સંજય બાંગરને ભારતીય ટીમના કોચ બનાવાયા**

કિંગ્સ ઈલેવન પંજાબના કોચ સંજય બાંગરને ભારતના આગામી ઝિમ્બાબ્વે પ્રવાસ માટે ભારતીય ટીમના મુખ્ય કોચ બનાવાયા છે. ભારતની અન્ડર-૧૯ ટીમ સાથે જોડાયેલા અભય શર્માની ફિલ્ડિંગ કોચ તરીકે નિમવામાં આવ્યા છે. અભય શર્માએ રેસ્ટ ઓફ ઈન્ડિયા અને રણજી ચેમ્પિયન મુંબઈ ઈન્ડિયન્સ સાથે પણ કામ કરેલું છે.

- **જાપાને બનાવ્યો દુનિયાનો પ્રથમ રોબોટ મોબાઈલ**

જાપાને દુનિયાનો પ્રથમ રોબોટ્રિક મોબાઈલ ફોન લૉન્ચ કર્યો છે. આ ફોનની ખાસિયત એ છે કે, તે બોલી અને ચાલી પણ શકે છે. આ રોબોટ મોબાઈલને રોબોહોન નામ અપાયું છે. રોબોટિક મોબાઈલની પ્રારંભિક કિંમત ૧.૯૮ લાખ યેન એટલે કે ભારતીય કિંમત પ્રમાણે તે ૧,૨૧,૧૩૨ રૂપિયામાં પડશે.

રોબોહોન ફોન બનાવનારી કંપની શાર્પ ઇઝ ફોન કો કન્સેપ્ટ સ્માર્ટ ફોને દાવો કર્યો છે કે, આવો ફોન ક્યારેય કોઇએ જોયો નહીં હોય. આ ફોનને રોબો એસ્ટ્રોનોટ 'કિરોબો'ની શોધ કરનારા એન્જિનિયર તોમોતાકા તાકાહાશીએ બનાવ્યો છે.

- **દેશમાં ડોક્ટરોની અછતને પગલે ડોક્ટરોની નિવૃત્તિ વય ૬૨થી વધારી ૬૫ કરવાની જાહેરાત**

હવે દરેક રાજ્યમાં ડૉક્ટરો ૬૨ વર્ષને બદલે ૬૫ વર્ષની ઉંમરમાં નિવૃત્ત થશે. માન. વડાપ્રધાન શ્રી મોદીએ કહ્યું હતું કે, દર મહિનાની ૯મી તારીખે ગરીબ ગર્ભવતી મહિલાઓની મફતમાં સારવાર કરે. જો દેશના એક કરોડ લોકો ગેસની સબસિડી છોડી શકતા હોય તો ડૉક્ટરો પણ ૧ વર્ષમાં ૧૨ દવિસ ગરીબ ગર્ભવતી માતાઓને આપી શકે છે. હું ઇચ્છું છું કે દર મહિનાની નવમી તારીખે જો કોઇ ગરીબ ગર્ભવતી મહિલા તેમની પાસે આવે છે તો તેની મફતમાં સારવાર કરવામાં આવે અને દવા આપવામાં આવે.

- **વિશ્વની ટોચની બે હજાર કંપનીમાં ભારતની ૫૬ કંપની : ફોર્બ્સ**

ફોર્બ્સનો વાર્ષિક અહેવાલ 'ગ્લોબલ-૨૦૦૦' રજૂ થયો

## 28 MAY, 2016

- **ગુજરાતના સિંહ લંડન જઈ અઢી કરોડ કમાયા**

લંડન ઝૂમાં એશિયાટીક લાયનની ટિકીટમાંથી થયેલી આવકમાં ગુજરાતને હિસ્સો મળશે.

સમગ્ર વિશ્વમાં એકમાત્ર ગુજરાતમાં જ જોવા મળતા એશયાટિક લાયનની એક જોડ લંડન ઝૂમાં મોકલાઈ છે. જ્યાં તેમને જોવા ટિકીટ રાખવામાં આવી છે. ટિકીટમાંથી આવકનો અમૂક હિસ્સો લંડન ઝૂ સોસાયટી દ્વારા ગુજરાત સરકારના વન વિભાગને સિંહ સંવર્ધનના વિશેષ કાર્યક્રમો માટે આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

આ પેટે વન વિભાગને ભારત સરકારના માધ્યમથી અંદાજે ૨.૫૦ કરોડ રૂપિયા મળ્યા છે.

- **મારૂતિ ડિઝાયર સહિત ૭૭૩૮૦ કાર પરત લેવાઇ**

મારૂતિ સુઝુકી પોતાની ૭૭,૩૮૦ કારોને ઠીક કરવા માટે પરત લે છે. આ કારો બાલેના અને ડીઝાયર મોડલની છે.

તેમાં એરબેગ કન્ટ્રોલર સોફ્ટવેરને અપગ્રેડ કરાશે. ખરાબ ઈંધણ ફિલ્ટર બદલવામાં આવશે. તે માટે કોઈ ફી નહીં લેવાય.

- **દેશનો સૌથી લાંબો ૧૩૪૪ મીટર કેબલ સ્ટેઇડ બ્રિજ**

તેની લંબાઈ ૧૩૪૪ મીટર છે. અને તેની પહોળાઈ ૨૦.૮ મીટર છે. તે બનાવવા રૂ. ૩૭૯ કરોડ કુલ ખર્ચ થયો છે અને તેનુ ૬૮ ટકા કામ પૂર્ણ થયેલ છે.

ભરૂચની નર્મદા નદી પર બની રહેલા દેશનાં સૌથી લાંબા અત્યાધુનિક ફોરલેન કેબલ સ્ટેઈડ બ્રિજની કામગીરી ૬૮ ટકા પૂર્ણ થઈ ગઈ છે. બ્રિજના ૧૦ સ્પામ પૈકી હવે માત્ર એક જ સ્પામની કામગીરી બાકી છે. જ્યારે ૧૦ ટાવરોને એકસ્ટ્રા ડોઝ પ્રદાન કરવા કેબલ લગાડવાની કાર્યવાહી પણ ૪૦ ટકા જેટલી પૂર્ણ થઈ ગયેલ છે.

ડિસેમ્બર ૨૦૧૬ સુધીમાં નવો બ્રિજ તૈયાર થઈ જશે.નવા બ્રિજના આરંભ સાથે જ રોજના ૨૪ કલાકમાં પસાર થતા ૨૫૦૦૦ વાહનો વગર અટક્યે સડસડાટ દોડી શકશે.

- **ભારતીય ગ્રાન્ડમાસ્ટર પી. હરિકૃષ્ણાએ વર્લ્ડ નંબર ટુ કારુઆનાને ડ્રો પર રોક્યો**

ભારતીય ગ્રાન્ડમાસ્ટર પી. હરિકૃષ્ણાએ શામકિર ચેસ ટૂર્નામેન્ટના પહેલા રાઉન્ડમાં વર્લ્ડ નંબર ટુ ઈટાલીના ફાબિયાના કારુઆનાને ડ્રો પર રોકી દીધો હતો.

હરિકૃષ્ણાએ કાળા મહોરાથી રમતા કારુઆના પર જોરદાર દબાણ બનાવ્યું હતું. બન્ને ખેલાડી ૪૩ ચાલ બાદ ડ્રો પર સહમત થઈ ગયા.

- **પાણી શુદ્ધ કરવાની ઘરગથ્થુ અને સસ્તી ટેકનિક શોધાઈ**

જમશેદપુરના વિજ્ઞાનીઓએ ૩ પૈસામાં ૧ લિટર પાણી એનએસએલ દ્વારા શુદ્ધ કરવા માટેની ઘરગથ્થુ ટેકનિક વિકસાવી છે. તેનાથી ત્રણથી પાંચ પૈસામાં એક લિટર પાણી શુદ્ધ થઈ શકશે.

આ ટેકનિકની ખાસિયત એ છે કે પાણી શુદ્ધ કરવા માટે વીજળીની જરૂર નહીં પડે તેમજ પાણીની શુદ્ધતા વોટર પ્યુરિફાયર જેવી રહેશે.

કેન્દ્રીય વિજ્ઞાન તેમજ ટેકનોલોજી પ્રધાન ડૉ. હર્ષવર્ધને એનએનએલની લીધેલ તાજેતરની મુલાકાતમાં આ ટેકનિકને દેશનાં ગામડાંઓ સુધી પહોંચાડવા માટે જણાવ્યું હતું.

ASTHA Academy

સીએસઆઈઆર અંતર્ગત એનએમએલનાં વિજ્ઞાની ડૉ. સંચિતા ચક્રવતી, ડૉ. શાંતનુ ભટ્ટાચાર્યએ ૬ વર્ષિની મહેનત બાદ આ ટેકનિક વિકસાવી છે.

- **પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને ખાદીના ગણવેશ આપવા મંજૂરી**

પ્રાથમિક શાળાઓમાં સરકાર હવે ખાદીના ગણવેશ આપશે. જેનું તમામ ખર્ચ સરકાર ભોગવશે. પોલી વસ્ત્ર તરીકે જાણીતી ખાદી આપવાનો પ્રથમ પ્રયોગ સુરેન્દ્રનગરના ચોટીલાથી ૨૦ હજાર વિદ્યાર્થીઓ માટે કરાઈ રહ્યો છે. ત્યારબાદ તે સમગ્ર રાજયની સરકારી પ્રાથમિક શાળાઓમાં બે જોડી ગણવેશ સિલાઈ સાથે આપવાનું શરૂ કરાશે.

- **રાજ્યમાં લુપ્ત થવાના આરે ઊભેલા ગીધની ગણતરી કરાશે**

૨૮ અને ૨૯ એમ બે દિવસ માટે આ ગણતરી હાથ ધરાશે. ગણતરી પક્ષીપ્રેમીઓ દ્વારા વન વિભાગ ગણતરીનો પ્રારંભ કરશે. છેલ્લી ગણતરી ૨૦૧૨માં થઈ ત્યારે માંડ ૧,૦૪૩ ગીધ જોવા મળ્યા હતા. ત્યારબાદ પ્રથમ વખત ગીધની વાસ્તવિક સ્થિતિ જાણવાનો પ્રયાસ કરાશે.

ગીધ લુપ્ત થવાનું કારણ પશુઓની સારવારમાં વપરાતી દવા ડાયક્લોફીન જવાબદાર હોવાનું જણાયા પછી સમગ્ર દેશમાં ગુજરાત પ્રથમ રાજ્ય હતું કે જેમણે ડાયક્લોફીન વેચવા પર ૨૦૦૪માં પ્રતિબંધ મૂક્યો હતો. ગીધનો સતત ઘટાડો થઈ રહ્યો છે. કચ્છમાં સૌથી વધુ ૮૫૮ ગીધ ૨૦૦૫માં નોંધાયા હતા. ત્યારબાદ સુરત અને સુરેન્દ્રનગરમાં હતા પણ હવે ત્યાં બહુ ઓછા ગીધ જોવા મળે છે.

જૂનાગઢમાં ગીરનારી ગીધની વસતી સાવ ઓછી હતી. પણ ત્યાં થોડો વધારો થયો હતો.

૧૯૮૦ સુધી ૮૦ બિલિયન ગીધ ભારતમાં અને ગુજરાતમાં ૮ બિલિયન હતા ત્યારબાદ એકાએક લુપ્ત થવા લાગ્યા છે.

**ક્યારે કેટલાં ગીધ ?**

| | |
|---|---|
| ૨૦૦૫ | ૨,૬૪૭ |
| ૨૦૦૭ | ૧,૪૩૧ |
| ૨૦૧૦ | ૧,૦૬૫ |
| ૨૦૧૨ | ૧,૦૪૭ |

**ગીધના પ્રકાર**

સફેદ પીઠ ગીધ, ગીરનારી ગીધ, રાજ ગીધ, ખેરો

- **મોબાઈલ ગવર્નન્સમાં ગુજરાત નિષ્ફળ, સાતમા નંબરે ધકેલાયું**

ગુજરાતનું મોબાઈલ ગવર્નન્સનું સ્થાન

| | |
|---|---|
| સેન્ટ્રલ ગવર્નમેન્ટ | ૧,૩૫,૦૪,૮૫,૩૩૦ |
| આંધ્રપ્રદેશ | ૮,૧૯,૮૭,૫૧૩ |
| કેરાલા | ૪,૨૦,૦૩,૧૯૫ |
| તેલંગણા | ૩,૬૭,૫૪,૯૯૪ |
| છત્તીસગઢ | ૩,૪૮,૭૩,૨૨૯ |
| તમીલનાડુ | ૨,૦૮,૧૭,૩૦૩ |
| ગુજરાત | ૧,૭૬,૪૮,૨૪૧ |
| ઉત્તરપ્રદેશ | ૧,૦૭,૦૬,૫૭૯ |
| મધ્યપ્રદેશ | ૯૪,૯૩,૧૮૮ |
| મેઘાલય | ૬,૨૧,૭૧૭ |

- **વર્લ્ડ બોક્સિંગમાં સોનિયા લાઠેરને સિલ્વર મેડલ**

ભારતીય મહિલા બોક્સર સોનિયા લાઠેરનો વર્લ્ડ વુમન બોક્સિંગ ચેમ્પિયનશીપમાં ૫૭ કિગ્રા વજન વર્ગની ફાઈનલમાં પરાજય થતાં સિલ્વર મેડલથી સંતોષ માનવો પડ્યો હતો. ફાઈનલમાં વિશ્વની નંબર વન મહિલા બોક્સ ઈટાલીની એલિસા મેસિયાનો સામે ૧-૨થી પરાજય થયો હતો.

- **૧૦ લાખ કે તેથી ઓછી આવક હશે તો જ ઓ.બી.સી. વિદ્યાર્થીઓને વિદેશ અભ્યાસની લોન**

સામાજિક અને શૈક્ષણિક સ્તરે પછાત - ઓબીસી જ્ઞાતિઓમાં આર્થિક સંપન્નતા ધરાવતા પરિવારોના વિદ્યાર્થીઓને બદલે ખરેખર જેને જરૂર છે તેવા ગરીબ - મધ્યમવર્ગીય પરિવારોના વિદ્યાર્થીઓને વિદેશ અભ્યાસ માટે તક મળે તે હેતુસર ગુજરાત સરકારે પહેલી વખત આવક મર્યાદાની સિલિંગ કેપ નિશ્ચિત કરી છે. વિદેશ અભ્યાસ માટે રૂ. ૧૫ લાખની લોન સહાય માટે સરકારે નવેસરથી નિયમોના ધોરણો જાહેર કર્યા છે. જે મુજબ હવેથી જે ઓબીસી વિદ્યાર્થીના કુટુંબની આવકના બધા સ્રોતની આવક રૂ. ૧૦ લાખ કે તેથી ઓછી હશે તેને જ વિદેશ અભ્યાસ સહાયની લોન મળશે. અત્યાર સુધીમાં આ યોજનાના લાભ માટે કોઈ જ આવક મર્યાદાનું ધારાધોરણ નહોતું.

## 29 MAY, 2016

- **હવે સ્કૂલોમાં જેન્ડર ચેમ્પિયન્સ બનાવવામાં આવશે**

બાળકોને દુષ્કર્મ કે છેડતીથી બચાવવાના ઉદ્દેશ્યથી ત્રણ થી ચાર મહિનામાં જેન્ડર ચેમ્પિયન યોજના શરૂ કરવામાં આવશે. આ યોજના હેઠળ બાળકોને સ્કૂલ શિક્ષણ દરમિયાન જ જેન્ડર

સંબંધિત જાણકારી અને તેમના અધિકારોથી અવગત કરવામાં આવશે. માનવ સંસાધન વિકાસ મંત્રાલયના સહયોગથી તેના માટે ટ્રેનિંગ મોડ્યુલ પણ તૈયાર કરવામાં આવી રહ્યું છે.

કોલેજ - યુનિવર્સિટીઓને પણ જેન્ડર ચેમ્પિયન નિયુક્ત કરવા માટે કહેવાયું છે. દરેક વર્ગમાં મોનિટર જેવા એક બાળકને જેન્ડર ચેમ્પિયન બનાવવામાં આવશે. તે ટ્રેનિંગ બાદ અન્ય બાળકોને ગુડ-બેડ ટચ જેવી વાતો સમજાવશે અને આવી વાત થવા પર ટીચર - પેરેન્ટ્સને તે જણાવવા માટે પણ પ્રેરિત કરશે.

- **ઈસરો જૂનમાં ૨૨ સેટેલાઈટ લોન્ચ કરી રેકોર્ડ બનાવશે**

૨૮ મેના રોજ ઈસરોના ચેરમેન કિરણ કુમારે સિંગલ મિશનની જાણકારી આપી હતી.

તેમાં ૩ ભારતીય અને બાકીના વ્યવસાયિક સેટેલાઈટ રહેશે.

૨૦૦૮માં ઈસરો સિંગલ મિશન હેઠળ ૧૯ સેટેલાઈટ લોન્ચ કરી ચૂક્યુ છે.

- **પહેલીવાર વોટરોને લાંચ આપવા મુદ્દે ચૂંટણી રદ**

તમિલનાડુની બે બેઠકો પર ત્રીજી વાર ચૂંટણી ટાળવામાં આવી

ચૂંટણીપંચે તમિલનાડુ વિધાનસભાની બે બેઠકો અરવકુરિચી અને તંજાવુરની ચૂંટણી રદ કરી દીધી છે.

ભારતમાં પહેલીવાર આમ થયું છેઃજ્યારે મતદાતાઓને લલચાવવા માટે પૈસા આપવામાં આવ્યા હોવાના પુરાવા મળ્યા બાદ ચૂંટણીપંચે ચૂંટણી રદ કરી દીધી છે. પંચના અનુસાર આ બેઠકો પર હવે યોગ્ય સમયે ચૂંટણી કરાવવાનો નિર્ણય લેવામાં આવશે.

- **અમેરિકન સરકારની રિસર્ચ, મોબાઈલથી કેન્સર થાય છે**

પોતાની અઢી વર્ષના રિસર્ચ બાદ, અમેરિકન સરકારની એક ફેડરલ એજન્સીએ ચોંકાવનારા ખુલાસા કર્યા છે. તેમાં જાણવા મળ્યું છે કે હૃદય અને મગજમાં થનાર ટ્યુમરનો સંબંધ મોબાઈલની સાથે છે . વૈજ્ઞાનીકોએ મોબાઈલથી નીકળનારા રેડિયેશનનો પ્રયોગ લગભગ ૨૫૦૦ ઉંદરો પર કર્યો હતો.

હકીકતમાં, અમેરિકન સરકાર ગ્રાહકોના આરોગ્ય પર મોબાઈલથી પડનારી અસર વિશે રિસર્ચ કરાવી રહી છે. તેનો પહેલો રિપોર્ટ હવે પ્રસિદ્ધ કરાયો છે.

- **નેક-એ ગ્રેડ મેળવનારી રાજ્યની પ્રથમ પ્રાઈવેટ યુનિવર્સિટી**

ચાંગા સ્થિત ચરોતર યુનિવર્સિટી ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી (ચારૂસેટ)એ નેશનલ એક્રેડિટેશન એન્ડ એસેસમેન્ટ કાઉન્સિલ (નેક) દ્વારા કરવામાં આવેલા મૂલ્યાંકનમાં ૩.૧૧ સીજીપીએ સાથે 'એ' ગ્રેડ પ્રાપ્ત કર્યો છે. આ ઉપરાંત પ્રથમ પ્રયાસમાં જ નેક મૂલ્યાંકનમાં દેશની પ્રાઈવેટ યુનિવર્સિટીઓમાં ચારૂસેટે સર્વોચ્ચ ગુણાંક મેળવ્યો છે.

- **NSGમાં ભારતના પ્રવેશનો વિરોધ કરતા પાક.ને અમેરિકાની ફટકાર**

અમેરિકાએ ૪૮ દેશોના NSGમાં ભારતને સમાવવા ભલામણ કરી હતી

અમેરિકાએ સ્પષ્ટ કહી દીધુ છે કે ન્યૂક્લિયર સપ્લાયર્સ ગૃપ (NSG)માં ભારતની એન્ટ્રીને આર્મ રેસ સાથે કોઈ જ લેવાદેવા નથી. અમેરિકાએ જણાવ્યા અનુસાર ગૃપની મેમ્બરશિપ માટે ભારતનું નામ એ માટે સુચવાયું છે કે ભારતે સિવિલિયન સેક્ટરમાં ન્યુક્લિયર એનર્જીનો શ્રેષ્ઠ ઉપયોગ કર્યો છે.

- **અમેરિકાએ પાક. સાથે એફ-૧૬ સોદો રદ કર્યો**

સંરક્ષણ ક્ષેત્રે ભારતનો સામનો કરવા માટે પાકિસ્તાને અમેરિકા પાસે અત્યાધુનિક એફ-૧૬ ફાઈટર જેટ્સ ખરીદવા કરાર કર્યા હતા, પરંતુ અમેરિકા અને પાકિસ્તાન વચ્ચેનો આ સોદો રદ થઈ ગયો છે.

- **ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ ૫૫.૮૫ ટકા : વિદ્યાર્થિનીઓ મોખરે**
- **સી.બી.એસ.ઇ.નું ધોરણ-૧૦નું ૯૬.૨૧ ટકા પરિણામ જાહેર કરાયું**
- **નવી નોકરી સર્જવાના મામલે અમદાવાદ સાતમા સ્થાને**

નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬ના ચોથા તબક્કામાં એટલે જાન્યુઆરીથી માર્ચ દરમિયાન અમદાવાદમાં કુલ ૪૨૫૩ નવી નોકરી સર્જી શકાઈ છે. દેશમાં નોકરીની સૌથી વધુ તક સર્જતા આઠ શહેરોમાં અમદાવાદ છેક સાતમા સ્થાને છે.

જાન્યુઆરીથી માર્ચ - ૨૦૧૬માં ગુજરાત કરતાં ઉત્તરપ્રદેશ, હરિયાણામાં વધુ નવી નોકરી સર્જાઈ

ધ એસોસિયેટેડ ચેમ્બર્સ ઓફ કોમર્સ ઓફ ઈન્ડિયા (એસોચેમ)ના સર્વેક્ષણ અનુસાર દેશના આઠ મોટા શહેરમાં જાન્યુઆરીથી માર્ચ-૨૦૧૬ દરમિયાન કુલ ૮.૫૦ લાખ નવી નોકરી સર્જવામાં આવેલી છે. જેમાં દિલ્હી - એનસીઆરમાંથી સૌથી વધુ ૨.૬૦ લાખ, બેંગ્લોરમાં ૧.૯૦ લાખ, મુંબઈમાં ૧.૫૦ લાખ, ચેન્નાઈમાં ૮૨.૨૦ હજાર, હૈદરાબાદમાં ૬૦ હજાર જેટલી નોકરી વિવિધ ક્ષેત્રમાં સર્જવામાં આવેલી છે.

- **ભારતીય મૂળના બે બાળકો અમેરિકામાં પ્રતિષ્ઠિત સ્પેલિંગ બી સ્પર્ધામાં ચેમ્પિયન બન્યા**

અમેરિકામાં ઈતિહાસમાં પહેલી જ વાર બે ભારતીય બાળકો એક પ્રતિષ્ઠિત સ્પેલિંગ સ્પર્ધામાં વિજેતા બન્યા હતા અને તે પૈકી એક તો સૌથી નાની વયે જ ચેમ્પિયન બન્યો હતો. ૧૩ વર્ષનો જયરામ જગદીશ હથવાર અને ૧૧ વર્ષનો નિહાલ સાઈરેડ્ડી જંગીને સ્ક્રિપ્સ નેશનલ સ્પેલિંગ બીના સંયુક્ત વિજેતા

જાહેર કરવામાં આવ્યા હતા.

- **ચિદંબરમ, સિબ્બલ, જયરામ રમેશ રાજ્યસભાના સભ્યપદે નિમાયા**

ચિદંબરમ મહારાષ્ટ્રમાંથી, સિબ્બલ યુપીમાંથી અને જયરામ રમેશ કર્ણાટકમાંથી નિમાયા છે. કોંગ્રેસના અન્ય દિગ્ગજ નેતાઓમાં ઓસ્કાર ફર્નાન્ડિસ કર્ણાટકમાંથી, અંબિકા સોની પંજાબમાંથી, છાયા વર્મા ચંદીગઢમાંથી, વિવેદ તખા એમપીમાંથી અને પ્રદીપ તમટા ઉત્તરાખંડમાંથી નિમાયા છે.

- **વિક એન્ડમાં ઇ-મેઇલ ચેક કરનારને સજા : ફ્રાન્સ સરકારે કાયદો બનાવ્યો**

પરિવારને બદલે સૌથી વધુ સમય વિવિધ ગેઝેટ્સ (મોબાઈલ, લેપટોપ, ટેબલેટ) પાછળ ગાળતાં થઇ ગયા છે. ફ્રેન્ચ સરકારે એ વાતથી સાવધાન થઈને નવો કાયદો બનાવ્યો છે. એ પ્રમાણે શની-રવિની રજાઓ દરમિયાન કોઈ વ્યક્તિ ઓફિસના ઈ-મેઈલ ચેક કરી શકશે નહીં. મેઈલ ચેક કરશે તો તેમને સજા થશે. આ કાયદાને હાલ તો રાઈટ ટુ ડિસકનેક્ટ નામ અપાયું છે.

- **ત્રણથી વધુ મેમો અપાયા હોય તેવા વાહનચાલકનું લાઇસન્સ સસ્પેન્ડ થશે**

**ટ્રાફિક વિભાગ કસૂરવારોના ડેટા ભેગા કરી આર.ટી.ઓ.ને જાણ કરશે.**

- **પોરબંદરમાં ફ્લેમિંગો માટે પિંક સેલિબ્રેશન**

પોરબંદરમાં બે દિવસીય ફ્લેમિંગો ફેસ્ટીવલનો પ્રારંભ થયો છે. ફ્લેમિંગો એટલે કે સૂરખાબની જાળવણી અને સંવર્ધન માટે લોકજાગૃતિ આણવા કાર્યક્રમ યોજાયો છે જેમાં મોટી સંખ્યામાં પક્ષીપ્રેમીઓ હાજર રહ્યા હતા.

- **સમુદ્રના કાંઠે ૬ હજાર કરોડના ખર્ચે ગુજરાતનો પ્રથમ સિમેન્ટનો માર્ગ બનશે**

ભાવનગર - સોમનાથ રાષ્ટ્રીય ધોરીમાર્ગ બાંધવાના કામનું ખાત મુહૂર્ત મુખ્યમંત્રી આનંદીબહેન પટેલ અને કેન્દ્રીય ભૂમિ પરિવહન મંત્રી નિતીન ગડકરી દ્વારા ૩૦ મે ના રોજ સાંજે કરવામાં આવશે. ૨૫૬ કિલોમીટર લાંબા આ કોસ્ટલ હાઈવે પર ચાર બંદર આવે છે. જેનાથી બંદર પર આવતાં જતાં માલને દેશના અન્ય ભાગો સુધી લઈ જવા વાહનવ્યવહાર ઝડપી બનશે. પીપાવાવ બંદર અદાણી દ્વારા વિકસાવાયું છે. ઘોઘા બંદર ગુજરાત મેરીટાઈમ બોર્ડ દ્વારા વિકસાવાયું છે. વેરાવળ બંદર માછલીઓના નિકાસ માટેનું બંદર છે. આ રાષ્ટ્રીય ધોરીમાર્ગનું મહત્ત્વ ખાનગી કંપનીઓ ઉપરાંત ધાર્મિક રીતે પણ ઘણું મહત્ત્વનું રહેશે. સોમનાથ, પાલીતાણા, તળાજા, દિવ સાથે જોડાશે. વળી સિંહોના નિવાસ સ્થાન ગીર અભયારણ્યને પણ જોડે છે. આ માર્ગ અલંગ, ભાવનગર, જૂનાગઢ, પોરબંદરને પણ જોડશે.

- **દાદાહરિની વાવમાં શૂટિંગથી લોકો હેરાન**

અસારવાની ઐતિહાસિક દાદાહરિની વાવમાં શનિવારે હિન્દી ફિલ્મનું શૂટીંગ હોવાના કારણે સવારથી જ પોલીસ સમગ્ર વિસ્તાર કોર્ડન કરી લીધો હતો. આસપાસના વિસ્તારમાં કોલસા બજાર સહિતના વેપારીને બંધ પળાવતા લોકો પરેશાન થઈ ગયા હતા. બજાર બંધ રહેવાના કારણે ૪૦૦ થી ૫૦૦ મજૂરોને બેકાર બેસી રહેવાનો વારો આવ્યો હતો.

- **ફોરેન્સિક સાયન્સ યુનિ. કેન્દ્રીય રેલવે પોલીસને તાલીમ આપશે**

રેલવેમાં બનતી નાર્કોટીક્સ - બનાવટી નાણાંની હેરાફેરી, હત્યા, લૂંટ, બળાત્કાર, બોમ્બ ધડાકા, રેલવે ટિકિટના કાળાબજારના ગુના ઉકેલવા માટેની વૈજ્ઞાનિક તાલીમ ગુજરાત ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી આપશે. ગુજરાત ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીએ કેન્દ્રી રેલવે પોલીસ ફોર્સના ડાયરેક્ટર જનરલ ઓફ પોલીસ સાથે એમઓયુ કર્યા છે.

- **રાજ્યભરમાં ૫,૦૦૦ જેટલા સીસી ટી.વી. કેમેરા લગાવવામાં આવશે**

સરકારી કચેરીઓની બહાર અને જાહેર સ્થળો મળીને પ્રથમ તબક્કામાં ૫ હજાર સ્થળોએ સીસી ટીવી કેમેરા લગાવવાની કામગીરી શરૂ કરવા ટાસ્ક ફોર્સની બેઠકમાં નિર્ણયો લેવાયા હતા. શહેરી વિસ્તારોમાં આવા કેમેરા અગ્રતાક્રમે લગાવાશે. ગૃહ વિભાગે સલામત અને સુરક્ષિત ગુજરાત પ્રોજેક્ટ હેઠળ સીસી ટીવી કેમેરાના અમલવારી અંગે સ્પેશ્યલ ટાસ્ક ફોર્સની રચના કરી છે. આ ટાસ્કફોર્સની પ્રથમ બેઠક અધિક પોલીસ મહાનિર્દેશક (આયોજન અને આધુનિકીકરણ)ના વડા ડૉ. વિનોદ મલ્લની અધ્યક્ષતામાં યોજાઈ હતી. સચિવ સહિત ૮ શહેરોના પોલીસ અધિકારી હાજર રહ્યા હતા.

- **જોશના ચિનપ્પાની સ્ક્વોશ ચેમ્પિ.ની ફાઈનલમાં હાર**

ભારતની મહિલા સ્કવૉશ ખેલાડી જોશના ચિનપ્પાનો આંતરરાષ્ટ્રીય સ્કવૉશ ચેમ્પિયનશિપની ફાઈનલમાં પરાજય થતાં રનર અપથી સંતોષ માનવો પડ્યો હતો. ચિનપ્પાને ટોચની ક્રમાંકિત ન્યૂઝીલેન્ડની જોએલ કિંગ સામે હારનો સામનો કરવો પડ્યો હતો. ૪૫ મિનિટ સુધી ચાલેલી મેચમાં જોએલ કિંગે જોશના ચિનપ્પાને ૧૧-૯, ૧૧-૯, ૯-૧૧, ૧૧-૮થી પરાજય આપ્યો હતો.

- **પૃથ્વીથી ૧,૨૦૦ પ્રકાશવર્ષ દૂર આ ગ્રહ પર જીવનની શક્યતા**

યુનિવર્સિટી ઓફ કેલિફોર્નિયા અને લોસ એન્જલસના રિસર્ચરોએ એક એવો ગ્રહ શોધી કાઢ્યો છે જે પૃથ્વીથી ૧,૨૦૦ પ્રકાશવર્ષ દૂર છે અને તેની સપાટી પર પાણીની શક્યતા દર્શાવાઈ છે. રિસર્ચરોએ આને આશાનાં કિરણ સમાન ગણાવ્યું છે. આ ગ્રહ કેપ્લર ૬૨-એફ તારામંડળની

દિશામાં જ આવેલો છે. આપણી પૃથ્વી કરતાં ૪૦ ગણો મોટો છે. ઘણા ગ્રહો વચ્ચે ઘેરાયેલા આ કેપ્લર-૬૨-એફ પર મોટા સમુદ્રો હોવાની મોટાભાગે શક્યતા રહેલી છે.

નાસાના કેપ્લર મિશને ૨૦૧૩માં શોધી કાઢેલા ગ્રહો કેપ્લર-૬૨ એફનો સમાવેશ કરાયો હતો.

- **દુનિયાને પ્રેરણા આપતું નાનકડું ગામ મોફલોંગ**

મેઘાલયના ઈસ્ટ ભારત ખાસીના મોફલોંગને ૨૦૦૩માં જ એશિયાના સૌથી સ્વચ્છ ગામ તરીકે પસંદગી મળેલી છે.

૨૦૦૩માં આ ગામને એવૉર્ડ આપવામાં આવ્યો હતો. ત્યારબાદ ૨૦૦૫માં મોફલોંગને ભારતના સૌથી સ્વચ્છ ગામનો દરજ્જો અપાયો હતો.

અહીં બગીચાઓને 'ગાર્ડન ઓફ ગોડ' કહેવામાં આવે છે. વર્ષ ૨૦૧૪ની ગણતરી અનુસાર અહીં ૯૫ પરિવાર રહે છે. ગામના લોકો માટે સોપારીની ખેતી આજિવિકાનું મુખ્ય સાધન છે.

ગામના લોકોની સૌથી મોટી ખાસિયત એ છે કે, સ્વચ્છતા માટે વહીવટી તંત્ર પર નિર્ભર રહેવું પડતું નથી. પોતે જ સાફ સફાઈ કરવી તેમની ટેવ બની ગઈ છે.

મોફલૉંગમાં સાક્ષરતા દર પણ ૧૦૦ ટકા છે. અહીં મોટા ભાગના લોકો અંગ્રેજીમાં જ વાત કરે છે.

- **સિક્કિમ : સ્વચ્છતામાં વર્ષોથી દેશમાં પ્રથમ રહેલું રાજ્ય**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પહેલ પર વર્ષ ૨૦૧૫માં સ્વચ્છ ભારત અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું. પરંતુ દેશનું રાજ્ય એવું છે કે જેને વર્ષ ૨૦૦૮થી જ દેશના સૌથી સ્વચ્છ રાજ્ય તરીકેનો દરજ્જો મળેલો છે. વર્ષ ૨૦૦૮માં જ સિક્કિમ દેશનું પ્રથમ ૧૦૦ ટકા શૌચાલય ધરાવતું રાજ્ય બની ગયું હતું. આ દેશનું એવું રાજ્ય છે જ્યાં જાહેરમાં થૂંકવા પર પણ મનાઈ છે. રાજ્યના દરેક ગામોમાં થૂંકવા વિરુદ્ધની પોલીસી લાગુ છે. જાહેર સ્થાનો પર થૂંકવા સામે ૨૦૦ રૂપિયાનો દંડ છે. ૧૪ ઓગસ્ટ, ૧૯૯૭થી રાજ્યમાં પ્લાસ્ટિકના ઉપયોગ પર પાબંદી છે.

રાજ્યના દરેક ગામમાં માર્ગો પર કચરો નહીં ફેંકવાનો નિયમ લાગુ છે. ગામોમાં થોડે - થોડે અંતરે ડસ્ટબિન પણ લગાવાયા છે. સિક્કિમમાં ચાલતી દરેક ટેક્સીમાં ડસ્ટબીન રાખવામાં આવે છે.

રાજ્યમાં જાહેર સ્થળો પર ધુમ્રપાન કરવાની સખ્ત મનાઈ છે. આમ કરતા પકડાવા પર ૨૦૦ રૂપિયાનો દંડની પણ જોગવાઈ છે. સિગારેટ વગેરે પીવા માટે સરકારે વિવિધ સ્થળે સ્મોકિંગ રૂમ બનાવ્યા છે. રાજ્યમાં હવા અને અવાજ પ્રદુષણ રોકવા માટે ફટાકડા ફોડવા પર પાબંદી છે.

સરકારી શાળાઓના અભ્યાસક્રમોમાં પર્યાવરણ સંબંધિત વિષય અનિવાર્ય કરવામાં આવ્યો છે. ખાલી પડેલી સરકારી જમીનને સ્મૃતિ વન ઝોન જાહેર કરવામાં આવ્યો છે. તમામ ઘરોમાં સંપૂર્ણ સ્વાસ્થ્ય સુવિધાઓ આપવામાં પણ સિક્કિમ દેશમાં પ્રથમ રાજ્ય છે. ૨૦૦૯થી રાજ્યમાં 'ધરતી માટે ૧૦ મિનિટ' જાગૃતતા કાર્યક્રમ ચલાવવામાં આવી રહ્યો છે. જે અંતર્ગત દર વર્ષે ૨૫મી જુને ગ્રીન સિક્કિમ માટે લોકો પાસે ૧૦ મિનિટ માંગવામાં આવે છે.

## 30 MAY, 2016

- **ફલાવર શોના સ્થળે વન વિભાગનું વૃક્ષોની જાગૃતિ માટે અભિયાન**

હિટવેવ ઈફેક્ટ : રિવરફ્રન્ટમાં જુલાઈમાં પાંચ દિવસનો વનસ્પતિ મેળો યોજાશે.

વનસ્પતિ મેળામાં શું-શું હશે ?

- વૃક્ષો સાથે માનવજિંદગી કેવી રીતે સંકળાયેલી છે તેના મોડલ
- રાજ્યભરમાં ફોરેસ્ટ વિભાગ દ્વારા થતી કામગીરીનું ''આરણ્યક'' ખાસ ડોમ
- રાશિ, નક્ષત્ર અને નવ ગ્રહ પ્રમાણે વનસ્પતિનું મહત્ત્વ બતાવવા લાઈવ મોડલ
- ૩૫૦ જેટલા વૃક્ષોના રોપાનું પ્રદર્શન
- મહત્તમ વૃક્ષોની જાત, તેના ઉછેર તથા કયા પર્યાવરણમાં વૃક્ષ ઉગે તેના મોડલ
- પર્યાવરણલક્ષી પ્રોજેક્ટ (રિવરફ્રન્ટ જેવા) નું પ્રેઝન્ટેશન

- **આઈપીએલમાં ફાઈનલનો સૌથી મોટો સ્કોર બનાવીને હૈદરાબાદ ચેમ્પિયન બન્યું**

છ વર્ષ બાદ આઈપીએલને નવો ચેમ્પિયન મળ્યો છે અને તે છે સનરાઈઝર્સ હૈદરાબાદ, જેણે ૨૦૮ રન બનાવીને બેંગલુરુને ૮ રને હરાવી દીધું હતું. બેંગલુરું ટીમની ત્રીજી વાર આઈપીએલની ફાઈનલ રમી, પણ એક વાર પણ જીતી શકી નથી, જ્યારે હૈદરાબાદ પેહલી વાર ફાઈનલમાં ઉતરી અને ચેમ્પિયન બની ગઈ.

વિરાટ કોહલીને ૯૭૩ રન સાથે ઓરેન્જ કેપ તથા ભુવનેશ્વર કુમારને ૨૩ વિકેટ સાથે પર્પલ કેપ મળી.

આઈપીએલમાં વિજેતા ટીમને ૨૦ કરોડ રૂપિયા પુરસ્કારમાં મળ્યા હતા.

ઉપવિજેતા ટીમને ૧૧ કરોડ રૂપિયાનો પુરસ્કાર મળ્યો હતો.

**વિરાટ કોહલી : વિરાટ સ્કોર બુક :- IPL**

સૌથી વધુ ૯૭૩ રન વિરાટ કોહલી : બીજા નંબરે ૭૭૯ સાથે વોર્નર છે.

સૌથી વધુ ૪ સદી : વિરાટ

સૌથી વધુ ૮૧ની સરેરાશ : ૧૬ મેચમાં ૮૧ની સરેરાશથી

૨ન બનાવ્યા.

સૌથી વધુ ૩૮ છગ્ગા માર્યા, ગિલક્રિસ્ટના ૨૦૦૯માં ૨૯ છગ્ગા.

આઈપીએલમાં સૌથી વધુ ૪૧૧૦ રન

હાલ સુધીની ૧૩૯ મેચમાં સદી, ૨૬ ફિફ્ટીના બળે ૪૧૧૦રન.

સૌથી મોટી ભાગીદારી : કોહલી-ડીવેલિયર્સની ગુજરાત સામે ૨૨૯ની ભાગીદારી

- **માઉન્ટ એવરેસ્ટ ઉપર સૌથી ઊંચી મેરેથોન**

નેપાળમાં દુનિયાની સૌથી ઊંચી મેરેથોન માઉન્ટ એવરેસ્ટ ખાતે ૨૯મે ના રોજ શરૂ થઈ હતી. તેમાં ૧૫૦ સ્થાનિક લોકો ઉપરાંત વિદેશી રનરોએ પણ ભાગ લીધો હતો.

- **લદ્દાખ સરહદે આઈટીબીપી મહિલા કોન્સ્ટેબલ તૈનાત**

જમ્મુ-કાશ્મીરના લદ્દાખ ક્ષેત્રમાં ભારત-ચીન વાસ્તવિક નિયંત્રણ રેખા ઉપર આઈટીબીપીની મહિલા કોન્સ્ટેબલ તૈનાત કરાશે.

૧૨ મહિલા કોન્સ્ટેબલ અહીં આવી પહોંચી છે. તેમને ટ્રેનિંગ અપાઈ રહી છે. આગામી સપ્તાહે તેઓને એલઓસીની સુરક્ષાની જવાબદારી સોંપાશે.

- **IIT ની તૈયારી માટે IIT-PA1 એપ લોન્ચ કરવામાં આવશે**

આઈઆઈટીની તૈયારી કરનારા વિદ્યાર્થીઓ માટે માનવ સંસાધન મંત્રાલય આઈઆઈટી-પી ૧ એપ લોન્ચ કરશે. આ ૧૧ ભારતીય ભાષાઓમાં સપોર્ટ કરશે. તેમાં ઉચ્ચ સ્તરનું સ્ટડી મટીરિયલ મળી રહેશે.

- **ઉત્તરપ્રદેશમાં ગરીબ બાળકોને સુપર ૩૦ તૈયારી કરાવશે**

ઉત્તરપ્રદેશમાં ગરીબ પરિવારોનાં બાળકોને આઈઆઈટી એન્ટ્રેન્સ એક્ઝામની તૈયારી સુપર ૩૦ ના આનંદકુમાર કરાવશે.

તેના માટે યુપી સરકારે તેમની સાથે કરાર કર્યો છે. સુપર ૩૦ કોચિંગ માટે રાજ્યના ૧૧ સેન્ટરો ખાતે સરકાર એન્ટ્રેન્સ એક્ઝામ આયોજિત કરશે. આ પરીક્ષા પાસ થનાર વિદ્યાર્થીઓને તેમાં પ્રવેશ મળશે.

- **પીએમ ૪ જૂનથી ૫ દેશના પ્રવાસ**

સ્વિસ રાષ્ટ્રપતિ સાથે તેઓ બ્લેકમની મુદ્દે ચર્ચા કરશે

અફઘાનમાં સલમાન ડેમનું ઉદઘાટન કરશે.

૮ જૂને અમેરિકન સંસદના સંયુક્ત સત્રને સંબોધશે

તેઓ આ વિદેશ પ્રવાસની શરૂઆત અફઘાનિસ્તાનથી કરશે. અહીં તેઓ ભારત દ્વારા રૂ.૧,૪૫૭ કરોડ(૩૦ કરોડ ડોલર)ના ખર્ચે બનાવાયેલા સલમાન ડેમનું ઉદઘાટન કરશે. ત્યાર બાદ તેઓ કતાર સ્વીટ્ર્લેન્ડ, અમેરિકા અને મેક્સિકો જશે.

- **"જય હો જૂનાગઢ મુક્તિ મહોત્સવ"**

''દિવ્ય ભાસ્કર'' દ્વારા આયોજિત ''જય હો જૂનાગઢ મુક્તિ મહોત્સવ'' અંતર્ગત શહેરના શામળદાસ ગાંધી ટાઉન હોલ ખાતે યોજાયેલા જૂનાગઢ પર્વમાં રાજ્યપાલ ઓ.પી.કોહલી ઉપસ્થિત રહ્યા હતા. ''જય હો જૂનાગઢ મુક્તિ મહોત્સવ'' અંતર્ગત ૨૮ ફેબ્રુઆરીથી શરૂ થયેલા કાર્યક્રમ આગામી ૯ નવેમ્બર સુધી એટલે કે ૯ માસ સુધી ચાલશે.

- **અલંગ શિપબ્રેકિંગ યાર્ડ SRPને હવાલે**

અલંગ શિપબ્રેકિંગ યાર્ડમાં વારંવાર થઈ રહેલી ચોરી અને દરિયાઈ સુરક્ષા વધારવાને ધ્યાનમાં રાખી અને હાલની ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ સિક્યોરિટી ફોર્સની જગ્યાએ સુરક્ષા વ્યવસ્થાની જવાબદારી સ્ટેટ રિઝર્વ પોલીસ (એસઆરપી)ને સોંપવામાં આવશે.

રાજ્યના ગૃહ મંત્રાલય દ્વારા રાજ્યના દરિયા કિનારાની મેરીટાઈમ સિક્યોરિટી વધારવાના હેતુથી ગુજરાત મેરિટાઈમ બોર્ડ હસ્તક આવેલાં તમામ બંદરો અને અંલગ શિપબ્રેકિંગ યાર્ડની સુરક્ષા હવે સ્ટેટ રિઝર્વ પોલીસને હવાલે કરવામાં આવી છે.

- **કાનવા ૧૦૦ ટકા શૌચાલય યુક્ત બન્યું**

અંકલેશ્વર તાલુકાનું કાનાવા ગામ ૧૦૦ ટકા શૌચાલયયુક્ત બન્યું છે.

આ સિદ્ધિ બદલ મુખ્યમંત્રી આનંદીબેન પટેલે ગામનાં સરપંચ જયના પટેલને એવોર્ડ આપી ગાંધીનગર ખાતે સન્માનિત કર્યા હતા.

અંકલેશ્વર તાલુકાના અંતરિયાળ વિસ્તારમાં ૫૦૦ થી વધુની વસ્તી ધરાવતા કનાવા ગામમાં સરપંચે સરકારની વિવિધ યોજના અંતર્ગત ૫૬ જેટલા શૌચાલય બનાવડાવ્યાં હતાં. ૧૦૦ ટકા શૌચાલયયુક્ત બનનારું કાનવા જિલ્લાનું પ્રથમ ગામ છે.

કાનવા ગામને મોડેલ ગામ તરીકે વિકસાવવા માટે ગામની દરેક શેરીમાં વોલ ટુ વોલ રસ્તા તેમજ પેવર બ્લોક લગાવવામાં આવ્યા છે. જ્યારે ઉકરડાના સ્થાને કચરાપેટી મૂકી તે જગ્યાને ગ્રીન બેલ્ટ વિકસાવી ગામને હરિયાળું ગામ બનાવવા માટે કામગીરી કરવામાં આવી છે. તો મોડેલ ગામ તરીકે વિકસાવવા માટે અન્ય યોજના થકી વિવિધ વિકાસલક્ષી કામગીરીનું આયોજન કરવામાં આવ્યું છે.

- **તા. ૩-૫-૨૦૧૬ થી ૧૫-૬-૨૦૧૬ આજે મંગળ ગ્રહ પૃથ્વીની સૌથી નજીક જોવા મળશે**

દર અઢી વર્ષે એક રોમાંચક ખંગોળીય ઘટના સર્જાય છે. જેમાં મગંળનો ગ્રહ પૃથ્વીના ગ્રહથી સૌથી નજીકના અંતરે આવે છે.

ACHHA ACADEMY No.: 8980061447

આ વખતે આકાશમાં રાતાશ પડતો મંગળના ગ્રહ માત્ર ૭,૫૨,૮૦,૦૦૦ કિલોમીટરના અંતરે રહેશે. આ ઘટનાનો આનંદ ૧૫ જૂન સુધી માણી શકાશે. મંગળનો ગ્રહ પોતાની ''ર્બીટ''ના લીધે દર અઢી વર્ષે પૃથ્વીની નજીક આવે છે.

- **પ્રથમ સેમી બુલેટ ટ્રેન ટેલ્ગોનું પરીક્ષણ શરૂ**

મહત્ત્વાકાંક્ષી સ્પેનિશ ટ્રેન ટેલ્ગાનું ૨૯મે ના રોજ પ્રથમ પરીક્ષણ કરવામાં આવ્યું.

ત્રણ તબક્કા પૈકી પ્રથમ ટ્રાયલ રન બરેલીથી મુરાદાબાદ વચ્ચે થઈ હતી. ટેલ્ગો ટ્રેન ૨૯ મેના રોજ સવારે ૯.૦૩ કલાકે ટ્રાયલ રન માટે રવાના થઈ હતી. ૪૫૦૦ એચપી ડીઝલ એન્જિન ધરાવતી આ ટ્રેને ૯૦ કિમીનું અંતર ૧૧૦-૧૧૫ કિમી પ્રતિ કલાકની ઝડપે દોડીને ૭૦ મિનિટમાં પૂરું કર્યું હતું.

ઉલ્લેખનીય છે કે આ ટ્રેન બાર દેશોમાં ચાલે છે. આધુનિક સુવિધાયુક્ત આ ટ્રેનમાં ભારતમાં દેશી એન્જિન પાછળ વિદેશી કોચ લગાવવામાં આવતા તેનો દેખાવ વિદેશી ટ્રેનોની તુલનાએ નબળો લાગતો હતો. આ ટ્રાયલ ૧૨ જૂન સુધી ચાલુ રહેશે.

ટ્રેનના કુલ ત્રણ ટ્રાયલ થશે. બીજી ટ્રાયલ દિલ્હી-મથુરા અને અંતિમ ટ્રાયલ દિલ્હી-મુંબઈ ટ્રેક પર કરવામાં આવશે. બીજી ટ્રાયલ દિલ્હી-મથુરા ટ્રેક પર ૧૮૦ અને દિલ્હી-મુંબઈ ટ્રેક પર ૨૦૦થી ૨૨૦ કિલોમીટર પ્રતિક કલાકની ઝડપથી થશે.

- **મોરબીની સિરામિક પ્રોડક્ટ નિકાસમાં રોકેટગતિએ વૃદ્ધિ, ૧૮૯.૭ ટકા ગ્રોથ**

સિરામિક નગરી તરીકે વિશ્વ સ્તરે ડંકો વગાડનાર મોરબીના ઉત્પાદકોની આગવી સૂઝબૂઝ અને ચાઈનાને પણ ટક્કર મારે તેવી ફીનીસ્ડ પ્રોડક્ટને કારણે મોરબીએ નિકાસમાં જબ્બર કાઠુ કાઢ્યું છે જ્યારે વાંકાનેરમાં ઉત્પાદિત થતાં સેનેટરીવેર્સની નિકાસમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. મીનીસ્ટ્રી ઓફ કોમર્સ પાસે ઉપલબ્ધ આંકડાકીય માહિતી પર નજર કરતા આ વધારો ઉડીને આંખે વળગે તેવો છે.

મોરબીમાં અત્યારે અંદાજે ૭૦૦ વોલ અને વીટ્રીફાઈડના કારખાનાઓ ચાલી રહ્યા છે જેમાંથી ૧૦૦ જેટલા કારખાનાઓ દ્વારા નિકાસ કરવામાં આવે છે.

મોરબીમાં વર્ષ ૨૦૧૩ - ૧૪માં રૂ. ૨૩૬૩૬.૩૯ લાખના નિકાસ સામે વર્ષ ૨૦૧૪ -૧૫માં રૂ. ૬૮૩૨૪.૬૬ લાખની નિકાસ કરવામાં આવી હતી.

- **એટલેટિકોને હરાવી રિયલ મેડ્રિડ ૧૧મી વખત ચેમ્પિયન**

ક્રિસ્ટિયાનો રોનાલ્ડોના ગોલની મદદથી રિયલ મેડ્રિડ એટલેટિકો મેડ્રિડને પેનલ્ટી શૂટઆઉટમાં ૫-૩થી પરાજય આપી રેકોર્ડ ૧૧મી વખત ચેમ્પિયન્સ લીગનું ટાઇટલ જીતી લીધું છે. નિર્ધારિત સમય બાદ એક્સ્ટ્રા સમયમાં પણ બંને ટીમો ૧-૧ ગોલ કરી શકી હતી. જેને કારણે મેચનું પરિણામ પેનલ્ટી શૂટઆઉટ દ્વારા આવ્યું હતું.

- **૮૦૦૦ વર્ષ જૂની છે હડપ્પાની સંસ્કૃતિ**

૫,૫૦૦ વર્ષ જૂની સિંધુ સંસ્કૃતિ હોવાનું પહેલા તારણ આવ્યું હતું.

આઈઆઈટી ખડગપુર અને ભારતીય પુરાતત્ત્વ વિભાગે હરપ્પાની સંસ્કૃતિની પ્રાચીનતા અંગે નવાં તથ્યો ઉજાગર કર્યા છે. સંશોધકોના મતે હડપ્પાની સંસ્કૃતિ ૫૫૦૦ વર્ષ જૂની નહીં પણ ૮૦૦૦ વર્ષ જુની છે. આ સંશોધન પ્રમાણે હડપ્પાની સંસ્કૃતિ મિસર અને મેસોપોટેમિયાની સંસ્કૃતિ કરતાં જૂની છે. મિસરની સંસ્કૃતિ ઈસવીસન પૂર્વે ૭૦૦૦ થી ૩૦૦૦ સુધીની હોવાનું માનવામાં આવે છે. બીજી તરફ મેસોપોટેમિયાની સંસ્કૃતિ ઈસવીસન પૂર્વે ૬૫૦૦ થી ૩૧૦૦ સુધીની હોવાનું માનવામાં આવે છે. સંશોધકો દ્વારા હડપ્પા અંગે પહેલાં કરવામાં આવેલાં સંશોધનો સામે તાજેતરના સંશોધકોએ નવાં પરિણામે મૂકીને આ સંસ્કૃતિનાં મૂળ વધારે ઊંડા હોવાનું જણાવ્યું છે.

### નેચરમાં પ્રકાશિત થયો લેખ

આ સંસ્કૃતિ પર થયેલું સંશોધન નેચર નામના જર્નલમાં પ્રકાશિત થયો છે. ૨૫ મેના રોજ પ્રકાશિત થયેલા આ લેખને કારણે દુનિયાભરની સભ્યતાઓ અને સંસ્કૃતિઓનાં ઉદ્ભવ અને વિકાસ અંગે નવી ચર્ચા છેડાઈ શકે છે. વૈજ્ઞાનિકોએ જમાવ્યું કે, તેમણે આ સંસ્કૃતિના ૩૦૦૦ વર્ષનાં પતન સુધીનાં કારમોનો વિગતે અભ્યાસ કર્યો છે. આઈઆઈટી ખડગપુરના જિયોલોજી એન્ડ જિયોફિઝિક્સ ડિપાર્ટમેન્ટના હેડ અનિંદય સરકાર જણાવે છે કે, અમે હરપ્પાની પ્રાચીનત્તમ માહિતીઓ ચકાસી છે. અમે ઓપ્ટિકલ ઈલ્યૂમિનેટેડ લૂમનેસન્સ દ્વારા આ સંસ્કૃતિની ઉંમર અને પતન અંગેનો અભ્યાસ કર્યો છે. વાતાવરણમાં થયેલાં મોટા પરિવર્તનોને કારણે આ સંસ્કૃતિ લુપ્ત થઈ ગઈ હશે. આ સંસ્કૃતિનાં મૂળ ૬૦૦૦ વર્ષ પહેલાનાં હોવાના પૂરાવા મળ્યા. તે ઉપરાંત હડપ્પા સંસ્કૃતિની શરૂઆત પણ લગભગ ૮૦૦૦ વર્ષ પહેલાં થઈ હોવાનું જણાઈ રહ્યું છે.

### સિંધુથી સરસ્વતી સુધી વિસ્તાર

હડપ્પાના વિસ્તાર અંગે પણ સંશોધકોમાં મતમતાંતર ચાલે છે. તાજેતરમાં સંશોધનો જણાવે છે કે, આ સંસ્કૃતિ ભારતમાં મોટા વિસ્તારમાં ફેલાયેલી હતી. સિંધુ ખીણની સંસ્કૃતિ સિંધુ નદીથી શરૂ કરીને લુપ્ત સરસ્વતી નદી સુધી વિસ્તરી હશે. આપણને અંગ્રેજો દ્વારા જે માહિતી અને ખોદકામના પૂરાવા આપવામાં આવ્યા તેના આધારે જ સંશોધન થયા છે તેથી સિંધુ ખીણની સંસ્કૃતિ અંગે વધારે અભ્યાસ શક્ય બન્યા નહોતા.

### ખરાબ ચોમાસાને કારણે સંસ્કૃતિ નાશ પામી

હડપ્પા સંસ્કૃતિને પોતાના અંતિમ તબક્કામાં ખરાબ વાતાવરણ

અને નબળાં ચોમાસાનો સામનો કરવો પડ્યો હતો. આ કારણે મોટાભાગનાં લોકોએ પલાયન કરવું પડ્યું હતું. આ સંસ્કૃતિનાં લોકોનું મોટાપાયે સ્થળાંતર થતાં વસતીમાં મોટો ઘટાડો નોંધાયો હતો. વસતી ખાલી થઈ જવાથી હડપ્પાની સંસ્કૃતિ અને લિપિનો નાશ થયો. સંશોધકોના મતે લગભગ ૭૦૦૦ વર્ષ પહેલાં નબળાં ચોમાસાની શરૂઆત થઈ હતી. તે સમયનાં લોકોએ પણ નબળાં ચોમાસાથી હાર નહોતી માની. તેમણે તે સમયે પોતાની જીવનશૈલીમાં ફેરફાર કરવાની અને નવા નવા રસ્તા શોધવાની શરૂઆત કરી દીધી હતી. લોકોએ પાક લેવાની સિસ્ટમમાં પણ ફેરફાર કરી દીધો હતો. તે ઉપરાંત ઘરમાં પાણીનો જથ્થો સંગ્રહી રાખવા માટે અલાયદી વ્યવસ્થા ઊભી કરી હતી.

### હરિયાણામાં પણ તેનો વિસ્તાર થયો હતો

હડપ્પાના અવશેષો અત્યાર સુધી પાકિસ્તાનના મોહેન્જો દડો અને હરપ્પા સંસ્કૃતિ તથા ભારતના લોથલ, ધોળાવીરા અને કાલિબંગન સુધી જ મળી આવ્યા છે. આ સંશોધનો પરથી ખ્યાલ આવે છે કે તેનો વિસ્તાર હરિયાણાના ભિર્રાના અને રાખીગઢીમાં પણ થયો હોવો જોઈએ. સંશોધકોએ ભિર્રાનાના નવા જ વિસ્તારોમાં ખોદકામ કર્યું અને નવી વસ્તુઓ સામે આવી. સંશોધકોને આ ખોદકામ દરમિયાન હાડકાં, ગાયોનાં શિંગડા, બકરીઓ, હરણ, ચિંકારા વગેરેના અવશેષ મળી આવ્યાં. ડેક્કન કૉલેજના આરતી દેશપાંડે જણાવે છે કે, આ તમામ અવશેષોની કાર્બન ૧૪ દ્વારા તપાસ કરવામાં આવી છે. તેના દ્વારા ખ્યાલ આવ્યો કે આ સંસ્કૃતિને કેવી રીતે પર્યાવરણના ફેરફારનો સામનો કરવો પડ્યો હતો.

- **આંતરરાષ્ટ્રીય અંતરિક્ષ કેન્દ્રમાં નાસાએ હવા ભરી રૂમ બનાવ્યો**

આવનારા દશકોમાં ચંદ્ર અથવા મંગળ પર વસવાટ કરવાના પ્રયાસો અંતર્ગત અમેરિકી અંતરિક્ષ એજન્સી નાસાએ અંતરિક્ષમાં હવા ફેલાવી રૂમ તૈયાર કરવામાં સફળતા મેળવી છે. અંતરિક્ષ યાત્રી જેફ વિલિયમસને વાલ્વનો ઉપયોગ કરી પૉંડના પડમાં હવા ભરી તેને ફેલાવી રૂમ તૈયાર કર્યો હતો. તેને બિગેલો એક્સપાન્ડેબલ એક્ટિવિટી મોડ્યૂલ નામ આપવામાં આવ્યું છે.

- **ટ્રેનમાં 'નો રૂમ' કે ટિકિટમાં ઊંચું વેઇટિંગ હશે તો રેલવે 'ક્લોન ટ્રેન' દોડાવશે**

આગામી સમયમાં રેલવેમાં ટિકિટના કાળા બજાર કરતા દલાલો પર અંકુશ આવશે. રેલવે તંત્ર પ્રવાસીઓને ટ્રેનની કન્ફર્મ ટિકિટ આપવા નવતર પ્રયોગ શરૂ કરવા જઈ રહી છે. જે સંલગ્ન ટ્રેનમાં નો રૂમ કે ઊંચું વેઈટીંગ હશે તો રેલવે તંત્ર તે જ રૂટની બે કલાક બાદ બીજી 'ક્લોન ટ્રેન' દોડાવશે. જેથી ટ્રેનમાં સવાર તમામ પ્રવાસીઓને કન્ફર્મ બર્થ મળી રહેશે. આ પાયલોટ પ્રોજેક્ટ પર રેલવેએ જોરશોરની કામગીરી શરૂ કરી દીધી છે.

### 'ક્લોન ટ્રેન' શું છે ?

ધારો કે અમદાવાદથી મુંબઈ જતી ગુજરાત મેલમાં 'નો રૂમ' કે ઊંચું વેઈટીંગ હોય તો પ્રવાસીઓની વ્યવસ્થાના ભાગરૂપે રેલવે તંત્ર આ જ રૂટ પર આજ નામથી બીજી ટ્રેન દોડાવે તેને 'ક્લોન ટ્રેન' કહેવાય. પ્રવાસી ચાર મહિના પહેલા કોઈ ટ્રેનમાં એડવાન્સ બુકીંગ કરાવે છે 'નો રૂમ' જેવી સ્થિતિમાં તેમને વેઈટીંગ ટિકિટ પણ મળતી નથી. વર્તમાન કોઈ ટ્રેનમાં ૧૪૯૯ પીએનઆર નંબર જનરેટ થાય છે ત્યારબાદ 'નો રૂમ' થઈ જાય છે, પરંતુ જો 'ક્લોન ટ્રેન' ચાલશે તો આ વ્યવસ્થામાં ફેરફાર કરી પ્રવાસીઓને કન્ફર્મ ટિકિટ અપાશે.

- **બરેલી - મુરાદાબાદ વચ્ચે ટેલ્ગો ટ્રેન ૧૧૫ કિ.મી.ની ઝડપે દોડાવાઈ**

- **કાર્બન ઉત્પાદનમાં ભારત ત્રીજા ક્રમે, ચીન પ્રથમ, બીજા નંબરે અમેરિકા**

બ્રિટિશ ઊર્જા કંપની બ્રિટિશ ગેસે વર્લ્ડ કાર્બન ફૂટપ્રિન્ટ મેપ તૈયાર કર્યો છે. એ મેપ દ્વારા જાણવા મળ્યું છે કે ૧૯૯૨ થી ૨૦૧૪ વચ્ચેના ૨૨ વર્ષમાં હવામાનમાં ઠલવાતો કાર્બન અનેકગણો વધ્યો છે.

કાર્બનનું ઉત્પાદન કરતાં ટોચના દેશો

(૧) ચીન (૨) અમેરિકા (૩) ભારત (૪) રશિયા (૫) જાપાન (૬) જર્મન (૭) ઈરાન (૮) કોરિયા (૯) બ્રાઝિલ (૧૦) મેક્સિકો (૧૧) ઈન્ડોનેશિયા (૧૨) બ્રિટન (૧૩) ઓસ્ટ્રેલિયા

## 31 MAY, 2016

- **રાજ્યની સ્કૂલોમાં પણ EBC અનામત**

ધોરણ ૧૧ સાયન્સના એડમિશનમાં આર્થિક અનામત લાગુ કરવા અમદાવાદ શહેર-ગ્રામ્ય ડીઈઓનો સ્કૂલોને પરિપત્ર કરવામાં આવ્યો છે.

- **પોસ્ટ ઓફિસ ઘેર-ઘેર ગંગાજળ પહોંચાડશે**

ભારતીય પોસ્ટ ઓફિસ ટૂંક સમયમાં હરિદ્વાર, ઋષિકેશનું શુદ્ધ ગંગાજળ દેશભરમાં ઘેર-ઘેર પહોંચાડશે. તે માટે ઈ-કોમર્સ પ્લેટફોર્મની મદદ લેવાઈ શકે છે.

- **૧લી જૂને સુનિલ લાંબા નૌસેનાની કમાન સંભાળશે**

ભારતીય નૌસેનાના નવા ચૂંટાયેલા એડમિરલ સુનિલ લાંબા ૧લી જૂને કાર્યભાર સંભાળશે.

તેઓ નૌસેના પ્રમુખ એડમિરલ આર.કે. ધવનનું સ્થાન લેશે. જેઓ નિવૃતિ લઈ રહ્યા છે.

વાઈસ એડમિરલ સુનિલ લાંબા અત્યાર સુધી નૌસેનાના પશ્ચિમ કમાનના પ્રમુખ હતા.

ASTHA Academy Mo.: 8980...

- **૧લી જૂનથી ફોન બિલ, હોટલમાં ભોજન વગેરે મોંઘા બનશે**

૦.૫ ટકા કૃષિ કલ્યાણ સેસ લાગુ થતા સેવા મોંઘી થશે સર્વિસટેક્સ ૧૪.૫ ટકા થી વધી ૧૫ ટકા થઈ જશે.

તેનાથી ઈન્ટરનેટ, ફોન, બહાર જમવા-ફરવાનું, ટ્રેન અને વિમાનયાત્રા, પાર્લર, બેંકિંગ, વીમા વગેરે બધી સેવાઓ મોંઘી થઈ જશે.

નાણાપ્રધાન અરૂણ જેટલીએ ૨૯ ફેબ્રુઆરીએ રજૂ કરેલા સામાન્ય બજેટમાં કૃષિ કલ્યાણ સેસની જાહેરાત કરી હતી.

- **૨૪ કલાકમાં પ્રદૂષણના આંકડા આપો નહીં તો કાર્યવાહી : NGT**

નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલે સાત રાજ્યોના ૧૫ શહેરોમાં વાહનોથી વધી રહેલા પ્રદુષણ અંગે આકરું વલણ અપનાવ્યું છે. સંબંધિત રાજ્યોને આગામી ૨૪ કલાકમાં રાજ્યમાં કયું શહેર સૌથી પ્રદૂષિત છે. એ નહીં બતાવવામાં આવે તો સખત કાર્યવાહી કરવાની ચેતવણી આપી છે.

NGTએ જે ૧૧ શહેરના પ્રદુષણના આંકડા માગ્યા છે. આ શહેરોમાં જ્યાં મર્યાદાથી વધુ પ્રદુષણ મળતા ૨૦૦૦ સીસી કે તેથી વધુની ક્ષમતાવાળા ડીઝલ વાહનો સામે પ્રતિબંધ લાદી શકાય છે.

- **માલણ બનશે બનાસકાંઠાનું પ્રથમ "ડિજિટલ વિલેજ"**

"ડિઝીટલ ઈન્ડિયા" અંતર્ગત કેશલેસ ટ્રાન્જેકશનની વ્યવસ્થા અમલી થવા જઈ રહી છે. આ યોજનાનો ભારતમાં સૌ પ્રથમ પ્રારંભ ગુજરાતના બનાસકાંઠા જિલ્લાના માલણ ગામમાંથી કરાયો છે. જેનું ઉદઘાટન કેન્દ્રના ગૃહરાજ્યમંત્રીશ્રી હરિભાઈ ચૌધરીએ ૩૦મે નારોજ સવારે ૧૦ કલાકે કર્યું હતું.

ભારતમાં પાંચ લાખ, ગુજરાતમાં પાંચ હજાર અને બનાસકાંઠા જિલ્લામાં આવા દોઢસો સેન્ટર શરૂ કરાશે.

ગામમાં કઈ વ્યવસ્થાઓ ઊભી થશે ?

- શાળામાં વાઈ-ફાઈ શરુ કરાશે. બાયોમેટ્રિક્સ સિસ્ટમથી બાળકો અને શિક્ષકોની હાજરી પુરાશે.
- શાળા સહિત ગામમાં સીસીટીવી કેમેરા લગાવાશે.
- ઈ-એજ્યુકેશનની એપ દ્વારા વિદ્યાર્થી સેલ્ફ લર્નિંગ કરી શકશે.
- આચાર્ય એપના માધ્યમથી શાળાની ગતિવિધી ઉપર નજર રાખી શકશે.
- ઈમરજન્સી માટે સાયરન મુકાશે.
- વાલીઓને એપ સાથે જોડી દેવાશે. જેથી શાળાની ગતિવિધીથી માહિતગાર રહી શકશે.
- ગામમાં કચરાપેટી મુકાશે.
- પાલનપુરમાં અમીરરોડ ઉપર પ્રથમ એટીએમ સેન્ટર શરૂ કરાયું છે. જ્યાંથી રોકડ પણ લઈ શકાશે.
- ગ્રામજનોને કેશલેસ ટ્રાન્જેકશન માટે થોડા દિવસમાં કાર્ડ તૈયાર કરીને અપાશે.

- **બોક્સર ટોની બેલ્યૂએ મકાબુને નોકઆઉટ કરીને ક્રૂઝરવેઈટ વર્લ્ડ ટાઈટલ જીત્યું**

લિવરપૂલના બોક્સર ટોની બેલ્યૂએ કાંગોના બોક્સર ઈલૂંગા મકાબૂને ત્રીજા જ રાઉન્ડમાં નોકઆઉટ કરીને ક્રૂઝરવેઈટ વર્લ્ડ ટાઈટલ જીતી લીધું હતું. ગુડીશન પાર્ક પર ટોનીનો આ પહેલો ખિતાબ છે. હવે બ્રિટીશ બોક્સરોના નામે તાજેતરમાં ૧૩ વિશ્વ ખિતાબ છે. ટોનીની આ ૩૦મી ફાઈટમાં ૨૭મો વિજય છે. એમાંથી ૧૭ તો નોકઆઉટમાં વિજય મેળવ્યા છે. મકાબૂની આ ૨૦મી ફાઈટમાં પહેલી હાર છે.

- **કૂકના ૧૦,૦૦૦ રન, સચિનનો રેકોર્ડ તોડયો**

ઈંગ્લેન્ડ સુકાની એલિસ્ટર કૂકે ટેસ્ટ ક્રિકેટમાં ૧૦ હજાર રન પૂરા કરનાર યંગેસ્ટ ખેલાડી તરીકેની મેળવેલી સિદ્ધિ વચ્ચે ઈંગ્લેન્ડે અહીં રમાયેલી બીજી ટેસ્ટના ચોથા દિવસે શ્રીલંકાને નવ વિકેટે હરાવીને ત્રણ મેચની શ્રેણીને ૨-૦ થી જીતી લીધી હતી.

કૂક ૧૦હજાર રનની સિદ્ધિ મેળવનાર વિશ્વનો ૧૨મો ખેલાડી છે. પરંતુ તેણે સૌથી નાની વયે આ માઈલસ્ટોન પ્રાપ્ત કરનાર સચિનના રેકોર્ડને તોડી નાખ્યો હતો.

કૂકે ૩૧ વર્ષે અને ૫૭ દિવસની વયે આ સિદ્ધિ મેળવી હતી. સચિને ૩૧ વર્ષ ૩૨૬ દિવસની વયે ૧૦ હજાર રન પૂરા કર્યા હતા.

સચિને ૧૦ હજાર રન માટે ૧૯૫ ઈનિંગ્સનો સહારો લીધો હતો. કૂકની આ ૨૨૯મી ઈનિંગ્સ હતી.

- **૩૧મે ના રોજ વિશ્વ તમાકુ નિષેધ દિવસ**
- **દેશમાં ૧૦ વર્ષમાં તમાકુનું સેવન કરનારામાં ૩૮ ટકાનો ઘટાડો**

દારૂનું સેવન કરનારાની સંખ્યા પણ ૩૪ ટકા સુધી ઘટી છે. વિશ્વસ્વાસ્થ્ય સંગઠનના એક એહવાલ મુજબ તમાકુ અથવા ધૂમ્રપાન પર કોઈ ને કોઈ પ્રકારના પ્રતિબંધોથી ૯૨ દેશોના અંદાજે ૨૩૦ કરોડ લોકોને લાભ થયો છે.

વિશ્વમાં સિગારેટ પીનારામાં ૧૦ ટકા ભારતના છે.

દેશમાં તમાકુથી વર્ષે ૧૦ લાખ લોકોનાં મોત થાય છે.

દેશમાં ધ્રૂમપાન ૮ કરોડ મહિલાઓ અને ૧૮ કરોડ પુરુષ ધુમ્રપાન કરે છે.

૧૮-૩૫ વર્ષના ત્રણમાંથી એક યુવાન તમાકુનું સેવન કરે છે.

દેશમાં ૨૯ ટકા લોકો જાહેર સ્થળો પર પેસિવ સ્મોકિંગ (અન્યોના ધૂમ્રપાન) નો શિકાર બને છે.

ચીન અને બ્રાઝિલ પછી ભારત ત્રીજો સૌથી મોટો તમાકુ ઉત્પાદક દેશ છે.

ભારતમાં ૫૦ ટકા પુરુષો અને ૨૦ ટકા મહિલાઓ કેન્સરનો શિકાર છે.

જે દેશોમાં ધૂમ્રપાન મુક્ત કાયદો લાગુ છે ત્યાં દુનિયાની ૧૬ ટકા વસતી રહે છે.

- **પીએફમાંથી ૫૦,૦૦૦ સુધીના ઉપાડ પર ટીડીએસ નહીં કપાય**

૧લી જૂનથી મર્યાદા વધારી ૩૦ થી ૫૦ હજાર કરાઈ

પી.એફ.માંથી ઉપાડ કરનારા કર્મચારીઓને વધુ રાહત આપતાં પ્રોવિડન્ડ ફંડ બોડીએ ૧લી જૂનથી ૫૦૦૦૦ સુધીના ઉપાડ પર ટીટીએસ નહીં કાપવાનો નિર્ણય લીધો છે. આજ સુધી આ મર્યાદા ૩૦૦૦૦ની હતી.

- **ટ્રેનમાં મહિલાઓની સુરક્ષા માટે હવે 'રેડ પુશ બટન' લગાવાશે**

હાલ મહિલાઓ ઈમરજન્સીમાં એસએમએસ, હેલ્પલાઈન કે ચેનપુલિંગનો ઉપયોગ કરે છે.

ટ્રેનમાં મુસાફરી દરમિયાન મહિલાઓની સુરક્ષા માટે કોચમાં જ 'રેડ પુશ બટન' લગાવવાનું નક્કી કર્યું છે. પ્રાયોગિક ધોરણે રેલવે તંત્રએ લોકલ ટ્રેનના ચાર મહિલા કોચમાં આ બટન લગાવવામાં આવ્યા હતા જેનાથી રેલવેને સારો પ્રતિસાદ મળ્યો છે.

- **કેન્સરનું પ્રમાણ વધ્યું છતાંય સરકારનું તમાકુ વ્યવસાયને પ્રોત્સાહન**

વર્લ્ડ નો ટોબેકો ડે : વિશ્વમાં વર્ષે ૬૦ લાખ લોકોના તમાકુથી મોત

- **અમૂલના ચેરમેન જેઠા પટેલ પાસે ૨૫ કરોડની ખંડણી માંગી**

અમૂલના એમ.ડી. સોઢીના ફોન પર રવિ પૂજારાની ધમકી

- **લિબિયાથી ગેરકાયદે ખનીજતેલ ભરી જતું ભારતીય જહાજ અટકાવાયું**

ભારતીય માલિકી ધરાવતું ઓઈલ ટેન્કર દિસ્ત્યા અમૈયા વિવાદમાં સપડાયું છે. આ જહાજ લિબિયાથી ગેરકાયદેસર રીતે ૬૫૦૦૦૦ બેરલ પેટ્રોલિયમ ભરીને માલ્ટા જતું હતું. સંયુક્ત રાષ્ટ્ર સંઘની સુરક્ષા સમિતિ સુધી તેની ફરિયાદ પહોંચતા એ જહાજને બ્લેક લિસ્ટ કરાયું છે. પરિણામે માલ્ટાની સરકારે જહાજને પોતાના કોઈ પણ બંદરે પ્રવેશ કરવા પર મનાઈ ફરમાવી દીધી છે.

૨૦૧૪થી લિબિયામાં બે સરકાર ચાલી રહી છે. એક સરકાર કાયદેસર છે અને બીજી સરકારને આંતરરાષ્ટ્રીય માન્યતા મળી નથી.

- **બ્લેક મની ડિસ્કલોઝર વિન્ડોનો ઉપયોગ કરી શાંતિથી સૂઇ જાઓ : જેટલી**

- **'મોગલીના જંગલ'માં ટાઇગર સફારી બંધ કરવા કેન્દ્રનો મધ્યપ્રદેશને આદેશ**

મધ્યપ્રદેશનું પેંચ રાષ્ટ્રીય અભયારણ્ય રૂડિયાર્ડ ક્પિલિંગના મોગલીનું જેના પરથી સર્જન થયું છે એવા સાચા મોગલીનું ઘર ગણાય છે. આ અભયારણ્યમાં મધ્યપ્રદેશ સરકારે શરૂ કરેલી ટાઈગર સફારી તુરંત બંધ કરવાનો આદેશ સેન્ટ્ર ઝુ ઓથોરિટીએ મધ્યપ્રદેશ સરકારને આપ્યો છે.

મધ્ય પ્રદેશના પેંચ અને બાંધવગઢ અભયારણ્યોમાં મનાઈ છતાં ટાઈગર સફારી શરૂ થતાં સેન્ટ્રલ ઝુ ઓથોરિટીએ ખૂલાસો માંગ્યો

- **પાકિસ્તાની ગાયિકા સલમા આગાને લાઈફ ટાઈમ વિઝા અપાયા**

- **તમિલનાડુના શિવગંગામાં હડપ્પા સંસ્કૃતિ જેવી સંરચના મળી આવી**

શિવાગંગા જિલ્લામાં પલ્લીસાન્થાઈ થિદાલ વિસ્તારમાં ખોદકામ દરમિયાન હડપ્પા સંસ્કૃતિમાં જોવા મળતી ઈમારતો જેવું સ્ટ્રકચર મળી આવ્યું છે. ભારતીય પુરાતત્ત્વ વિભાગની બેંગાલુરુ શાખા દ્વારા કિલાદી ગામમાં બીજા તબક્કાની શોધખોળ શરૂ કરી દેવામાં આવી છે.

નિષ્ણાંતોના જણાવ્યા અનુસાર આ વિસ્તારમાં હડપ્પા અને મોહેન્જો દડોના સમયમાં જોવા મળતી સંરચનાઓ જેવી ઈમારતો દટાઇ હોવાનું માનવામાં આવે છે. ૨૦૧૩-૧૪માં વેઈગાઈ નદીના પટમાં કરવામાં આવેલા ખોદકામ પછી પુરાતત્ત્વવિદોએ ખોદકામ માટે કિલાદી ગામની પસંદગી કરી હતી. ખોદકામમાં મળી આવેલ સંરચનામાં અનેક સુવિધાઓ છે.

તમિલનાડુમાં પ્રથમ વખત આવી કોઇ સંરચના મળી આવી છે. અધિક્ષક પુરાતત્ત્વવિદ અમરનાત રામકૃષ્ણે જણાવ્યું હતું કે રહેઠાણ વિસ્તારની એક પછી એક ઈમારતોના અવશેષો જોવા મળી રહ્યાં છે.

ખોદકામમાં જે સંરચનાઓના અવશેષો મળી આવ્યા છે તેનો ઉલ્લેખ સંગમ સાહિત્યમાં જોવા મળે છે. આ સાહિત્યમાં પ્રાચીન તામિલોના જીવનનું વર્ણન કરવામાં આવ્યું છે.

૨૦૦૦ વર્ષ પહેલા તમિલનાડુના લોકો અને શાસકોના જીવન અંગેનું વર્ણન કરવામાં આવ્યું છે. જોકે પુરાતત્ત્વ વિભાગમાં સંગમ સાહિત્યને સમર્થન આપતા કોઇ પુરાવા જોવા મળ્યા નથી.

- **ભારત આવેલા માઇક્રોસોફ્ટના સી.ઇ.ઓ. નાદેલા વડાપ્રધાનને મળ્યા**

હજારો ખ્વાહિશે ઐસી કે હર ખ્વાહિશ પે દમ નીકલે, બહુત નીકલે મેરે અરમા મગર ફીર ભી કમ નીકલે...

● **પોરબંદરમાં ફ્લેમિંગો ફેસ્ટિવલમાં દેશ-વિદેશના પક્ષીપ્રેમીઓ ઉમટ્યા**

પોરબંદરમાં ફ્લેમિંગો ફેસ્ટીવલ 'પિન્ક સેલીબ્રેશન' ઉજવાઈ ગયો. દેશ - વિદેશના પક્ષીપ્રેમીઓની મોટી સંખ્યામાં હાજરી જોવા મળી હતી તેમજ છાયા રણ વિસ્તારમાં હજારો ફ્લેમિંગો પક્ષીઓ હોવાથી વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફરો પણ જોડાયા હતા.

પોરબંદરના છાયા સ્વામીનારાયણ ગુરુકુળ ખાતે સતત ત્રીજા વર્ષે પિન્ક સેલીબ્રેશનનું આયોજન કરવામાં આવ્યું હતું. પોરબંદર સુરખાબી નગરી તરીકે પ્રખ્યાત છે જ્યાં હજારોની સંખ્યામાં ફ્લેમિંગો જોવા મળે છે. છેલ્લા ત્રણ વર્ષથી આ આયોજન જનજાગૃતિ અને વિવિધ જળપ્લાવિત ક્ષેત્રોના હેતુથી કરવામાં આવે છે.

● **જીએસએફસીના ચેરમેનપદે આખરે જી.આર. અલોરિયાની નિમણૂક**

ગુજરાત સ્ટેટ ફર્ટિલાઈઝર્સ એન્ડ કેમિકલ્સ લિ.ના ચેરમેન તરીકે આખરે રાજ્યના મુખ્ય સચિવ જી. આર. અલોરિયાની નિમણૂક કરાઈ છે. ગત ૩ મેથી અમલમાં આવે તે રીતે આ નિમણૂક કરાઈ હતી. ૩૧મી જાન્યુઆરીના રોજ જીએસએફસીના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર પદેથી એસ. કે. નંદા નિવૃત્ત થયાં બાદ ચાર મહિના સુધી ચેરમેન પદે કોની નિમણૂક થશે તેનું સસ્પેન્શ રહ્યું હતું. આખરે રાજ્ય સરકારે હોદ્દાની રૂએ રાજ્યના મુખ્ય સચિવ આ મહત્ત્વના જાહેર સાહસના ચેરમેન રહેતા હોવાની પ્રમાલિકાને આગળ ધપાવી હતી.

● **ગુરૂપ્રીતસિંહ યૂરોપ લીગમાં રમનારો પ્રથમ ભારતીય બન્યો**

ભારતનો રાષ્ટ્રીય ફૂટબોલ ટીમનો ગોલકીપર ગુરપ્રીતસિંહ સંધુ યુરોપની ટોચની લીગની ટીમમાં સામેલ થયો છે. આ સાથે જ તે પ્રતિષ્ઠિત ટીમમાં સ્થાન પામનારો પ્રથમ ભારતીય ખેલાડી બની ગયો છે. યુરોપની યૂરોપની સ્ટાબિક ટીમમાં તેને સ્થાન મળ્યું છે.

ASTHA Academy
Mo.: 8980961441

# ગ્રાન્ટેડ અને સરકારી શાળાઓનો જમાનો આવી રહ્યો છે

**સરકારી મોડેલ સ્કૂલમાં પ્રવેશ માટે લાઈનો લાગે છે !**

**- ભદ્રાયુ વછરાજાની**

- આ જ વર્ષની સોળમી જાન્યુઆરીએ અંબાજી ખાતે યોજાયેલા રાજય આચાર્ય સંમેલનમાં શિક્ષક અને શિક્ષણમંત્રીની ઉપસ્થિતિમાં વકતવ્ય આપતી વખતે કહેલું કે : 'આચાર્ય મિત્રો, લખી લેજો. શિક્ષક જીવો,આળસ મરાડીને બેઠા થાવ કારણ કે ગુજરાતમાં જ નહીં, સમગ્ર દેશમાં ગ્રાન્ટેડ અને સરકારી શાળાઓનો જમાનો ફરી આવી ગયો છે !'

- **મહામહિમ રાષ્ટ્રપતિ શ્રી પ્રણવ મુખર્જી જામનગર એરફોર્સ સ્ટેશનની મુલાકાતે**

  જામનગર એરફોર્સ સ્ટેશન ખાતે વાયુસેનાના બે એકમને વિશિષ્ટ સેવા સન્માનથી નવાજવા માટે માનનીય રાષ્ટ્રપતિ શ્રી પ્રણવ મુખર્જી ઉપસ્થિત રહ્યા હતા.

  રાષ્ટ્રપતિશ્રી એ વાયુસેનાના બંને યુનિટને સ્ટાન્ડર્ડ અને કલર્સ સન્માનથી અલંકૃત કર્યા હતા અને નિશાન અર્પણ કર્યા.

  ચીફ ઓફ એર સ્ટાફ અરૂપ સાહાએ સમૂહ માધ્યમોની સાથે વાતચીતમાં એર સ્ટેશનની સુરક્ષા માટેની પ્રતિબધ્ધતા વ્યકત કરી હતી.

- **પ્રથમ તબક્કે ગુજરાતમાં ૪૦૦ ગામડાને સ્માર્ટ વિલેજ બનાવાશે.**

  રાજય સરકારે ખેડૂતોને એક ટકાના વ્યાજ દરે રૂ. ત્રણ લાખ સુધીની લોન આપવાની જાહેરાત કરી છે.

  રાજય સરકાર દ્વારા ગુજરાતમાં ૪૦૦ ગામડાંઓને સ્માર્ટ વિલેજ બનાવવામાં આવશે. જે અંતર્ગત પસંદ કરેલાં દરેક ગામોને પ્રથમ વર્ષે ૧ કરોડ રૂપિયા, બીજા વર્ષે રૂ. ૫૦ લાખ, ત્રીજા વર્ષે રૂ. ૨૫ લાખ આપવામાં આવશે.

- **'આંતરરાષ્ટ્રીય મહિલા દિવસે મુખ્યમંત્રી શ્રીમતી આંનદીબહેન પેટેલનો બ્લોગ**

  મહિલા પશુપાલક દીપીકાબહેન પટેલે આ વર્ષે રાજય સરકારનો જિલ્લા કક્ષાનો શ્રેષ્ઠ પશુપાલક તરીકેનો પુરસ્કાર તેમણે જીતી લીધો છે.

  ગીરના જંગલમાં સાવજોની સુરક્ષાનું ધ્યાન રાખીને સેંકડો રેસ્કયુ ઓપરેશન્સ પાર પાડનાર પચીસેક વર્ષની રસીલા વાઢેર અને તેના જેવી અન્ય મહિલા ફોરેસ્ટ ગાર્ડન શૌર્યની નોંધ તો દેશ - વિદેશમાં લેવાઈ છે ત્યાં સુધી કે ડિસ્કવરી ચેનલે તેની ઉપર 'The Lion Queens of India' ડોકયુમેન્ટરી ફિલ્મ પણ બનાવી છે.

  રાજય વ્યાપી '૧૮૧' અભયમ હેલ્પલાઈન પર માત્ર એક ફોન કરીને હજારો મહિલાઓએ તાત્કાલિક સુરક્ષા મેળવી છે. સુરક્ષા સેતુ કાર્યક્રમ હેઠળ દીકરીઓ બાળપણથી જ સ્વરક્ષણના પાઠ શીખી રહી છે.

  રાજય સરકારની નોકરીઓમાં મહિલાઓને ૩૩ % અને સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં ૫૦% આરક્ષણ, સખીમંડળની બહેનોને સ્વરોજગાર માટે બેંક ક્રેડિટ અને મહિલાઓ માટે ખાસ ઔદ્યોગિક પાર્ક જેવા પ્રયાસો મહિલાઓના ઉત્કર્ષમાં નિમિત્ત બન્યા છે.

  નવી દિલ્હીમાં ''મહિલા જનપ્રતિનિધિ : સશક્ત ભારતની નિર્માતા'' થીમ આધારિત મહિલા સશક્તિકરણની પ્રથમ કોન્ફરન્સમાં મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ ઉપસ્થિત રહ્યા હતાં.

  લોકસભા અધ્યક્ષ શ્રીમતી સુમિત્રા મહાજનના અધ્યક્ષસ્થાને યોજાયેલી આ કોન્ફરન્સમાં દેશનાં રાજયોનાં મહિલા જનપ્રતિનિધિઓએ ભાગ લીધો હતો.

  મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે જણાવ્યું હતું કે, ગુજરાત સરકાર સતત ત્રીજા વર્ષે જેન્ડર બજેટ રજૂ કર્યું છે. તથા મહિલાલક્ષી યોજનાઓ માટે વર્ષ - ૨૦૧૬-૧૭ માટે રૂ. ૫૦,૫૮૫ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

  આ વર્ષની ગુજરાતની ૬૧૧ યોજનાઓમાં ૧૩૬ યોજનાઓ સંપૂર્ણપણે મહિલાલક્ષી છે. જેના માટે ૧૦૦ ટકા રકમની જોગવાઈ કરવામાં આવી છે.

  આર્થિક સશક્તિકરણ માટે રૂ. ૨,૦૮૯ કરોડની ફાળવણી કરવામાં આવી છે. આ યોજનાઓ ઉપરાંત ૪૭૫ યોજનાઓમાં મહિલાઓની હિસ્સેદારી ૩૦ ટકાથી ૯૯ ટકા વચ્ચેની રહેશે.

- **મહિલાઓને તણાવમુક્ત થવા માટેની સી.ડી.નું લોન્ચિંગ**

  આઠમી માર્ચે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસના ઉપલક્ષ્યમાં આયોજિત આ કાર્યક્રમમાં તેમણે અભયમ ૧૮૧ મોબાઈલ એપ્સનું પણ લોન્ચિંગ કર્યું હતું.

  શ્રીમતી આનંદીબહેને રાજયકક્ષાના શ્રેષ્ઠ આંગણવાડી કાર્યકર બહેનને રૂ. ૫૧ હજાર તથા જિલ્લા કક્ષાએ રૂ. ૩૧ હજારના પુરસ્કાર તેમજ શાલ - પ્રશસ્તિપત્ર અર્પણ કર્યા હતા. શ્રીમતી આનંદીબહેન અત્યાચારનો ભોગ બનતી માતા - દીકરીઓને તત્કાલ બચાવ સહાય - મદદ માટેની રેસ્કયુ વાનનું પણ પ્રસ્થાન કરાવ્યું હતું.

- **રાજયના પ્રજાજનોના જમીન દસ્તાવેજોને અદ્યતન ટેક્નોલોજી દ્વારા અપડેટ કરાશે**

  રાજય સરકારે દર મહિનાની બીજા શુક્રવારને ''મહેસુલી સેવા દિવસ' તરીકે જાહેર કરાયો છે. આ દિવસે માત્ર મહેસૂલ વિભાગના બાકી પ્રકરણો, ૭/૧૨ ના ઉતારાઓ વિના મૂલ્યે આપવા, પ્રોપર્ટી કાર્ડના વિતરણ જેવા કાર્યો હાથ ધરવામાં આવી રહ્યા છે.

## ● વ્યારા ખાતે ૨૫  કરોડના ખર્ચે અદ્યતન રમત સંકુલ બનશે

આગામી સમયમાં તાપી જિલ્લાના વડામથક વ્યારા ખાતે રૂ. ૨૫ કરોડના ખર્ચે આધુનિક સુવિધાઓથી સજજ રમત - ગમત સંકુલનું નિર્માણ કરવામાં આવશે. એમ રાજયના આદિજાતિ રાજય મંત્રી શ્રી ક્રાંતિભાઈ ગામીતે જણાવ્યું હતું.

અચલા એજયુકેશન ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા જી.એમ.ડી.સી. ખાતે નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ પર એક પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પરિસંવાદમાં રાજયપાલ શ્રી. ઓ.પી.કોહલી હાજર રહ્યા હતા.

રાજયપાલશ્રી એ ડો. મફતભાઈ પટેલ લિખિત શિક્ષણ ક્ષેત્રે સૂર્યોદય, અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલ, પ્રાથમિક શિક્ષણની વિકસતી ક્ષિતિજો, વિનુભાઈ દ્વારા લિખિત વિવિધ પોથીઓમાં રોગોપચાર, અમીચંદભાઈ પટેલ દ્વારા લિખિત ઊઠ, જાગ, મુસાફીર પુસ્તકોનું વિમોચન કર્યું હતું. રક્ષા શક્તિ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પદવીઓ એનાયત કરવામાં આવી.

વીર નર્મદ યુનિવર્સિટીનો ૪૭ મોવાર્ષિક પદવીદાન સમારોહ યોજાયો.

રાજયપાલ શ્રી.ઓ.પી. કોહલીએ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર ડો. દક્ષેસ ઠાકર રહયા છે.

## ● ખેલકૂદને પ્રોત્સાહન આપતી સૌપ્રથમ વાર નવી નીતિની કરેલી જાહેરાત.

ગુજરાત રાજયના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલના માર્ગદર્શન હેઠળ ગુજરાત ખેલકૂદ નીતિ

૨૦૧૬ તૈયાર કરવામાં આવી છે જેનો હેતુ પ્રોત્સાહક અને ગતિશીલ ખેલકૂદ વાતાવરણ ઊભું કરવાનો છે.

### ખેલાડીઓ માટે રોકડ પુરસ્કાર

### રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ચેમ્પિયનશીપ વિજેતાઓને રોકડ પુરસ્કાર

| મેડલ | ઓલિમ્પિક રમતો | એશિયાન રમતો ચેમ્પિયનશીપ (સિનિયર્સ) | કોમનવેલ્થ એશિયન ચેમ્પિયનશીપ (જુનિયર) | કોમનવેલ્થ એશિયન ચેમ્પિયનશીપ | કોમનવેલ્થ રમતો/ નેશનલ | રાષ્ટ્રીય |
|---|---|---|---|---|---|---|
| સુવર્ણ | ૫ કરોડ | ૨ કરોડ | ૧ કરોડ | ૫૦ લાખ | ૨૫ લાખ | ૩ લાખ |
| રજત | ૩ કરોડ | ૧ કરોડ | ૫૦ લાખ | ૩૦ લાખ | ૧૫ લાખ | ૨ લાખ |
| કાંસ્ય | ૨ કરોડ | ૫૦ લાખ | ૨૫ લાખ | ૨૦ લાખ | ૧૦ લાખ | ૧ લાખ. |

## ● ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ સુધારા વિધેયક

મહેસુલ વિભાગનો હવાલો ધરાવતા મંત્રી શ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું છે કે, કલમ - ૧૭ અન્વયે પુન :રચના તથા જોડાણા સંબંધમાં હાઈકોર્ટના હુકમ ઉપર સ્ટેમ્પ લગાડવાની સમયમર્યાદા ૩૦ દિવસ થશે તેમજ કલમ - ૫૩ (૧) અન્વયે અપીલ કરવાની સમયમર્યાદા ૯૦ દિવસ ઉપરાંત વધારાના ૯૦ દિવસ સુધી લંબાવી શકાશે.

કંપનીઓની પુન : રચના અથવા જોડાણ (એકીકરણ) ના સંબંધમાં કંપીન અધિનિયમ ૧૯૫૬ ની કલમ - ૩૯૪ હેઠળ હાઈકોર્ટ દ્વારા કરવામાં આવેલ દરેક હુકમ બાદ ત્યાર પછીના કામકાજના દિવસે હાઈકોર્ટના આવા હુકમ ઉપર સ્ટેમ્પ લગાડવાની જોગવાઈ છે. હાઈકોર્ટ દ્વારા આવો હુકમ કરવામાં આવે તે દિવસે હાઈકોર્ટનો હુકમ ઉપલબ્ધ થાય નહીં તેવા સંજોગો પણ બને છે.

આ સુધારા વિધેયક મુજબ મિલકત ખરીદ - વેચાણના સંદર્ભમાં જંત્રી અનુસાર સ્ટેમ્પ ફી દ્વારા નોંધણી કરવામાં આવે છે. પરંતુ કોઈ કારણોસર આવી મિલકત નોંધણીમાં નિયમોનુસાર સ્ટેમ્પનો ઉપયોગ થયો ન હોય તો આવા નોંધણી વ્યવહારો નાયબ કલેકટર સમક્ષ મૂલ્યાંકન માટે મોકલાય છે. નાયબ કલેકટરશ્રીના હુકમથી અસંતોષ હોય તેવા સંજોગોમાં કલમ - ૫૩(૧) મુજબની સમયમર્યાદા એટલે કે ૯૦ દિવસમાં સમયસર અપીલ નહી કરવાના કારણે નાગરિકોને સહન કરવું પડે છે અને આવી અપીલ ત્યારબાદ માત્ર હાઈકોર્ટમાં રજૂ કરી શકાય છે. આ સુધારા વિધેયકથી મુખ્ય નિયંત્રક મહેસુલ અધિકારીને ખાતરી થાય કે આવી વ્યકિત ૯૦ દિવસની અંદર, પૂરતા કારણોસર અરજી કરી શકેલ નથી. તો મુખ્ય નિયંત્રક અધિકારી દર ત્રીસ દિવસે અથવા તેના ભાગ માટે એક હજાર રૂપિયાની બિન રિફંડેબલ રકમની ચુકવણી કર્યાથી ૯૦ દિવસની મુદત બાદ વધારાના ૯૦ દિવસની મુદતની અંદર તેવી વ્યકિતને અપીલ અરજી રજૂ કરવાની પરવાનગી આપી શકશે.

## ● આરોગ્યલક્ષી લાભદાયી યોજનાઓ માટે કુલ ૭૦૦૫ કરોડનું આયોજન

## ● આરોગ્યલક્ષી યોજનાઓથી સ્વસ્થ ગુજરાત

ગરીબ અને મધ્યમવર્ગના પરિવારો માટે ગંભીર બીમારીના સારવાર ખર્ચમાં રાહત આપતી અંત્યંત લોકપ્રિય બનેલ મુખ્યમંત્રી અમૃતમ (મા) અને મા - વાત્સલ્ય યોજનાનો ૩૦ લાખ કુટુંબોને લાભ : આ વર્ષે યોજના માટે ૩૩ ટકાના વધારા સાથે રૂ. ૧૬૦ કરોડની ફાળવણી.

ડાયાબીટીસ અને બ્લડપ્રેશરના તમામ દર્દીઓને વિનામૂલ્યે આજીવન દવાઓ પૂરી પાડવાનો ઐતિહાસિક નિર્ણય : ૪૩ લાખથી વધુ લોકોના ડાયાબીટીસની મફત ચકાસણી.

સરકારી દવાખાનાઓ દ્વારા ૫૭૫  આવશ્યક દવાઓ વિનામૂલ્યે પૂરી પાડવા રૂ. ૨૭૨ કરોડની જોગવાઈ.

સ્તન અને ગર્ભાશય મુખના કેન્સર માટે ૬૮.૬૫ લાખથી વધુ મહિલાઓનું સ્કીનીંગ : મહિલાઓને કેન્સર માટે સુપર સ્પેશ્યાલીસ્ટ હોસ્પિટલમાં મફત સારવાર.

ગ્રામ્ય વિસ્તારમાં નવા ૫૦ પેટા આરોગ્ય કેન્દ્રો, ૬૩ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને ૧૫ સામુહિક આરોગ્ય કેન્દ્રો માટે રૂ.

૧૦૧.૩૭ કરોડની જોગવાઈ.

ગુજરાતની ૭ મેડીકલ કોલેજોના વિકાસ અને વિસ્તૃતીકરણ તથા વડનગર ખાતે મેડીકલ કોલેજના ભવનના નિર્માણ માટે રૂ. ૫૬૮ કરોડની જોગવાઈ.

રાજયના અંતરિયાળ વિસ્તારોમાં પીપીપી મોડેલથી નિદાન કેન્દ્રો, નર્સિંગ હોમ, સ્પેશિયાલીસ્ટ હોસ્પિટલો સ્થાપવા તથા સાધનો ખરીદવા માટે રૂ. ૧૦૦ કરોડની જોગવાઈ.

વનસંજીવની યોજના : ૧૦૮ ની સેવાઓને તમામ દુર્ગમ આદિવાસી વિસ્તારોમાં વિસ્તારી વધુ સુદ્રઢ બનાવાશે. : વર્ષે ૧૦ લાખથી વધુ દર્દીઓને લાભ આપતી ૧૦૮ ઈમરજન્સી સેવાના સંચાલન તથા ૧૦૦ નવી એમ્બ્યુલન્સ પૂરી પાડવા રૂ. ૧૦૨.૭૫ કરોડની જોગવાઈ.

૧૦ હોસ્પિટલમાં નવા હિમોડાયાલીસીસ સેન્ટર શરૂ કરવા માટે રૂ. ૧૫ કરોડની જોગવાઈ.

**"આઈ લવ માય ગુજરાત...**

**હેપ્પી બર્થ ડે ગુજરાત..."**

- ગતિશીલ ગુજરાત વિકાસ ફલાઈટના સમર્થ પાયલોટ શ્રીમતી આનંદીબહેન પટેલ..... બે વર્ષના પડાવ પ્રસંગે ગુજરાતની ગૌરવપૂર્ણ વિકાસયાત્રાને આનંદીએ..... પોંખીએ....
- આજે ગુજરાતની સ્થાપનાને ૫૬ મું વર્ષ બેસે છે. પૂજય રવિશંકર મહારાજે ૧૯૬૦ માં અલગ ગુજરાત રાજયની સ્થાપના વેળા તેમના પ્રથમ વકતત્યમાં લોક પ્રતિનિધિઓને લોકોના પ્રશ્નોને વાચા આપવાની પરિભાષા અને વિકાસની સાચી દિશામાં ચિંતનની વાત કરી.
- ''સૌના સાથે સૌનો વિકાસ' એ કર્મમંત્ર દ્વારા રાજયનાં પ્રથમ મહિલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે સમગ્ર દેશને રાહ ચીંધી શકાય તેવું સીમાચિહ્ન અંકિત કર્યું છે.
- સ્વાવલંબન અભિયાન, સ્વચ્છ ગુજરાત, સ્વસ્થ ગુજરાત, ઈ - ગવર્નન્સ, અર્બન મિશન, ગરીબ કલ્યાણ મેળા, ચિંતન શિબિર, સ્વાગત કાર્યક્રમ, સિંચાઈયુક્ત વિસ્તાર વિસ્તરણ, ખેલકૂદ ક્ષેત્રે વિકાસ, હસ્તકલા અને હાથશાળાનું માર્કેટ ઊભું કરવું, પોષણયુક્ત ગુજરાત, કૃષિ ક્ષેત્રના વિકાસ સાથે ગ્રામ્ય વિકાસ અને જાહેર સેવાઓ અંગેનો અધિકાર અમલી બનાવવા સહિત લોકોપયોગી સેવામાં સમર્પણની ભાવના જેવા જનહિતનાં બહુઆયામી કાર્યો દ્વારા સમગ્ર પ્રશાસનિક તંત્રને મિશન મોડમાં કાર્યરત બનાવ્યું.
- ગરીબ અને મધ્યમવર્ગના પરિવારોમાં મુખ્યમંત્રીની 'અમૃતમ્ મા' યોજના અને 'મા વાત્સલ્ય' યોજના તેમજ ગરીબ પરિવારો માટે સન્માનભેર જીવન સુનિશ્ચિત કરવાના હેતુથી તેઓને પૂરતા પ્રમાણમાં ગુણવત્તાયુક્ત અન્ન પરવડે તેવી કિંમતે ઉપલબ્ધ કરાવવા અમલી બનાવાયેલી 'મા અન્નપૂર્ણા' યોજના અંતગર્ત બે રૂપિયે પ્રતિ કિલો ચોખા આપવાની યોજના જરૂરતમંદ નાગરિકોમાં અંત્યંત ઉપયોગી અને લોકપ્રિય બની છે. મુખ્યમંત્રી અમૃતમ 'મા' યોજના વિસ્તારીને બી.પી.એલ. કેટેગરી સિવાયના વાર્ષિક રૂ. ૧.૨૦ લાખ કે તેથી ઓછી આવક ધરાવતા કુટુંબો સુધી વિસ્તારમાં આવી છે. રાજયમાં ચિંરજીવી યોજનાને કારણે સંસ્થાકીય પ્રસૂતિનું પ્રમાણ ૯૮ ટકા સુધી પહોંચ્યું છે. માત્ર ૧૨ મહિનામાં દોઢ કરોડ બાળકોના આરોગ્યની ચકાસણી રાજય સરકારે કરી છે.
- **સમગ્ર દેશના ૭૦ ટકા શૌચાલયોનું નિર્માણ ગુજરાતમાં**
- **ગરીબી નિર્મૂલન માટે કેન્દ્ર સરકારના ૨૦ મુદ્દા અમલીકરણમાં ૯૬.૪૯ ટકાની સિધ્ધિથી ગુજરાત દેશભરમાં પ્રથમ**
- **વર્ષ દરમિયાન ૧૨૩ ગરીબ કલ્યાણ મેળા દ્વારા ૧૪.૪૦ લાખ લોકોને ૩૦૦૦ કરોડની સીધી સહાય**

  શ્રીમતી આનંદીબહેન પટેલે 'કલેફ્ટ લીપ - પેલેટ ફ્રી ગુજરાત' કાર્યક્રમ શરૂ કર્યો છે.

  સમગ્ર દેશમાં ગુજરાતમાં સૌપ્રથમ વખત બાંધકામ શ્રમયોગી અને તેમના પરિવારના આરોગ્યની ચિંતા કરીને રાજયની ૮ મહાનગરપાલિકાઓમાં ધન્વંતરી રથ શરૂ કરવામાં આવ્યા છે. જે રથ બાંધકામ સાઈટ પર જઈને શ્રમયોગીઓને આરોગ્ય સેવા પૂરી પાડે છે.

  શ્રીમતી આનંદીબહેન પટેલે કલ્યાણકારી કાર્યો અને જનહિતને કેન્દ્રમાં રાખીને, લોકોની વચ્ચે જઈને, લોકોને સાથે રાખીને 'લોકસંવાદ સેતુ' કાર્યક્રમની નવતર પહેલ કરી છે.

  સર્વાંગી કૃષિક્રાંતિથી ગુજરાતનો કૃષિ મહોત્સવ દેશભરમાં સ્વીકૃતિ પામ્યો.
- **ઉદ્યોગક્ષેત્રે ઈઝ ઓફ ડુંઈગ બિઝનેસમાં ગુજરાત દેશભરમાં અગ્રેસર**

  રાજયમાં મેટ્રો રેલ પ્રોજેકટનું કામ પ્રગતિમાં

  દર વર્ષે એક લાખ કૃષિ જોડાણો આપવાની રાજય સરકારની સિધ્ધિ.

  આઝાદી બાદ પ્રથમ વાર કૃષિ જમીનની નવેસરથી માપણીની ઐતિહાસિક કામગીરી.

  મુદ્રા યોજના હેઠળ ૮.૯૩ લાખથી વધુ લાભાર્થીઓને રૂ. ૪૪૪૨ કરોડની લોન સહાય.
- **મુખ્યમંત્રીએ જિલ્લે જિલ્લે લોકસંવાદ સેતુ કાર્યક્રમમાં હાજરી આપી લોકો સાથે સીધો સંવાદ કર્યો**

  આઈ - કિસાન પોર્ટલ લોન્ચ કરીને કૃષિ વિકાસને કિસાનોની આંગળીના ટેરવે મૂકી દીધી છે.

Ashirwad Academy Mo.:8866880411

- પશુઓ ખરીદવા પશુપાલકોને પાંચ ટકાના વ્યાજના દરે રાહત ધિરાણ આપવાનો અભૂતપૂર્વ નિર્ણય લઈ પશુપાલન વ્યવસાયને વેગવંતો બનાવ્યો છે.
- ગુજરાત સરદાર સરોવર કેનાલ તેમજ અન્ય સોસ આધારિત પાણી પુરવઠા યોજના હેઠળ ૨૭૨૭ કિ.મી. ની મુખ્ય પાઈપલાઈનનું વિશાળ નેટવર્ક ઊભું કરીને દેશભરમાં અગ્રેસર રહ્યું છે.
- જેના દ્વારા ૧૧,૮૫૬ ગામોને, ૧૯૪ શહેરોને પીવાનું પાણી મળે છે. ફ્લોરાઈડમુક્ત પાણી પુરું પાડવામાં ગુજરાત દેશભરમાં અગ્રસ્થાને રહ્યું છે.
- રાજયમાં પ્રથમવાર ખાતેદાર ખેડૂતોને ગામ નમૂના નં. ૭/૧૨ અને ૮ ની નકલો પ્રતિ વર્ષે એકવાર વિના મૂલ્યે આપવામાં આવશે.
- મહેસૂલી પ્રકરણોના સત્વરે નિકાલ માટે દર મહિનાના બીજા શુક્રવારને મહેસૂલી દિવસ જાહેર કરવામાં આવ્યો છે.
- ગુજરાત ઈતિહાસમાં સૌપ્રથમ વાર સતત બે વર્ષથી જેન્ડર બજેટ જાહેર કરવામાં આવ્યું છે. મહિલાઓના સામાજિક, આર્થિક અને શૈક્ષણિક સશક્તિકરણ માટે મહિલા સશક્તિકરણ પખવાડિયાની ઉજવણી, રાખી મેલા, નવરાત્રિ મેળા, પોલીસ સહિત તમામ કેડરમાં મહિલાઓ માટે ૩૩ ટકા આરક્ષણ, નારી અદાલતોનું નિર્માણ અને મહિલાઓની સલામતી માટે ૧૮૧ અભયમ હેલ્પ લાઈનની રાજય વ્યાપી અમલવારીથી પ્રોત્સહક પરિણામો પ્રાપ્ત થયાં છે.
- વિવિધ ક્ષેત્રોના તલસ્પર્શી અભ્યાસને આવરી લેતી નવતર યુનિવર્સિટીઓના નિર્માણ સાથે ૩૧ તાલુકાઓમાં નવી કોલેજો શરૂ કરવાનો શિક્ષણનો પરિણામલક્ષી નૂતન નિર્ણય શ્રીમતી આનંદીબહેન પટેલે કર્યો છે.
- રાજય સરકારે સ્પીપામાં ૩૪૦ બેઠકો વધારીને ૧,૦૦૦ કરવાનો નિર્ણય લીધો છે. એટલું જ નહીં, દરેક જિલ્લામાં સ્પીપાના પ્રાદેશિક તાલીમ કેન્દ્રો શરૂ કરવાનો નિર્ણય લીધો છે.
- રાજય સરકારે સૌરાષ્ટ્રમાં જૂનાગઢ ખાતે ભકત કવિ નરસિંહ મહેતા યુનિવસર્ટી અને મધ્ય ગુજરાતમાં ગોધરા ખાતે ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી કાર્યરત કરી છે.
- ગરીબ કલ્યાણ મેળાના આઠમા તબક્કા માં યોજાયેલ કુલ ૧૩૪૮ ગરીબ કલ્યાણ મેળામાં રાજયના વિવિધ વિભાગોની વિવિધ યોજનાઓના એક કરોડ કરતાં પણ વધુ લાભાર્થીઓને કુલ રૂ. ૧૬,૩૯૨ કરોડની નાણાંકીય સહાય આપવામાં આવી છે. ગરીબી નિર્મૂલન માટે કેન્દ્ર સરકારના ૨૦ મુદ્દા અમલીકરણ કાર્યક્રમમાં ૯૬.૪૯% ની સિધ્ધિ સાથે ગુજરાત દેશભરમાં પ્રથમ રહ્યું છે. રાજય સરકારે ૧૯૬ વન વસાહતી ગામોને મહેસૂલી દરજ્જો આપી વનવાસી બાંધવાના ઉત્કર્ષ માટેની ઐતિહાસિક પહેલ કરી છે.
- શ્રમયોગીઓને U - win કાર્ડના માધ્યમથી સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓને એક જ પ્લેટફોર્મ ઉપર લાવી શ્રમયોગીઓને અસરકારક લાભ આપવામાં આવ્યો છે.
- સમગ દેશમાં સૌ પ્રથમ વખત આઈ.ટી. ઈલેકટ્રોનિકસ અને ઈ - ગવર્નન્સ નીતિઓનું એક સાથે ઘડતર અને અમલીકરણ કરવામાં આવ્યું છે. જનહિતને લગતી અને વિકાસને વેગ આપતી નીતિઓ જેવી કે સેન્દ્રિય ખેતી, નીતિ, ગૌચર વિકાસ નીતિ, ગુજરાતી ફિલ્મ ગુણવત્તા સુધારણા અને પ્રોત્સાહન નીતિ, સોલર પ્રોજેકટ નીતિ, જમીન નીતિ, સ્લમ રી - ડેવલપમેન્ટ નીતિ, અલંગ ડેવલપમેન્ટ નીતિ, કુટિર ઉદ્યોગ નીતિ, પ્રવાસન નીતિ તેમજ આદ્યોગિક વિકાસ નીતિ જાહેર કરી તેનું પરીણામલક્ષી અમલીકરણ શરૂ કરતા રાજયના સમગ્રતયા વિકાસને નવો વેગ મળ્યો છે.
- નેશનલ હાઈવે પર ગોલ્ડન બ્રિજની બાજુમાં ભરૂચ - અંકલેશ્વરને જોડતા નવા ૪ માર્ગીય પુલની કામગીરી શરૂ કરી છે. વડોદરા તથા અમદાવાદ ગીતામંદિરના બસ સ્ટેન્ડને આંતરરાષ્ટ્રીય કક્ષાના બનાવ્યા છે.
- વિશ્વ બેંકે વર્ષ - ૨૦૧૫માં Ease of doing business અન્વયે ગુજરાતને પ્રથમ ક્રમ આપ્યો છે.
- વડાપ્રધાનશ્રીની મુદ્રા યોજના હેઠળ રાજયમાં ૮,૯૩,૬૦૦ કરતાં વધુ લાભાર્થીઓને રૂ. ૪,૪૪૨ કરોડ જેટલી લોન - સહાય મંજૂર કરવામાં આવી છે.
- શહેરી અને ગ્રામીણ વિકાસના સમતુલિત વિકાસ દ્વારા નાગરિકોને સુવિધાયુક્ત જીવનશૈલી ઉપલબ્ધ કરાવવા કટિબધ્ધ રાજય સરકારે 'સ્માર્ટ સિટી' અને 'અમૃત' કાર્યક્રમો થકી શહેરી વિકાસને વેગવંતો બનાવ્યો છે. માળખાગત સવલતો માટે મુખ્યમંત્રી સ્વર્ણિમ જયંતી શહેરી વિકાસ યોજના હેઠળ મહાનગરપાલિકાઓ માટે રૂ. ૧૧,૧૬૪ કરોડના કામો મંજૂર કર્યા છે.
- રાજયના સુરત અને અમદાવાદ શહેરની સ્માર્ટ સીટી તરીકે પસંદગી કરાઈ છે. મુખ્યમંત્રી ગૃહ યોજના હેઠળ ૧.૩૦ લાખ આવાસો પૂર્ણ કર્યા છે.
- ગ્રામ્ય વસ્તારોમાં પણ 'મુખ્યમંત્રી સડક યોજના', 'સ્માર્ટ વિલેજ આવાસ, સ્વચ્છતા અને અન્ય માળાખાકીય સુવિધાઓ પૂરી પાડી નવા આયામો સિધ્ધ કર્યા છે. સ્વચ્છતા અભિયાનના ભાગરૂપે દેશભરમાં સૌથી વધુ શૌચાલયોના નિર્માણ દ્વારા ગુજરાત સમગ્ર દેશ માટે પથદર્શક બનીને ઉભરી આવ્યું છે.
- ઈ - ગ્રામ વિશ્વગ્રામ પ્રોજેકટ હેઠળ ૧૩,૬૮૫ પંચાયતોને કોમ્પ્યુટર્સ સહિત અન્ય સુવિધાઓ, ૪૦ ગામો સંપૂર્ણ વાઈફાઈ અને ૭૪૬ ગ્રામ પંચાયતો વાઈફાઈ સુવિધાથી સજ્જ બની છે.
- ખેલ મહાકુંભ - ૨૦૧૫ અંતગર્ત જુદી - જુદી સ્પર્ધાઓમાં ભાગ લેવા માટે ૪૦,૩૧,૦૦૦ સ્પર્ધકોએ નોંધણી કરાવી

છે. રાજયના યુવા ખેલાડીઓ રમતગમત ક્ષેત્રે ઉત્કૃષ્ટ દેખાવ કરી રાજય અને રાષ્ટ્રનું નામ રોશન કરે તે માટે શક્તિદૂત યોજના અમલમાં મૂકવામાં આવી છે. નેશનલ ચેમ્પિયનશીપમાં ગુજરાત ૨૮ ક્રમે હતું. આ વર્ષે ગુજરાતે ૨૦ મેડલ મેળવી સમગ્ર દેશમાં ૯મું સ્થાન હાંસલ કર્યું છે.

- ચાલુ વર્ષે દરમિયાન રાજયને 'વિલેજ પ્રોફાઈલ અને તાલુકા પ્લાનીંગ એટલાસ' પ્રોજેકટ માટે કેન્દ્ર સરકારનો નેશનલ ઈ-ગવર્નન્સ એવોર્ડ, તદ્દઉપરાંત રાયની પ્રજામાં મતદાનમાં દિન પ્રતિદિન જાગૃતિમાં વધારો કરવા બદલ શાળા - કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા જુદી - જુદી પ્રવૃત્તિથી મતદાર જાગૃતિ માટેની પ્રશંસનીય કામગીરી બદલ ઈલેકશન કમિશન ઓફ ઈન્ડિયા દ્વારા પણ શિક્ષણ વિભાગને એવોર્ડસ મળ્યા છે. તદ્દઉપરાંત ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના Extended Green Node (XGN) ને incremental innovation in existing project વર્ગ હેઠળ ગોલ્ડ એવોર્ડ, તેલીબિંયાં પાકોમાં સર્વશ્રેષ્ઠ ઉત્પાદન તથા ઉત્પાદકતા માટે કૃષિ વિભાગને 'કૃષિ કર્મણ' એવોર્ડ પ્રાપ્ત થયો છે.

- **ફાયાન્સિયલ ટાઈમ્સ લિ.નો FDI ઈન્ટેલીજન્સ ડિવીઝનનો અહેવાલ ગુજરાત FDI રોકાણ મેળવવામાં ભારત અને ચીનના ટોપ-૧૦ રાજયોમાં પ્રથમ**

છેલ્લા એક દાયકામાં રાજયનો વિકાસ દર ૧૦ ટકાથી વધારે રહ્યા છે. તાજેતરમાં પ્રસિધ્ધ થયેલા એક સર્વે પ્રમાણે રાજયમાં ફોરેન ડાયરેકટ ઈન્વેસ્ટમેન્ટ એટલે કે સીધા મૂડીરોકાણમાં સૌથી વધુ મૂડીરોકાણ હાંસલ કરી ગુજરાતે સિધ્ધિ હાંસલ કરી છે.

ગુજરાત સરકારે ઊદ્યોગ વેપારની શ્રેષ્ઠ સવલતો અને બહેતરીન માળખાકીય સુવિધા તથા સરળ પ્રક્રિયા તેમજ ગુડ ગવર્નન્સની પરિપાટીએ FDI રોકાણો મેળવવામાં ચીન અને ભારતના ટોપ - ૧૦ રાજયોમાં પ્રથમ ક્રમ મેળવાની ગૌરવસિધ્ધિ હાંસલ કરી છે.

- આંતરરાષ્ટ્રીય એજન્સી ફાઈનાન્સ ટાઈમ્સ દ્વારા તાજેતરમાં પ્રકાશિત થયેલા અહેવાલ અનુસાર ગુજરાતે ૨૦૧૫ માં વર્ષમાં ૧૨.૩૬ બિલિયન ડોલર (એટલે કે રૂ. ૮૨ હજાર કરોડ) નું કેપિટલ ઈન્વેસ્ટમેન્ટ મેળવ્યું છે. આ ઈન્વેસ્ટમેન્ટ ૨૦૧૪ ના વર્ષમાં મળેલા ૨.૦૧ બિલિયન ડોલર (રૂ. ૧૩ હજાર કરોડ) ની તુલનાએ ૬ ગણુ વધારે છે. અત્રે એ નિર્દેશ કરવો જરૂરી છે કે FDI દ્વારા ભારત અને ચીનમાં થયેલા કુલ કેપિટલ ઈન્વેસ્ટમેન્ટમાં ગુજરાત ૧૦ ટકા હિસ્સો ધરાવે છે.

- **ગતિશીલ ગુજરાતના ચોથા તબક્કાનો પ્રારંભ**

ગતિશીલ ગુજરાતનો પ્રારંભ કરાવ્યો હતો. ગતિશીલ ગુજરાતના ત્રણ તબક્કાને સફળતાપૂર્વક પૂર્ણ કર્યા બાદ મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે પ્રશાસનિક કાર્ય સંસ્કૃતિ અને જન સેવાલક્ષી અભિગમને વધુ તેજ ગતિ અને જનહિતકારી પરિણામલક્ષી બનાવવાની પ્રતિબધ્ધતા સાથે ગતિશીલ ગુજરાત ફેઈઝ - ૪ ની સફળતા માટે કાર્યારંભ કરાવ્યો છે.

- આ અભિયાનનો ત્રીજો તબક્કો ૩૧ માર્ચે પૂરો થયો, જેમાં જનહિત અને વિકાસની ૧૯૦ પ્રવૃત્તિઓ ૩૬૫ દિવસની અંદર કરવાનું લક્ષ્ય રાખ્યું હતું. જેમાં સરેરાશ ૧૩૩ ટકા સિધ્ધિ મળી છે.
- આ સફળતાને આગળ વધારતો હવે 'ગતિશીલ ગુજરાત - ૪' કાર્યક્રમ રાજય સરકારે શરૂ કર્યો છે, જેમાં આગામી ૧ લી મે - ગુજરાત સ્થાપના દિવસથી ૨ જી ઓકટોબર - ગાંધી જયંતી સુધી ૧૫૧ દિવસમાં વિકાસની ૨૫૧ પ્રવૃત્તિઓ કરવાનું લક્ષ્ય નક્કી કરાયું છે.
- ગતિશીલ ગુજરાતના અગાઉના ત્રણ તબક્કામાં અનુક્રમે ૧૩૮, ૧૨૬ અને ૧૩૩ ટકા સિધ્ધિ પ્રાપ્ત થયા બાદ રાજયની વિકાસયાત્રાને વધુ ગતિશીલ કરવાના હેતુથી આ ચોથા તબક્કામાં જિલ્લા પ્રશાસનિક તંત્ર સાથોસાથ સરકારના વિભાગો વચ્ચે ગહન સંકલન સાધવાની ભૂમિકા તેમણે આપી હતી.
- શ્રીમતી આનંદીબહેન પટેલ કુલ ૧૯ થીમમાં ૨૫૧ જેટલા જનકલ્યાણલક્ષી પાસાંઓ સાથે ગતિશીલ ગુજરાતનું આ વિકાસ જન અભિયાન વહીવટી કાર્ય સંસ્કૃતિમાં પ્રજાભિમુખતાનો અભિગમ પ્રેરિત કરનારું બની રહેશે તેવો વિશ્વાસ દર્શાવ્યો હતો.
- પ્રારંભમાં ગતિશીલ ગુજરાતની સી.ડી.નું નિદર્શન પ્રસ્તૃત કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રીશ્રી એ ગતિશીલ ગુજરાત કાર્યક્રમ - ૨૦૧૬-૧૭ ની પુસ્તિકાનું વિમોચન કર્યું હતું.
- ડો. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫ મી જન્મજયંતી પ્રસંગે સાત દલિત વ્યકિતવિશેષોને સન્માનિત કરાયા.
- સમગ્ર દેશમાં ડો. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫ મી જન્મજયંતીની ઉજવણી ઉત્સાહપૂર્વક કરવામાં આવી હતી.
- અમદાવાદ ખાતે ડો. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫ મી જન્મજયંતી નિમિત્તે યોજાયેલા કાર્યક્રમમાં મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલના હસ્તે વિવિધ ક્ષેત્રે શ્રેષ્ઠતમ પ્રદાન કરનાર મહાનુભાવોને રૂ. ૨૫ હજારથી એક લાખની રાશિ અને પ્રશિસ્તપત્ર સાથેના ૭ એવોર્ડ અર્પણ કરાયા હતા.
- આ એવોર્ડઝ અંતગર્ત ડો. બાબાસાહેબ આંબેડકર એવોર્ડ, દાસી જીવણ શ્રેષ્ઠ દલિત સાહિત્યકૃતિ એવૉર્ડ, મહાત્મા ફૂલે શ્રેષ્ઠ દલિત પત્રકાર એવોર્ડ, સાવિત્રીબાઈ ફૂલે મહિલા કલા સાહિત્ય એવોર્ડ, સંતશ્ર કબીર દલિત સાહિત્ય એવોર્ડ, મહાત્મા ગાંધી એવોર્ડ સંબંધિત ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ પ્રદાન માટે અર્પણ કરાયા હતા.
- આ પ્રસંગે સર્જનાત્મક દલિત સાહિત્ય ક્ષેત્રે મહત્ત્વપૂર્ણ

યોગદાન આપનાર શ્રી ઈશ્વરભાઈ ફૂસાભાઈ પરમાર તથા શ્રી મૂળજીભાઈ વિશ્રામભાઈ ખુમાણને ડો. બાબાસાહેબ આંબેડકર એવોર્ડ, રૂ. ૧ લાખ તથા પ્રશિસ્તપત્ર અપાયા હતા. સમાજ કલ્યાણ ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન કરનાર સંસ્થા તરીકે માનવસેવા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટના શ્રી મનુભાઈ જીવાભાઈ બારોટને મહાત્મા ગાંધી એવોર્ડ, રૂ. ૧ લાખ અને પ્રશિસ્તપત્ર અપાયાં હતા.

- સર્જનાત્મક દલિત સાહિત્ય ક્ષેત્રે મહત્ત્વપૂર્ણ યોગદાન બદલ કુ. શીતલ રવિન્દ્રકુમાર મકવાણાને સાવિત્રીભાઈ ફૂલે દલિત મહિલા કલા/સાહિત્ય એવોર્ડ તથા દલિત સાહિત્યકાર ડો. દિનેશભાઈ મોતીભાઈ ભદ્રેસરિયાને સંતશ્રી કબીર દલિત સાહિત્ય એવોર્ડ, રૂ. ૫૦ હજાર રોકડ પુરસ્કાર તથા પ્રશિસ્તપત્ર અપાયો હતો.
- શ્રી ગોવિંદભાઈ નારણભાઈ પરમારને મહાત્મા ફૂલે શ્રેષ્ઠ દલિત પત્રકાર એવોર્ડ તથા શ્રી લઘરદાસ ખોડીદાસ શ્રીમાળીને દાસી જીવણ શ્રેષ્ઠ દલિત સાહિત્યકૃતિ એવોર્ડથી નવાજી રૂ. ૨૫ હજાર તથા પ્રશિસ્તપત્ર અપાયા હતા.
- **ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ આત્મારામભાઈ પરમાર પણ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા**
- **ડો. બાબાસાહેબની ૧૨૫ જન્મજયંતી બનાવી યુવાનો રાષ્ટ્ર વિકાસની દિશામાં આગળ વધે : મંત્રી રમણલાલ વોરા**

  સમગ્ર દેશમાં ગુજરાત રાજયે ડો. બાબાસાહેબને અનોખી રીતે અંજલિ અર્પી હતી. મહેસાણા તાલુકાના લાંઘણજ ગામે ડો.બાબા સાહેબ આંબેડકરની ૧૨૫ મી જન્મ જયંતીની ઉજવણી સામાજિક ન્યાય અધિકારિતા મંત્રી શ્રી રમણલાલ વોરાની અધ્યક્ષતામાં ભાવપૂર્વક કરવામાં આવી હતી.

  શ્રી રમણલાલ વોરાએ જણાવ્યું હતું કે, વિદ્યાર્થીએ પોતાના ઉત્કર્ષ માટે બાબાસાહેબને રોલ મોડેલ બનાવવા જોઈએ. બાબાસાહેબ કોલંબિયા યુનિ.માં ભણ્યા હતા. આ યુનિવર્સિટી દ્વારા સર્વશ્રેષ્ઠ વિદ્યાર્થી ડો. બાબાસાહેબની પ્રતિમા મૂકવાનું નક્કી કર્યું અને તેમની પ્રતિમાનું અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ શ્રી બરાક ઓબામાએ અનાવરણ કર્યું હતું.

  બાબાસાહેબની ઉજવણી માટે સરકારે રૂ. ૧૨૫ કરોડનું બજેટની જોગવાઈ કરી હતી.

  બાબાસાહેબના જીવન ચરિત્રથી નવી પેઢી વાકેફ થાય તે માટે ૬૪ લાખ પુસ્તકોનું પ્રકાશન કરી રાજયની શાળાઓમાં વિતરણ કરાયું છે. રાજયના વિદ્યાર્થીઓમાં વત્કૃત્ત્વ અને નિબંધ સ્પર્ધા યોજી તેમને પ્રોત્સાહિત કરાયા છે.
- શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા દ્વારા 'સમરસતાનો મારો પ્રયાસ' પુસ્તક આલેખિત કરાયું છે. આ પુસ્તકનું તાજેતરમાં અમદાવાદ ખાતે રાજયપાલ શ્રી. ઓ.પી.કોહલીએ વિમોચન કર્યું હતું.

  પુસ્તકના લેખક અને શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ પોતાની હૃદય ઉર્મિઓ વ્યકત કરતાં જણાવ્યું હતું કે, સામાજિક સમરસતા એ મત સાથે નહીં પણ પોતાના મન સાથે જોડાયેલું છે. યુગાંતરથી છૂઆછૂત - અસ્પૃશ્યતાની બેડીઓ તોડવાં માટેનો મારો આ છેલ્લાં ૩૬ વર્ષથી ચાલતો અવિરત યજ્ઞ છે.
- જેને ઉર ગુજરાત હુલાતી, તેને સુરવન તુલ્ય મિરાત
  જયાં જયાં વસે એક ગુજરાતી, ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત !
- **આ છે ગુજરાતના સ્ટાર ખેલાડીઓ**

  ગુજરાતના જુદી જુદી રમતો વર્તમાનમાં જે ખેલાડીઓ ચમકી રહ્યા છે તેની ઝલક મેળવવા જેવી છે. ......

  **ટેનિસ :** અંકિતા રૈનાએ બે નેશનલ ગેમ્સમાં સિંગલ્સ, ડબલ્સ અને ટીમ ઈન્ડિયામાં એમ ગોલ્ડ મેડલમાં હેટ્રિક નોંધાવી હતી. અંડર - ૧૪ માં દેવેશ જાવિયા, રશ્મિકા, સચિત ઉપરાંત સૂરજ દેસાઈનો દેખાવ સારો રહ્યો છે. ભક્તિ પરવાની પણ ફોર્મમાં છે. આકાંક્ષા ભાન પણ છે.

  **સ્વિમંગ :** માના પટેલ નેશનલ ગેમ્સમાં ત્રણ ગોલ્ડ મેડલ મેળવ્યા હતા. કલ્યાણી સકસેનાએ ૨૦૦ મીટર બ્રેસ્ટ સ્ટોકમાં ગોલ્ડ જીત્યો હતો. સુરતના અંશુલ કોઠારીએ ૫૦ મીટર ફ્રી સ્ટાઈલમાં ગોલ્ડ જીત્યો હતો. આર્યા ઠક્કર, અહિના ચોકસી, ક્રિસ ચોકસી, સંજય ઠક્કર, ઋત્વિક ભટ્ટ આશાસ્પદ છે. કૃપાલી શર્મા પણ છે.

  **ટ્રાયથ્લોન :** સુરતની પૂજા ચોકસીએ વિમેન્સ સિંગલ્સ અને ટીમ ઈવેન્ટમાં એમ ડબલ ક્રાઉન મેળવ્યા હતા.

  **રોલર સ્કેટિંગ :** નેશનલ રોલર સ્કેટિંગમાં મિસરી અને ભાવિનાએ ગોલ્ડ મેળવવાની સિધ્ધિ મેળવી હતી. ખુશી દેવર્ષ ઈરાનાની પણ આવી જ સફળતા, આઈ. સ્પીડ ટ્રેકિંગ, મેરેથોનમાં વિશ્વરાજ જાહેજા હોલેન્ડમાં ત્રીજા ક્રમે રહ્યા હતા.

  **ટેબલ ટેનિસ :** હરમિત દેસાઈ અને દેવેશિ કારિયાએ નેશનલ કેડરમાં ચેમ્પિયનશીપ મેળવી હતી.

  **હેન્ડ બોલ :** મેન્સ બીચ હેન્ડ બોલમાં સિલ્વર મેડલ ગુજરાતે જીતી બતાવ્યો હતો.

  **પાવર લિફ્ટિંગ :** આર્મ રેસલિંગ, પ્રિયંકા કાલા, વૈશાલી શાહ, હિરેન અને રિયા રઘુવંશી પણ સારો દેખાવ કરે છે.

  **બેડમિન્ટન :** થોડાં વર્ષો પહેલા અનુજ ગુપ્તા જેવો જોરદાર ખેલાડી હતો. હવે તે કોચિંગ આપે છે. હાલ સુરતની શેનન ક્રિશ્ચિન સિનિયર બેડમિન્ટન ચેમ્પિયન છે. ધારિણી મોદી પણ ઝળકે છે.

  **ચેસ :** ગોવામાં યોજાયેલી નેશનલ સ્કૂલ ગેઈમ્સમાં ગુજરાતનો ભવ્ય દેખાવ રહ્યો હતો. આન્યા અગ્રવાલ, માનુસ શાહ, નૈતિક સાતત્યભર્યો દેખાવ કરે છે. પ્રીત શેઠ અને ધ્યાની પટેલ અંડર - ૧૩ ચેમ્પિયન છે.

**ગોલ્ફ :** પરિતા કોઠારી અને આશિષ પટેલ, દક્ષ પટેલનો દેખાવ ગોલ્ફ કપ ઈન્ટરનેશનલમાં ઉચ્ચ સ્તરનો રહ્યો. માર્શલ આર્ટસ : બેંગકોકમાં યોજાયેલ વર્લ્ડ માર્શલ આર્ટ્સની જીત - કૂને - ડો માં રોનકા છારા, રિયા ક્રિશ્ચિયનને નોઈડામાં રમાયેલી નેશનલ કરાટે ચેમ્પિયનશીપમાં ગુજરાતે બીજું સ્થાન મેળવ્યું હતું. મન્સુરી, સૈફીન, સમીર, ગુની મિશ્રા, દિપક દવે રાજયના સ્ટાર કરાટેબાજ છે.

**ઘોડે સવારી :** મહેસાણામાં યોજાયેલી ઘોડેસવારી સ્પર્ધામાં ભાવનગરની રાઈડીંગ કલબ સતત ત્રીજી વખત ચેમ્પિયન બની હતી.

**શૂટિંગ :** જર્મનીના હેનોવરમાં યોજાયેલ ઈન્ટરનેશનલ શુટિંગ ચેમ્પિયનશીપમાં ૫૦ મીટર રાઈફલ પ્રોન વિમેન્સમાં ગુજરાતની શૂટર લજ્જા ગોસ્વામીએ ગોલ્ડ મેડલ જીત્યો હતો. ઋષિરાજ બારોટે જર્મનીમાં યોજાયેલી આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં ૨૫ મીટર રેપિડ ફાયરમાં સિલ્વર મેડલ જીત્યો હતો.

**એથ્લેટિક્સ :** મેંગ્લોરમાં યોજાયેલી ફેડરેશન કપ સિનિયર એથ્લેટિકસમાં ૨૦ કિ.મી. ચાલવાની સ્પર્ધામાં મણિરામ પટેલે ૧ કલાક ૨૯ મિનિટ ૫૧ સેકન્ડના સમય સાથે ગોલ્ડ મેડલ જીત્યોહતો. ૪૫ વર્ષથી વધુ વયની સ્પર્ધામાં શારદા પાંડવે ડિસ્ક થ્રો અને ૮૦૦ મીટર દોડમાં નેશનલ ટાઈટલ જીત્યું હતું.

**સોફ્ટ ટેનિસ :** અર્પણ શાહ, જલદીપ પારેખે રાષ્ટ્રીય સ્પર્ધામાં મેડલ જીત્યા છે. શિવાની દેસાઈ પણ સારો દેખાવ કરે છે. ફાઈબર ટેનિસમાં સ્પેન ઈવેન્ટમાં ધ્યાન પટેલે સિલ્વર મેડલ જીત્યો છે.

**પેરા બેડમિન્ટન :** શારીરિક રીતે પડકારજનક જન્મજાત સ્થિતિ ધરાવતી પારૂલ પરમારે (ગાંધીનગરની ) બંકિંગ હોમ વર્લ્ડ ચેમ્પિયનશીપમાં રાજકુમારે સાથે જોડી બનાવીને ગોલ્ડ મેડલ જીત્યો છે.

**બિલિયર્ડ - સ્નૂકર :** ગીત શેઠીથી રૂપેશ શાહ જેવા વર્લ્ડ કપ ચેમ્પિયનના પ્રભાવ હેઠળ અભિમન્યુ ગાંધી, માલવ પરીખ, રાઘવ અગ્રવાલ રાજય સ્તરે જોરદાર દેખાવી કરીને રાષ્ટ્રીય આશા ઊભી કરી રહ્યા છે.

**બોક્સિંગ :** નિલગર સાહિલ અંડર - ૧૪માં ગુજરાત સ્ટેટ સ્કૂલ ગેઈમ્સ ચેમ્પિયન છે.

**કબડ્ડી :** આણંદમાં રમાયેલી નેશનલ સ્કૂલ ગેઈમ્સમાં અંડ - ૧૭ કબડ્ડી સ્પર્ધામાં ગુજરાતે હરિયાણાને ૪૧ - ૩૪ થી હરાવીને ચેમ્પિયનશીપ મેળવી હતી.

**વોલીબોલ :** નેશનલ જુનિયર વોલીબોલમાં ગર્લ્સ વિભાગની ચેમ્પિયનશીપ મેળવતા ગુજરાતે 'સાઈ' ને હરાવ્યું હતું.

- આદિવાસી લોકનૃત્ય મહોત્સવ ઉજવવા શરૂ થયા. પરિણામે અમદાવાદ જેવા નગરવાસીઓને વનવાસીઓના લોકકલા, લોકનૃત્ય અને લોકવાદ્યોનો પરિચય થયો. ધમાલ - ધંધાલભર્યા વેસ્ટર્ન સંગીતની અને ડિસ્કો ડાન્સ જોનારી પ્રજાને કુદરતના ખોળે પાંગરેલી શૃધ્ધ તળપદ લોકનૃત્યોની પંરપરાનો પરિચય થયો છે.
- ગુજરાત ટૂરિઝમ, માહિતી ખાતું, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, શ્રેયસ પ્રતિષ્ઠાન, કદમ્બ અને ગુજરાત લોકકલા ફાઉન્ડેશન જેવી સંસ્થાઓ તરફથી રાજય અને આંતરરાષ્ટ્રીય લોકકલા મહોત્સવોનાં આયોજન થવા માંડયા.
- ઈન્ડિયન કાઉન્સિલ ફોર કલ્ચરલ રિલેશન્સ, નવી દિલ્હીની યોજના અન્વયે રાણાભાઈ સીડાની રાહબરી નીચે મેર રાસ મંડળી (પોરબંદર) સર્વશ્રી ડાહયાભાઈ નકુમની રાહબરી નીચે આંબાવાડી કલાવૃંદ (જામખંભાળિયા), મહેન્દ્ર અણદાણીની રાહબરી નીચે પટેલ રાસ મંડળ (લતીપુર) કરણાભાઈ ભરવાડની રાહબરી નીચે શક્તિપરા રાસ મંડળ (સુરેન્દ્રનગર),બાબુભાઈ વ્યાસની રાહબરી નીચે વિવેકાનંદ ભવાઈ મંડળ (ખાખરાળા જિ. રાજકોટ), સુરંદાવાદક સિદ્દીકભાઈ જત, જોડિયાપાવાના કલાકાર મુસા જત, કઠપૂતળીના કલાકાર રાણાજી રાવત, ડાહયાલાલ ભાટ, બાબુ રાણપુરા, ગણેશ ભરથરી અને તેજી બહેન તથા ગુજરાત લોકકલા ફાઉન્ડેશનના મે ટ્રસ્ટી જોરાવરસિંહજી જાદવની રાહબરી નીચે ભવાઈ અને બહુરૂપી કલાકારો ફ્રાંસ, અમેરિકા, ઈંગ્લેન્ડ, રશિયા, ઓમના, દુબઈ, ત્રિનીદાદ એન્ડ ટોબાગો, સુરિનામ અને શિકાગોના પ્રવાસે જઈ ગુજરાતની લોકકલાનો ડંકો વગાડી આવ્યા. આવી અનેક મંડળીઓને તકો ઉપલબ્ધ થઈ.
- સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાં વસતા ભવાઈ કલાકારોની કલા ૫૦૦ વર્ષ પુરાણી ગણાય છે. ગુજરાત રાજયની અલગ રચના થયા બાદ રાજયોમાં ભવાઈ કલાકારોના સંઘની સ્થાપના થઈ. શ્રી પીતાંબર પટેલ અને સર્વશ્રી રતિભાઈ નાયકનું માર્ગદર્શન સાંપડયું. શ્રી જયશંકર સુંદરી, બાબુભાઈ વ્યાસ, કાશીરામ વ્યાસ, હરિભાઈ વ્યાસ જેવા અનેક નામી કલાકારો બહાર આવ્યા. આઈ.એન.ટી. ના ઉપક્રમે મનસુખભાઈ જોષીએ ઝંડા ઝૂલણ જેવા ગુજરાતના ભવાઈ વેશોને ઈરાક અને ઈરાન જેવા દેશોમાં સફળતાપૂર્વક રજૂ કરી સારી પ્રશંસા પ્રાપ્ત કરી. ઊંઝામાં ભવાઈના આદ્યપિતા મનાતા અસાઈતના નામે શ્રી વિનાયક રાવેલ ચીનુ મોદીના પ્રમુખ પદે અસાઈત સાહિત્ય સભા શરૂ કરી, દર્પણ સંસ્થાએ શ્રી ચીમનલાલ નાયક, શ્રી કૈલાશ પંડયા અને દામિની મહેતાની સાથે લઈને જૂની ભવાઈને સંમાર્જિત કરી જસમાઓડણ, ગુરગણિકા, ઝંડા ઝૂલણ, ઈશ્કલાલ જેવા વેશોને લોકપ્રિય બનાવ્યા. વિસનગરમાં શ્રી ચીમનલા નાયકન રાહબરી નીચે ભવાઈ તાલીમ કેન્દ્ર સ્થપાયું.
- પ્રકૃતિની ગોદમાં વસતા આદિવાસીઓ પાસે આગવી નૃત્યકલા પરંપરા છે. તેના તરફ આજ લગી બહુ ઓછા લોકોનું ધ્યાન ખેંચાયું હતું. સરકાર યોજિત સ્પર્ધાઓને કારણે આહવા,

દેડિયાપાડા, અલમાવાડી, ગારખડી, ગાઢવી, સાબરકાંઠા અને બનાસકાંઠાની અનેક આદિવાસી મંડળીઓ બહાર આવી. જંબુર(જિ. જૂનાગઢ), અમદાવાદ, રતનપુર (જિ. ભરૂચ), સુરત, ભાવનગર અને કચ્છમાં વસતા સીદી ભાઈઓની ધમાલ મંડળીઓ, રાણાગઢ શિયાળઅને નાની કઠેચીની આદિવાસી પઢારની મંજિરા રાસ મંડળીઓ દિલ્હી સુધી જતી - આવતી થઈ ગઈ.

- ગુજરાતના અંતરિયાળ ગામડાંની ધૂળમાં રમનારા અને વિચરતી જાતિના લોક કલાકારો વાદી, મદારી, નટ - બજાણિયા, ભવાઈ કલાકારો, ભાંડ તૂરી, કઠપૂતળીવાળા, ભાંડ, બહુરૂપી જેવા લોકકલાના પ્રહરીઓને મદદરૂપ બનવાની ભાવનાથી ગુજરાત લોકકલા ફાઉન્ડેશન જેવી આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવત સંસ્થા ગુજરાત લોકકલા ફાઉન્ડેશન (ટ્રસ્ટ) ની સ્થાપના થઈ. આ સંસ્થા દ્વારા કર્ણાવતી અને રાજપથ જેવી નામાંકિત કલબોના સહયોગથી રાજયકક્ષાની સ્પર્ધાઓનું આયોજન થયું. જેમાં સૌપ્રથમ વાર એક એક લાખ રૂપિયાન અને પચાસ હજાર રૂપિયાના ઈનામો જાહેર થયાં. રાસ, ગરબા, લોકનૃત્ય અને વિકલાંગ કલાકારો આમાં પ્રથમ આવનાર પ્રત્યેક ગ્રુપને રુ. ૧ લાખ અને દ્વિતીય આવનારને માટે રૂ. ૫૦ હજારનાં ઈનામો અપાવા શરૂ થયાં. પરિણામે સવાસો મંડળીઓ આ સ્પર્ધામાં જોડાવા લાગી. સૌરાષ્ટ્રની બંધ પડી ગયેલી અનેક રાસ મંડળીઓ પુન : જીર્વિત થઈ. એ પછી કર્ણાવતી કલબમાં વર્ષ ૨૦૦૭ માં ભારતીય લોક કલા મહોત્સવનું આયોજન થયું. જેમાં દેશના વિભિન્ન રાજયોના ૧૦૦૦ જેટલા લોક કલાકારોએ પોતાની કૃતિઓ રજૂ કરી. ત્યારબાદ ઈ.ટી.વી. ચેનલ પર રાસ ગરબાની સ્પર્ધાનું આયોજન થયું. તેમાં પણ આજ લગી ન અપાયાં હોય તેટલી મોટી રકમ ૩ લાખ રૂપિયા પ્રથમ આવનાર રાસ અને ગરબા માટે અપાયાં. જેમાં આ લેખકે નિર્ણાયક તરીકે સેવાઓ આપી હતી.
- આજે પશ્ચિમની સંસ્કૃતિનું આક્રમણ, પ્રચાર માધ્યમોની ભરમાર, ફિલ્મો અને ટી.વીને કારણે ગ્રામ્યપ્રજાને પોતાની પરંપરિત મનોરંજનોમાં રસ અને રુચિ ઘટી ગયાં. હજારો વર્ષથી પેટના જણ્યાની જેમ જતન કરીને લોકકલાઓને જીવતી રાખનાર લોકકલાકારો હામ હારી બેઠા હતા. વરસાદ વિનાનાં નબળાં વરસો અને શહેર તરફ માનવીની આંધળી દોટને કારણે ગામડાં ભાંગવા માંડયાં હતાં. કલાકારો નસીબના સહારે બેઠા હતા.
- રાજય સરકારના ઉત્સવોએ ધરતીની ધૂળમાં રમનારા લોકકલાકારોમાં નવી ચેતના પ્રગટાવી. એમને નગરોના રંગમંચ અને પ્રચાર માધ્યમો સામે મૂકી આપ્યા. આમ વાઈબ્રન્ટ ગુજરાતના ઉત્સવોને લોકકલાકારોના મૂંગામંતર થઈ ગયેલા વાદ્યોને ફરી ગુંજતા કર્યા. સને ૨૦૦૫માં સાયન્સ સિટીના પતંગ ઉત્સવ વખતે યોજાયેલ ભવ્ય કાર્યક્રમના કો - ઓર્ડીનેટર તરીકેની જવાબદારી આ લેખકે સંભાળી હતી. એમાં જુદા - જુદા ૧૨ રંગમંચ ઉપર એક સાથે ૧૫૦૦ જેટલા કલાકારોએ પોતાની કલાઓની પ્રસ્તુતિ કરી હતી.
- વર્ષોવર્ષ અમદાવાદ અને ગાંધીનગરમાં થતાં નવરાત્રિ કાર્યક્રમોને વિશ્વભરમાં પ્રસિધ્ધિ મળતાં વિદેશમાં વસતા ગુજરાતી એન.આર.આઈ.ઓ ગુજરાતમાં આવતા - જતા થયા. કચ્છનો રણઉત્સવ, નવરાત્રી ઉત્સવ, વસંત ઉત્સવ અને જિલ્લા તથા રાજયકક્ષાની સ્પર્ધાઓને કારણે ગામડાના અંધારિયા ખૂણામાં પડેલા ચીંરે વીંટયા રતન જેવા કલાકારોને બહાર આવવાની તકો મળી. મુરઝાતી લોકકલાઓને નવું જીવન મળ્યું. લોકો કલાકારોનો આત્મવિશ્વાસ વધ્યો. તેઓ પ્રસાર માધ્યમોની પાંખે ચડીને લાખો વાચકો, દર્શકો સુધી પહોંચ્યા. તેમને નગરોમાં કામ મળતું થયું, એટલું જ નહીં પણ દેશવિદેશમાં કાર્યક્રમો રજૂ કરવાની તકો મળી. રાજયના પૂર્વ મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના સમયથી વિશેષ રૂપે આરંભાયેલી આ કલાયાત્રા પરંપરા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેનના સમયમાં પણ એ જ ગતિથી ચાલતી રહી છે. જૂના કાળે રાજા રજવાડાઓ કલાકારોને સાચવતાં, હવે રાજયમાં સરકાર ચાલવે છે.
- **દેશમાં અને રાજયમાં કૃષિનું મહત્ત્વ સહુ જાણે છે. આજે પણ ૪૬ ટકા રોજગારી કૃષિ આધારિત છે**
- ગુજરાત સરકાર દ્વારા ઔદ્યોગિક નીતિ - ૨૦૧૫ બહાર પાડવામાં આવી છે. આ નીતિમાં રાજયના વિકાસમાં લઘુઉદ્યોગોના યોગદાનને બિરદાવવામાં આવ્યું છે.

**ગુજરાતનો રાષ્ટ્રીય ઉત્પાદનમાં હિસ્સો**

**સેકટર પ્રમાણે ગુજરાતનો હિસ્સો**

| | રાષ્ટ્રીય ઉત્પાદનના ટકા |
|---|---|
| મીઠા ઉદ્યોગ | ૮૫ ટકા |
| હીરા ઉદ્યોગ | ૮૦ ટકા |
| પેટ્રો કેમિકલ્સ | ૬૨ ટકા |
| કેમિકલ ઉદ્યોગો | ૫૩ ટકા |
| દવાઓ - ફાર્માસ્યુટિકલ | ૩૫ ટકા |

- આના ઉપરથી સ્પષ્ટ દેખાય છે કે ગુજરાત એ દેશના અનેક મહત્ત્વના ઉદ્યોગો તથા સેકટરમાં અગ્રેસર છે અને આખા દેશના ઉત્પાદનનો અડધાથી વધારે હિસ્સો ધરાવે છે.

**ઉત્પાદન પ્રમાણે દેશનો હિસ્સો**

| | |
|---|---|
| સોડા એશ | ૯૮ ટકા |
| મગફળી | ૩૬ ટકા (સીંગતેલ ઉદ્યોગને વેગ આપે છે.) |
| કપાસ | ૩૨ ટકા (કાપડ ઉદ્યોગને કાચો માલ પૂરો પાડે છે. જીનીંગ વગેરે.) |
| કાપડ | ૪૦ ટકા |

- મધ્ય ગુજરાતના આદિવાસી ક્ષેત્રે વડોદરા જિલ્લાની પૂર્વ પટ્ટીનું ઐતિહાસિક નગર એટલે મધ્યપ્રદેશની સરહદે વસેલો હાલનો છોટાઉદેપુર જિલ્લો. અંદાજે ૫૫૦ વર્ષનો લેખિત દસ્તાવેજી ઈતિહાસ ધરાવતા છોટાઉદેપુર નગરની સ્થાપનાનું કારણ પાવાગઢનું પતન છે. વર્તમાનમાં ડોલોમાઈટ પથ્થરના આધારે ટકેલા અને ઓરસંગના પશ્ચિમ કિનારે વસેલા છોટા ઉદેપુરની સ્થાપનાનો ઈતિહાસ ચાંપાનેર (પાવાગઢ) ના છેલ્લા રાજા જયસિંહ (પતઈ રાજા) ના રાજય શાસનના અંત સાથે સંકળાયેલ છે. ચાંપાનેરમાં (૧૪૫૧ થી ૧૪૮૫) રાજા જયસિંહનું શાસન હતું. મુસ્લિમ બાદશાહ મહંમદ બેગડાએ રાજા જયસિંહની સાળાને વિશ્વાસમાં લઈ ચાંપાનેર પર હુમલો કર્યો. મહંમદ બેગડાએ રાજા જયસિંહના સમગ્ર પરિવારની કતલ કરી, પરંતુ રાજા જયસિંહની એક રાણી તેના વફાદાર નોકરને કારણે મહંમદ બેગડાના ખૂની ખંજરનો ભોગ બનતા બચી ગઈ. રાણીનો આ વફાદાર નોકર રાણીને લઈ ગુપ્ત માર્ગે નાસી છૂટયો. આ વખતે રાણી સગર્ભા હતી.

  ચાંપાનેરથી ભાગેલી રાણી અને તેનો નોકર ભટકતા આદિવાસી વિસ્તારમાં જઈ પહોંચ્યા. જાંબુઘોડા, પાવી જેતપુર, તેજગઢ પાર કરી તેઓ કડીપાણી અને કવાંટ પૂર્વ પટ્ટીના વચ્ચેના મોહન નામના સ્થળે પહોંચ્યા. મોહન નામના સ્થળે ત્યારે આદિવાસી રાજાનું શાસન હતું. રખડતી ભટકતી રાણી સામાન્ય ગરીબ મહિલા જેવી લાગતી હતી. પરંતુ આદિવાસી રાજાને આ મહિલા કોઈ રાજઘરાનાની હોય તેવું લાગ્યું. તેને પૂછપરછ કરી રાણીએ તેની વિતક કથા કહી. આદિવાસી રાજાએ રાણીને બહેન બનાવી પોતાને ત્યાં આશરો આપ્યો. રાણીએ જોડિયા પુત્રને જન્મ આપ્યો. જેમાંના એકનું વિરસિંહ અનેબીજાનું નામ અભયસિંહ રાખ્યું. બંને રાજકુમાર મોટા થયા એકવાર અભયસિંહહ જંગલમાં શિકાર કરવા નીકળ્યા. અભયસિંહે ત્યાં જંગલમાં એક વૃક્ષ નીચે આરામ કરવા લાંબો થયો અને તેને નિંદ્રા આવી ગઈ. ત્યારે અભયસિંહને સ્વપ્ન આવ્યું. ભગવાન શિવે તેને દર્શન આપ્યા અને કહ્યું મને બહાર કાઢ. અભયસિંહની નિંદ્રા તૂટી તેને ત્યાં તે જમીન ખોદાવી અને ત્યાંથી શિવલિંગ મળી આવ્યું. આ શિવલિંગની ત્યાં સ્થાપના કરી નાનું મંદિર બનાવ્યું. તે મંદિર એટલે ઓરસંગ નદીના પૂર્વ કિનારે આવેલું જાગનાથ મંદિર. અભયસિંહે ઓરસંગના પૂર્વ કિનારે ગામ વસાવ્યું તેનું નામ ઉદયપુર રાખ્યું. ગામ વસાવ્યાના થોડા જ વર્ષોમાં જ ગામમાં કોલેરા અને પ્લેગ જેવી બીમારી ફેલાઈ પરિણામે રાજા અભયસિંહ નદીના પશ્ચિમ કિનારે ગામ વસાવ્યું. જે છોટાઉદેપુર કહેવાયું. ચાંપાનેરના રાજા જયસિંહના વારસ એવા અભયસિંહના વંશના છેલ્લા રાજા એટલે રાજવી શ્રી વિરેન્દ્રસિંહજી ચૌહાણ હતા. જેમણે ૧૯૪૬ થી ૧૯૪૮ દરમિયાન છોટા ઉદેપુર સ્ટેટની ગાદી પર શાસન કર્યુ. ૧૯૪૮ માં દેશ આઝાદ થયા પછી છોટાઉદેપુર સ્ટેટ સ્વતંત્ર ભારતમાં વિલીન થયું.

**જિલ્લાની સામાન્ય માહિતી :**

- કુલ ભૌગોલિક વિસ્તાર ૩,૪૩,૬૬૪ ચો.કિમી.
- મુખ્ય નદીઓ, ઉચ્છ, ઓરસંગ, હેરણ, મેન, ઢાઢર, અશ્વિન.
- મુખ્ય પાકો કપાસ, ડાંગર, જુવાર, તુવેર, મકાઈ, ઘંઉ, શાકભાજી વગેરે.
- કુલ તાલુકાઓ - છોટા ઉદેપુર, જેતપુર પાવી, નસવાડી, કવાંટ બોડેલી.
- કુલ વસવાટી ગામો ૮૮૮ કુલ ગ્રામ પંચાયતોની સંખ્યા ૩૩૩.
- કુલ શહેરો ૬, નગરપાલિકાઓ ૧
- જિલ્લાની ૨૦૧૧ પ્રમાણે કુલ વસ્તી ૧૦,૭૧,૮૩૧, પુરૂષ - ૫,૪૪,૮૪૯ સ્ત્રી - ૫,૨૬,૯૮૨

- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તેમના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળમાં આદિજાતિ પૂર્વપટ્ટીની પ્રજાને વધુ કેન્દ્રિત અને પ્રવેગી વિકાસ માટે છોટા ઉદેપુર જિલ્લાની ચના કરવાનું તા. ૧૦ મી સપ્ટેમ્બર ૨૦૧૨ ના રોજ વચન આપ્યું હતું. જે માત્ર ૧૧ મહિના બાદ ૧૫ મી ઓગસ્ટ ૨૦૧૩ ના રોજ નવરચિત છોટાઉદેપુર જિલ્લાની રચના કરવામાં આવી.
- ૧૦૦ % શાળા નામાંકનનું ધ્યેય સિધ્ધ કર્યું છે. છોટાઉદેપુર જિલ્લામાં ડ્રોપ આઉટ રેશિયો ૨૦૦૮-૦૯ માં ૧૦.૦૨ ટકા હતો. જે ઘટીને ૨૦૧૪-૧૫ માં ૧.૪૫ ટકા થયો છે. ગુજરાત સરકારે કન્યાઓના શિક્ષણ માટે ખૂબ જ જહેમત ઉઠાવેલી છે. જેના ભાગ રૂપે કન્યા કેળવણી રથયાત્રા, વિદ્યાલક્ષ્મી બોન્ડ યોજના વગેરે કન્યાઓને પ્રોત્સાહિત કરતી યોજના દ્વારા સતત સહાય કન્યાઓનાં શિક્ષણ સ્તરને ઊંચુ લાવવાના પ્રયત્નો કરતી જ રહી છે.

- **ચિરંજીવી યોજના**

  ગરીબી રેખા હેઠળની તથા કૌટુંબિક આવક વાર્ષિક રૂ. ૧૧,૦૦૦ થી ઓછી હોય તેવી સગર્ભા માતાઓ સલામત અને સ્વચ્છ વાતાવરણમાં ટ્રેઈન વ્યકિત દ્વારા અને સંસ્થાકીય જગ્યાઓમાં સુવાવડ કરાવી શકે તે માટે ઉપરાંત સ્ત્રી રોગ નિષ્ણાંત દ્વારા સંસ્થામાં સલામત સુવાવડ (નોર્મલ) કોમ્પલીકેશન સુવાવડ અને સીઝરીયન સુવાવડ વિનામૂલ્યે થાય તેવા ઉદેશને ધ્યાને રાખી ચિંરજીવી યોજના હેઠળ સહાય ચૂકવવામાં આવે છે.

- **મુખ્યમંત્રી અમૃતમ યોજના**

  સામાન્ય રીતે ગરીબી રેખા હેઠળ જીવતા અને ગંભીર બીમારીઓ જેવી કે હૃદય, મગજ, કિડનીની લગતી ઘનિષ્ઠ સારવાર, બર્ન્સ, કેન્સર, ગંભીર ઈજાઓ તેમજ નવજાત શિશુઓના રોગોની સારવાર લેવાની જરૂર પડે ત્યારે ગરીબ પરીવારોને ઘણી મુશ્કેલી પડતી હોય છે. ૬૮૧૫૪ પરિવારોને મા અમૃતમ યોજનાના કાર્ડ આપવામાં આવ્યા છે.

## ● છોટાઉદેપુર જિલ્લામાં જોવાલાયક સ્થળો

### હાંફેશ્વર

કવાંટ તાલુકામાં હાંફેશ્વર ગામેનર્મદા નદી કિનારે મહાદેવનું પુરાતન સમયનું મંદિર આવેલું છે.

### સુખીડેમ

છોટાઉદેપુર જિલ્લાના જેતપુર પાવી તાલુકામાં ડુંગરવાટ ગામે ભારજ નદી અને સુખી નદીના સંગમ ઉપર ડેમ બનાવવામાં આવેલું છે.

### ઝંડ હનુમાન

છોટાઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકામાં ઝંડ ગામે જંગલમાં હનુમાનજીનું પુરાતન સમયનું મંદિર આવેલું છે.

### સોનગીર - ઈન્દ્રાલ

સંખેડા તાલુકામાં ઈન્દ્રાલ ગામે પૌરાણિક રણછોડરાયજીનું મંદિર આવેલું છે.

### તરગોળ

છોટાઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકામાં તરગોળ ગામે આશરે ૪ કિ.મી. વિસ્તારમાં મોટું તળાવ આવેલું છે.

### કેવડી

છોટાઉદેપુર તાલુકાના કેવડી ગામે પ્રકૃતિના ખોળે આવેલું અદ્‌ભૂત વાઈલ્ડ ડેસ્ટીનેશન છે. જંગલ ખાતાએ ઈકો ટુરીઝમ બનાવ્યું છે. અહીં પ્રસિધ્ધ એવી ઉડતી ખિસ્કોલીઓ જોવા મળે છે.

### ગાબડિયા

છોટાઉદેપુર તાલુકામાં ગાબડિયા ગામે નદી કિનારે હનુમાનજીનું જુનું સ્ટેટ સમયનું મંદિર આવેલું છે.

### દેવહાંટ

છોટાઉદેપુર તાલુકાના દેવહાંટ ગામે સાતેશ્વર મહાદેવનું દેવ નદીના કિનારે આવેલું છે. આ નદીના પાણી છપ્પનિયા દુકાળના સમયે પણ સૂકાયેલા નથી. તે મુજબની લોકવાયકા છે. આ મંદિર આશરે ૩૦૦ થી ૪૦૦ વર્ષ પુરાણું મંદિર છે. મહંમદ બેગડા દ્વારા પણ શિવમંદિર ઉપર હુમલો થયેલા છે.

### વાઘવા

જેતપુરપાવી તાલુકાના વાઘવા ગામે વાઘેશ્વરી માતાનું તથા શિવમંદિર આવેલું છે. આ મંદિર ભારાજ નદીના કિનારે આવેલું છે.

### વાઘસ્થળ

છોટાઉદેપુરથી ૫ કિ.મી. દૂર વાઘ સ્થળ આવેલું છે. ફાગણ સુદ પાંચમના મેળામાં આજુબાજુના વિસ્તારના આદિવાસી વિસ્તારના લોકો દર્શાનર્થે આવે છે.

### તાંદલજા

બોડેલી તાલુકામાં તાંદલજા ગામે પૌરાણિક ત્રંબેકશ્વર શિવાલય મંદિર નદી કિનારે આવેલું છે. જે પૌરાણિક ત્રંબાવટી નગરી તરીકે પણ ઈતિહાસમાં ઉલ્લેખ થયેલ છે.

## ● છોટાઉદેપુર પીઠોરા પેન્ટિંગ વૈશ્વિક ઓળખ બન્યું

આદિવાસીઓ વર્ષોથી જંગલમાં રહેતા હોવાથી પ્રકૃતિને પુજવા વાળા છે. પીઠોરાદેવ એટલે ઘરની દિવાલ ઉપર ઘોડાના ચિત્રોની પૂજા. ઘોઘંબાના નવાનગર ગામે પીઠોરા ઈન્દ ઉજવણી અંતગર્ત પીઠોરા પેઈન્ટિંગમાં ઘોડા, હાથી, (એરાવત) વાઘ, સિંહ, ગાય, બળદ, ભેંસ, બકરી જેવા તમામ પશુઓ સાથે વપરાતી શેરડી કેળના પાન રોપવામાં આવે છે અને ચારે બાજુ મોટા ઢોલ (રામ ઢોલ) ની તાલે આખી રાત નાચ ગાન અને સવારે નદી કે તળાવના વળાવી દેવામાં આવે છે. દેવતાઓને આમંત્રણ આપવા સ્ત્રીઓ ગીત ગાય છે.

રાઠવા આદિવાસીઓ દ્વારા ઘરમાં સુખ શાંતિ રહે અને કોઈ બીમારી ન આવે તે માટે પીઠોરા દેવની પૂજા કરાય છે અને તેમાં આ ચિત્રો દોરાય છે. પાંચ ઘોડા, ત્યાર બાદ નવ ઘોડા અને છેલ્લે અઢાર ઘોડાની પૂજા કરાય છે. જને 'પાણગું' કહેવામાં આવે છે. આજુબાજુના ઘોડાનું ચિત્રણ 'ખત્રી' તરીકે ઓળખાય છે. અ ચિત્રમાં રાણી કાજોલ, ગામદેવ, પીઠોરા રાણીના ઘોડા હોય છે.

આ ચિત્ર શૈલી મધ્યપ્રદેશના સમીપનાં છોટાઉદેપુરના ગ્રામીણ વનબાંધવ આદિવાસીઓની છે. ચિત્રોમાં મુખ્યત્વે જંગલમાં મળી આવતી વનસ્પતિ અને પ્રાણીઓ ઉપરાંત ખેતરો, નદી, તળાવો આવરી લેવાય છે. દરેક ચિત્રમાં એક વાર્તા હોય છે. આ ચિત્રકળાએ છોટાઉદેપુરને વિશ્વના નકશામાં ચમકાવવામાં ખૂબ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે.

તાજેતરમાં મુંબઈ ખાતે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશની સૌ પ્રથમ મેરટાઈમ ઈન્ડિયા સમિટ - ૨૦૧૬ ને ખુલ્લી મૂકી હતી. આ સમિટમાં મુખ્યમંત્રી શ્રીમતી આનંદી બહેન પટેલની ઉપસ્થિતિમાં ભારતના મેરીટાઈમ ઉદ્યોગ અગ્રણીઓએ ગુજરાતમાં વિવિધ પ્રોજેકટસમાં રૂ. ૩૫ હજાર કરોડના રોકાણો કરવાનો રસ દર્શાવ્યો હતો.

## ● વડોદરામાં પંડિત દિનદયાળ ઉપાધ્યાય નગરનું લોકાપર્ણ

તાજેતરમાં મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે વડોદરા શહેરનાં તરસાલી, માંજલપુર વિસ્તારમાં મુખ્યમંત્રી ગૃહ યોજના હેઠળ ગુજરાત હાઉસીંગ બોર્ડ દ્વારા નિર્મિત ઉચ્ચ ગુણવત્તાવાળા અને ભૂકંપ પ્રતિરોધક ૧૦૯૨ આવાસો ધરાવતા પંડિત દિનદયાળ ઉપાધ્યાય નગરનું લાભાર્થીઓને લોકાપર્ણ કર્યું હતું

રાજય સરકારે અત્યાર સુધીમાં કુલ ૧.૯૬ લાખ જેટલા આવાસો બનાવી લોકોને સોંપ્યા છે.

ASTHA Academy Mo.: 8980...

વડોદરા જિલ્લામાં સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટીના નિર્માણ માટે બજેટમાં રૂ. ૨૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

- **મહિલા વિકાસની દિશામાં અગ્રેસર ગુજરાત**

મહિલાઓ માટે કલ્યાણકારી નીતિ અપનાવતાં ગુજરાત સરકારે સ્ત્રી સશક્તિકરણના અભિગમને અમલમાં મૂકયો છે તેથી વર્ષે ૨૦૦૨ માં ગુજરાત સરકારે મહિલા અને બાળ વિકાસનો વિભાગ શરૂ કર્યો. સાથોસાથ ગુજરાત રાજય મહિલા આયોગની રચના કરવામાં આવી.

- **મહિલા આયોગની કામગીરી**

મહિલા આયોગમાં આયોગની રચના થયા બાદ માર્ચ - ૨૦૧૬ સુધી ૧૨,૮૬૨ માં વિવિધ પ્રકારની અરજીઓ આવી હતી. જે પૈકી ૧૧,૪૬૯ અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો છે.

- **નારી સંમેલન**

સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલી નારી અદાલત યોજનાની વિસ્તૃત જાણકારી અર્થે આયોગ તરફથી ચાલુ નાણાંકીય વર્ષ દરમ્યાન અત્યાર સુધીમાં ૧૧૫ નારી સંમેલન યોજવામાં આવ્યા છે. ગુજરાત રાજય મહિલા આયોગ હેલ્પલાઈન નંબર - ૧૮૦૦ - ૨૩૩-૧૧૧૧ પર માર્ચ - ૨૦૧૬ અંતિમ સુધી કુલ ૭૫૦ કોલ્સ મળ્યા છે.

- **એન.આર.આઈ. સેલ.**

ગુજરાત રાજયમાં બિન નિવાસી ગુજરાતી (ભારતીય) સાથે લગ્ન કરનાર બહેનો લગ્ન બાદ થતી મુશ્કેલીઓના કિસ્સાને ધ્યાને લઈને રાજય સરકાર તરફથી ઓગસ્ટ - ૨૦૦૮ એન. આર. આઈ. સેલ ઊભો કરવામાં આવ્યો છે.

- **નારી અદાલત**

નારી અદાલત એટલે મહિલા દ્વારા, મહિલા માટે અને મહિલા વતી ન્યાય આપવા માટે ચાલતી પ્રક્રિયા.

બહેનોને ઘર આંગણે પોતાન પ્રશ્નો કોર્ટમાં ગયા વિના નિરાકરણ લાવવાની તક પૂરી પાડે છે.

નારી અદાલતમાં સંબંધિત તાલુકાના સભ્યોની પસંદગી કરીને સમતા કમિટી બનાવે છે.

નારી અદાલતોમાં છેલ્લા પાંચ - છ વર્ષમાં માર્ચ - ૨૦૧૬ સુધીમાં ૧૬,૦૨૧ કેસો પૈકી ૧૧,૫૬૧ કેસોનો નિકાલ કરવામાં આવ્યો છે.

- **અભયમ્ મહિલા હેલ્પલાઈન**

રાજય સરકાર તરફથી મહિલાઓ માટેની ૧૮૧ નંબરની (અભયમ્) હેલ્પ લાઈન ફેબ્રુઆરી - ૨૦૧૪ થી શરૂ કરવામાં આવી છે. પ્રાયોગિક ધોરણે આ હેલ્પલાઈન અમદાવાદ, સુરત અને ગાંધીનગર ખાતે ચાલુ કરવામાં આવી હતી.જેનો સારો પ્રતિભાવ મળતા સમગ્ર રાજયમાં શરૂ કરવામાં આવી છે. આ હેલ્પ લાઈન આરોગ્ય માટેની ૧૦૮ ઈમરજન્સી સેવાના ધોરણે ઈ.એમ.આઈ.આઈ ના સહકારથી કાર્યાન્વિત કરવામાં આવે છે. જે અંગેનું સમગ્ર સંકલન જેન્ડર રિસોર્સ સેન્ટર, અમદાવાદ મારફતે કરવામાં આવે છે. જેમાં કાઉન્સેલર્સની સેવા સતત ઉપલબ્ધ હોય છે. એવી અપેક્ષા રાખવામાં આવે છે કે, આ રેસ્કયુ ટીમ કોઈપણ મહિલા મુશ્કેલીમાં મુકાય ત્યારે ફોન મળતાં તુરત જ સ્થળ પર ૧૦ મિનિટમાં ટીમ સાથે પહોંચીને મહિલાને મદદગાર બને છે. વર્ષે - ૨૦૧૬ સુધીમાં ૧૩,૨૪,૫૮૩ કોલ મળ્યા હતા.

- રાજયમાં શરૂ કરેલી મહિલા હેલ્પલાઈન માટે વિસ્તૃતીકરણ તથા વધુ આધુનીકરણ કરી મુશ્કેલીમાં મુકાયેલી મહિલાઓને તાત્કાલિક સહાય મળી રહે તે માટે રૂ. ૧૦૭ લાખની નવી બાબત તરીકે જોગવાઈ કરી છે. જે ડિઝીટલ ઈકયુપમેન્ટ હિયરીંગ ઈકયુપમેન્ટ તથા રેસ્યુમ ઈકયુપમેન્ટ વગેરેનો સમાવેશ કરી આ સેવાને વધુ કાર્યરત અને અસરકારક બનાવવામાં આવશે.

રાજય સરકારે સતત ત્રીજા જેન્ડર બજેટમાં મહિલાઓના વિકાસ માટે ખૂબ સુંદર જોગવાઈ કરી છે.

તેમજ મહિલાઓના પ્રશ્નો અને તેમનામાં પડેલી ક્ષમતાઓનો વિકાસ તેમજ રાજય સરકારની મહિલાલક્ષી યોજનાઓના મૂલ્યાંકન બાબતે અભ્યાસ કરવા માટે ગુજરાતમાં ઈન્સ્ટિટયૂટ ફોર જેન્ડર સ્ટડીઝ શરૂ કરવા માટે રૂ. ૩૦ લાખની જોગવાઈ કરવામાં આવી છે.

- રાજયપાલ શ્રી ઓ.પી.કોહલીએ સહકાર ક્ષેત્રના આગેવાન શ્રી જયોતિન્દ્રભાઈ મહેતાની નેશનલ અર્બન ફેડરેશન બેંક એન્ડ ક્રેડિટ સોસાયટીના પ્રમુખ તરીકે વરણી થવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.
- સ્વામિનારાયણ સંપ્રદાય અંગેના પુસ્તક ''સ્વામીનારાયણ હિન્દુઈઝમ : ટ્રેડિશન, એડેપ્શન એન્ડ આઈડેન્ટીટી''નું વિમોચન રાજયપાલ શ્રી ઓ.પી. કોહલીએ તાજેતરમાં અમદાવાદ ખાતે કર્યું હતું.
- **સ્વચ્છ ભારત મિશન અંતગર્ત જામનગર જિલ્લા પંચાયતની કચેરીઓનું સન્માન**

ગાંધીજીએ ૧૫૦ મી જન્મજયંતી એટલે કે ૨૦૧૯ સુધીમાં દેશને ગંદકીથી મુક્ત કરવાની પણ વડાપ્રધાનશ્રીએ હાકલ કરી છે.

તાજેતરમાં જિલ્લા પંચાયત જામનગર હસ્તકની કુલ ૨૩૫૮ જેટલી કચેરીઓમાં સ્વચ્છતા અભિયાન અંગે જાગૃતિ લાવવા સ્વચ્છ ભારત મિશન હરીફાઈ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો અને આ સ્વચ્છતા અભિયાન હાથ ધરી જિલ્લા પંચાયત હસ્તકની તમામ સંસ્થાઓમાંથી પ્રથમ, દ્વિતીય અને તૃતીય આવેલ કચેરીઓને સન્માનપત્ર અને રોકડ પુરસ્કાર કૃષિ મંત્રી શ્રી બાબુભાઈ બોખીરિયા અને સાંસદશ્રી પૂનમબહેન માડમના હસ્તે અર્પણ કરાયો હતો.

- **ખેડૂતોને ઉચ્ચ અને પોષણક્ષમ ભાવો મળી રહે તે માટે**

**"ઈ - નામ" પોર્ટલ લોન્ચ**

- ગુજરાત રાજયમાં નેશનલ એગ્રીકલ્ચર માર્કેટ (નામ) અને રાજય કૃષિ બોર્ડ ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર ખાતે ઈ - માર્કેટ પ્લેટફોર્મનો શુભારંભ તાજેતરમાં કૃષિ અને સહકાર મંત્રી શ્રી બાબુભાઈ બોખીરિયાના હસ્તે કરવામાં આવ્યો હતો.
- ગામડાનાં છેવાડાના ખેડૂતને ઉચ્ચ અને પોષણક્ષમ ભાવ મળી રહે તેવો "ઈ - નામ' પ્રયાસ હાથ ધરવામાં આવ્યો છે.
- પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા સમગ્ર ભારતમાં ૮ રાજયોના ૨૧ માર્કેટ યાર્ડમાં ૨૩ ખેતપેદાશો માટે ઈ - માર્કેટ પ્લેટફોર્મનો શુભારંભ કરવામાં આવ્યો છે. જેમાં ગુજરાતના હિંમતનગરના માર્કેટ યાર્ડમાં ઘંઉના ઈ - ઓક્શનની શરૂઆત કરવામાં આવી છે. બીજા તબક્કામાં ૪૦ અને વર્ષ - ૨૦૧૮ સુધીમાં રાજયની તમામ માર્કેટ યાર્ડને આવરી લેવામાં આવશે.
- ઈ - માર્કેટની સ્થાપનાથી ખેડૂતોને પોષણક્ષમ ભાવો મળી રહેશે અને ખેડૂતો વચ્ચે તંદુરસ્ત હરીફાઈનો લાભ મળતા ખેડૂતોનો વિકાસ થશે જયારે વેપારીઓ દેશની કોઈપણ જગ્યાએથી ઉત્પાદનની બોલી લગાવી ખરીદી કરી શકશે.
- ગુજરાતનું હવા ખાવાનું સ્થળ સાપુતારા છે, પરંતુ હવે સહેલાણીઓને ગુજરાતમાં બીજું નવું હિલ સ્ટેશન મળવા જઈ રહ્યું છે. ગુજરાતમાં નવું ગિરિમથક ડોન શોધાયું છે. જે ડાંગ જિલ્લામાં આવેલું છે.
- ગુજરાત સરકારના રાજયકક્ષાના પ્રવાસન મંત્રી જયેશભાઈ રાદડિયાએ જણાવ્યું હતું કે, પ્રવાસન વિભાગે ડોનનો વિકાસ કરવા માટે તાજેતરમાં રૂ. ૪ કરોડ ડાંગ જિલ્લા કલેકટરને ફાળવ્યાં છે.
- આ ડોન નામ અત્યારનું નથી આતો નામ કંઈ કેટલાંય વર્ષોથી છે. ડોન ગામ ડાંગ જિલ્લાના ડુંગરો ઉપર આવેલું છે. કહેવાય છે કે તે સાપુતારા કરતાં પણ ૧૭ મીટર ઉંચું છે અને સાપુતારા કરતા ૧૦ ઘણો મોટો વિસ્તાર છે. ડોન સ્થળે સાથે ઐતિહાસિક અને પૌરાણિક લોકવાયકાઓ જોડાયેલી છે. અહીં ભગવાન રામચંદ્રજી અને સીતામાતાના પગલાં છે. હનુમાનજીનું જન્મ સ્થળ ગણાતો અંજની પર્વત છે, અંજની માતાએ ભગવાન શિવની પૂજા - અર્ચના અહીં કરી હોવાની લોકવાયકા છે. અહીં પાંડવ ગુફા, ગુરુ દ્રૌણ ટેકરી છે અને આ ઉપરાંત કંઈ કેટલીય દંતકથાઓ અહીં વણાયેલી છે. ડુંગર ઉપર આવેલું ડોન, ગુજરાતના ડાંગ જિલ્લાની અને મહારાષ્ટ્રના નાસિક જિલ્લાની સરહદ ઉપર આવેલું છે. જો કે આ ડોન હજુ વિકસાવામાં આવી રહ્યું છે
- **ડોનની આસપાસ આવેલા પ્રવાસન સ્થળો**

ડાંગ જિલ્લામાં ડોન ઉપરાંત હીલ સ્ટેશન સાપુતારા, ગીરા ફોલ, શબરી ધામ, પંપા સરોવર, ભેંસકાત્રી નજીક આવેલું માયાદેવીનું મંદિર, વઘઈ, કિલાડ, મહાલ જેવા પ્રવાસન સ્થળો આવેલા છે

ASTHA Academy Mo.: 8980096441

### શ્યામજી કૃષ્ણ વર્માને એનાયત થયેલી બેરિસ્ટરની પદવી પ્રધાનમંત્રીશ્રીના પ્રયાસોથી ભારતને પુનઃ પ્રાપ્ત

- **ભૂજમાં સનદ સુપરતનો ગરિમાપૂર્ણ સમારોહ સંપન્ન**

  વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીને તાજેતરના તેમના બ્રિટન પ્રવાસ દરમ્યાન પુન : પ્રાપ્ત થયેલી ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણ વર્માની ૧૯૦૫ ની ઈંગ્લેન્ડની બેરિસ્ટરની પદવી તેમણે શ્યામજી કૃષ્ણ વર્મા મેમોરિયલ ટ્રસ્ટના પ્રમુખ મુખ્ય મંત્રી શ્રી શ્રીમતી આનંદીબહેન પટેલને ભૂજમાં યોજાયેલ ગરિમાપૂર્ણ સમારોહમાં સન્માનપૂર્વક સુપરત કરી હતી.

- **કચ્છના ધોરડો ખાતે ત્રણ દિવસીય ડીજીપી કોન્ફરન્સ યોજાઈ હતી**

  વડાપ્રધાનશ્રી એ 'ઈન્ડિયન પોલીસ ઈન સર્વિસ ઓફ નેશન' વેબસાઈટનું લોન્ચિંગ કર્યું હતું.

  આ ત્રિદિવસીય કોન્ફરન્સમાં કેન્દ્રીય ગૃહ મંત્રી રાજનાથ સિંહે અને કેન્દ્રીય ગૃહ રાજય મંત્રીઓ શ્રી કીરેન રીજીજુ અને શ્રી હરિભાઈ ચૌધરી તેમજ તમામ રાજયો - કેન્દ્રશાસિત પ્રદેશો તમામ સુરક્ષા એજન્સીના પોલીસ વડાઓ હાજર રહ્યા હતા.

- **ઈતિહાસના સમૃધ્ધ વારસાનું દર્શન : પંચ મહોત્સવ**

  જગપ્રસિધ્ધ શક્તિપીઠ પાવાગઢ - ચાંપાનેર ખાતે પંચ મહોત્સવનું આયોજન

  ભારત વર્ષની બાવન શક્તિપીઠો પૈકીની એક શક્તિપીઠ પંચમહાલ જિલ્લાના પાવાગઢ ખાતે આવેલી છે. પાવાગઢમાં આદ્યશક્તિ મા મહાકાળીનું મંદિર આવેલું છે.

  પાવાગઢ ડુંગર અને તળેટીમાં આવેલા ચાંપાનેર ખાતેના ઐતિહાસિક કલા - વારસો સ્થાપત્યોથી ઘણા બધા લોકો હજુ પણ અજાણ છે. યુનેસ્કોએ ચાંપાનેરના ભવ્ય ઐતિહાસિક વારસોને વર્ષ - ૨૦૦૪ માં વિશ્વ વારસા સ્થળ તરીકે જાહેર કરી આ ભવ્ય વિરાસતને વિશ્વ પ્રસિધ્ધ કરી છે.

  પાવાગઢ - ચાંપાનેર ખાતે તા. ૨૩ ડિસેમ્બર થી તા. ૨૭ ડિસેમ્બર - ૨૦૧૫ દરમિયાન પાંચ દિવસીય પંચ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.

  આ મહોત્સવનો પ્રારંભ માર્ગ અને મકાન વિભાગનાં રાજયકક્ષાનાં મંત્રી શ્રી જયદ્રથસિંહજી પરમારે કરાવ્યો હતો.

  આ પંચ મહોત્સવ હવેથી દર વર્ષે યોજાશે.

  મહાકાલી ધામ અને જામા મસ્જિદથી જાણીતા પાવાગઢ - ચાંપાનેર ૧૧૪ જેટલી સમૃધ્ધ હેરીટેજ સાઈટ્સ ધરાવે છે, જે પૈકી કેટલીક તો ગાઢ જંગલમાં આવેલી છે.

  એક સમયે ચાંપાનેર - પાવાગઢ ગુજરાતની રાજધાની હતું.

  પૃથ્વીરાજના વંશજ ચૌહાણ રજપૂતોએ ચાંપાનેરને પાટનગર બનાવી તેના વિકાસ માટે બંધાવેલી મોન્યુમેન્ટસ ત્યાર બાદ મુસ્લિમ શાસક મહમ્મદ બેગડાએ બંધાવેલા મહેલો અને મસ્જિદોનું સ્થાપત્ય બેનમૂન છે.

- **વનબંધુ કલ્યાણ માટે મુખ્યમંત્રીશ્રીનો ૧૦ મુદ્દાનો કાર્યક્રમ**

  ૧. ૫ લાખ કુટુંબ માટે રોજગારી.

  ૨. ગુણવત્તાયુક્ત શિક્ષણ અને ઉચ્ચ શિક્ષણ પર ભાર.

  ૩. આર્થિક વિકાસ

  ૪. સૌના માટે આરોગ્ય.

  ૫. સૌના માટે ઘર.

  ૬. સૌના માટે પીવાનું પાણી.

  ૭. સિંચાઈ

  ૮. બારમાસી રસ્તાઓ

  ૯. સાર્વત્રિક વીજળીકરણ

  ૧૦. શહેરી વિકાસ.

- **ન્યુ ગુજરાત પેટર્ન**

  રાજયમાં આદિજાતિ વિકાસના પ્રયાસોને વધુ અસરકારક અને વેગવંતા બનાવવા માટે ગુજરાત સરકારે 'ગુજરાત પેટર્ન' ની યોજના અમલમાં મૂકી છે. આ પેટર્નની મુખ્ય ખાસિયતો આ મુજબ છે.

  ૧. સ્થાનિક પરિસ્થિતિ અને જરૂરિયાત અનુસારનું આયોજન

  ૨. સત્તાનું છેક છેવાડાના તાલુકા, ગામ સ્તર સુધીનું વિકેન્દ્રીકરણ.

  ૩. વહીવટમાં પારદર્શિતા.

- **ક્રેડાઈ કોન્કલેવ - ૨૦૧૫**

- **નવી દલ્હીમાં ગુજરાતના મુખ્યમંત્રીશ્રીનું પ્રેરક સંબોધન**

  તાજેતરમાં મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે ભારત સરકારના મહત્ત્વાકાંક્ષી હાઉસિંગ ફોર ઓલ - ૨૦૨૨ એટલે કે સૌને માટે ૨૦૨૨ સુધીમાં આવાસ યોજના હેઠળ રાજયના જરૂરતમંદો અને ગરીબ પરિવારોને એફોર્ડેબલ હાઉસિંગમાં આવરી લેવાનો નિર્ધાર વ્યકત કર્યો હતો. આ નિર્ધાર મુખ્ય મંત્રીશ્રી એ નવી દિલ્હીમાં કોન્ફડેરેશન ઓફ રીયલ એસ્ટેટ ડેવલોપર્સ એસોસીએશન ઓફ ઈન્ડિયા (ક્રેડાઈ) કોન્કલેવ - ૨૦૧૫માં વ્યકત કર્યો હતો.

- **ગાંધીનગરના પાલજમાં આકાર પામશે**

- **ગુજરાત દેશનું ફાર્માસ્યુટિકલ હબ બની રહ્યું છે**

  મુખ્યમંત્રી શ્રીમતી આનંદી બહેન પટેલની ઉપસ્થિતિમાં ગાંધીનગર - પાલજ નજીક રાષ્ટ્રીય ઔષધિય શિક્ષા અને અનુસંધાન સંસ્થાનનો શિલાન્યાસ કેમિકલ અને ફર્ટિલાઈઝર વિભાગના કેન્દ્રીય મંત્રી શ્રી અનંથકુમારે સંપન્ન કર્યો હતો.

  ૫૦૦ કરોડના અંદાજિત ખર્ચે આકાર પામનારું આ સંસ્થાન

- નેશનલ ઈન્સ્ટિટયૂટ ઓફ ફાર્માસ્યુટિકલ એજયુકેશન એન્ડ રિસર્ચ - નાઈપરને વિશ્વનુંશ્રેષ્ઠ ફાર્મા શિક્ષણ સંશોધન સંસ્થાન બનાવવાનો વિશ્વાસ આ અવસરે કેન્દ્રીય મંત્રી શ્રી અનંથકુમારે વ્યકત કર્યો હતો.

કપાસ પકવતા ખેડૂતોને વધારાનું બોનસ મળશે.

- **ઉદવાડામાં ઈરાનશાહ ઉત્સવની રંગારંગ ઉજવણી**

વલસાડ જિલ્લામાં આવેલું ઉદવાડા એ પારસીઓનું પવિત્ર યાત્રાધામ છે. સમગ્ર ભારતમાં પારસીઓના એકમાત્ર યાત્રાધામ એવા ઉદવાડા ખાતે પવિત્ર અગ્નિ 'આતશબહેરામ' પ્રજ્જવલિત છે. જેને ૧૩ મી સદીમાં ઈરાનથી આવેલા પારસીઓ પોતાની સાથે લાવ્યા હતા. વલસાડ જિલ્લાના ઉદવાડા ખાતે દર વર્ષે પારસી સમાજનો ત્રિદિવસીય ઈરાન શાહ ઉદવાડા ઉત્સવ ઉજવવામાં આવે છે. આ વર્ષે ઈરાનશાહ ઉદવાડા ઉત્સવનો આરંભ પ્રવાસન મંત્રી શ્રી સૌરભભાઈ પટેલ કર્યો હતો. વિશાળ પારસી સમાજની ઉપસ્થિતિમાં સત્યના સાચા માર્ગના રાહબર બાવાજીના ગાન સાથે ઉત્સવ શરૂ થયો હતો.

- **લંડન - અમદાવાદની સીધી વિમાન સેવાનો આરંભ**

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ બ્રિટનમાં વસતા ગુજરાતીઓને અમદાવાદની સીધી વિમાની કનેક્ટીવીટી મળે તેને મંજૂરી આપી ગુજરાતને વિશેષ ભેટ ધરી છે.

- **"રૂડમી" સંસ્થા દ્વારા વિશિષ્ટ સેવા એવોર્ડ અપાયા**

રૂરલ ડેવલપમેન્ટ એન્ડ મેનેજમેન્ટ ઈન્સ્ટીટયૂટ દ્વારા આયોજિત કાર્યક્રમમાં રાજયપાલ શ્રી. ઓ.પી. કોહલી ના હસ્તે શ્રીમતી નંદીની પી. દીવેટીયા રૂરલ રીહેબીલીટેશન એવોર્ડઝ ફોર ડીસેબલ્ડ એવોર્ડઝની આઠમી શ્રેણીના એવોર્ડઝ એનાયત કરાયા હતા.

- **રાજયકક્ષાનો દલિત સાહિત્ય પરિસંવાદ યોજાયો**

અમેરિકાની કોલંબિયા યુનિવર્સિટીના વિદ્યાર્થીના નાતે તેમને શ્રેષ્ઠ વિદ્યાર્થીનું સન્માન આપીને તેમની પ્રતિમાનું યુનિવર્સિટીના કેમ્પસમાં અનાવરણ કરવામાં આવ્યું છે.

ડો. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫ મી જન્મજયંતી ઉજવણીના ઉપલક્ષ્યમાં સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ અને ગુજરાતી સાહિત્ય અકાદમી, ગાંધીનગર સંયુક્ત ઉપક્રમે મહાત્મા ગાંધી શ્રમ સંસ્થાન, અમદાવાદ ખાતે પૂરા દિવસના રાજયકક્ષાના ગુજરાતી દલિત સાહિત્ય પરિસંવાદનો રાજયના સામાજિક ન્યાય અધિકારિતા મંત્રી શ્રી રમણલાલ વોરાએ ડો. બાબાસાહેબ આંબેડકરની તસવીર સમક્ષ દીપ પ્રાગટય અને પુષ્પવર્ષાથી શુભારંભ કરાવ્યો હતો.

- **પાંચ જિલ્લાઓમાં એગ્રો - ફૂડ પ્રોસેસિંગ એકમો સ્થપાશે**

રાજયમાં નવી ઔદ્યોગિક નીતિ - ૨૦૧૫ અંતગર્ત લેબર ઈન્ટેન્સીવ ઈન્ડસ્ટ્રીઝને સહાય યોજના અન્વયે એગ્રો એન્ડ ફૂડ પ્રોસેસિંગ સેકટરમાં સ્થપાઈ રહેલા પાંચ ઔદ્યોગિક એકમોને રજીસ્ટ્રેશનની મંજૂરી આપવામાં આવી છે.

એગ્રો એન્ડ ફૂડ પ્રોસેસિંગ અંતગર્ત સાબરકાંઠા, ખેડા, રાજકોટ, કચ્છ અને વડોદરાના જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં આવા એકમો રૂપિયા ૧૪૪૭૦ લાખના મૂડીરોકાણથી સ્થપાશે.

- **ધનવન્તરી આરોગ્ય રથનું મુખ્ય મંત્રીશ્રીના હસ્તે પ્રજાપર્ણ**

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે બાંધકામ શ્રમયોગી - પરિવારોની આરોગ્ય સુખાકારી માટે ધન્વન્તરી આરોગ્ય રથનું અમદાવાદમાં પ્રજાપર્ણ કરાવતાં આ આરોગ્ય રથની સેવાઓ 108 GVK - EMR સાથે જોડવાની નેમ દર્શાવી હતી.

- **પ્રજાસતાક પર્વની ગીર - સોમનાથમાં ગૌરવપૂર્ણ ઉજવણી**

ગીર - સોમનાથ જિલ્લાના વેરાવળ ખાતે રાજયપાલ શ્રી.ઓ.પી. કોહલીએ મુખ્ય મંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલની ઉપસ્થિતિમાં તિરંગો લહેરાવીને રાષ્ટ્રધ્વજને સલામી આપી ૬૭ માં ગણતંત્ર દિનના સુપ્રભાતે રાજયના નાગરિકોને શુભકામના પાઠવી હતી.

- **અમદાવાદ અને સુરત સ્માર્ટ સિટી બનશે**

કેન્દ્ર સરકારે દેશનાં ૨૦ શહેરોના નામ જાહેર કરી તેને સ્માર્ટ સીટી બનાવવાનું નક્કી કર્યું છે. આ ૨૦ સ્માર્ટ સિટીમાં ગુજરાતમાંથી અમદાવાદ અને સુરતની પસંદગી કરવામાં આવી છે. આ શહેરોને પ્રથમ તબક્કામાં સ્માર્ટ સિટી તરીકે વિકસાવાશે. કેન્દ્રિય શહેરી વિકાસ મંત્રી શ્રી વૈકયાં નાયડુ દ્વારા આ શહેરોનાં નામની યાદી જાહેર કરવામાં આવી હતી. ૨૦ શહેરોની યાદીમાં મધ્યપ્રદેશના ત્રણ, ઉપરાંત મહારાષ્ટ્ર, તામિલનાડુ, કર્ણાટક, આંધ્રપ્રદેશ, રાજસ્થાન અને ગુજરાતના બે - બે, તથા દિલ્હી, પંજાબ, આસામ, ઓડિશા, કેરળના એક - એક શહેરોનો સમાવેશ થાય છે.

- **સાગર ખેડૂ સંમેલન : વેરાવળમાં સર્જાયો વિશાળ "બોટ રેલી"નો રોમાંચક નજારો**

૬૭ મા પ્રજાસત્તાક દિનની રાજયકક્ષાની ઉજવણીના ઉપલક્ષ્યમાં વેરાવળના દરિયામાં વિશાળ બોટ રેલી નીકળી હતી. મુખ્યમંત્રી શ્રીમતી આનંદી બહેન પટેલે બોટ રેલીને પ્રસ્થાન કરાવ્યું હતું.

રાજય સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાની થીમ ઉપરાંત ફલેગશિપ કાર્યક્રમોના સંદેશા બોટ પર જોવા મળતા હતા.

- **પદ્મ પુરસ્કારથી સન્માનિત ગુર્જર પ્રતિભા**

વર્ષ - ૨૦૧૬ માટે જાહેર થયેલા પદ્મ પુરસ્કારમાં ગુજરાતના પાંચ મહાનુભાવોનો સમાવેશ થાય છે. જે સમગ્ર ગુજરાત અને ગુજરાતીઓ માટે ગૌરવની બાબત છે.

- **અસ્વચ્છ વ્યવસાયમાં રોકાયેલ વાલીઓના પૂર્વ એસ.એસ.સી માં અભ્યાસ કરતાં બાળકોને મુનિ મેતરાજ શિષ્ય વૃત્તિ**

  અસ્વચ્છ વ્યવસાયમાં રોકાયેલ વાલીઓના બાળકોને ભારત સરકારની સુધારેલી યોજના પ્રમાણે ધો - ૧ થી ૧૦ ના સ્કોલર વિદ્યાર્થીઓને માસિક રૂ. ૧૧૦ ના દરે શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. તથા હોસ્ટેલર વિદ્યાર્થીઓને રૂ. ૭૦૦ માસિક આપવામાં આવે છે. સ્કોલર વિદ્યાર્થીને રૂ. ૭૫૦ એડહોક ધોરણે શિષ્યવૃત્તિ તથા હોસ્ટેલર વિદ્યાર્થીઓને રૂ. ૧૦૦૦ એડહોક શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. આવક મર્યાદા નથી.

- **અનુસૂચિત જાતિના આર્થિક ઉત્કર્ષની યોજનાઓ**

- **ડો. પી.જી. સોલંકી ડોક્ટર અને વકીલ લોન, સહાય યોજના**

  અનુસૂચિત જાતિના કાયદાના સ્નાતકોને વકીલાતનો સ્વતંત્ર વ્યવસાય કરવા માટે રૂ. ૭,૦૦૦ લોન અને રૂ. ૫,૦૦૦ સહાય મળી કુલ રૂ. ૧૨,૦૦૦ આપવામાં આવે છે. જયારે તબીબી સ્નાતકને સ્વતંત્ર દવાખાનું શરૂ કરવા માટે રૂ. ૨૫,૦૦૦ સહાય અને રૂ. ૨.૫૦ લાખ લોન આપવામાં આવે છે. તબીબી અનુસ્નાતકોને સર્જીકલ નર્સિંગ હોમ ખોલવા માટે રૂ. ૫૦,૦૦૦ સહાય અને રૂ. ૩ લાખ લોન આપવામાં આવે છે.

  અનુ. જાતિના કાયદા સ્નાતકોને વકીલાતની તાલીમ માટે સ્ટાઈપેન્ડ આપવામાં આવે છે. તે મુજબ પ્રથમ વર્ષે માસિક રૂ. ૧,૦૦૦ બીજા વર્ષે માસિક રૂ. ૮૦૦ અને ત્રીજા વર્ષે માસિક રૂ. ૬૦૦ ની સહાય આપવામાં આવે છે. જે સિનિયર વકીલ તાલીમ આપે તેમને માસિક રૂ. ૫૦૦ એલાઉન્સ આપવામાં આવે છે.

- **સંતશ્રી રવિદાસ ઉચ્ચ કૌશલ્ય વર્ધક તાલીમ યોજના (હાઈસ્કીલ અપગ્રેડેશન)**

  વર્ષ ૨૦૧૦-૧૧ થી આ યોજના અમલમાં મૂકવામાં આવી છે. જેમાં અનુસૂચિત જાતિના યુવક - યુવતીઓને ઉચ્ચ કૌશલ્યવર્ધન તાલીમ આપી નોકરી મળે તેવા પૂરા પ્રયત્નો કરવામાં આવે છે. આ યોજનામાં રહેવા - જમવા સાથે ટૂંકાગાળાની તાલીમ આપવામાં આવે છે, જેનો તમામ ખર્ચ રાજય સરકાર ભોગવે છે.

- **શીપ રિસાયકલિંગ પોલિસી - ૨૦૧૫**

  રાજયમાં જહાજ રિસાયકલીંગ ઉદ્યોગને પ્રોત્સાહન આપવાના હેતુથી 'શીપ રિસાયકલિંગ નીતિ - ૨૦૧૫' જાહેર કરી છે.

  નીતિ ૩ વર્ષ બાદ સમીક્ષા પાત્ર રહેશે.

  જહાજ રિસાયકલિંગ કરવાની પ્રક્રિયા પર્યાવરણ માટે યોગ્ય તથા ઈકો - ફ્રેન્ડલી ઔદ્યોગિક પ્રવૃત્તિ છે. તે માત્ર રિ - રોલેબલ સ્ટીલ ઉત્પન્ન નથી કરતું, પરંતુ તે ઉદ્યોગોમાં ઘણા લોકોને પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારી પૂરી પાડે છે.

  કનેક્ટીવીટી મળે તેને મંજૂરી આપી ગુજરાતને વિશેષ ભેટ ધરી છે.

- **ગુજરાતના રાજયપાલ શ્રી.ઓ.પી. કોહલીના હસ્તે સંસ્કૃત વિદ્વાન ડો. અંબાલાલ પ્રજાપતિને સંસ્કૃત ગૌરવ પુરસ્કારથી અને ગોપાલ ઉપાધ્યાયને યુવા ગૌરવ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા.**

  સંસ્કૃત સાહિત્ય અકાદમી આયોજિત આ સમારોહ રાજભવન, ગાંધીનગર ખાતે યોજાયો હતો.

  ગુજરાત સાહિત્ય અકાદમી અને ઉર્દૂ સાહિત્ય અકાદમીના સંયુક્ત ઉપક્રમે વર્ષ ૨૦૧૦ થી ૨૦૧૪ માટે ઉર્દૂ સાહિત્ય ગૌરવ પુરસ્કાર અને ગુજરાતી માટે વર્ષ ૨૦૧૨ માટેના શ્રેષ્ઠ પુસ્તક પારિતોષિક અર્પણ કરવાનો, આ સમારોહ ભાઈકાકા હોલ, અમદાવાદ ખાતે યોજાયો હતો.

  ગુજરાતી સાહિત્યના ૧૧ સારસ્વતોનું પણ આ તકે સન્માન કર્યુ હતું.

  ઉર્દૂ માટે સાહિત્ય ગૌરવ પુરસ્કાર (વર્ષ ૨૦૧૦ થી ૨૦૧૪ ના) સર્વશ્રી વસીમ મલિક, મહેબૂબ હુસેન અહેમદ હુસેન અબ્બાસી, શકીલ નાઝમી, નિસાર અહેમદ અન્સારી તથા મુસાફીર અન્સારી તથા મુસાફીર પાલનપુરીને મંત્રીશ્રીના હસ્તે અર્પણ કરવામાં આવ્યા હતા.

- **રાજયની ૭૫ ટકા જનતાને આવરી લેતી મા અન્નપૂર્ણા યોજનાનો પ્રારંભ**

  ગુજરાત સરકારે રાજયની ૭૫ ટકા વસતીને લાભ આપતી 'મા અન્નપૂર્ણા' યોજના અમલમાં મૂકી છે. મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે સાણંદ ખાતેથી મા અન્નપૂર્ણા યોજનાનો રાજયવ્યાપી પ્રારંભ કરાવ્યો હતો.

  ૩ કરોડ ૮૨ લાખ નાગરિકોને રાહત દરે અનાજ 'મા' અન્નપૂર્ણા યોજના તળે મળતું થવાનું છે.

  આ સરકારે અગાઉ બી.પી.એલ. કુટુંબોને મળવાપાત્ર અનાજના જથ્થામાં પરિવારની સંખ્યા ગણતરીમાં લેવાતી ન હતી તે નિયમોમાં બદલાવ લાવીને સભ્ય દીઠ પાંચ કિલો અનાજનું ધોરણ નક્કી કર્યું છે.

  'મા અન્નપૂર્ણા યોજના માટે અગ્રતાક્રમમાં આવતા લાભાર્થીઓની યાદી હવે વાજબી ભાવની દુકાનો, ગ્રામ અને તાલુકા પંચાયત, મામલતદાર કચેરી ખાતે તથા રાજય સરકારની વેબ સાઈટ પર જોઈ શકાશે.

  આ યોજનામાં રાજયના હાલના તમામ અંત્યોદય કુટુંબોને અગાઉની જેમ દર માસે ૩૫ કિ.ગ્રા અનાજ રૂ. બે ના ભાવે ઘઉં તથા રૂ. ૩ ના ભાવે ચોખા મળશે. તેમજ જરૂરિયાતમંદ મધ્યમવર્ગના કુટુંબોને જેને 'અગ્રતા ધરાવતા કુટુંબો' તરીકે નક્કી કરવામાં આવેલા છે. તે પરિવારને સભ્યદીઠ ૫ કિલો અનાજ આ જ ભાવે રાજય સરકાર દર માસે વિતરણ કરશે.

અગાઉ ઘંઉ - ચોખાના વિતરણ ભાવ જુદા જુદા હતા, એટલે કે, બી.પી.એલ. કાર્ડધારકોને કાર્ડ દીઠ.

૧. ઘઉં ૨ના ભાવે ૧૩ કિ.ગ્રા. તથા ૭.૭૦ના ભાવે કિ.ગ્રા.
૨. ચોખા ૩ના ભાવે ૩ કિ.ગ્રા. તથા ૭.૨૦ના ભાવે ૩ કિ.ગ્રા.

મળી કુલ ૩૫ કિ.ગ્રામ અનાજનો જથ્થો મળતો હતો. પરંતુ હવે બી.પી.એલ. સહિતના 'અગ્રતા ધરાવતા કુટુંબોને' ને રૂ. ૨ ના ભાવે ઘઉં અને રૂ. ૩ ના ભાવે ચોખા વિતરણ કરવામાં આવશે. એટલે કે, દરેક સભ્યદીઠ પાંચ કિલો અનાજ મળશે.

કુટુંબના સભ્યો મુજબ અનાજ મળશે. હવે જથ્થાની કોઈ મર્યાદા રહેશે નહી.

- 'મા અન્નપૂર્ણા યોજના' હેઠળ લાભાર્થી કુટુંબના વડા તરીકે વરિષ્ઠ મહિલા રહેશે.
- ''મા અન્નપૂર્ણા યોજના'' લાભાર્થીઓની ઓળખ માટે Socio Economic Caste Census 2011 Dataના સર્વેને આધાર તરીકે લેવામાં આવ્યો છે.

મુખ્યમંત્રી શ્રીમતી આનંદી બહેન પટેલના દૃષ્ટિવંત નેતૃત્વમાં ગતિશીલ પ્રશાસનિક અભિગમની નવતર પરંપરા રૂપે.

''લોકસંવાદ સેતુ''ની ત્રીજી કડીનો જામનગરથી પ્રારંભ થયો હતો.

## ● મુખ્યમંત્રી નિદાન યોજના

વિશ્વ આરોગ્ય દિન (૭ મી એપ્રિલ)નો અવસર જનજનના આરોગ્યની સુરક્ષા ક્ષેત્રે એક મહત્ત્વનું કદમ ઉઠાવીને મુખ્ય મંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ નાગરિકોને અદ્યતન સ્વાસ્થ્ય નિદાન - ડાયગ્નોસ્ટિક સુવિધાઓ સરકારી દવાખાનાઓમાં પૂરી પાડતી મુખ્યમંત્રી નિદાન યોજનાનો પ્રારંભ કરાવ્યો. રાજયના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા અમલી આ યોજના દ્વારા નાગરિકોને મોટાભાગની લેબોરેટરી તપાસ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સામૂહિક આરોગ્ય કેન્દ્ર અને સરકારી હોસ્પિટલોમાં સરળતાથી ઉપલબ્ધ થશે.

મહેમદાબાદ ખાતે રૂ. ૩.૭૫ કરોડના ખર્ચે નિર્માણ પામેલા સામૂહિક આરોગ્ય કેન્દ્રનું લોકાપર્ણ કરીને મુખ્યમંત્રી શ્રીમતી આનંદી બહેને આ યોજનાનો પ્રારંભ કરાવ્યો હતો.

રાજયના ૯૧૫૬ પેટા આરોગ્ય કેન્દ્રો, ૧૩૪૨ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, ૩૩૧ સામૂહિક આરોગ્ય કેન્દ્રો, ૩૩ સબ ડિસ્ટ્રિકટ અને ૨૨ ડિસ્ટ્રિકટ હોસ્પિટલ તથા ૧૬ મેડીકલ કોલેજમાં ગુણવત્તાસભર મેડીકલ ટેસ્ટ અને પરીક્ષણ સેવાઓ ડાયાન્ગલોસ્ટિક સુવિધાઓ આ નવીન યોજના હેઠળ વિનામૂલ્યે પૂરી પાડવાની તેમણે જાહેરાત કરી હતી.

રાણીપ ખાતે અત્યાધુનિક સુવિધાઓ સંપન્ન બસ ટર્મિલનલનું મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે લોકાપર્ણ કર્યું હતું. રૂ. ૨૬ કરોડના ખર્ચે તૈયાર થયેલા બસ ટર્મિનલથી શહેરના લોકોને ગીતા મંદિર બસ ડેપો જવું નહી પડે તેમજ આવાગમન સરળ બનશે, સમય બચશે. વળી પ્રદૂષણ પણ ઓછું ફેલાશે.

## ● ગુજરાતની સ્માર્ટ વિલેજ યોજના

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે રાજયનાં ૩૦૦ ગામોને સ્માર્ટ વિલેજ બનાવવાનો નિર્ધાર કર્યો છે. આ યોજના મુજબ પસંદ કરેલાં દરેક ગામોને પ્રથમ વર્ષે રૂ. ૧ કરોડ, બીજા વર્ષે રૂ. ૫૦ લાખ, ત્રીજા વર્ષે રૂ. ૨૫ લાખ આપવામાં આવશે.

આ અંતગર્ત વર્ષ ૨૦૧૬-૧૭ માટે અદાંજપત્રમાં રૂ. ૧૮૫ કરોડની માતબર જોગવાઈ કરવામાં આવી છે.

## ● સ્માર્ટ વિલેજ બનાવવા માટેનાં પેરામીટર

- ૧૦૦ ટકા રસીકરણ
- ઝીરો ટકા ડ્રોપ આઉટ રેશિયો.
- ઓપન ડેફિકેશન ફ્રી વિલેજ.
- ૯૦ ટકા વેરા વસુલાત.
- ડોર ટુ ડોર ઘન કચરા નિકાલ.
- ઈ ગ્રામ સેન્ટર ખાતે એટીવીટી સેવા.
- એ ગ્રેડ પ્રાથમિક શાળા
- ૧૦૦ ટકા વ્યકિતગત શૌચાલય
- જાહેર રસ્તાઓ પરનાં દબાણો દૂર કરવા.
- બાળકને કુપોષણ મુક્ત કરવા.
- ફરજિયાતપણે ગ્રામસભાનું આયોજન.
- સહાય સીધી લાભાર્થીના ખાતામાં જમા કરવી.
- આંગણવાડીમાં ૧૦૦ ટકા બાળકોની હાજરી.
- ગ્રામ પંચાયતનું રેકર્ડ અદ્યતન કરવું.
- મુખ્ય રસ્તાઓ ઉપર વૃક્ષારોપણ.
- ૧૦૦ ટકા વાઈ ફાઈ વિલેજ.

## ● જમીન સંપાદન અંગેનું વિધેયક - ૨૦૧૬ પસાર

ગુજરાત વિધાનસભામાં જમીન સંપાદન પુનઃ સ્થાપન અને પુર્નવસવાટમાં વાજબી વળતર અને પારદર્શિતા અધિકાર સુધારા વિધેયક - ૨૦૧૬ રજૂ થયું હતું. કેન્દ્ર સરકારે અમલમાં મૂકેલ જમીન સંપાદન પુન :સ્થાપન અને પુર્નવસવાટ અધિનિયમમાં વાજબી વળતર અને પારદર્શિતા અધિકાર અધિનિયમ - ૨૦૧૩ અમલી બન્યો છે. જે હેઠળ રાષ્ટ્રહિત અને જન ઉપયોગી માળખાગત સવલતો ઉપલબ્ધ બનાવવા માટે રાજય સરકારે જમીન સંપાદન પ્રક્રિયા સરળ બનાવાવનો નિર્ણય કર્યો છે.

ગુજરાત વિધાનસભા ખાતે આ સુધારા વિધેયક રજૂ કરતાં મહેસૂલ વિભાગનો હવાલો ધરાવતાં મંત્રી શ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું કે, ખેડૂતોને સંપાદિત જમીન વળતર કિંમતમાં કોઈ ઘટાડો થશે નહી, માત્ર વહીવટી પ્રક્રિયાને જ સરળ બનાવી છે, જેનાથી વિકાસકામો તથા પ્રોજક્ટ ઝડપથી અમલમાં આવી શકે.